Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

# આત્માવલોકન

: લેખક :

સ્વ. પં. દીપચંદજી શાહ, કાસલીવાલ

: પ્રકાશક :

શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# આત્માવલોકન

: લેખક :

સ્વ. પં. દીપચંદજી શાહ, કાસલીવાલ

: અનુવાદક :

પં. અમૃતલાલ એમ. ઝાટકીયા

: પ્રકાશક :

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
૬૦૨, માણેકવાડી,
ભાવનગર–૩૬૪ ૦૦૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રાપ્તિ સ્થાન:—
**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**
**સોનગઢ.**

પ્રથમ આવૃત્તિ સંવત્ ૨૦૩૩
પ્રત ૨૦૦૦
**મૂલ્ય રૂા. ૩-૦૦**

: મુદ્રક :
**રજનીકાન્ત એમ. પટેલ**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ,
જગાફોકનાડેલામાં, લોખંડબજાર,
ભાવનગર-૩૬૪ ૦૦૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This shastra has been kindly donated by an AtmaArthi from UK, who wishes to remain anonymous and who has paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of AtmaAvlokan is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 18 April 2008 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રકાશકીય નિવેદન

આ 'આત્માવલોકન' ગ્રંથના રચયિતા શ્રી દીપચંદજી કાસલીવાલ જૈપુરી છે. તેઓ આમેરના રહીશ હતા, તેઓ ઉચ્ચ-કોટીના અધ્યાત્મિક વિદ્વાન્ હતા. તેમણે આ ગ્રંથ ઉપરાંત અનુભવ પ્રકાશ, ચિદ્‌વિલાસ, અનુભવ વિલાસ છંદ, પરમાત્મપુરાણ છંદ, સ્વરૂપાનંદ બૃહત્ તથા લઘુ જ્ઞાન દર્પણ, ગુણસ્થાનભેદ, ઉપદેશરત્નછંદ, અધ્યાત્મ પચીસી છંદ વગેરે રચેલાં છે.

તેમના સમય અને જીવન સંબંધી જાણવાના સાધનના અભાવે કાંઇ વિશેષ લખી શકાતું નથી. પણ તેમના લખાણ ઉપરથી જણાય છે કે અધ્યાત્મ પરિણત સિદ્ધાંત જ્ઞાની હતા.

આ આત્માવલોકન ગ્રંથ નાનો હોવા છતાં લેખકે તેમાં ઘણો વિષય આવરી લીધો છે. અનુવાદકે આ બાબતમાં ઘણું વિસ્તારથી વિષય પ્રવેશનું લખાણ આપેલ હોઇ તેનું પુનરાવર્તન કરવું ઉચિત નથી.

સ્વાનુભવથી વિભૂષિત, આત્મજ્ઞસંત પ. પૂ. સદ્‌ગુરૂદેવશ્રી કાનજી સ્વામી દ્વારા અધ્યાત્મ જૈન જગતમાં વર્તમાનમાં મહાન ક્રાંતિ થઈ છે. અને તત્ત્વજ્ઞાનનો પ્રચાર પ્રતિદિન વધતો રહ્યો છે. તેની અંતરગત અમારા ટ્રસ્ટમાં પણ અનેક અધ્યાત્મગ્રંથનું પ્રકાશન થઇ રહ્યું છે. તેમાં આ આત્માવલોકનનો ગુજરાતી અનુવાદ મુમુક્ષુઓ સમક્ષ મૂકતાં આનંદ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ પ્રથમ જ શ્રી અમરેલી નિવાસી ભાઈ અમૃતલાલ ઝાટકીયાએ કરી આપેલ છે, તે બદલ તેમનો આભાર માનીએ છીએ. તેમજ રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસના માલિક શ્રી રજનીકાન્ત પટેલે ગ્રંથનું સુંદર છાપકામ ઝડપથી કરી આપેલ છે તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ.

જે જે મુમુક્ષુઓએ ગ્રંથની કિંમત ઘટાડવા રકમો આપેલ છે. તેની સાભાર નામાવલિ અન્યત્ર આપેલ છે. ટ્રસ્ટતરફથી પડતર કિંમતના ૭૫% મુલ્ય નક્કી કરવામાં આવેલ છે. તેમાં ઘટાડેલી કિમતમાં ૩૦% ડીસ્કાઉન્ટ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ તરફથી આપવામાં આવતા વધુ ઘટાડેલી કિંમતથી વધુમાં વધુ મુમુક્ષુઓ લાભ લઈ શકે તે હેતુ બદલ શ્રી દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટના આભારી છીએ.

અંતમાં આવા અધ્યાત્મગ્રંથનો આત્મલક્ષે મુમુક્ષુઓ સ્વાધ્યાય કરી નીજ હિત સત્વરે સાધો તેવી ભાવના સાથે......

ટ્રસ્ટીગણ

તા. ૨૨ જુન ૧૯૭૭ — શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

શ્રીસર્વજ્ઞવીતરાગાય નમઃ ।

# વિષય–પ્રવેશ

સ્વ. શાહ પં. દીપચંદજી કાશલીવાલ કૃત આ (હિંદી) આત્માવલોકન ગ્રંથના સંપાદક શ્રીપંડિત શ્રેયાંસકુમારજી શાસ્ત્રી ન્યાયતીર્થ છે. આ ગ્રંથ શ્રીપાટની દિ. જૈનગ્રંથમાલામાંથી પ્રકાશિત થયેલ છે. તે પુસ્તકના આધારે જ અક્ષરશઃ આ ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે.

આત્માર્થી અધ્યાત્મપંડિત શ્રીદીપચંદજી કાશલીવાલનું પ્રસ્તુત પુસ્તક 'આત્માવલોકન' સંક્ષિપ્ત અને મહત્વપૂર્ણ આધ્યાત્મિક કૃતિ છે. અધ્યાત્મ રસિક જીવોને આત્માનું મૂળ સ્વરૂપ સમજાય અને શુદ્ધ આત્માનો અનુભવ થાય તેવી ઉચ્ચ કોટિનું ઉપયોગી પુસ્તક છે. ગ્રંથાધિરાજ શ્રીસમયસારના આધ્યાત્મિક રહસ્યનો તેમાં સચોટ પણે નિચોડ આવેલો છે. આ પુસ્તિકાને શ્રીસમયસારના અધ્યાત્મિક ભાવોને સમજવાની અને ઉકેલવાની ચાવીરૂપ કહીએ તો કંઈ ખોટું નથી.

પ્રસ્તુત ગ્રંથની ભાષા ઢુંઢારી અને તુટક છે. તેથી અનુવાદ કરવામાં મુશ્કેલી નડે તે સ્વાભાવિક છે. તેથી ભાષાંતરમાં ક્યાંય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ત્રુટિ રહી ગયેલી જણાય તો વાચકવર્ગ મૂળ સાથે મેળવીને સુધારીને વાંચે તેવી વિનંતી છે.

સૌથી પ્રથમ, દેવગુરુધર્મ વિશેની ત્રણ ગાથામાં એક વીતરાગભાવનું જ સમર્થન કરીને ગ્રંથકારે વારંવાર એક વીતરાગતાની જ ભાવના ભાવવાનો નિર્દેશ કર્યો છે, પછીની ૧૧ગાથામાં એકાદશવાદ દર્શાવ્યો છે. તે ૧૪ ગાથા ઉપર સંસ્કૃતમાં ટૂંકું વિવેચન આપેલ છે અને હિંદીમાં સહેજ વિસ્તૃત વિવરણ કરેલ છે. ત્યાર પછી શ્રીસમયસારના ક્રમ પ્રમાણે જીવ, અજીવ, કર્તા-કર્મ, પુણ્ય-પાપ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષનું વિવરણ કરેલ છે. સર્વવિશુદ્ધજ્ઞાનાધિકારમાં કુનયાધિકાર વર્ણવ્યો છે. છેવટે પોતાના શુદ્ધ સ્વરૂપને અનુભવવામાં સિદ્ધાંતને ઉપદેશબોધરૂપે દર્શાવી સ્વરૂપસંબોધન કર્યું છે. એ રીતે સિદ્ધાન્તનો યથાર્થ નિર્ણય કરી પોતાની શુદ્ધ આત્મિક દશા કઇ રીતે કરવી તેનો આબેહૂબ ચિતાર તેઓએ મુમુક્ષુ સમક્ષ રજૂ કર્યો છે.

આચાર્યકલ્પ નિર્ભયવક્તા પંડિતપ્રવર શ્રીટોડરમલજી સાહેબે પણ પોતાની રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આત્માવલોકનગ્રંથનો ઉલ્લેખ કર્યો છે તેથી આ ગ્રંથની પ્રામાણિકતા પણ સિદ્ધ થાય છે. આ ગ્રંથથી અધ્યાત્મરસિક મુમુક્ષુઓને યથાર્થ મૂલ આત્મસ્વરૂપનો અને સમ્યગ્ રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગનો ખ્યાલ આવશે અને તેઓ શુદ્ધ આત્મસ્વરૂપની શ્રદ્ધા કરી આત્માનુભવ કરશે.

જીવ નિજસ્વરૂપમાં વળે તે માટે હવે ગ્રંથના આધારે ૧૪ ગાથામાં આવતાં વિષયોનું વિહંગાવલોકન કરીએ.

યથાર્થ વસ્તુ સ્વરૂપ-વસ્તુસ્થિતિ-સમજવા માટે જેમની પાસેથી સમજવું છે એવાં દેવ, ગુરુ, શાસ્ત્ર સાચાં કોણ છે? તેનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રથમ નિર્ણય કરવો પડશે. કારણકે સાચાં દેવગુરુશાસ્ત્ર સિવાય જેમણે વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણ્યું નથી એવાં ખોટાં દેવ-ગુરુશાસ્ત્ર દ્વારા વસ્તુનું સાચું સ્વરૂપ સમજવું અશક્ય છે. સાચા દેવ તો તે જ કહેવાય કે જે નિર્દોષ હોય, જે વીતરાગ અને સર્વજ્ઞ હોય. સાચા ગુરુ અને સાચાં શાસ્ત્ર તે જ કહેવાય કે જે વીતરાગતાનું પ્રતિપાદન કરે.

(૧) વીતરાગની મૂર્તિ દેખતાં એમ સ્પષ્ટ પ્રતીત થાય છે કે રાગાદિ કાંઇ આત્માનો મૂળ સ્વભાવ નથી. વિકાર ટળતાં નિજ શુદ્ધ સ્વભાવ પ્રગટે છે તેથી વીતરાગ પ્રતિમા જ સંસારી જીવને નિજરૂપ દેખાડવાનું નિમિત્ત છે.

ભગવાન વીતરાગ થયા તે એમ દર્શાવે છે કે તેઓ પ્રથમ રાગી હતા. રાગ ટળતાં પ્રભુ થયા. એમ જ આ જીવ શક્તિએ તેમના જેવો હોવાથી રાગ ટળતાં અવસ્થાએ પોતે જ પ્રભુ બને છે.

(૨) વળી જેઓ કેવલ એક વીતરાગપણાનો જ ઉપદેશ આપે તે જ સાચા ગુરુ છે.

(૩) ખરેખર હું વીતરાગ, મારું નિજ સ્વરૂપ જ વીતરાગ છે એમ ભવ્ય જીવ માને છે અને પોતાનું નિજસ્વરૂપ પ્રગટ-પણે પરિણમતાં તે પોતાનું સ્વરૂપ વીતરાગરૂપે જાણે-દેખે-આચરે છે.

(૪) જીવ નિજ જાતિરૂપ પોતાના જ સ્વરૂપમાં પરિણમે તેને વિધિવાદ કહે છે. જીવની સ્વરૂપપરિણતિ વિધિયોગ્ય છે કારણ કે જીવ તેથી સુખી થાય છે. જીવની અશુદ્ધ પરિણતિ અવધિરૂપ છે કારણ કે જીવ તેથી દુઃખી થાય છે.

(૫) જીવને જેટલા કાંઇ તીવ્ર-મંદ શુભાશુભ પરિણામ થાય છે તે બધાંય પરાચરણ છે કારણ કે મંદ કષાય કે તીવ્ર કષાય તે જીવનો વિકારભાવ જ છે, વિકાર વગરનો શુદ્ધ જીવ સ્વભાવ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૬) આ જગતની જેવી સ્થિતિ છે તેવી સ્થિતિએ જ તે સદા રહે છે. તેને યથાસ્થિતિ કહે છે.

(૭) વસ્તુનો જે મૂળ સ્વભાવ હોય તે મર્યાદિત ન હોય, બેહદ હોય. આત્માનો સ્વભાવ જાણવાનો છે તો તે બેહદ હોય. આત્માનો સ્વભાવ જાણવાનો છે તો તે કોને ન જાણે? બધાને જાણે. સમસ્ત વસ્તુઓનો સ્વભાવ પ્રમેયત્વ ગુણને લીધે જણાવા યોગ્ય છે, તો તે પણ બેહદ હોય. તો જ્ઞાનમાં કઈ વસ્તુ ન જણાય? બધી જણાય. તેથી આત્મા પૂર્ણ નિર્મળ જ્ઞાન વડે અનંત ધર્મોયુક્ત વસ્તુના સમસ્ત સ્વરૂપને જાણે છે અને પ્રત્યેક દ્રવ્યમાં પ્રમેયત્વગુણ હોવાથી અનંત ધર્મોયુક્ત પ્રત્યેક દ્રવ્યનું સંપૂર્ણ સ્વરૂપ જ્ઞાનમાં જણાય છે.

(૮-૯) આ આત્મા જેમ જેમ પોતાની નિજજાતિરૂપે પરિણમે છે તેમ તેમ અશુદ્ધભાવ આપોઆપ નાશ પામે છે તેથી અશુદ્ધભાવ અનિત્ય છે, હેય છે, સ્વરૂપાચરણપરિણામ ઉપાદેય છે સર્વ પર-આલબંન હેય કરવું, નિજસ્વરૂપને જ અવલંબવું તે તે ઉપાદેય કરવું.

(૧૦) ભેદ પાડવા તે વ્યવહારનય છે. જે ભાવનો વ્યાપ્ય-વ્યાપક એકમેક સંબંધ ન હોય તે વ્યવહાર નામ પામે.

(૧૧) અનંત ગુણનો સમુદાય-અનંત ગુણનું એકત્વ તે વસ્તુ છે. તે વસ્તુને નિશ્ચય કહેવામાં આવે છે. નિજ વસ્તુ સાથે જે ભાવનો વ્યાપ્યવ્યાપક એકમેક સંબંધ હોય તેને નિશ્ચય જાણવો.

(૧૨) નિશ્ચયથી આત્માના અનંત ગુણો જ્યારે સર્વથા પોતાની નિજ જાતિરૂપ થાય ત્યારે આત્માનો પરમસ્વભાવ કહેવામાં આવે છે. આત્માના દ્રવ્યગુણપર્યાય ત્રણે સર્વથા સાક્ષાત્ પરમ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સ્વરૂપરૂપ થાય ત્યારે આ આત્માનો ધર્મ કેવલ નિજજાતિ-સ્વભાવરૂપ જ થાય છે.

(૧૩) જે કાલે આત્માનાં ગુણો સર્વથા પરભાવરૂપ થાય ત્યારે બહિર્ભાવ કહેવામાં આવે છે કારણ કે પરભાવ કાંઈ પોતાની વસ્તુમાં થતો નથી પણ વસ્તુ સમુદાયથી બહારનો ઉપરિભાવ થયો છે.

(૧૪) જે કાલે આત્માના ગુણો ધર્માધર્મરૂપે (વિકાર-અવિકાર-ભાવે) પરિણમે છે ત્યારે આત્માનો મિશ્રધર્મ કહેવામાં આવે છે.

આ એકાદશવાદ જાણીને તથા સમજીને પોતાના આત્માને માટે શું હિતકર છે, શું અહિતકર છે, શું હેય છે, શું ઉપાદેય છે તેનો વિવેક કરવો, પરલક્ષ છોડી, સ્વ તરફ વળી નિજ શુદ્ધ સ્વરૂપને જ અવલંબવું. પ્રથમ, સ્વપરના વિવેક વિના–ભેદજ્ઞાન થયા વિના જીવનો વિકારભાવ કોઇ અન્ય ઉપાયો ટળે જ નહિ એવી વસ્તુ સ્થિતિ છે. 'હું શુદ્ધ ચૈતન્ય ચમત્કાર માત્ર આત્મા છું" એવી શુદ્ધ આત્માની પ્રતીતિ થયે જ વિકાર ટળે છે. તેથી ભેદવિજ્ઞાન થવા માટે જીવ–અજીવનું સ્વ–પરનું જ્ઞાન હોવું આવશ્યક છે. તે સ્વપરનું જ્ઞાન થવા માટે વાંચકે આ ગ્રંથમાં આગળ આવતું વિવેચન સૂક્ષ્મતાથી વિચારી લેવું.

હવે પછીના ગ્રંથના વિષયનો વિચાર કરતાં પહેલાં છ દ્રવ્યના સ્વરૂપની સ્થિતિ બહુ જ ટૂંકમાં જાણી લઈએ.

આ જગત શેનું બનેલું છે તે જાણીએ. આ જગત છ દ્રવ્યોનું સહજ જ આપોઆપ બનેલું અનાદિથી ચાલ્યું આવે છે. "**એવી સ્થિતિ**" ત્યાં 'એમ કેમ ?' એવા પ્રશ્નનો અવકાશ જ રહેતો નથી. ત્યાં દરેક વસ્તુ ટકીને બદલે છે, એમ પ્રત્યક્ષ

૨

નજરે દેખવામાં આવે છે. ત્યારે જ જ્ઞાનરૂપી વસ્તુ ભૂતકાલમાં દેખેલી વસ્તુને યાદ કરી શકે કે જો તે ટકતી હોય. જો વસ્તુ એક સમય કરતાં વધારે સમય ટકતી દેખવામાં આવે છે તો "ટકવું" તેનો સ્વભાવ ઠર્યો. "ટકવું" જેનો સ્વભાવ છે તે વસ્તુ પહેલાં ન હોય તેમ કેમ બને ? ટકે છે તો તે વસ્તુ છે, છે ને છે જ, અર્થાત્ તે ત્રણે કાલે ટકે જ. માટે આ દ્રવ્યો પહેલાં ન હતાં તેવી કલ્પના કરવી તે સાવ નિરર્થક જ છે. વસ્તુ સ્વયં સત્ છે. અભાવમાંથી (શૂન્યમાંથી, ન હોય તેમાંથી) કોઇ પણ વસ્તુ નવી ઉપજે નહિ. સત્નો (હોય તેનો) વિનાશ હોય નહિ, અસત્ની (ન હોય તેની) ઉત્પત્તિ હોય. દ્રવ્ય છે તો તે ત્રણે કાલે છે. માટે છ એ દ્રવ્યો પોતપોતાના સ્વરૂપે અનાદિથી જ હયાતિરૂપે પોતાથી જ વર્તી રહ્યાં છે. જીવ, અજીવ સ્વયં ટકે છે એવી જ્યાં સહજ વસ્તુસ્થિતિ છે ત્યાં તેઓ અનાદિથી કેમ હોય તેવો પ્રશ્ન જ રહેતો નથી.

કોઇ પણ વસ્તુ પોતપોતાની અવસ્થા વિના હોઇ શકે નહિ. વસ્તુ છે તો તેની અવસ્થા હોય ને હોય જ. છ એ દ્રવ્યો પોતાના મૂળ નિજજાતિસ્વભાવથી ટકે છે અને તેમની અવસ્થા બદલે છે. વસ્તુજ અવસ્થાનું 'બદલવું' તે વસ્તુનો સ્વભાવ હોવાથી ઝડપથી એટલે કે એક જ સમયમાં અવસ્થા બદલે. એ રીતે છ દ્રવ્યો ટકીને બદલે છે. આ વસ્તુસ્વભાવનો મૂળભૂત સિદ્ધાન્ત છે.

ત્યાં જીવ અને પુદ્ગલ વિકારરૂપે કે અવિકારરૂપે પરિણમે છે તેથી સંસાર અને મોક્ષ બને છે. જો જીવ ટકતો ન હોય તો મોક્ષમાં સુખ કોણ ભોગવે ? જો જીવની અવસ્થા બદલાતી ન હોય તો વિકાર ટળી મોક્ષરૂપ અવિકારી દશા ક્યાંથી થાય ?

જો મિથ્યાત્વી જીવમાં વિકારી અવસ્થા જ ન થતી હોય તો તે જીવને દુઃખ વેદાય છે ને તે શી રીતે વેદાય ? માટે મિથ્યાત્વી જીવમાં વિકારી અવસ્થા થાય છે તેનું તેને દુઃખ વેદાય છે.

આ ગ્રંથનું નામ 'આત્માવલોકન' છે. તેનો ઉદ્દેશ એ છે કે આત્માનું અવલોકન કરવું. તો ત્યાં જીવની અવસ્થા વિકારી, અવિકારી શી રીતે થાય છે ? તે પહેલાં જાણીએ.

જ્ઞાનનો સ્વભાવ સ્વ અને પર બન્નેને જાણવાનો છે. જ્ઞાનનો જાણવાનો મૂળભૂત સ્વભાવ હોવાથી જ્ઞાનના જાણવાના પરિણામમાં પરવસ્તુઓ જણાય છે. ત્યાં જ્ઞાનમાં પરવસ્તુ જણાતાં, પરને પર ન માનતાં અજ્ઞાની જીવ પરને પોતારૂપ માની લે છે. ત્યારે પોતે જ સુખસ્વરૂપ છે એવું ભાન ન કરતાં અજ્ઞાનને કારણે વિકારરૂપે પરિણમીને જીવ પરમા ઇષ્ટ કે અનિષ્ટ બુદ્ધિ કરીને સુખીદુઃખી થાય છે. પરને પોતારૂપ મનવું છોડીને જ્ઞાનના પરિણા પરિણામ જ્યારે કેવલ એક શુદ્ધ જ્ઞાનરૂપે પરિણમે ત્યારે જીવની અવસ્થા શુદ્ધ થતાં, કેવલજ્ઞાન અને પરમ સુખાદિ પ્રગટે. આ રીતે પરને જાણવું તે દોષ નથી પણ પરને પોતારૂપ માની રાગી દ્વેષી થવું તે જીવનો મહાન દુઃખદાયક દોષ છે.

આ લોક સ્થિતિ જ એવી છે કે તેમાં સત્યનું ભાવન કરવું પરમ વિકટ છે. રચના બધી અસત્યના આગ્રહની ભાવના કરાવવાવાળી છે. નિમિત્તના સદ્ભાવમાં કાર્ય થતું દેખીને જીવ મિથ્યાબુદ્ધિથી એમ માની લે છે કે નિમિત્તથી કાર્ય થયું. ખરી હકીકત તો એ છે કે નિમિત્ત પરવસ્તુની અવસ્થામાં કાંઇ ફેરફાર કરી શકવા સમર્થ નથી. એટલે કે નિમિત્ત પર-વસ્તુની અવસ્થામાં ફેરફાર કરવામાં અકિંચિત્કર છે. કારણ કે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરવસ્તુ સાથે નિમિત્તનો વ્યાપ્યવ્યાપકસંબંધ નથી. જ્યાં વ્યાપ્ય-વ્યાપકપણું હોય ત્યાં એકપણું હોય છે. જ્યાં એકપણું હોય છે ત્યાં કર્તાકર્મપણું એકમાં ઠરે. જ્યાં વ્યાપ્યવ્યાપકપણું ન હોય ત્યાં જુદાપણું ઠરે. જુદાપણામાં કર્તાકર્મપણું ન ઠરે, નિમિત્ત-નૈમિત્તિકપણું ઠરે. પોતપોતાની વસ્તુમાં કર્તાકર્મક્રિયા વ્યાપ્યવ્યા-પક હોય છે, પરની સત્તામાં વ્યાપ્યવ્યાપક હોતા નથી. નિમિત્ત તે ઉપાદાનથી જુદું છે, તે પોતાની અવસ્થામાં જ સ્વતંત્રપણે ઉપાદાનથી જુદું પરિણમે છે; પરવસ્તુના કાર્યરૂપે તે પરિણમી શકતું જ નથી.

જીવ અને પુદ્ગલને પોતપોતાનો વિકાર થવામાં પરસ્પર નિમિત્તનૈમિત્તિક સંબંધ છે પણ કર્તાકર્મ સંબંધ નથી. એટલે કે આવું જ્યાં નિમિત્ત હોય ત્યાં આવું કાર્ય થતું દેખવામાં આવે છે પણ નિમિત્ત તે કાર્યનો ઉત્પાદક નથી. કાર્ય તો સ્વયં પોતાની વસ્તુમાં પોતાની શક્તિના બલથી (પોતાની શક્તિના કારણે) જ થાય છે, ત્યાં કાર્ય થવામાં નિમિત્ત તદ્દન અકિ-ચિંત્કર છે. આ મહાન સિદ્ધાન્તનો નિર્ણય કરીને આસ્તિક્ય કર્યા-સિવાય કોઈ પણ જીવ સત્ય ધર્મને રસ્તે વળી શકે જ નહિ કારણ કે મિથ્યા ભ્રાન્તિ સેવતાં વિકારનું ટળવું અશક્ય જ છે. માટે વ્યાપ્યવ્યાપકનો સંબંધ ન હોવાથી જીવ અને પુદ્ગલ કેવલ સાવ જુદા છે એમ સચોટપણે આ ગ્રંથમાં સિદ્ધ કરેલ છે. આ રીતે નિમિત્તથી આત્માનું ભિન્નપણું દર્શાવ્યું છે.

જો નિમિત્ત પરની અવસ્થાનું પરિવર્તન થવામાં કાંઈ પણ કાર્યકર નથી તો શાસ્ત્રમાં નિમિત્ત દર્શાવવાનું પ્રયોજન શું છે? તે કહેવામાં આવે છે.

અનાદિકાલથી જીવની પરિણતિ અશુદ્ધ થઈ રહી છે ત્યાં પુદ્ગલકર્મ નિમિત્ત છે. પુદ્ગલ વ્યાપ્યવ્યાપક થઈને જીવને વિકારી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

બનાવતું નથી, કારણ કે કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યમાં વ્યાપ્યવ્યાપક થતું નથી. જો એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં વ્યાપ્યવ્યાપક થાય તો બન્ને દ્રવ્યો એક થઇ જાય. વળી જીવ પુદ્ગલકર્મના નિમિત્ત વિના જ વિકારરૂપે પરિણમતો હોય તો વિકાર જીવનો નિજ-સ્વભાવ થઈ જાય માટે ચિત્વિકારરૂપે તો જીવ પોતે જ પરિ-ણમે છે, ત્યાં કર્મનું નિમિત્ત કહ્યું. ત્યાં કર્મને નિમિત્ત કહે-વાનું પ્રયોજન એ છે કે જીવનો વિકારીભાવ અનિત્ય છે એમ ઠર્યું, વિકાર અવસ્તુભાવ ઠર્યો, વિકાર સ્વભાવ ન ઠર્યો, આ રીતે જીવને વિકાર થવામાં કર્મનું નિમિત્ત છે એ કથન દ્વારા એમ જાણવું કે જીવને જે વિકાર થાય છે તે પરભાવ છે, અનિત્ય છે અને તે જીવનો સ્વભાવ નથી; પણ જીવની અવસ્થામાં વિકાર થતી વખતે કર્મના નિમિત્તનો સદ્દભાવ છે તે (નિમિત્ત) જીવના વિકારને ઉપજાવે છે એમ કહેવાનું શાસ્ત્રનું પ્રયોજન નથી. વીત-રાગ સર્વજ્ઞના શાસ્ત્રમાં વસ્તુસ્વરૂપની અયથાર્થ સિદ્ધિ શી રીતે સંભવે? વસ્તુ જ્યાં સ્વતંત્રપણે પોતાના અહેતુક સ્વભાવથી જ પરિણમે છે ત્યારે નિમિત્ત પરના કાર્યને કરે છે એમ કહેવું તે વસ્તુના મૂળ સ્વભાવનો જ ઘાત કરવા જેવું છે.

આ કર્તાકર્મનું રહસ્ય સમજીને જીવે પરનું પરિવર્તન કર-વાની માન્યતા અને પરની અવસ્થામાં હું ફેરફાર કરી શકું એવી અહંતાનો, શુદ્ધ આત્માનો ભાનપૂર્વક, ત્યાગ કરવો જોઇએ.

કર્તાકર્મક્રિયાનો ભેદ જે યથાર્થ જાણે છે તે પોતાની ચેતના પરથી જુદી જાણે છે અને પોતાની પરિણતિની શુદ્ધતા પ્રગટ કરી સંસારથી ભલી રીતે વિરક્ત થાય છે, તે સંસારથી ઉદા-સીન થઇ જાય છે.

પુણ્ય પાપ વિકારભાવના ભેદ છે. તીવ્ર કષાય તે પાપના

પરિણામ છે, મંદ કષાય તે પુણ્યના પરિણામ છે. પણ બન્ને પરિણામો વિકાર જ છે. તેથી જ્ઞાની પુણ્ય-પાપરૂપી બન્નેય વિકારોને હેય જ જાણે છે. બન્નેય બંધરૂપ છે તેથી જે પુણ્ય-પાપના પરિણામથી મોક્ષ થવાની ઈચ્છા રાખે તે અજ્ઞાની છે. જે પોતે જ બંધસ્વરૂપ છે તેનાથી મોક્ષ કેમ થાય? ન જ થાય. આવી સીધી સાદી વાતનોપણ અજ્ઞાની જીવ સ્વીકાર કરતો નથી.

બંધભાવ તો વિકારી અવસ્થા છે, જીવનો મૂળ સ્વભાવ નથી.

સંવરપૂર્ણક નિર્જરા થતાં થતાં જીવનો ગુણવિકાર અને જીવનો પ્રદેશવિકાર તે સર્વથા નાશ થઈ જાય છે. જ્યારે વિકાર-ભાવ સર્વથા નાશ થાય ત્યારે મોક્ષભાવ કહેવામાં આવે છે.

આ નવતત્ત્વરૂપી ચિત્વિકારમાં વ્યાપ્યવ્યાપક તો એક (કેવલ) જીવ જ થયો છે, બીજું કોઈ દ્રવ્ય થયું નથી. જ્યાંસુધી આ જીવ વિકારરૂપે પ્રવર્તે છે ત્યાં સુધી જેવા પ્રકારના વિકારો પ્રગટે છે તે વિકારથી જીવ વ્યાપ્ય વ્યાપક છે. તે વિકાર અમૂર્તિક એકલા જીવના જ ભાવો છે. જીવથી અભેદ છે. તાત્પર્ય એ છે કે તે બધા વિકાર જીવ જન્ય છે.

જીવ જ્યારે પર્યાયમાં વિકારી થાય છે ત્યારે જીવનો મૂળ શુદ્ધ સ્વભાવ નાશ પામતો નથી, શક્તિપણે કાયમ રહે છે. જીવ જ તે શુદ્ધ સ્વભાવભાવને ભૂલીને ચેતનવિકારનો કર્તા થાય છે અને જીવ જ તે શુદ્ધ સ્વભાવનો આશ્રય કરીને ચેતનવિકારને ટાળે છે. દશ પ્રકારના પરિગ્રહાદિ જે પુદ્‌ગલસ્કંધો છે તેમને આ જીવ ક્યારેય સ્પર્શતો નથી. તે પુદ્‌ગલો સ્વયં આવે છે, સ્વયં જાય છે. પુદ્‌ગલો પોતે જ ખેલે છે. પણ આ જીવ વિકારરૂપે પરિણમીને 'આ સર્વ કામ મેં કર્યાં' એમ માને છે કે જે પ્રત્યક્ષ જૂઠું છે.

તાત્પર્ય આ છે કે જ્ઞાનીને પોતાના અને પરદ્રવ્યમાં કાંઇ પણ સંબંધ દેખાતો નથી. તેથી આ પુદ્ગલનાટક જેવું જણાયું તેવી રીતે નાચો પોતે જ પોતાની મેળે ઊપજ્યું, પોતે જ વિણસ્યું, પોતે આવે ને જાય. જ્ઞાનીને વસ્તુસ્વરૂપની દૃઢ પ્રતીતિ વર્તે છે કે હું આ નાટકને ન રાખી શકું, ન છોડી શકું કારણ કે એના નાટકને રાખવા છોડવાની ચિંતા કરવામાં આવે તો તે પણ જૂઠી છે, કારણ કે તે પરવસ્તુ છે, જીવ અને પુદ્ગલ સર્વથા જુદા છે.

આ રીતે ભેદજ્ઞાન થવાથી, પરપદાર્થથી જુદો છું એવી જુદાઇનું ભાન હોવાથી, પરની સાથે મારે કાંઇ પણ સંબંધ નથી એવી યથાર્થ સમજણ હોવાથી અને પરનું પરિણમન પોતાને હાથ નથી એવી અકર્તાપણાની બુદ્ધિ હોવાથી જ્ઞાનિને પ્રત્યે નિરંતર ઉદાસીનતા વર્તે છે. અકર્તા રહે છે હું જ્ઞાનદૃષ્ટા છું એવા પોતાના જ્ઞાયકભાવનું ભાન જ્ઞાનીને નિરંતર વર્તે છે. 'ધ્રુવ શુદ્ધ આત્મસામાન્યનું જોર જ્ઞાનીને નિરંતર હોય છે, જ્ઞાનચેતના લબ્ધરૂપે હોય ત્યારે પણ જ્ઞાનીને શુદ્ધશક્તિરૂપ અખંડ મૂળશુદ્ધચેતનામાત્ર [1]વસ્તુનો આશ્રય હોય છે, શ્રીસમયસારની-આશ્રવ-અધિકાર ગાથા ૧૮૦માં પણ કહ્યું છે કે—

'ત્યમ જ્ઞાનીને પણ પ્રત્યયો જે
જે પૂર્વકાળનિબદ્ધ તે
બહુવિધ બાંધે કર્મ, જો જીવ
શુદ્ધનયપરિચ્યુત બને.

જો જ્ઞાની દૃષ્ટિમાં આત્માની શુદ્ધ શક્તિનો આશ્રવ છોડે, જો જ્ઞાની શુદ્ધ-

૧ શુદ્ધ આત્મસ્વરૂપનું અવલંબન, શુદ્ધ આત્મસ્વરૂપનો આશ્રય, શુદ્ધ આત્મસ્વરૂપ પ્રત્યે સન્મુખતા, શુદ્ધ આત્મસ્વરૂપ પ્રત્ય વલણ, શુદ્ધ આત્મસ્વરૂપ પ્રત્યે ઝોક.

નયના વિષયભૂત આત્માની શુદ્ધ શક્તિના જોરથી ચ્યૂત થાય તો તે પણ મિથ્યાત્વી બને છે.

સર્વપુદ્ગલપરિણામ અચેતન જાણવા. એનામાં ચેતનાનો ભ્રમ ન કરવો, સમ્યગ્જ્ઞાતા અચેતન પરદ્રવ્યને પોતાથી જુદું જ જાણે છે, પોતાનું ચેતનારૂપ ચેતનદ્રવ્ય જુદું જ આચરે છે.

હે મિત્ર! તું પણ એવી દ્દષ્ટિ કરીને નિહાળવાનું કર, અન્ય પરજ્ઞેયનો દોષ ન જો. ન જાણો કે-પરજ્ઞેયોના સાન્નિધ્યનું નિમિત્તમાત્ર દેખીને મારું દ્રવ્ય આણે મેલું કર્યું. જડકર્મે મને વિકાર કરાવ્યો એવો, આ જીવ પોતે જ નિમિત્ત દેખીને, જૂઠો ભ્રમ કરે છે. પણ તું તે પર જ્ઞેયને કદી સ્પર્શ્યો જ નથી છતાં તું તેના દોષે દેખે છે. ત્યાં તારી ભ્રમણા છે, પરનો કોઇ દોષ નથી.

આ જે એકક્ષેત્રાવગાહી પૌદ્ગલિક વસ્તુનું કર્મરૂપી નાટક બન્યું છે તેવું જ પરભાવરૂપ નાટક આ જીવનું બન્યું છે. પણ જ્ઞાની પૌદ્ગલિક નાટક સાથે કાંઇ પણ સંબંધ દેખતો નથી કારણ કે જો કોઇ સંબંધ હોય તો જ્ઞાની દેખે, જો ન હોય તો જ્ઞાની કઇ રીતે દેખે? આવી પ્રતીતિ થતાં પરથી લક્ષ છૂટીને અકર્તાપણાનો ખરો વૈરાગ્ય જીવમાં ઉદ્દ્ભવે છે.

હવે અત્રે આ વિકારને ટાળવાનો ઉપાય વિચારતાં પહેલાં સાધકસાધ્યભાવનો વિચાર કરીએ. સાધકસાધ્યભાવનું શાસ્ત્રમાં અનેક અપેક્ષાથી કથન કરવામાં આવ્યું છે. ત્યાં અપેક્ષાનો ઊંડો યથાર્થ આધ્યાત્મિક વિચાર કર્યા સિવાય આ સાધકસાધ્ય-નો ઉપરટપક રૂઢીગત અર્થ ઘટાવી લેવામાં આવે તો તેનું તાત્પર્ય સમજવામાં ગેરસમજણ ઊભી થાય તે સ્વાભાવિક છે, આ ગેરસમજ ન થાય તે માટે સાધકસાધ્યભાવનું નીચેનું તાત્પર્ય યોગ્ય વિચારપૂર્વક હ્રદયમાં બરાબર નિર્ણયપૂર્વક બેસાડીને ધારી

રાખવા યોગ્ય છે અને ઉચિત રીતે જ્યાં જે રીતે ઘટતું હોય ત્યાં તે રીતે લાગુ પાડવા યોગ્ય છે. આવું સાધક પ્રવર્તતાં, આવું સાધ્ય પ્રવર્તે છે એમ જણાય છે પણ આ સાધક સાધ્યને ઉપજાવતું નથી એમ અત્રે સાધકસાધ્યના ઉદાહરણોમાં સમજવાનું છે.

આના મર્મને યથાર્થ જાણનાર ગ્રંથકારે પણ તેમનું મૂળ-ભૂત પ્રયોજન ઉપર પ્રમાણે જ દર્શાવ્યું છે. જે ભાવ પ્રવર્ત્યા વિના ઉત્તર ભાવ ન પ્રવર્તે એટલે કે પૂર્વ ભાવ પ્રવર્તતાં ઉત્તર-ભાવ અવશ્ય પ્રવર્તે ત્યાં પૂર્વભાવને સાધકભાવ કહે છે.

વળી કોઈ અજ્ઞાની એમ માને કે પૂર્વભાવ ઉત્તરભાવને પોતાની જોરાવરીથી પ્રવર્તાવે છે, તો એમ નથી. સાધકભાવ એટલો જ કે તે ભાવ પ્રવર્તતાં તે કાલે સાધ્યભાવનું પણ પ્રવર્તવું થાય છે. એ રીતે સાધકભાવનું થવું તે સાધ્યભાવ થવામાં સાક્ષીભૂત તો અવશ્ય છે પણ સાધક સાધ્યને ઉત્પન્ન કરતું નથી.

હવે સાધકસાધ્યનો ભેદ ટાળી (વિકલ્પ ટાળી) આત્માનુ-ભવ કેવી રીતે થાય છે તેનું વિવરણ કરવામાં આવે છે.

જીવવસ્તુની સિદ્ધિ આટલી જ કે 'મૂળચેતના માત્ર.' 'મૂળ-ચેતના માત્ર કહેતાં જીવના અનંતગુણોનું અખંડપણું—એક સત્ત્વ—દર્શાવ્યું'' ભેદવિકલ્પથી મૂળજીવવસ્તુ અખંડપણે સિદ્ધ થાય નહિ. એક અખંડ ચેતનાથી જ જીવવસ્તુની સિદ્ધિ થાય.

જ્ઞાનદર્શનાદિ ગુણોનો સમુદાય (જ્ઞાનદર્શનાદિ ગુણોની અભિ-ન્નતા) તે જીવદ્રવ્ય છે. આ જ્ઞાનાદિ ગુણો તો અનાદિથી જેમ છે તેમ જ છે. એમાં તો કાંઇ વધઘટ નથી.

૩

વિકારભાવનો દોષ આ જીવને અનાદિથી ઊપજ્યો છે. ત્યાં તે વિકારી પર્યાયો તે જીવની અવસ્થાઓ છે, મૂળ વસ્તુ નથી. તે વિકારી પર્યાયમાં જીવ તન્મય થાય છે તેથી તેની અજ્ઞાન-દશા થઇ રહી છે.

જીવમાં વિકારરૂપ પરભાવ ટળે ત્યારે નિજજાતિસ્વભાવ પ્રગટે છે. આ પરભાવો જીવના કોઇ નિજજાતિસ્વભાવ નથી.

આ જીવનો જ્ઞાનગુણ તો અજ્ઞાનપ્રવાહે કરીને પરિણમ્યો. જેટલી પરવસ્તુ છે તે સર્વને પોતારૂપ જાણે છે, પોતાને પર-રૂપ જાણે છે. શ્રદ્ધાગુણની પરિણતિ મિથ્યાત્વરૂપે પ્રવર્તી. સ્વની સ્વ-રૂપે પ્રતીતિ નથી, પરની પર-રૂપે પ્રતીતિ નથી. 'પોતે નથી' એવા ભ્રમરૂપે પોતે થયો. ચારિત્ર વિભાવરૂપ પ્રવર્ત્યું. ત્યાં ચારિત્ર નિજવસ્તુસ્વભાવની સ્થિરતા છોડીને પરપુદ્ગલના વિકાર-ભાવમાં જ સ્થિરતા કરે છે.

જ્યારે જ્ઞાનગુણ સમ્યક્ પરિણમ્યો, કેવલ જાણવારૂપ પરિણમ્યો. ત્યારે તે સ્વજ્ઞેયજાતિભેદ જુદો જાણે છે, પરજ્ઞેયજાતિભેદ જુદો જાણે છે. સમ્યકત્વનો ગુણ, વિકાર રહિત થઇને પોતાના શુદ્ધ શ્રદ્ધાનરૂપે થઇ પ્રવર્ત્યો ત્યારે સ્વજાતિનું સ્વજાતિએ કરીને જુદું આસ્તિક્ય થયું. ચારિત્રગુણ કેવલ નિજરૂપ થઇ પ્રવર્ત્યો, પર છોડયું, નિજસ્વભાવમાં સ્થિરતા કરી. આ સમ્યગ્ ભેદાભેદ વિક-લ્પથી સમજાવ્યું. આ ચેતના સમ્યગ્થી અભેદ છે. સમ્યગ્ભાવ જીવને અન્ય સર્વ વિકલ્પથી જુદો દર્શાવે છે. પોતાના સર્વ અનંતગુણોનો પુંજ તેને વસ્તુ (-દ્રવ્યદલ) કહેવામાં આવે છે. તે વસ્તુને જ્ઞાન તો જાણે છે, દર્શન તો દેખે છે (-શ્રદ્ધે છે), ચારિત્ર તો તેમાં સ્થિર થઇને આચરે છે.

શ્રીસમાધિતંત્રમાં કહ્યું છે કે આત્માનું સ્વરૂપ બીજાઓથી સાંભળવા છતાં જ્યાંસુધી સ્વ અને પર ભિન્ન છે એવી ભાવના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવ પોતે વારંવાર ન ભાવે ત્યાંસુધી જીવ મોક્ષપાત્ર થઈ શકે નહિ. શ્રીમદ્ પણ કહે છે કે 'આત્મભાવના ભાવતાં જીવ લહે કેવલ જ્ઞાન રે' શી રીતે આત્મભાવના ભાવવી? તો કે આ રીતે "હું દેહાદિસ્વરૂપ નથી, અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય. "જ્ઞાની જીવ આ રીતે વારંવાર ભાવના ભાવે છે. જ્ઞાનદર્શન ચારિત્રરૂપ હું છું, આ વિકારરૂપ હું નથી. હું મારા એક સ્વરૂપને અનુભવું છું. આ સંસારથી જુદો થયો છું. હવે હું સ્વયં દેખું-જાણું છું. મેં હવે સમ્યગ્ભાવ જુદો કર્યો. હું અમર છું. એ રીતે અનેક પ્રકારે મનમાં, વાણીમાં સમ્યગ્ભાવની સ્તુતિ ઉપજે છે. વારંવાર પોતાનું શુદ્ધ સ્વરૂપ ચિંતવે છે. પણ આ બધું ય મનવચનના વિકલ્પરૂપ ચિન્તવનનું પ્રવર્તવું છે. મનવચનના વિકલ્પો છે પણ સમ્યગ્ભાવનું તાત્પર્ય આટલું જ છે-જ્ઞાનપરિણામ તો સમ્યગ્જ્ઞાન પરિણામરૂપ પ્રવર્તે છે, દર્શનપરિણામ તો કેવલ સમ્યગ્દર્શનપરિણામરૂપ પ્રવર્તે છે, ચારિત્રપરિણામ તો કેવલ એક સમ્યગ્ સ્વ-ચારિત્રપરિણામરૂપ પ્રવર્તે છે. ભોગપરિણામ તો એક સમ્યગ્ સ્વ-ભોગરૂપ પ્રવર્તે છે. એ રીતે જ્ઞાનાદિ પરિણામ પોતપોતાના સ્વ-ભાવરૂપ સાક્ષાત્ પ્રગટ થતા થકા પ્રવર્તે છે. ત્યાં એક ચેતના જ એ સ્વભાવરૂપે પરિણમે છે. એ સમ્યગ્ભાવ ટંકોત્કીર્ણ નિશ્ચલ રૂપ ધારણ કરીને પરિણમે છે. આનાથી જે કાંઇ અન્ય પ્રકારે કહેવામાં આવે છે તે બધાયમાં વિકલ્પ ઉપજે છે. તે સમ્યગ્ભાવના પ્રગટ પરિણમવામાં બીજો કોઇ વિકલ્પ નથી આપો-આપ એક કેવલ સ્વરૂપપરિણામ પ્રવાહ ચાલ્યો જાય છે. ત્યાં કોઇ અન્ય વાત નથી, અન્ય કોઇ વિકલ્પ નથી, એવી સમ્યગ્ધારા સમ્યગ્દષ્ટિના દ્રવ્યમાં પ્રગટી છે. તેને તો એવું જ પ્રવર્તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. આ રીતે સાધકસાધ્યનો ભેદ ટાળી અભેદસ્વભાવરૂપ થતાં આત્માનુભવ થાય છે. કહ્યું છે કે-વસ્તુવિચારત ધ્યાવતેં, મન પાવે વિશ્રામ; રસસ્વાદત સુખ ઉપજૈ, અનુભૌ યાકૌ નામ.

સમ્યગ્દષ્ટિની ચેતના અબુદ્ધિરૂપ વિષયકષાયાદિમાં પ્રવર્તે છે તે સમ્યગ્ મતિશ્રુતજ્ઞાનરૂપ જઘન્યજ્ઞાનગોચર થતા નથી તેથી શક્તિમાં અબુદ્ધિરૂપ રાગદ્વેષમોહ વિદ્યમાન છે તેથી અબુદ્ધિરૂપે ચોથાથી માંડીને દશમા ગુણસ્થાન સુધી કિંચિત્માત્ર આશ્રવબંધ ઉપજે છે.

અનેકાંત દ્રવ્યગુણપર્યાયસ્વરૂપ વસ્તુને-પ્રમાણભૂત યથાર્થ વસ્તુસ્વરૂપને-પ્રકાશે છે. જ્ઞાની એનેકાંતદષ્ટિયુક્ત સમ્યગ્ એકંતદષ્ટિને સેવ્યા કરે છે. આત્મા અનંતગુણનો દલ છે એમ અનેકાંતદષ્ટિથી જ્ઞાન દ્વરા જાણીને જીવ 'શુદ્ધચેતનામાત્ર' એવી અભેદ સ્વવસ્તુની શ્રદ્ધા કરે છે. પણ જો અનેકાંતદષ્ટિથી વસ્તુસ્વરૂપનો નિર્ણય કર્યા વિના જીવ એકાંત દૃષ્ટિથી અભેદવસ્તુની શ્રદ્ધા કરવા જાય તો તેની સાચી શ્રદ્ધા બની શકતી નથી. તેથી ગ્રંથકાર કેટલીક ખોટી માન્યતાનો ન્યાયપૂર્વક નિષેધ કરે છે. તેમાંથી બે દાખલા અત્રે લઇએ.

કોઇ અજ્ઞાની એકલી સ્વસંવેદનશક્તિને જ સંપૂર્ણ સ્વભાવરૂપ જ્ઞાન થવું માને, અન્ય સર્વ ભાવોથી જીવને શૂન્ય માને તો તે અજ્ઞાનીએ જ્ઞાનનો નિજસ્વભાવ સ્વપરજ્ઞેય પ્રકાશક ન જાણ્યો, તેથી તે પુરુષને સ્વપરનું ભેદજ્ઞાન ઉપજતું નથી ભેદજ્ઞાન ઉપજ્યા વિના વિકારનો નાશ થતો નથી. સર્વથા એકલા સ્વસંવેદનને માનવામાં આવે ત્યાં અન્ય ગુણોને ન માન્યા. ત્યાં અનંતગુણયુક્ત દ્રવ્યને તેવા યથાર્થ સ્વરૂપે ન માન્યું. આ રીતે માત્ર એકલી સ્વસંવેદનની માન્યતાથી સર્વ એકાંત સ્થાપવાથી નાશની પરંપરા સિદ્ધ થાય છે, બીજું કાંઈ સાધ્ય સિદ્ધ થતું નથી.

વળી અજ્ઞાની કહે કે જ્યાંસુધી જ્ઞાન જાણે છે ત્યાં સુધી જ્ઞાન મેલું છે. જ્યારે જ્ઞાનનો જાણવારૂપ સ્વભાવ મટી જાય ત્યારે જ જીવ સિદ્ધરૂપ થાય છે. ત્યાં અજ્ઞાનીએ જ્ઞાનનો જાણવાનો સ્વભાવ મૂળથી જ જાણ્યો નથી. તે એમ નથી જાણતો કે જ્ઞાન તો તેને કહેવાય કે જે 'જાણે.' જો તે 'જાણવું જ' દૂર થયું તો 'જ્ઞાન' એમ કઈ રીતે કહેવાય? જ્ઞાનગુણનું સ્વરૂપ જ જ્યાં યથાર્થ ન માન્યું ત્યાં ભ્રમથી જ્ઞાનમાંથી વિકાર કાઢવાને બદલે પરને જાણવાના જ્ઞાનસ્વભાવને દૂર કરવાં મથશે. પરંતુ સ્વપરને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ હોવાથી જાણવાનો સ્વભાવ તો દૂર થશે નહિ પણ પોતે જ અવળી શ્રદ્ધા પોષીને પરને જાણવાના પોતાના જ્ઞાનસ્વભાવને દૂર કરવાનો કષાયનો શ્રમ ઊઠાવશે, અને પરમાર્થે વિકલ્પ શાંત ન થતાં તેને અવળી શ્રદ્ધાના ભાવમાં તીવ્ર કષાયની લીનતાની મૂઢતાનું પ્રાબલ્યપણું વર્તશે.

જ્ઞાની પ્રમાણજ્ઞાનથી વસ્તુના દ્રવ્યગુણપર્યાયસ્વરૂપ સંપૂર્ણ સ્વરૂપને જાણે છે, પણ શ્રદ્ધામાં તો કેવલ એક અખંડ શુદ્ધ મૂળ શુદ્ધ ચેતના વસ્તુમાત્રનો વિષય જ છે. જ્ઞાની કેવલ એક અખંડ મૂળચેતનાવસ્તુમાત્રને શ્રદ્ધી આત્માનો અનુભવ કરે છે.

સમ્યગ્દષ્ટિ જીવને સમ્યક્બોધધારા નિરંતર હોય છે. હું શક્તિએ શુદ્ધ છું એવી સમ્યક્બોધધારા જ્ઞાનીને નિરંતર વર્તે છે. આવી સમ્યગ્બોધધારા જ જ્ઞાનીને રાગમાં એકાકારબુદ્ધિ થવા દેતી નથી. સ્વપરને ભિન્ન જાણી તે ભિન્ન જ્ઞાયકરૂપે રહે છે.

સમ્યગ્દષ્ટિને નિજશુદ્ધસ્વરૂપનું ભાન અખંડ રહે છે, જ્યારે મિથ્યાદષ્ટિનું જ્ઞાન અનેક ખંડમાં વહેંચાયેલું, જુદા જુદા પ્રયોજનવાળું અને પરિણામે વિકાર ઉત્પન્ન કરનારું બની રહે છે. સમ્યગ્દષ્ટિ જ્ઞેયને જાણે ત્યારે તે કાલે જ તેને સ્વવસ્તુનું યથાર્થ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લક્ષ હોય છે. જ્ઞાનીને પરથી ઉપેક્ષાબુદ્ધિ અને અખંડ આત્માના જ્ઞાતાદૃષ્ટાસ્વભાવનું ભાન યુગપત્ નિરંતર વર્તે છે.

સમ્યગ્દૃષ્ટિ થતાં તે જીવદ્રવ્યમાં જ્ઞાનગુણની જે શક્તિ સાક્ષાત્ પ્રત્યક્ષ થઇ તે આ રીતે પ્રવર્તી કે આ સ્થાનકમાં આ જ્ઞાન, આ આત્મવસ્તુપ્રમાણ તાદાત્મ્ય વ્યાપ્યવ્યાપકરૂપ છે. આ જ્ઞાનશક્તિને જાણવાનું નામ સ્વસંવેદન કહેવામાં આવે છે.

વળી જ્ઞાનીનું જ્ઞાન પરદ્રવ્યને અવલંબે છે પણ તેના જ્ઞાને તે ચેતનસ્વભાવની જ્ઞાતાદૃષ્ટાલક્ષણમય મૂર્તિનું શકિતરૂપે પ્રત્યક્ષ આસ્તિક્ય કરી રાખેલું છે

વળી તે જ્ઞાન પરદ્રવ્યરૂપ જ્ઞેયોને દેખતાં–જાણતાં જ્ઞાતાદૃષ્ટામય ચેતનસ્વભાવની સૂરતને તેમાં મેળવી દેતું નથી, પરદ્રવ્યરૂપ જ્ઞેયોની સાથે એકમેકરૂપ કરતું નથી, ચેતનસ્વભાવને જુદું રાખે છે,

અહીં એક તાત્પર્યની વાત સાંભળી લે. તારા કાર્યને સુધારવાની વાત આટલી જ કે તું ચેતનપરિણામને દેખ, જાણનારને દેખ. તાદાત્મ્યવ્યાપ્યવ્યાપકરૂપે તો નિર્મળ કેવલ એક ચેતનવસ્તુનો જ પિંડ (દલ) છે, તેમાં અશુદ્ધભાવ રંચમાત્ર મળ્યો નથી. અહીં તમે એક વસ્તુ, વસ્તુનું રૂપ છો, છતાં જો તમને પોતાનું પરમાત્મકાર્ય સાધી લેવાની ચાહ હોય તો તમે સારરૂપ આટલું જ પ્રવર્તો, અનુભવો, સાધો 'આ તમારા એકરૂપ તાદાત્મ્યરૂપને પ્રત્યક્ષ દેખો, જાણો અને સ્થિર રહો. આટલી જ રીત તમને પરમાત્મારૂપ થવામાં કાર્યકારી છે, અન્ય વિકલ્પજાળ કાર્યકારી નથી, એ રીતે નિઃશંકપણે જાણો. પરમાત્મપ્રાપ્તિની સકલ રીતિ આ છે એમ તમે નિઃસંદેહપણે જાણો. તેથી તમારે આ રીતિમાં ઉદ્યમવંત થવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પ્રભુતા પોતાના ઘરમાં વસે છે, દુઃખરૂપી દીનતા પારકા ઘરમાં વસે છે. આ પ્રત્યક્ષ સ્વરૂપ વિચારીને પોતાના ચેતન-ઘરમાં રહો.

અજ્ઞાની જીવ સુખની સતત ઝંખના કરે છે, સુખની પ્રાપ્તિ માટે પોતાના પરિચયમાં આવતી પરવસ્તુમાંથી સુખ શોધવાનો પ્રયત્ન કરે છે. પરમાંથી સુખ મળશે એવી જીવની માન્યતા જીવને પરાવલંબન તરફ દોરી જાય છે પણ પરમાંથી સુખ શોધવાની જીવની દિશા ઉલટી છે. સ્વમાં સુખ છે, પરમાં સુખ નથી તો પરમાંથી સુખ કેવી રીતે મળે?

પરાવલંબન દુઃખ છે, સ્વાવલંબન સુખ છે. આ પ્રત્યક્ષ લક્ષણને ઓળખીને સુખના ભંડારરૂપ પોતાને અવલંબવું. જ્ઞાનીને અભિપ્રાયમાંથી પરાવલંબન બુદ્ધિ સર્વથા છૂટી જાય છે, એકલી સ્વાવલંબન બુદ્ધિ જ રહે છે. જ્ઞાનીને ચારિત્રમાં જે કાંઈ પરાવલંબનપણું છે તે દૃષ્ટિના જોરે સ્વદ્રવ્યને સ્પર્શતાં તૂટતું જાય છે.

જેમ સ્ફટિકમણિ લાલ લીલા કપડાંથી લાલ લીલો ભાસે છે છતાં તે સ્ફટિકમણિ તે જ વખતે શક્તિએ નિર્મળ છે તેમ ભાન થઇ શકે છે તેવી રીતે વિકારી અવસ્થામાં પણ તે વખતે પોતાની મૂળ શક્તિ શુદ્ધ છે તેમ ભાન થઈ શકે છે. 'મૂળ ચેતના વસ્તુ માત્ર' આવી સ્વાવલંબનપ્રતીતિ જ જીવને એક કાર્યકારી છે, 'મૂળચેતનાવસ્તુમાત્ર' ની પ્રતીતિ અને તેમાં જ સ્થિરતા તે વિકાર ટાળવાનો અને શુદ્ધ આત્માને અનુભવવાનો એક અમોઘ ઉપાય છે.

આ વાત જાણીને શું કરવું? તે પ્રશ્નનો ઉત્તર આ છે કે સિદ્ધાન્તનો નિર્ણય કરીને તેને ઉપદેશબોધમાં પરિણમભાવ, ઉપદેશબોધ વડે સ્વરૂપસંબોધન કર. શી રીતે? તો આ રીતે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા-હર્તા નથી તો આણે મારું ભલું કર્યું, આણે મારું ખરાબ કર્યું તે મિથ્યા માન્યતા છોડ. તે મિથ્યા માન્યતા છૂટવાથી તેને જ શાંતિનો અચૂક અનુભવ થશે.

"હું ધ્રુવ છું, એકરૂપ છું, કૃતકૃત્ય છું, મારે કાંઇ કરવાનું રહેતું નથી, હું પરને કે શુભાશુભભાવને ફેરવી શકતો નથી, માત્ર સાક્ષીરૂપે તેનો જ્ઞાનદૃષ્ટા છું" આવી સ્વાવલંબન બુદ્ધિ જ જીવને કાર્યકારી છે. માટે શુદ્ધ આત્માની વારંવાર ભાવના કર, પ્રતીતિ કર અને શુદ્ધ આત્મામાં સ્થિરતા કર.

જેમ નદીમાં પ્રબળ પૂર આવ્યું હોય અને તેમાં તણાતો માણસ સ્થિર ઝાડને બાથ ભીડી લે તો ઝાડ તેમને તણાવા, બચાવવાના પરિણામ કરતું નથી પણ તેના આશ્રયે આપોઆપ તે માણસ બચી જાય છે, તેમ પરમપારિણામિક ભાવનો આશ્રય કરતાં, તે પરમપારિણામિક ભાવ બંધમોક્ષના કારણરૂપે ન પરિણમવા છતાં, તેના આશ્રયથી (તેના તરફના વલણથી) જીવ સંસારપરિભ્રમણમાં ભટકતો બચી જાય છે.

આ કથનનો ઉદ્દેશ એ છે કે પ્રત્યેક જીવ આત્માભિમુખ થઇને નિજજાતિસ્વભાવનો અનુભવ કરે અને સંપૂર્ણ સુખને પ્રાપ્ત કરે.

ગ્રંથકાર જ આ ગ્રંથના સારરૂપ કરેલા આત્માવલોકનસ્તોત્રમાં કહે છે કે-અજ્ઞાની જીવ જ્ઞાનની ઉઘાડ-અવસ્થાને દેખે છે પણ જેમાંથી જ્ઞાનની અવસ્થા ઉત્પન્ન થાય છે તેવા અખંડ આત્માને દેખતો નથી, તે જ જીવની ભ્રમણા છે. શક્તિની વ્યકતતા થાય છે એવી ગુપ્ત શક્તિના ચમત્કારનો ખ્યાલ અજ્ઞાની જીવને આવી શકતો નથી. સમયજ્ઞ શ્રીમદ્ રામચંદ્ર કહે છે કે "અમે બહુ વિચાર કરીને આ મૂળતત્ત્વ શોધ્યું કે,— ગુપ્ત ચમત્કાર જ સૃષ્ટિના લક્ષમાં નથી. શ્રીસમયસાર પરમાગમમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ કહ્યું છે કે—સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ (પ્રગટપણું) અને વિશેષ (જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ (આચ્છાદન) થી જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે. તોપણ જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે તેમને તે સ્વાદમાં આવતું નથી. પ. પૂ સદ્‌ગુરુદેવ કાનજીસ્વામી સ્વાનુભવપૂર્વક અન્તરના જોરથી બેધડક વારંવાર કહે છે કે-દરેક જીવ શકિતએ શુદ્ધ છે, પ્રભુ છે. તે શુદ્ધશકિતની શ્રદ્ધા-તે શુદ્ધ શકિતનું જોર-જ્ઞાનીને નિરંતર વર્તે છે. તે શુદ્ધ શકિતના જોરે જ જ્ઞાની સંપૂર્ણ શુદ્ધતા સાધે છે.

જગતનું સ્વરૂપ અતિસૂક્ષ્મ છે. તેનું સૂક્ષ્મ યથાર્થ સૂક્ષ્મી સ્વરૂપ એક સર્વજ્ઞવીતરાગદેવ જ જાણી શકયા છે અને ઉપદેશી શકયા છે. તેમણે દર્શાવેલા વસ્તુસ્વરૂપની તુલના કરીને દેખતાં પોતાના જ્ઞાનમાં પણ તેવું જ વસ્તુસ્વરૂપ જણાશે. તો હે ભવ્ય જીવ! આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે તમે તદન નિરાવલંબન બનો. અને કેવલ એક આત્મામાં જ દૃષ્ટિ કરીને કેવલ જ્ઞાતાદૃષ્ટા રહ્યા કરો. કહ્યું છે કે—

“एगो मे सासदो अप्पा
णाणदंसणलक्खणो ।
सेसा मे बाहिरा भावा सव्वे
संजोगलक्खणा ॥

અર્થઃ—જ્ઞાનદર્શન લક્ષણવાળો શાશ્વત એક આત્મા મારો છે; બાકીના બધા સંયોગલક્ષણવાળા ભાવો મારાથી બાહ્ય છે.

“એક દેખિયે જાનિયે,
રમિ રહિયે ઇક ઠૌર;
સમલ વિમલ ન વિચારિયે,
યહૈ સિદ્ધિ નહિ ઔર.

અનુવાદક.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# વિષયાનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | પ્રકાશકીય નિવેદન | ૩-૪ |
| | વિષય પ્રવેશ | ૫-૨૬ |
| | અનુક્રમણિકા | ૨૭-૨૮ |
| (૧) | દેવાધિકાર | ૧ |
| (૨) | ગુરુ અધિકાર | ૬ |
| (૩) | ધર્માધિકાર | ૮ |
| (૪) | વિધિવાદ | ૧૦ |
| (૫) | ચરિતાનુવાદ | ૧૨ |
| (૬) | યથાસ્થિતિવાદ | ૧૪ |
| (૭) | જ્ઞેયવાદ | ૧૬ |
| (૮) | હેયવ્યાખ્યા | ૧૮ |
| (૯) | ઉપાદેયસ્વરૂપવ્યાખ્યાન | ૨૦ |
| (૧૦) | વ્યવહાર વર્ણન | ૨૨ |
| (૧૧) | નિશ્ચયલક્ષણ | ૨૬ |
| (૧૨) | સાક્ષાત્ ધર્મ | ૩૨ |
| (૧૩) | બહિર્ધર્મ | ૩૫ |
| (૧૪) | મિશ્ર ધર્મકથન | ૩૮ |
| (૧૫) | જીવાધિકાર વર્ણન | ૫૮ |
| (૧૬) | અજીવાધિકાર વર્ણન | ૬૦ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




(૧૭) કર્તાકર્મક્રિયા અધિકાર વર્ણન ૬૪

(૧૮) પુણ્યપાપાધિકાર ૬૭

(૧૯) આશ્રવાધિકાર ૬૮

(૨૦) બંધાધિકાર ૭૦

(૨૧) સંવરાધિકાર ૭૧

(૨૨) સંવરપૂર્વક નિર્જરાધિકાર ૭૨

(૨૩) મોક્ષાધિકાર ૭૩

(૨૪) કુનયાધિકાર ૭૫

(૨૫) સમ્યગ્ભાવનું સ્વરૂપ જેવું છે તેવું અવલોકન કરવાનો અધિકાર ૭૮

(૨૬) સમ્યક્ નિર્ણય ૮૬

(૨૭) હવે સાધ્યસાધકભાવ કહેવામાં આવે છે. ૯૦

(૨૮) મોક્ષમાર્ગ અધિકાર ૯૩

(૨૯) અન્તર્વ્યવસ્થા કથન ૯૮

(૩૦) સમ્યગ્દષ્ટિ સામાન્ય વિશેષાધિકાર ૧૦૧

(૩૧) અમૂર્તિક ચેતનભાવ સંસારમાં એક જીવ જ વ્યાપ્યવ્યાપક છે તેનો અધિકાર ૧૦૨

(૩૨) સંસારકર્તૃત્વ અધિકાર વર્ણન ૧૨૧

(૩૩) અથ અનુભવ વિવરણ ૧૨૭

(૩૪) હવે જે કાંઇ (સ્વરૂપ) કહેવામાં આવે છે તેને દાખલાથી દર્શાવીએ છીએ. ૧૩૮

(૩૫) હવે છદ્મસ્થ જીવોની પરમાત્મ પ્રાપ્તિની સફલ રીતિ એકાંતથી આટલી છે ૧૪૯

(૩૬) અથ આત્માવલોકન સ્તોત્ર ૧૫૫

(૩૭) શુદ્ધિપત્ર ૧૬૪


Please inform us of any errors on rajesh@AtmaDharma.com



પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થ:**—જેવી રીતે કોઈ પુરુષ દર્પણને દેખીને વળી (આ તરફ) પોતાના મુખનું રૂપ નિશંકપણે દેખે છે તેવી રીતે પોતે સરાગી હોવા છતાં પણ વીતરાગ પ્રતિબિંબને દેખીને વળી (આ તરફ) નિશ્ચયથી તે જ વીતરાગસ્વરૂપ પોતામાં હું જ છું એમ નિસ્સંદેહપણે જાણે છે.

**ભાવાર્થ:**—દર્પણના દ્રષ્ટાંતથી અહીં આટલો ભાવ લેવો કે દર્પણને દેખતાં વળી (આ તરફ) પોતાના મુખનું દેખવું થાય છે. તે દ્રષ્ટાંતનો આટલો ભાવ લેવો. તે દ્રષ્ટાંત આ પ્રમાણે છે કેઃ- આ સંસારમાં કોઈ પુરુષને દર્પણને દેખવાથી વળી (આ તરફ) પોતાના મુખની બરાબર પ્રતીતિ થાય છે-(તે પોતાના મુખને) નિસ્સંદેહપણે દેખે છે. આ દ્રષ્ટાંતની માફક આસન્નભવ્યજીવ (નિકટભવ્ય જીવ) પણ (નીચે પ્રમાણે પ્રતીતિ કરે છેઃ-)

આ જે જીવ છે તે જ્યારે જે કાળે સર્વથા સર્વ કાળે સર્વ પ્રકારે વીતરાગરૂપ પરિણમે છે ત્યારે-તે કાળે પ્રત્યક્ષ પદ્માસન અથવા કાયોત્સર્ગરૂપ જેવી રીતે આ જે પાષાણમૂર્તિનો આકાર છે કે-જેનું મસ્તક ન કંપે, પલક, ભ્રમર, નેત્ર, નાસિકા ન કંપે, જીભ, દાંત, હોઠ ન કંપે, ખભા, ભુજા, હાથ, આંગળી ન કંપે, હૃદય, પેટ, જાંઘ, પિંડી, પગ ન કંપે, રોમ ન ફરકે, નખ ન વધે, વાળ ન વધે, તે ન ચાલે ન ઊઠે, ન બેસે, જેમ આ પ્રત્યક્ષ પાષાણની મૂર્તિ દેખવામાં આવે છે તેવી જ રીતે જે સમયે આ જીવ સર્વથા વીતરાગરૂપ પરિણમે છે ત્યારે જ આ દેહ પરમ-ઔદારિક, કાયોત્સર્ગ અથવા પદ્માસન આકારે થઈને જંગમ (ચેતન) પ્રતિમા પાષાણપ્રતિમા સમાન થાય છે. પાષાણ અને પરમ ઔદારિક પ્રતિમામાં કાંઈ તફાવત હોતો નથી, બન્ને વજ્રની મૂર્તિ છે. વીતરાગ જીવની આવી જંગમ મૂર્તિ અથવા સ્થાપનામૂર્તિ એ બન્નેને આસન્નભવ્ય જીવ દેખીને આમ મનમાં લાવે છે-તે વખતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને આવો વિચાર હોય છે. તે વિચાર કેવો હોય છે?

વીતરાગ તો પરમાત્મદશા છે-પરમેશ્વર છે-ત્યાં તો સર્વજ્ઞ છે. વીતરાગનો અર્થ આ પ્રમાણે છે કે-વીત કહેતાં ગયું છે; રાગ કહેતા રંજિત થવું તે, તન્મયપણે તેવા થવું તે, એવો ભાવ જાય તેને વીતરાગ કહેવામાં આવે છે. તેથી તો આમ જાણવામાં આવ્યું કે-પોતાની પૂર્વ અવસ્થામાં તો તે પુરુષ રાગી હતો કારણકે 'ગયો' એવું નામ તો ત્યારે પામે કે જો તે (પહેલાં) હોય, નહિતર એવું નામ ન પામે. તેથી તેને રાગ હતો, જ્યારે રાગ ગયો ત્યારે 'વીતરાગ' પરમેશ્વર કહેવાયા.

અહીં બીજો એક વિચાર આવ્યો કે જે 'જાય' તે વસ્તુત્વ થી નીપજ્યો નથી. કોઈએ વસ્તુને તે દોષ ઉપજાવ્યો છે. વળી જે વસ્તુત્વથી નીપજ્યો હોય તે ક્યારેય જાય નહીં એ સ્પષ્ટ વાત છે. પણ બીજી એક વાત છે કે જે આ દોષ છે તે, તે વસ્તુત્વને જ ઉપજે છે, વસ્તુ વિના ઉપજતો નથી. તો પણ તે વિકાર કાલપામીને જાય છે ત્યારે જે કાંઈ તે વસ્તુત્વભાવ છે તે રહી જાય છે, એમાં સદેહ નથી. જેવી રીતે પાણીમાંથી ઉષ્ણ વિકાર દૂર થયો ત્યારે શીતલ વસ્તુભાવ સહજ જ રહી જાય છે. વળી જેમ સોનામાંથી કાલિમા-કંલક જે સમયે દૂર થઇ તે સમયેજ સોળવલ્લો વસ્તુભાવ સહજ જ રહી જાય છે તેથી આ વાત યોગ્ય છે કે જે ભાવ જાય છે તે તે વિકાર છે. વિકાર જતાં, જે કાંઈ વસ્તુભાવ છે, તે સહજ જ રહી જાય છે. તેથી ભલીરીતે (બરાબર, યથાર્થ, સમ્યક્) જાણવામાં આવે છે કે જેને જ્યારે રાગ ગયો ત્યારે તો જે વસ્તુત્વભાવ તે જ પ્રત્યક્ષ રહી જાય છે. તો તે વસ્તુભાવ તે જ પોતે, પરપુરુષ એ (વિકાર?) છે, કોઈ સ્વવસ્તુ તે જ છે. જે ગયો તે વિકારજ હતો. તે જ પુરુષની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ ભૂલ–ભ્રમ છે. પુરુષનો (આત્માનો) મૂળ વસ્તુત્વભાવ આ જ છે કે આ ભૂલ જતાં જે રહે. જ્યારે આ વિધિને સાચી કરીને (સમજીને) વીતરાગની જંગમ સ્થાવર પ્રતિમા દેખતાં વિચાર આવ્યો ત્યારે જ આ તરફ પોતા સંબંધી પણ વિચાર આવતાં શું દેખ્યું ? પોતાને નિઃસંદેહ સરાગી દેખ્યો. એ રીતે પોતાને સરાગી દેખતાં આ નિર્ણય થયો–જેવી રીતે આ જીવો (પૂર્વે) સરાગી હતા, (હવે) તે વીતરાગ થઈને વસ્તુ-ત્વભાવરૂપે રહી ગયા છે, તેવી રીતે મારો પણ વિકાર–રાગ જશે ત્યારે હું પણ વસ્તુસ્વભાવના રૂપને એ પ્રમાણે પ્રત્યક્ષ બહાર કાઢીશ (પ્રગટાવીશ).

નિઃસંદેહ તો હું, મૂળ વીતરાગ જે વસ્તુત્વભાવ છે તે જ હું છું. તે વસ્તુભાવથી અભેદ છું, હું જ છું. વળી જે આ રાગાદિ વિકારનો પ્રસાર છે, તે વિકાર છે, કાંઈ વસ્તુત્વ-ભાવની અંદર તો તે નથી. (પણ માત્ર) વસ્તુત્વભાવની ઉપર ઉપર કોઈ દોષ ઊપજ્યો છે. મૂળ તો હું તે જ છું કે આ વિકાર જતાં જે રહી જાય છે, તે જ નિઃસ્સંદેહ હું છું વળી આ વિકારનો બધોય પ્રસાર કાળ પામીને જાય તો જાઓ પરંતુ હું મૂળ વીતરાગરૂપ સ્વભાવ છું તો આ રીતે વીતરાગની પ્રતિમા દેખતાં પોતાને જ વીતરાગથી અભેદ સમ્યગ્ જાણવાના પરિણામ થાય છે તેથી, જેવી રીતે દર્પણનું દર્શન મુખના દર્શનને દર્શાવે છે તેવી રીતે વીતરાગની જંગમ–સ્થાવર પ્રતિમાનું જે દર્શન છે તે દર્શન પણ સંસારી જીવને વસ્તુત્વભાવ દર્શાવે છે--દેખાડે છે તેથી આ પ્રતિમાને દેવત્વ નામ પ્રાપ્ત થયું કારણકે આ વીતરાગની પ્રતિમાને દેખતાં નિસ્સંદેહ તે સંસારીને જીવનું નિજરૂપ દેખાડવાનું નિમિત્ત છે તેથી એ રીતે પ્રતિમાને દેવત્વનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કથન પ્રાપ્ત થયું છે. આવું દેવત્વ અન્ય સ્થાને હોતું નથી. તો આવા જે દેવ તે નીચલી વ્યવહાર-અવસ્થામાં આવા( વીતરાગ -નિજ ) પરિણામોનું નિમિત્ત છે.

## ॥ ઇતિ દેવ-અધિકારઃ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ગુરુ અધિકાર

**वियरायं वियरायं, जियस्स णिय ससरूओ वियरायं।**
**मुहु मुहु गणदि वियरायं सो गुरुपयं भासदि सया ॥ २ ॥**
**वीतरागं वीतरागं जीवस्य निजस्वस्वरूपो वीतरागं ।**
**मुहुर्मुहुर्गृणनाति वीतरागं, स गुरुपदं भासति सदा ॥ २ ॥**

**वीतरागं वीतरागं जीवस्य निजस्वरूपो वीतरागं मुहुर्मुहुर्गृणनाति पुरुष गुरुपदं स्थानं भासति शोभते कथयति स सदा ।**

**અર્થ:**—જીવનું નિજસ્વરુપ જે છે તે વીતરાગ છે એમ વારંવાર જે કહે તે જ ગુરુપદવીએ સદા શોભે છે, ( તેને જ ગુરુની પદવી સદા શોભે છે ).

**ભાવાર્થ**—જેઓ અઠ્ઠાવીશ મૂલગુણ, બાવીશ પરિષહ, પંચાચાર આદિથી માંડીને બિરાજમાન છે, જેમને પરમાણુમાત્ર બાહ્ય પરિગ્રહ નથી અને અંતરંગમાં પણ પરમાણુમાત્ર પરિગ્રહની ઈચ્છા નથી, જેઓ અનેક ઉદાસીન ભાવસહિત બિરાજમાન છે અને જે નિજજાતિરૂપનું સાધન કરે છે, સાવધાન થઈને સમાધિમાં વ્યાપ્ત થાય છે ( લીન થાય છે ), જેણે સંસારથી ઉપરાંવટા ( ઉદાસીન, પરાંગમુખ ) પરિણામ કર્યાં છે એવા જે જૈનના સાધુ છે, તેઓ મનને સ્થિર કરીને પોતાને તો વીતરાગરૂપ અનુભવે છે અને જ્યારે તેઓ કોઈને ઉપદેશ પણ આપે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે ત્યારે તેઓ બીજું બધું દૂર કરીને જીવનું એક નિજસ્વરુપ 'વીતરાગ' તેને જ વારંવાર કહે છે. તેમને બીજો કશોય અભ્યાસ નથી, આ જ અભ્યાસ છે. પોતે પણ અંતરંગમાં પોતને વીત-રાગરૂપ અભ્યાસે છે. વળી બાહ્યમાં પણ જ્યારે બોલે છે ત્યારે 'આત્માનું' 'વીતરાગસ્વરૂપ' આ જ બોલ બોલે છે. આવો 'વીતરાગ' નો ઉપદેશ સાંભળતાં જ આસન્ન ભવ્યને નિસ્સંદેહપણે વીતરાગ નિજસ્વરૂપની સૂધ ( ભાન ) થાય છે–એમાં સંશય નથી. તેવા સાધુને–જેમની વાણીમાં આવું 'વીતરાગ' નું જ કથન છે–તે જૈન સાધુને જ–આસન્નભવ્ય ગુરુ કહે છે કારણ કે બીજો કોઈ પુરુષ આવા તત્ત્વનો ઉપદેશ કહેતો નથી, તેથી આ પુરુષને જ ગુરુની પદવી શોભે છે, અન્યને શોભતી નથી, એમ નિઃસંદેહ-પણે જાણવું.

## ॥ ઇતિ ગુરુ–અધિકારઃ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# 卐 ધર્માધિકાર 卐

**अहमेव वीयरायं मम णिय ससरूवो वियरायं खलु ।**
**तम्हा हि वीयरायत्तं, फुड णियधम्मसहावो तप्पदि ॥ ३ ॥**
**अहमेव वीतरागं मम निज स्वस्वरूपो वीतरागं खलु ।**
**तस्मात् हि वीतरागत्वं, स्फुटं निजधर्मस्वभावो तप्यति ॥ ३ ॥**
**अहं एव वीतरागं खलु मम निजस्वरूपो वीतरागं तस्मात्**
**स्फुटं निजधर्मस्वभावो हि वीतरागत्वं तप्यति ।**

**અર્થ:**—નિશ્ચયથી હું 'વીતરાગ'; વળી નિશ્ચયથી મારું નિજ-સ્વરૂપ જે છે તે 'વીતરાગ' છે. તેથી પ્રગટ નિજજાતિવસ્તુસ્વરૂપ જે સ્વભાવ છે, તે નિશ્ચયથી વીતરાગભાવથી દેદીપ્યમાન છે.

**ભાવાર્થ:**—અનાદિકાલથી ભ્રમણ કરતાં કરતાં ભવ્ય જીવ જ્યારે [1]કાલલબ્ધિ પામ્યો તેને પોતાનું નિજ સ્વસ્વરૂપ વ્યક્તરૂપ

---

[1] જ્યાં જ્યાં 'કાલલબ્ધિ આવે ત્યાં મોક્ષમાર્ગપ્રકાશક અ. ૯ ( ગુજરાતી-આવૃત્તિ- ) પાન ૩૧૧ના અનુસારે આવો અર્થ સમજવો.

**પ્રશ્ન:**—મોક્ષનો ઉપાય કાલલબ્ધિ આવતાં ભવિતવ્યાનુસાર બને છે કે મોહાદિકનો ઉપશમાદિ થતાં બને છે કે પોતાના પુરુષાર્થથી ઉદ્યમ કરતાં બને છે તે કહો. જો પહેલાં બે કારણો મળતા બને છે તો તમે અમને ઉપદેશ શા માટે આપો છો? અને જો પુરુષાર્થથી બને

પરિણમ્યું ત્યારથી તે પોતાનું-જીવનું-રૂપ 'વીતરાગ' જાણે-દેખે-આચરે છે. તે 'વીતરાગ' ને જીવનો નિજ ધર્મ અનુભવે છે, અન્ય સર્વ ભાવને અશુદ્ધ, ભિન્ન, અધર્મ જાણે. છે.

## ॥ ઇતિ ધર્માધિકારઃ ॥

---

છે તો ઉપદેશ સર્વ સાંભળે છે છતાં તેમાં કોઈ પુરુષાર્થ કરી શકે છે તથા કોઈ નથી કરી શકતા તેનું શું કારણ?

**ઉત્તરઃ**—એક કાર્ય થવામાં અનેક કારણો મળે છે. મોક્ષનો ઉપાત બને છે ત્યાં તો પૂર્વોક્ત ત્રણેય કારણો મળે છે તથા નથી બનતો ત્યાં એ ત્રણેય કારણો નથી મળતા. પૂર્વોક્ત ત્રણ કારણો કહ્યાં તેમાં કાલલબ્ધિ વા હોનહાર તો કોઈ વસ્તુ નથી, જે કાળમાં કાર્ય બને તે જ કાલલબ્ધિ તથા જે કાર્ય થયું તે જ હોનહાર. વળી કર્મના ઉપશમાદિક છે તે તો પુદ્ગલની શક્તિ છે, તેનો કર્તા-હર્તા આત્મા નથી, તથા પુરુષાર્થથી ઉદ્યમ કરવામાં આવે છે તે તો આત્માનું કાર્ય છે માટે આત્માને પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવાનો ઉપદેશ આપીએ છીએ. ત્યાં આ આત્મા જે કારણથી કાર્યસિદ્ધિ અવશ્ય થાય તે કારણરૂપ ઉદ્યમ કરે, ત્યાં તો અન્ય કારણો અવશ્ય મળે જ અને કાર્યની સિદ્ધિ પણ અવશ્ય થાય જ તથા જે કારણથી કાર્યસિદ્ધિ થાય અથવા ન પણ થાય તે કારણરૂપ ઉદ્યમ કરે, ત્યાં અન્ય કારણ મળે તો કાર્યસિદ્ધિ થાય, ન મળે તો કાર્યસિદ્ધિ ન થાય. હવે જિનમતમાં જે મોક્ષનો ઉપાય કહ્યો છે તેનાથી તો મોક્ષ અવશ્ય થાય જ. માટે જે જીવ શ્રી જિનેશ્વરના ઉપદેશ અનુસાર પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરે છે તેને તો કાળલબ્ધિ વા હોનહાર પણ થઈ ચૂકયાં તથા કર્મના ઉપશમાદિ થયાં છે ત્યારે તો તે આવો ઉપાય કરે છે. માટે જે પુરુષાર્થ વડે મોક્ષનો ઉપાય કરે છે તેને તો સર્વ કારણો મળે છે અને અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે એવો નિશ્ચય કરવો.

# વિધિવાદ

અર્થ:—નિશ્ચયથી વસ્તુની આ સાચી રીતિ છે કે જીવવસ્તુ નિજ જાતિરૂપ પોતાના સ્વરૂપમાં પોતાના જ સ્વરૂપરૂપે ઊપજે છે, તેને જિનવાણી-દ્વાદશાંગવાણી-વિધિવાદ કહે છે.

सहावं कुणोदि दव्वं परणमदि णिय सहावभावेषु ।
तमयं दव्वस्स विहिं विधिवादं भणइ जिनवाणी ॥ ४ ॥
स्वभावं करोति द्रव्यं परिणमति निजस्वभाव भावेषु ।
तमयं द्रव्यस्य विधिर्विधिवादं भणति जिनवाणी ॥ ४ ॥

खलु निश्चयेन द्रव्यस्य वस्तुनो अयं प्रत्यक्षविधिरर्थं यथार्थयुक्तिः, निजस्वभावभावे स्वजाति स्वरुपविषये मध्ये जीवद्रव्यं वस्तुस्वभावं स्वस्वरूपं करोति, उत्पद्यते वा अथवा परिणमति, एवं जिनवाणी दिव्यध्वनित्वं स्वरूपपरिणमनं विधिवादं वस्तुरीतयुक्तिकथनं भणति कथयति ।

ભાવાર્થ:—આ દ્વાદશાંગમાં એક તો આવું કથન ચાલે છે; તે શું ? કે-જીવ પોતાનું જ સ્વરૂપ જે જ્ઞાનદર્શનચારિત્ર તે રૂપે પરિણમે છે, તે રૂપ પરિણમતાં કર્મનો જ સંવર થાય છે, કર્મની જ નિર્જરા થાય છે અને કર્મનો જ મોક્ષ થાય છે, ત્યાં પરમાનંદરૂપ નિજ સુખ ઊપજે છે. જીવની આવી સ્વરૂપ-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણતિ જીવને વિધિયોગ્ય છે ( વિધિરૂપ છે ) કારણ કે ( ત્યારે ) જીવ સુખી થાય છે અને જીવની જે પરભાવરૂપ અશુદ્ધ પરિણતિ છે તે પરિણતિરૂપે પરિણમતાં કર્મનો જ આસ્રવ થાય છે અને આત્મપ્રદેશો સાથે પરસ્પર એક ક્ષેત્રાવગાહથી કર્મનોજ બંધ થાય છે, પુણ્યપાપનો વિપાક થાય ત્યારે જીવ દુઃખી થાય છે. તો જીવની આવી અશુદ્ધ પરિણતિ જીવને અવિધિરૂપ છે–અયોગ્ય છે; કારણ કે ( ત્યારે ) જીવ દુઃખી થાય છે તેથી આ જીવને પરમાનંદરૂપ સુખ થવામાં સ્વરૂપપરિણતિ વિધિયોગ્ય છે. તેથી જ્યારે તે સ્વરૂપપરિણતિરૂપ પરિણમે છે ત્યારે તેવા પરિણામથી અવિધિપરિણતિ સહજ જ રહી જાય છે. ( થંભી જાય છે, અટકી જાય છે, નષ્ટ થઈ જાય છે. ) વળી વચન-વ્યવહારથી પણ આમ જ કહેવામાં આવે છે કે–'સ્વરૂપપરિણતિ-રૂપે પ્રવર્તો. આ પ્રવર્તન તમને યોગ્ય છે.

## ॥ ઇતિ વિધિવાદઃ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ✽ ચરિતાનુવાદ ✽

रायदोहभावाणं उदियभावाणं कहाकहणं जहा ।
तं चरियाणु वायं हि जिणसमय णिदिट्ठं तहा ॥ ५ ॥

रागदोषभावानां, उदीकभावानां कथाकथनं यथा ।
तं चरितानुवादं हि, जिनसमये निर्दिष्टं तथा ॥ ५ ॥

हि सत्येन यथा येन प्रकारेण रागदोषभावनां पराचरणभावानां वा उदीकभावानां दुःखास्वादभावनां कथाकथनं स्वरूपकथनं तं कथनं चरितानुवादं—चरित्रवादं—जिनसमये द्वादशांगैर्निर्दिष्टं कथितम् ।

**અર્થ**:—નિશ્ચયથી જે જે પ્રકારે પરાચરણભાવનું જ અથવા શુભ-અશુભ સ્વાદભાવનું જ જે સ્વરૂપકથન છે તે કથનને દ્વાદશાંગમાં 'ચરિતાનુવાદ' એવી સંજ્ઞાથી કહ્યું છે.

**ભાવાર્થ**:—પુદ્ગલસ્વામીત્વરૂપ મિથ્યાત્વ તે પર-આચરણનું કથન છે અને ઉચ્ચ સ્થાનથી પડવું, તે પડવું પણ પરાચરણ જ દર્શાવે છે. અજ્ઞાનીનો સ્થૂલબંધ અને જઘન્ય જ્ઞાનીનો અબુધપૂર્વક (અબુદ્ધિ પૂર્વક) સૂક્ષ્મબંધ એ પ્રકારે બંધમાત્રના ભાવ તે પણ પરાચરણની પ્રસિદ્ધતા છે, જીવનો સરાગીભાવ તે પણ પરાચરણની પ્રસિદ્ધતા છે; એવા એવા ભાવોનું જે કથન તે કેવલ પરાચરણનું ચારિત્ર છે. વળી આ પુદ્ગલોદય રસનો ભોગ, અનંતાનુબંધી કે અપ્રત્યાખ્યાન કે પ્રત્યાખ્યાન કે સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભ, નોકષાય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ સર્વ સંબંધી પુદ્ગલોદયરસનો ભોગ, ગતિ સંબંધી પુદ્ગલનો જ (ભોગ), જોગસંબંધી પુદ્ગલનો જ (ભોગ), ઇન્દ્રિયવિષય આવરણ-સંબંધી પુદ્ગલનો જ (ભોગ), અનન્તરાયસંબંધી પુદ્ગલનો જ (ભોગ) ઇન્દ્રિય વિષયસંબંધી પુદ્ગલનો જ (ભોગ), પુણ્યપાપસંબંધી પુદ્ગલનો જ (ભોગ) એ રીતે સર્વપુદ્ગલોદયરસનો ભોગ–આવા ભોગ હોતાં જીવને ક્રોધી કહીએ, માની કહીએ, માયાવી કહીએ, લોભી કહીએ, મનુષ્ય કહીએ, દેવ કહીએ અને પુણ્યશાલી કહીએ, પાપી કહીએ, દુઃખી કહીએ; એ રીતે જે બધું જીવનું જ કથન કહેવામાં આવે છે તે સર્વ (અનુસારે ?) પુદ્ગલવિપાકના ભોગભાવના અનેકવિધ ચરિત્રથી (પુદ્ગલનો) દરસાવ છે. એ રીતે આ બન્ને પરાચરણ ઔદયિક ભાવોના જે અનેકવિધ રૂપથી તેમનો (જીવ અને પુદ્ગલનો) દરસાવ (રૂપો) કહેવામાં આવે તેઓ પ્રગટ થાય છે એવી રીતે આ બન્નેના સર્વ ભાવો તે સર્વને ચારિત્રસંજ્ઞા કહેવામાં આવે છે. આવું ચરિત્રકથન પણ તે દ્વાદશાંગમાં ચાલે છે.

## ॥ ઇતિ ચરિતાનુવાદ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# યથા સ્થિતિવાદ

अहमज्झउड्ढलोया, लोगालोया हि सव्वदव्वाणि ।
सासयं विट्ठंति जहा जहा ठियेतं भणइ समये ॥ ६ ॥
अधमध्यऊर्ध्वलोका, लोका लोका हि (षट्) सर्वद्रव्याणि।
सास्वतं तिष्ठंति यथा, यथास्थितं भणति समये ॥ ६ ॥
अधमध्यऊर्ध्वलोका, त्रैलोक्यलोकालोकावा षट् सर्वद्रव्याणि हि स्फुटं यथा येन येन प्रकारेण सास्वतं नित्यं तिष्ठन्ति तं यथा सास्वतं भावं समये परमागमे यथास्थितं भणति ।

**અર્થ:—**જે પાતાલલોક ( અધોલોક ), મૃત્યુલોક અને સ્વર્ગલોક છે તથા જે લોકાલોક છે અને જે છએ દ્રવ્ય છે તે બધું જે જે પ્રકારે પોતપોતાની શાશ્વત સ્થિતિથી સ્થિત છે છે તે શાશ્વત સ્થિતિને જિનાગમમાં 'યથાસ્થિતિ' કથન કહેવામાં આવે છે.

**ભાવાર્થ:—**સાત નરકની જેવી શાશ્વત સ્થિતિ છે, અસંખ્યાત દ્વીપસમુદ્રની જેવી શાશ્વત સ્થિતિ છે, સોળ સ્વર્ગ, નવ ગ્રૈવેયક, નવ અનુદિશ, ( વિજયાદિ ) પાંચ પંચોતર ( અનુત્તર ) વિમાન, સિદ્ધશિલા અને સર્વ-ત્રણેય-વાતવલય,-એમની જેવી શાશ્વત સ્થિતિ છે, તેવી સ્થિતિ સદાશાશ્વત રહે છે. વળી લોકાકાશની જેવી સ્થિતિ છે, તેવી શાશ્વત સ્થિતિ છે, અલોકાકાશની જેવી સ્થિતિ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તેવી શાશ્વાત સ્થિતિ છે. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ આકાશ, કાલ દ્રવ્યો–છએ એ સદા શાશ્વત છએ દ્રવ્યો–પોતપોતાના જેવા ગુણો તે વડે, પોતપોતાના જેવા જેવા પર્યાયો તે વડે શાશ્વત સ્થિતિથી સ્થિતિ છે, પોતપોતાની ભિન્ન ભિન્ન સત્તાથી પોતપોતાની જેવી જેવી સ્થિતિ છે તેવી તેવી સ્થિતિથી ક્યારેય ચલિત થતાં નથી, સદા જેવા ને તેવા જ રહે, તેનું નામ 'યથાસ્થિતિભાવ' કહેવાય છે. આવું યથાસ્થિતિભાવનું કથન પણ દ્વાદશાંગમાં ચાલે છે.

## ॥ ઇતિ યથા સ્થિતિવાદ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# * જ્ઞેયવાદ *

णाणस्य जाव विसया, सपरसव्वदव्वगुणा तिपज्जाया ।
सहावविभावभावा, णेयं हवदि तं खलु समये ॥ ७ ॥
ज्ञानस्य यावद्विषयाः, स्वपरसर्वद्रव्यगुणाः त्रिपर्यायाः ।
स्यभावविभावभावाः ज्ञेयं भवति तं खलु समये ॥

यावद्विषयाः पदार्थाः ते तावत् ज्ञानस्य ज्ञेयं ज्ञातुं योग्यं भवति। ते के? स्वपरसर्वद्रव्यगुणा, अतीत-अनागत-वर्तमानाः त्रयपर्यायाः, स्वभावविभावा, निजवस्तुजातिभाव, परविकार-भाव खलु स्फुटं तं ज्ञेयं समये आगमे भणितं ।

**અર્થ**:—જેટલી કોઈ વસ્તુ છે તે બધી જ્ઞાનને જાણવા યોગ્ય હોય છે. તે કઈ? જેટલા કોઈ નિજદ્રવ્યગુણ–પરદ્રવ્યગુણ છે અને જેટલા કોઈ દ્રવ્યના અતીત–અનાગત–વર્તમાન પર્યાયો છે અને જેટલા કોઈ નિજ–નિજભાવો, પરભાવો છે તે બધાને પ્રગટ આગમમાં જ્ઞેયભાવ ( જ્ઞેય ) કહ્યા છે.

**ભાવાર્થ**:—હે ભવ્ય! આ જે જ્ઞાન અર્થાત્ ‘જાણવું’ છે, તે જાણવામાં જેટલું કાંઈ જાણવું છે તે બધું ‘જ્ઞેય’ નામ પામે છે. તે શું શું છે? ‘જાણવું’ જે ગુણ છે, તે નિજ દ્રવ્યસત્તાને જાણે છે, એક નિજ દ્રવ્યના જે અનંતગુણો તેમને જાણે છે, તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક એક નિજગુણની અનંતશક્તિ તેમને જાણે છે. વળી નિજદ્રવ્ય-ગુણના ત્રણે કાળના પરિણમનને જુદું જુદું જાણે છે. વળી પોતે 'જાણવું' છે, પોતાના 'જાણવું' રૂપને પણ જાણે છે. આ રીતે, તે પરદ્રવ્યને જુદું જુદું જાણે છે, એક એક પરદ્રવ્યના અનંતગુણને જાણે છે, પરદ્રવ્યના એક એક ગુણની અનંતશક્તિને જાણે છે, વળી તે પરદ્રવ્યગુણના ત્રણે કાળના પરિણમનને જુદું જુદું જાણે છે, વળી છએ દ્રવ્યના, ગુણપર્યાયના નિજજાતિસ્વ-ભાવરૂપ ભાવને જુદા જાણે છે. વળી તે જીવના પરભાવને જુદા જાણે છે, પુદ્ગલના પરભાવને જુદા જાણે છે, સંસારપરિણતિને જાણે છે, મુક્તિપરિણતિને જાણે છે.

**ભાવાર્થ:**—જેટલા દ્રવ્ય-ગુણ-પર્યાયભાવ છે, તેટલા બધાયને તે સાક્ષાત્ જાણે છે. એવું જે કાંઈ છે, તે બધાયનું જ્ઞાન-ગુણના જાણવાને ગોચર થવું, તે થવું બધુંય જ્ઞેય નામપામે છે. આગમમાં જ્ઞાનગોચરને જ્ઞેયના નામથી કથન ચાલે છે એમ જાણવું.

## ॥ ઇતિ જ્ઞેયવાદઃ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# હેય વ્યાખ્યા

जह ससहावे परिणमदि, तह विभावो सयं सहयेण हीयदि ।
तं तत्थ हेयभावं हेयभावमिणयं जिणणिदिट्ठं ॥ ८ ॥
यथा स्वस्वभावे परिणमति, तथा विभावो स्वयं सहजेन हीयति।
तं तत्र हेयभात्रं हेयभावमिदं जिननिर्दिष्टं ॥ ८ ॥

स्वस्वभावे ज्ञानदर्शनचरित्रात्मनि निजजातिस्वरूपे यथा येन येन क्रमेण परिणमति चरति तिष्ठति वा अनुभवति वा विश्रामति, तथा तेन तेन क्रमेण विभावो विकारभावः तत्र तस्मिन् काले सहजेन अयत्नपूर्वकेन स्वयं हीयति नश्यति विलयं याति तं हेयभावं नास्तिभावं इदं जिननिर्दिष्टं जिनकथितं।

**અર્થ**:—આ આત્મા જેમ જેમ પોતાના નિજજાતિરૂપે પરિણમે છે, વિશ્રામ લે છે, તેમ તેમ તે કાળે જે અશુદ્ધ ભાવ છે તે યત્ન વિના જ આપોઆપ જ ક્યાંય નાશ થઈ જાય છે. જે અશુદ્ધ ભાવ છે, અનિત્ય ભાવરૂપ છે, તેને જિનવચનમાં ‘હેય’ ભાવ કહ્યો છે.

**ભાવાર્થ**:—હે ભવ્ય! આ ચારિત્રગુણ જેમ જેમ નિજસ્વરૂપને પ્રાપ્ત થાય છે. જેમ જેમ સ્થિર વિશ્રામ લે છે, તેમ તેમ, તે તે કાળે, સર્વગુણોની અશુદ્ધતા વિકારભાવ–અનિત્યભાવ-ક્ષણભંગુર-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવ, તે આપોઆપ જ નાસ્તિ (નાશ) થતો જાય છે-વિલય થઈ જાય છે. તેથી તેને જિનદેવે હેયભાવરૂપે વર્ણવ્યો. એવું હેયભાવનું કથન જિનઆગમમાં ચાલે છે એમ જાણવું.

## ॥ ઇતિ હેયાખ્યાયાનઃ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# 卐 ઉપાદેયસ્વરૂપવ્યાખ્યાન 卐

ससमयस्स समयपत्तो, णियसरुवमायरइ परिणामेहिं ।
परिणमदि वा ससरूपं तमुवमदेयं भणइ जीणो ॥ ९ ॥
स्वसमयस्य समयप्राप्तौ, निजस्वरूयमाचरयति परिणामैः ।
परिणमति वा स्वस्वरूपं, तं उपादेयं भणति जिनः ॥ ९ ॥
समयप्राप्तौ काललब्धिप्राप्तौ सति स्वसमयस्य चारित्रस्य निजस्वरूपस्य परिणामैः आचरयति व्याप्नोति वा अथवा एवं स्वरूपं परिणमति वा स्वस्वरूपं उपादेयं आचरणं जिन भणित ।

અર્થ:—જેમ જેમ કાલલબ્ધિની પ્રાપ્તિ આવતી જાય છે તેમ તેમ તે તે કાલલબ્ધિની પ્રાપ્તિ વિષે આત્મચારિત્રગુણનું-નિજરૂપ-આત્માનું-આચરણ તે પરિણામો વડે જ વ્યક્ત વ્યાપે છે અથવા એમ પણ કહો કે તે સ્વરૂપાચરણરૂપે જ પ્રવર્તે છે. તે જ સ્વચરણ પરિણમનને ( સ્વરૂપાચરણ પરિણમનને ) 'ઉપાદેય' સંજ્ઞાથી જિનદેવ કહે છે.

ભાવાર્થ:—સ્વચારિત્રની જે જે શક્તિ વિકારરૂપ થઈ રહી છે તે તે શક્તિ, જેમ જેમ કાલલબ્ધિ આવતી જાય તેમ તેમ તે સ્વચારિત્રનું નિજરૂપ પરિણામોના પરિણમનરૂપે થાય છે, તે સ્વરૂપગ્રહણ ( નું કથન છે ), વળી કોઈ આ રીતે કહે કે તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વચારિત્રનું સ્વરૂપ પ્રગટ થઈ પ્રવર્તે છે તે પણ સ્વરૂપગ્રહણનું જ કથન છે. એ રીતે જે પ્રાપ્તિરૂપ સ્વરૂપનું [૧]પરિણમન તેને જિનદેવે ઉપાદેયસંજ્ઞા કહી છે. આગમમાં તેને ઉપાદેય જાણવું.

## ॥ ઇતિ ઉપાદેયસ્વરૂપવ્યાખ્યાન ॥

સંસાર પરિણતિનું નાસ્તિપણું તે હેય જાણવું. અને જે સ્વરૂપની શુદ્ધતાનું પ્રગટ થવું તે ઉપાદેય જાણવું. એક જ કાલે બન્ને થતું જાય છે. એ પ્રમાણે હેયઉપાદેય જાણવા.

વ્યવહારથી પરપરિણતિ–રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા લોભાદિસર્વ અવલંબન હેય કરવું. સંસારીજીવને એકચિત્–આત્મ-પિંડમાં જ અવલંબવું, વૈરાગ્યતા, ઉદાસીનતા, સંવર ઉપાદેય કરવા–એવો ઉપદેશ કરવો.

### એ પ્રમાણે વ્યવહારહેયઉપાદેય જાણવો.

---

૧ સંવર, નિર્જરા અને મોક્ષ પર્યાય પ્રગટ કરવાના અર્થમાં ઉપાદેય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ✻ વ્યવહાર વર્ણન ✻

पज्जायभावना सव्वे, सव्वे भेयकरणा च जोगखिरणाहि।
ससहावदोण्णकधणा, तं व्यवहारं जिनभणिदं ॥ १० ॥

पर्यायभावना सर्वे, सर्वेभेदकरणा च जोगक्षरणाहि ।
स्वभावतोऽन्यकथना तं व्यवहारं जिन भणितं ॥ १० ॥

सर्वे पर्यायभावना सर्वेपर्यायजाता भावा व्यवहारं भवंति हि स्फुटं। सर्वे भेदाकरणा भावा व्यवहारं भवंति। च पुनः जोगक्षरभावे बंधमोक्ष व्यवहारं भवंति, पुनः स्वभावातः अन्यकथना अन्यवादा व्यवहारं भवंति, तं व्यवहारं जिनभणितं कथितं ।

**અર્થ**:—પર્યાયના જેટલાય ભાવો છે તે બધા વ્યવહારનામ પામે. વળી જેટલા એકના અનેક ભેદ કરીએ તે તે સર્વ વ્યવહારનામ પામે. વળી બંધાવું, છુટવું, એવા પર્યાયના જેટલા ભાવ તેટલા બધાય વ્યવહારનામ પામે. વળી સ્વભાવથી જે અન્ય ભાવો છે તે બધા વ્યવહાર નામ પામે. તેનેજ જિનાગમમાં વ્યવહાર કહ્યો છે.

**ભાવાર્થ**:—આકાશમાં સર્વદ્રવ્યનું રહેવું, જીવપુદ્ગલને ધર્મ-દ્રવ્યનું ગતિ વડે, અધર્મદ્રવ્યનું સ્થિતિ વડે સહકારી થવું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અથવા સર્વ દ્રવ્યના પરિણામ પરિણમવામાં કાલની વર્તનાનું સહકારી થવું, વળી પુદ્ગલાદિની ગતિ વડે કાલદ્રવ્યના પ્રમાણનું પરિમાણ ઉપજાવવું; છએ પરજ્ઞેય જ્ઞાનવિષે, જ્ઞાન છએ પરજ્ઞેય વિષે, જ્ઞાનદર્શનગુણની એક એક શક્તિ એક એક સ્વપર જ્ઞેયભેદ પ્રત્યે લગાવવી–એવા એવા ભાવો, વળી પરસ્પર સર્વદ્રવ્યોના મેળાપ થવા–એવા એવા પર્યાયના ભાવો, વળી વિકાર ઉપજ્યો, સ્વભાવનો નાશ થયો, વળી સ્વભાવ ઊપજ્યો, વિકારનો નાશ થયો, જીવ ઊપજ્યો, જીવ મર્યો, આ પુદ્ગલો સ્કંધરૂપ થયાં કે કર્મરૂપ થયાં કે અવિભાગી પુદ્ગલ થયાં, સંસારપરિણતિ નાશ પામી, સિદ્ધ પરિણતિ ઊપજી, વળી મોહ, અંતરાયકર્મની રુકાવટ નાશ પામી, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસ્વચારિત્ર, અનંતવીર્ય ખૂલ્યાં, મિથ્યાત્વ ગયું, સમ્યકત્વ થયું, અશુદ્ધતા ગઈ, શુદ્ધતા થઈ, પુદ્ગલથી જીવ બંધાણો, જીવનું નિમિત્ત પામીને પુદ્ગલ કર્મરૂપ થયું, જીવે કર્મનો નાશ કર્યો, આ આ ઊપજ્યું, આ આ વિણસ્યું, તે ઊપજ્યું, તે વિણસ્યું–એવા એવા પર્યાયના ભાવો,–એવા એવા ઊપજતા વિણસતા પર્યાયના ભાવો–સર્વ વ્યવહાર નામ પામે.

વળી એક આકાશના લોક–અલોક ભેદ કરવા, કાલની વર્તનાના અતીત, અનાગત, વર્તમાન ભેદ કરવા, એ પ્રમાણે અન્ય (વસ્તુના ભેદ કરવા) વળી એક વસ્તુના દ્રવ્ય, ગુણ અને પર્યાયથી ભેદ કરવા, એક સત્‌ના ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યથી ભેદ કરવા, એક વસ્તુના કર્તા, કર્મ, ક્રિયાથી ભેદ કરવા, એક જીવવસ્તુના બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા એવા ભેદ કરવા, એક દ્રવ્યસમૂહના અસંખ્યાતા કે અનંત પ્રદેશથી ભેદ કરવા, એક દ્રવ્યના અનંતગુણથી ભેદ કરવા, એકગુણના અનંતશક્તિથી ભેદ કરવા, એક પર્યાયના અનંતપરિણામથી ભેદ કરવા, એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુની અસ્તિરૂપ વિધિથી અને નાસ્તિરૂપ અવિધિથી ભેદ કરવા, એક વસ્તુનાં દ્રવ્ય, સત્ત્વ, પદાર્થ, ગુણી, પર્યાયી, અન્વયી, અર્થ, નિત્ય એવા એવા નામભેદ કરવા. એક જીવના આત્મા, પરમાત્મા, જ્ઞાની, સમ્યકત્વી, ચારિત્રી, સુખી, વીર્યવાન, દર્શની, સિદ્ધવત્ ચેતન, ચિદાનન્દ, ચિત્-દર્શન-જ્ઞાન-ચારિત્ર, કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી, સુખી, મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની એ રીતે નામભેદ કરવા, જ્ઞાન, બોધ, જ્ઞપ્તિ એવા જ્ઞાનના નામભેદ કરવા, સમ્યકત્વ, આસ્તિકય, શ્રદ્ધાન-નિયત-પ્રતીતિ-યત્ (જે), તત્ (તે), એતત્ (આ) એવા સમ્યકત્વના નામભેદ કરવા, અને ચારિત્ર, આચરણ, સ્થિર-વિશ્રામ, સમાધિ, સંજમ, સંયમ, એકાન્તમગ્ન, સ્થગિત અનુભવન, પ્રવર્તવું એવા ચારિત્રના નામભેદ કરવા, સુખ, આનન્દ, રસ, સ્વાદ, ભોગ, તૃપ્તિ, સંતોષ એવા સુખના નામભેદ કરવા, વીર્યબલ, વીર્યશક્તિ, ઉપાદાન, તેજ, ઓજ (પ્રતાપ) એવા વીર્યના નામભેદ કરવા, વિકાર, વિભાવ, અશુદ્ધ, સમલ, પરભાવ, સંસાર, આશ્રવ, રંજકભાવ, ક્ષણભંગ, ભ્રમ એવા એક અશુદ્ધના નામભેદ કરવા, એ પ્રમાણે અન્ય કોઇ એકમા એવા નામમાત્રથી ભેદ કરવા (એ સર્વભેદભાવ વ્યવહાર નામ.).

એક જ્ઞાનના મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય-કેવલપર્યાયથી ભેદ કરવા. એ રીતે અન્ય ગુણોના ભેદ કરવા. જ્ઞાન દર્શન, ચારિત્ર વગેરે એક એક ગુણના કતિપય, થોડું, જઘન્ય, ઉત્કૃષ્ટથી પરિણતિભેદ કરવા, એકના અનેકથી ભેદ કરવા, એક વસ્તુના નિશ્ચય-વ્યવહારપરિણતિથી ભેદ કરવા-એવી એવી રીતે એકના ભેદ કરવા, તે સર્વ ભેદભાવ વ્યવહારનામ પામે.

ગુણ બંધાયો, ગુણ છૂટ્યો, દ્રવ્ય બંધાયું, દ્રવ્ય છૂટયું એવા એવા સર્વ ભાવોને પણ વ્યવહાર કહેવો. વળી વિકાર કાલભાવના વશે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવને છોડી દ્રવ્ય-ગુણ-પર્યાયને અન્ય ભાવે કહેવા. જ્ઞાનીને અજ્ઞાની, સમ્યકત્વીને મિથ્યાત્વી, સ્વસમયીને પરસમયી, સુખીને દુઃખી, અનંતજ્ઞાન-દર્શન-ચારિત્ર-સુખ-વીર્યને કતિપયરૂપે ( અંશ-રૂપે, અલ્પરૂપે ) કહેવું.—એ સર્વ વ્યવહારનામ પામે. ) જ્ઞાનને અજ્ઞાન, સમ્યકત્વને મિથ્યાત્વ, સ્થિરને ચપલ, સુખને દુઃખ, ઉપાદેયને હેય, અમૂર્તિકને મૂર્તિક, પરમશુદ્ધને અશુદ્ધ, એકપ્રદેશી પુદ્ગલને બહુપ્રદેશી, પુદ્ગલને કર્મપણું, એક ચેતનરૂપજીવને માર્ગણા-ગુણસ્થાનાદિ યાવત્ પરિણતિથી નિરૂપવાં. વળી એક જીવને પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-નિર્જરા-બંધ-મોક્ષપરિણતિથી નિરૂપવો. વળી જેટલા કોઈ વચનપિંડથી કથનો છે, તે સર્વ વ્યવહાર જાણવો. વળી જે આત્માથી, જે અન્ય ( નોખું ), તે બધાયને વ્યવહાર કહેવો. એવી એવી રીતે સ્વભાવથી જે અન્યભાવ દેખાય, જણાય તે સર્વ વ્યવહાર નામ પામે. વળી એક સામાન્યથી-સમ્મુચયથી વ્યવહારનો આટલો અર્થ જાણવો-આટલો જ વ્યવહાર જાણવો કે-"વસ્તુ સાથે જે ભાવનો અવ્યાપકરૂપ સંબંધ હોય, વ્યાપ્ય-વ્યાપક એકમેકસંબંધ ન હોય, તે વ્યવહારનામ પામે."-આવું વ્યવહારભાવનું કથન દ્વાદશાંગમાં ચાલે છે, તે જાણવું.

## ॥ ઇતિ વ્યવહાર ॥



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# निश्चय लक्षण

जेसिं गुणाणं पंचयं, णियसहावं च अभेवभावंच।
दव्वपरिणमनाधीनं, तं णिच्छय भणियं ववहारेण ॥११॥

येषां गुणानां प्रचयं निजस्वभावं च अभेदभावं च।
द्रव्यपरिणमनाधीनं तं निश्चयं भणितं व्यवहारेण ॥ ११ ॥

येषां गुणानां प्रचयं एकसमूहं तं निश्चयं । पुनः एषां द्रव्य-गुण-पर्यायाणां निजस्वभावं निजजातिस्वरूपं तं निश्चयं । पुनः येषां द्रव्य-गुणानां गुणशक्तिपर्यायाणां यं अभेदभासं एकप्रकाशं तं निश्चयं । पुनर्येषां द्रव्याणां यं द्रव्यपरिणमनाधीनं तस्य द्रव्यस्व परिणाम आश्रयं भावं तं निश्चयं, एतादृशं निश्चयं व्यवहारेण वचनद्वारेण भणितं वर्णितं ।

અર્થઃ—જે જે નિજ અનન્તગુણો, તેમનો આપસઆપસમાં જે એક જ સમૂહપૂંજ, તેને નિશ્ચયનું રૂપ જાણવું. વળી નિજ નિજ દ્રવ્ય ગુણ અને પર્યાયનું જ જે કેવલ નિજ જાતિસ્વરૂપ, તેને પણ નિશ્ચયનું રૂપ જાણવું. જે એક દ્રવ્યના અનન્તગુણોને, એક ગુણની અનન્તશક્તિપર્યાયોના જે એક જ સ્વરૂપે ભાવ પ્રગટ થાય છે, તેને પણ નિશ્ચયભાવ જાણવો. વળી જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્ય-દ્રવ્યપરિણામનેજ પરિણમવાને આધીન જે ભાવ-તે, તેજ દ્રવ્યના પરિણામરૂપે પરિણમે, અન્ય પરિણામરૂપે ન પરિણમે, તેને નિશ્ચય જાણવો. એવા એવા ભાવોને વચનદ્વારા નિશ્ચયસંજ્ઞા કહી છે.

**ભાવાર્થ:**—હે સંત! જે આ નિજ-નિજ અનંતગુણો મળી થયેલો એક પિંડભાવ (અનંતગુણોની એકતાથી-અભિન્નતાથી બનેલો એકપિંડભાવ) એકરૂપ સંબંધ (તાદાત્મ્યસંબંધ) તેને ગુણનો પુંજ કહેવામાં આવે છે. તે ગુણપુંજને (અનંત ગુણના એક અખંડ સત્ત્વને-દલને) 'વસ્તુ' એવું નામ કહેવામાં આવે છે. તે આ વસ્તુત્વનામ ગુણોના પુંજ વિના બીજા કોને કહેવું? આ ગુણપુંજને વસ્તુ કહેવામાં આવે છે. તે આ વસ્તુત્વને નિશ્ચય-સંજ્ઞા જાણવી.

વળી, જે જે ગુણ, જે જે જેવું જેવું રૂપ ધારણ કરી ઊપજ્યો છે, તે તે ગુણ પોતપોતાનું તેવું તેવું રૂપ ધારણ કરે, એક ગુણ બીજા ગુણથી તો પોતાના જુદારૂપે અનાદિ-અનંત રહે છે, આવું જે જુદું રૂપ, તેને નિજજાતિ કહે-વામાં આવે છે. તે આપોઆપ અનાદિનિધન છે. તે રૂપ કોઈ અન્ય રૂપનીસાથે ન મળે. વળી જે રૂપ તે જ ગુણ તે જ રૂપઆવું જે તાદાત્મ્યલક્ષણ પણ જો કોઈ તે રૂપની નાસ્તિ ચિંતવે, તો તેણે તેવા ગુણની નાસ્તિ ચિંતવી, એવું જે પોત-પોતાનું રૂપ છે, તે રૂપને નિજજાતિસ્વભાવ કહેવામાં આવે છે. એવા નિજરૂપને નિશ્ચયસંજ્ઞા કહેવામાં આવે છે.

વળી અનંતગુણોનો એક પુંજભાવ દેખવો, પણ ગુણને જુદા ન દેખવા, વળી અનંતશક્તિવાન જે ગુણ છે, તે એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણને જ દેખવો, તે શક્તિઓને (તે પર્યાયોને) ન દેખવી. વળી જઘન્ય, ઉત્કૃષ્ટ ભેદ ન દેખવા, એવું જે અભેદદર્શન–એક જ રૂપનું દર્શન–છે તે અભેદદર્શનને પણ નિશ્ચયસંજ્ઞા કહેવામાં આવે છે.

વળી હે સંત! ગુણના પુંજમાં તો કોઈ ગુણ તો નથી, આ તો નિસ્સંદેહ છે, એમ જ છે. પરંતુ (ગુણનો પુંજ) તે ભાવના–તે ગુણોનાપરિણામને ધારણ કરીને પરિણમે છે; તે ભાવ તે ગુણોના પરિણામથી જુદો નથી; તે ભાવભર્યાપણે પરિણમે છે માટે તે (જુદોગુણ) ક્યાં રહ્યો?

જેમ પુદ્ગલવસ્તુમાં તો સ્કંધનો કર્મવિકાર કોઈ ગુણ તો નથી, પરંતુ તે પુદ્ગલવસ્તુના પરિણામ, તે સ્કંધના કર્મવિકાર-ભાવનો સ્વાંગ ધારણ કરીને પરિણમે છે.

વળી દ્રવ્યના પરિણામ આ કર્મવિકારભાવને ધારણ કરીને પરિણમે, (ત્યાં) નિસંદેહ (ચોક્કસ, શંકાવગર) આ એક પુદ્ગલ જ સ્વાંગ ધારણ કરીને વર્તે છે. વળી આ જીવવસ્તુના પરિણામ રંજક, સંકોચ, વિસ્તાર, અજ્ઞાન, મિથ્યાદર્શન, અવિરતાદિ ચેતનાવિકારભાવરૂપે થઈને પરિણમે છે, એવો તે ચેતન-વિકારભાવ જાણવો. વળી તે (ચેતનવિકારભાવ) તે ચેતનદ્રવ્યના પરિણામ વિષે જ તો હોય છે, ક્યારેય અચેતનદ્રવ્યના પરિણામ વિષે હોતા નથી, આ નિસ્સંદેહ છે. તો આવી રીતે જે વિકારભાવ છે, તે પોતપોતાના જ દ્રવ્યપરિણામવિષે જ હોય છે–તે તે દ્રવ્યનાપરિણામાશ્રિત હોય છે-તે પણ નિશ્ચયસંજ્ઞાનું નામ પામે.

## ॥ ઇતિ નિશ્ચયઃ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચકારથી બીજા પણ નિશ્ચયભાવ જાણવા. જેટલી નિજવસ્તુની પરિમિતિ (સીમા, મર્યાદા) તેટલી જ પરિમિતિમાં દ્રવ્ય, ગુણ, પર્યાય વ્યાપ્યવ્યાપક થઈને વર્તે છે, તે વસ્તુ પરિમિતિથી બહાર વ્યાપ્ય-વ્યાપક નથી હોતું, પોતપોતાની સત્તામાં વ્યાપ્યવ્યાપક થઈને અનાદિ–અનંત રહે છે, આને પણ નિશ્ચય કહેવામાં આવે છે. વળી જે ભાવ જે ભાવનો પ્રતિપક્ષી–વેરી (વિરોધી છે તેની સાથે તે વેર (વિરોધ) કરે, બીજા સાથે ન કરે તેને પણ નિશ્ચય જાણવો. જે પ્રતિજ્ઞા કરવામાં આવે છે–નિયમ કરવામાં આવે છે–તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે. [1]વળી જે કાલે જેવું, જે થવાનું હોય તેવું જ થાય, તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે. વળી જે જે ભાવની જેવી જેવી રીતિથી પ્રવર્તવું છે તેવી તેવી રીતિ પામીને પરિણમે તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે. વળી એક પોતાને–સ્વદ્રવ્યને–પણ નિશ્ચય કહેવામાં આવે છે.

વળી એક પ્રકાર આ છે કે એક ગુણના રૂપને મુખ્ય લઈએ ત્યારે જે અન્ય સર્વ અનન્ત નિજ ગુણરૂપ છે તે એ ગુણરૂપના ભાવ થાય છે.

---

[1] जं जस्स जम्मिदेसे जेण विहाणेण जम्मि कालम्मि ।
णादं जिणेण णियदं जम्मं वा अहव मरणं वा ॥ ३२१ ॥
तं तस्स तम्मि देसे तेण विहाणेण तम्मि कालम्मि ।
को सक्कई चालेदुं इंदो वा अह जिणिंदो वा ॥ ३२२ ॥

**ભાવાર્થઃ**—સર્વજ્ઞદેવે જે દેશમાં, જે કાલમાં, જે વિધાનથી જીવનાં જન્મ તથા મરણ ઉપલક્ષણથી દુઃખ, સુખ, રોગ દરિદ્રાદિ જાણ્યાં છે કે આવું જ નિયમથી થશે, તે જ પ્રકારે, તે પ્રાણીને, તે જ દેશમાં,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવાર્થઃ—કહેવામાં તો એક જુદું રૂપ લઈને કહેવામાં આવે છે-પરંતુ તે જ એક ગુણરૂપ છે, તે જ સર્વરસરૂપ છે. વળી જો કોઈ આમ જ માને કે એક રૂપમાં બીજું રૂપ નથી, એક જ છે, તો ત્યાં અનર્થ ઊપજે. જેમકે-એક જ્ઞાન-ગુણ છે, તે જ્ઞાનમાં અન્ય ગુણનું રૂપ નથી, એમ જો માને તો તે પુરુષે તે જ્ઞાનને ચેતન વગરનું, અસ્તિત્વ, વસ્તુત્વ, જીવત્વ, અમૂર્તાદિ સર્વ વગરનું માન્યું, તેમ તો માનો; પરંતુ એમ માનતાં તે જ્ઞાનગુણ કેવી રીતે રહ્યો? કેમ કરીને રહ્યો? તે ન રહ્યો. તેથી અહીં આ વાત સિદ્ધ થઈ કે એક એક ગુણરૂપ જે છે, તે સર્વ સ્વરસ છે. એ રીતે સર્વ સ્વરસને પણ નિશ્ચય કહેવામાં આવે છે.

વળી કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્ય સાથે ન મળે, કોઈ ગુણ કોઈ ગુણ સાથે ન મળે, કોઈ પર્યાયશક્તિ કોઈ પર્યાયશક્તિ સાથે ન મળે, એ રીતે જે અમિલનભાવ, તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે.

---

તે જ કાલમાં, તે જ વિધાનથી નિયમથી થાય છે, તેમને ઈન્દ્ર તથા જિનેન્દ્ર તીર્થંકરદેવ કોઈ પણ નીવારી ( અટકાવી, ટાળી ) શકતા નથી.

## સ્વામી કાર્તિકેયાનુ પ્રેક્ષા.

( રાગ માઢ. )

जो जो देख्यो वीतरागने सो सो होसी वीरा रे ।
बिन देख्यो होसी नहिं क्यों ही, काहे होत अधीरा रे ॥१॥
समयों एक बढे नहिं घटसी, जो सुखदुःखकी पीरारे ।
तू क्यों सोच करै मन कूडो, होय वज्र ज्यों हीरारे ॥२॥

બ્રહ્મ વિલાસ, પરમાર્થપદ પંક્તિ ૨૨ મી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિશ્ચયનો સામાન્ય અર્થ આટલો કહેવો. નિશ્ચયનો સંક્ષેપથી આટલોજ અર્થ જાણવો–"નિજ વસ્તુ સાથે જે ભાવનો વ્યાપ્યવ્યાપક એકમેક સંબંધ હોય, તેને નિશ્ચય જાણવો." કર્તાભેદમાં, કર્મભેદમાં પણ, ક્રિયાભેદમાં પણ આ ત્રણે ભેદમાં એકજ ભાવ દેખવો–,એ ત્રણેય એક ભાવના નીપજ્યા છે, એવા એક ભાવને પણ નિશ્ચય કહેવામાં આવે છે. સ્વભાવ ગુપ્ત છે કે પ્રગટ પરિણમે છે, પણ તેની નાસ્તિ તો નથી, એવા તે અસ્તિત્વભાવને નિશ્ચય કહેવામાં આવે છે. આવા આવા ભાવોને નિશ્ચયસંજ્ઞા જાણવી. એમ જિનાગમમાં કહ્યું છે.

## ॥ ઇતિ નિશ્ચય સંપૂર્ણમ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# સાક્ષાત ધર્મ

गुण णियसहावं खलु पज्जायससहावदव्वं च ।
अप्पा किल परमप्प धम्मं, तं धम्मवायं हि बोधव्वा ॥१२॥
गुण निजस्वभावं खलु, पर्याय स्वस्वभावं स्वभाव द्रव्यं च ।
आत्मा किल परमात्मधर्मं तं धर्मवादं हि ज्ञातव्याः ॥१२॥

खलु निश्चयेन आत्मा किल सर्वथा अनंतगुण निजस्वभावं-निजजातिस्वरूपं-यं जातं तं परमात्मधर्मं उत्कृष्टकेवलरूपं पुनः आत्मा सर्वथा पर्याय स्वस्वभावं यं यातं तं परमात्मधर्मं उत्कृष्ट-स्वभावं पुनः आत्मा सर्वथा स्वभावद्रव्यं यं यातं तं परमात्म-धर्मं उत्कृष्टस्वभावं, एतादृशं उत्कृष्टभावं तं जिनसमये धर्मवादं-स्वभावरूपकथनं हि यथा स्यात्तथा ज्ञातव्याः ।

અર્થ:—નિશ્ચયથી આત્માના અનંત ગુણો જ્યારે સર્વથા પોતાની નિજજાતિરૂપ થયા ત્યારે આત્માનો પરમસ્વભાવ કહેવામાં આવે છે. વળી જ્યારે આત્માના ષટ્ગુણીહાનિવૃદ્ધિથી પર્યાયો નિજ-જાતિરૂપ સર્વથા ઊપજ્યા ત્યારે આત્માનો પરમસ્વભાવ કહેવામાં આવે છે. વળી જ્યારે જ્યારે આત્માનું દ્રવ્ય, પ્રદેશોથી નિઃ-પ્રકંપ નિજસ્વભાવરૂપે સર્વથા ઉપજ્યું ત્યારે તો આત્માનો પરમ-સ્વભાવ કહેવામાં આવે છે. એ રીતે દ્રવ્ય, ગુણ, પર્યાય કેવલ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સર્વથા સ્વભાવરૂપે જ થયા. આવા ભાવનું કથન જિનાગમમાં જાણવું.

**ભાવાર્થ:**—અનાદિ કાલથી પુદ્ગલનું નિમિત્ત પામીને આ આત્માનાં જ્ઞાન, દર્શન, સમ્યકત્વ, સ્વાચરણ, વીર્ય, સ્વભોગાદિ ગુણો અજ્ઞાન, અદર્શન, મિથ્યાત્વ, પરાચરણ, નિર્બલ, પરભોગાદિ એ રીતે વિકારરૂપે પરભાવ થયા, પણ જેમ જેમ કાલલબ્ધિ પામીને તે પરભાવ ક્ષય થતો ચાલ્યો, સ્વભાવ પ્રગટ થતો ચાલ્યો, તેમ તેમ એમ થતાં થતાં જે કાલે તે પરભાવ સર્વથા નાશ પામી ગયો, તે સમયે સર્વથા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત-સુખ, અનંતવીર્યાદિ અનંતગુણો કેવલ નિજરૂપે પ્રગટ્યા, સર્વથા પોતાના રૂપે થયા, અન્યથા રૂપ નાશ થઈ ગયું, ગુણોનું નિજ-રૂપ જ સર્વથા સાક્ષાત્ રહ્યું, વળી કથંચિત્ અન્યનો સંબંધ ગયો, સાક્ષાત્ નિજજાતિરૂપ થયું, તેને આત્માના એવા ગુણોનો પરમભાવ જાણવો. વળી તે કાલે સાક્ષાત્ તે ગુણોનું પરિણમન-પર્યાયો—એક સમયના સૂક્ષ્મ કાલે ષટ્ગુણી હાનિવૃદ્ધિથી સ્વસ્વરૂપે થયા તે પર્યાય સાક્ષાત્ કેવલરૂપ ઊપજ્યા. આવું ષટ્ગુણહાનિ-વૃદ્ધિરૂપ સૂક્ષ્મ પર્યાયનું સ્વસ્વરૂપ તેને પણ આત્માનો પરમસ્વ-ભાવ કહેવામાં આવે છે.

વળી, જ્યારે પુદ્ગલવર્ગણાના ઊઠવા-બેસવાના નિમિત્તથી જીવ-દ્રવ્યના પ્રદેશોના કાયાદિયોગ સંકોચ-વિસ્તારરૂપ કંપતા હતા અને જ્યારે તે કાયાદિ પુદ્ગલવર્ગણાનો સર્વથા નાસ્તિ (અભાવ) થયો ત્યારે જીવદ્રવ્યના પ્રદેશો વજ્રવત્ સર્વથા સાક્ષાત્ નિપ્રકંપ-સ્વભાવરૂપ થયા, એવો પણ આત્માનો પરમસ્વભાવ જાણવો. એવી રીતે ત્રણેય દ્રવ્ય, ગુણ, પર્યાય નિષ્કલ (સંપૂર્ણ) સર્વથા

૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાક્ષાત્ પરમસ્વરૂપરૂપ થયા ત્યારે આ આત્માનો ધર્મ-નિજસ્વભાવ જ કેવલ હોય છે, એક-સર્વથા-નિજજાતિરૂપ, કેવલ એક સ્વરૂપરૂપ પ્રવર્તવું હોય છે તેથી આ આત્માનો ધર્મ એમ જ કહેવામાં આવે છે કારણ કે ત્યાં તે કાળે નિજ રૂપ જ છે, અન્ય કોઇ ભાવ નથી તેથી ધર્મ એવો આત્મા કહેવામાં આવે છે. આવા સાક્ષાત્ તે ધર્મનું કથન જિનાગમ વિષે જાણવું.

## ॥ ઇતિ સાક્ષાત્ ધર્મ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ❋ બહિર્ધર્મ ❋

जत्थ गुणविभावं सिय, पज्जाय विभावं च द्व्वविभावं च।
अप्पा किल बहिधम्मं, पुणो तं अधम्मवायं णायव्वा ॥१३॥

यत्र गुणविभावं स्यात् पर्याय विभावं च द्रव्यविभावं च।
आत्मा किल बहिधर्म पुनः तं अधर्मवादं ज्ञातव्यः ॥१३॥

यत्र यस्मिन् काले आत्मा गुणविभावं गुणविकारं यं किल सर्वथा स्यात् तं बहिर्धर्मं, पुनः आत्मा पर्यायविभावं यं किल सर्वथा स्यात् तं बहिर्धर्मं, आत्मा द्रव्यविभावं यं किल सर्वथा स्यात् तं बहिधर्मं एतादृशं बहिर्धर्मं अधर्मवादं—अस्वभाववादं—परस्वभावकथनं जिनागमे ज्ञातव्यः ।

અર્થ:—જે કાલે આત્માના ગુણો સર્વથા પરભાવરૂપ થાય છે, તે કાલે આત્માનો બહિર્સ્વભાવ કહેવામાં આવે છે. જે કાલે આત્માના પર્યાયો સર્વથા વિકારરૂપ થાય છે, તે કાલે આ આત્માનો બહિર્ધર્મ કહેવામાં આવે છે. વળી જે કાલે આત્માનું દ્રવ્ય સર્વથા વિકારરૂપે થાય છે તે કાલે તે આત્માનો બહિર્ધર્મ કહેવામાં આવે છે. આવું અધર્મકથન જિનાગમમાં જાણવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થ**:—અજ્ઞાન, અદર્શન, મિથ્યાત્વ, પરાચરણ, અવીર્ય, પરરસભોગ ઇત્યાદિ ગુણોના જે વિકારભાવ એક અક્ષરના અનંતમાં ભાગના વિકાર છોડીને બાકીના વિકારરૂપ સર્વથા થયા, તે વિકારભાવરૂપે ગુણ સર્વથા થયા, સ્વભાવરૂપે જરા પણ ન થયા, એવો જે સર્વથા તે ગુણવિભાવ છે તેને બહિર્ધર્મ કહેવામાં આવે છે. વળી જો ગુણોજ સર્વથા વિકારરૂપે થયા તો તેમના પરિણામ-પરિણમનભાવ સહજ જ સર્વથા વિકારરૂપ થયા. જેવી રીતે પાણી રંગાયું તો તેની લહેરો સહજ જ રંગીન થઈ. આવા જે વિકારપર્યાય તેને સ્થૂલપર્યાય કહેવામાં આવે છે. તે વિકારપરિણમન ઈન્દ્રિયજ્ઞાનથી કાંઇક જાણ્યું જાય છે. તે શું છે ?

ઘણા કાલ સુધી તે એક વિકારભાવના પરિણામ વહ્યા કરે છે (પ્રવર્ત્યા કરે છે) તે (તે એક વિકારભાવના પરિણામ) તે સ્થૂલ કાલ સુધી વહેવાથી (પ્રવર્તવાથી) જાણવામાં આવે છે. એવા જે વિકાર છે-ગુણના વિકારરૂપ સર્વથા સ્થૂલ પર્યાય છે-તે પણ આત્માનો બહિરસ્વભાવ છે. વળી જ્યારે ગુણપર્યાય સર્વથા વિકારરૂપ થયા ત્યારે દ્રવ્ય તો સ્વયં સર્વથા વિકારરૂપ સિદ્ધ થયું. જેમ કે જો સર્વ તંતુઓ રંગીન થયા તો કપડું સહજ જ સર્વથા રંગીન થયું, (કારણ કે) કાંઇ તંતુઓથી કપડું જુદું ન હતું તંતુઓના તે મેળાપને તો કપડું કહેવામાં આવે છે. એવી રીતે દ્રવ્ય સર્વથા વિકારરૂપ થયું ત્યારે તેને આત્માનો બહિરભાવ કહેવામાં આવે છે. એવા જે દ્રવ્ય-ગુણ-પર્યાય સર્વથા વિકારરૂપ છે તેને આત્માનો બહિઃસ્વભાવ કહેવામાં આવે છે કેમકે કાંઇ પોતાની વસ્તુમાં (વસ્તુની અંદર) ભાવ થતો નથી, પણ અન્ય જ પરભાવ-વિકારભાવ-વસ્તુસમુ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દાયથી બહારનો ઉપરીભાવ (ઉપર ઉપરનો ભાવ) થયો છે, તેથી એને બહિર્ધર્મ કહેવામાં આવે છે. વળી આ આત્માનો ધર્મ નથી તેથી એને આત્માનો અધર્મભાવ કહેવામાં આવે છે.

## ॥ ઇતિ બહિર્ધર્મઃ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# મિશ્ર ધર્મ કથન

गुण धम्माधम्मं परिणमदि, दव्व पज्जायं च धम्माधम्मं फुड।
मिस्सधम्मं जया अप्पा, तं मिस्सधम्मं भणइ जिणो ॥१४॥

गुण धर्माधर्मं परिणमति, द्रव्यं पर्यायं च धर्माधर्मं स्फुटं ।
मिश्रधर्मं यदा आत्मानं मिश्रधर्मं भणति जिनो ॥ १४ ॥

यदा यस्मिन् काले स्फुटं प्रगटं आत्मा गुण धर्माधर्मं परिणमति, गुणस्वभाव (गुणस्वभावो) विभावं परिणमति यं तं मिश्रं धर्म्मं विकारकलङ्कनिजस्वभावं, पुनः तदा आत्मपर्यायं द्रव्यं धर्माधर्मं सहजेन आयातं तं मिश्रधर्मं एतादृशं मिश्र-धर्मं जिनो भणति कथयति ।

અર્થ:—જે કાલે આત્માના ગુણ ધર્માધર્મરૂપે પરિણમે છે, તે કાલે પ્રગટ આત્માનો મિશ્રધર્મ કહેવામાં આવે છે. વળી જ્યારે આત્માના ગુણો મિશ્રધર્મરૂપે થયા ત્યારે દ્રવ્યરૂપ આત્માને પર્યાયો તો સહજ જ મિશ્રરૂપે થયા. આવું જે છે, (આવો જ મિશ્રધર્મ છે) તેને જિનદેવે આત્માનો મિશ્રધર્મ પ્રગટ કહ્યો છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થઃ**—જ્યારે આસન્નભવ્ય જીવ ( નિકટભવ્ય જીવ ) મિથ્યાત્વનો પરવેષ ધારણ કરીને પ્રવર્તી રહ્યો હતો તે પ્રવર્તવું કાલલબ્ધિ પામીને પૂરું થયું તે જ કાલે તે, નિજસ્વભાવિકસ્વરૂપે વ્યકતરૂપ પ્રવર્ત્યો. તે ભવ્યજીવને નિજરૂપ કેવું પ્રગટ થયું, તે કહેવામાં આવે છેઃ—

જીવનો જે એક સમ્યકત્વગુણ તેનું લક્ષણ આસ્તિકય; આસ્તિકય એટલે પ્રતીતિ-દ્રઢતા-એ વાત એમ જ ( એ વાત એ રૂપે જ છે ), એમાં હલચલ ( ફેરફાર, મીનમેખ ) નથી, એવી આસ્તિકય-શક્તિ તે આસ્તિકયશક્તિના બે ભાવ છેઃ—

એક નિજજાતિભાવ છે, બીજો ઔપાધિક દોષરૂપ વિકારભાવ છે અર્થાત્ નિજજાતિથી અન્ય ( ન્યારો ) એવો તે પરભાવ છે. તે આસ્કિયશક્તિનો ( નિજ ) જાતિભાવ તો અનાદિથી ગુપ્ત થઇ રહ્યો છે, તે પરભાવનો ભેષ ( વેષ ) પ્રગટ થઇને આસ્તિકય-શક્તિ પ્રવર્તી, તે પરભાવરૂપને ધારણ કરે છે. આસ્તિકય શક્તિ કેવી છે ?

જેટલી જે કાંઇ વાત ભ્રમરૂપ છે, જૂઠરૂપ છે અને મિથ્યા છે તેટલી તેમની ઠીકતારૂપ ( બરાબર હોવાની શ્રદ્ધારૂપ ) પ્રવર્તે છે, તેમને આસ્તિકય કહે છે, આસ્તિકયનો એવો પરભાવ જે રહે છે તે પુદ્‌ગલના કર્મવિકારના રહેવાથી રહે છે. વળી એવો એવો ક્રમ પ્રવર્તતાં પુદ્‌ગલવિપાકના નાસ્તિની ( અભાવની ) કાલ-લબ્ધિ આવી ત્યારે પુદ્‌ગલવિપાક તો નાશ પામ્યો, તો ત્યારે જ તે કાલે આસ્તિકયશક્તિના પરભાવનું પ્રવર્તવું નાશ પામ્યું. કારણ કે જેમ જેમ પુદ્‌ગલમિથ્યાત્વ વિપાકનો નાશ થયો તેમ તેમ તે પરભાવ કે જે આ વિપાકના રહેવાથી રહ્યો હતો, તે તો ગયો, તેથી તેનો તો સહજ જ નાશ થયો, ત્યારે જ તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાલે આસ્તિકયશક્તિના પરભાવનો એ રીતે નાશ થયો, તે કાલે અસ્તિક્યશક્તિનો જે નિજજાતિભાવ શકિતરૂપ ગુપ્ત થઇ રહ્યો હતો, તે જાતિભાવ અતિશયપણે વ્યક્ત-પ્રગટ-થયો. તે જાતિ ભાવનું કેવું રૂપ છે?

નિજવસ્તુજાતિની-નિશ્ચયવસ્તુગુણપર્યાયની, પ્રત્યક્ષ સત્તારૂપ અને પરદ્રવ્યગુણપર્યાયની જુદી પ્રત્યક્ષ સત્યરૂપ (સત્તારૂપ) ઠીકતા (તેની બરાબરપણાની શ્રદ્ધા) એવી આસ્તિકયશક્તિનો જાતિભાવ છે, તે નિત્ય જ છે. એક સમ્યકત્વગુણની એવી આસ્તિક્યશક્તિ નિજરૂપ પરિણમી વળી તે જ કાલે આસન્નભવ્ય જીવનો જે એક જ્ઞાનગુણ છે તે જ્ઞાનગુણનું લક્ષણ 'જાણવુ'.

તે જાણવાના પણ બે ભાવઃ-એક તો વૈભાવિક-વિકારરૂપ-ઔપાધિકરૂપ પરભાવ, બીજો, નિજજાતિરૂપ-પોતારૂપ-સ્વભાવભાવ જાણવાનો તે સુ(-સ્વભાવ) હતો તે તો અનાદિથી શક્તિરૂપ ગુપ્ત થઈ રહ્યો હતો. વળી તે અન્ય એવા પરભાવરૂપે જાણવું વ્યકતરૂપ પ્રગટરૂપ પ્રવર્ત્યું, તેણે પરભાવને ધારણ કર્યો. કેવું જાણવું થાય છે? તે કહેવામાં આવે છે.

અવસ્તુને વસ્તુ, અવગુણને ગુણ, અપર્યાયને પર્યાય, પરને સ્વ, હેયને ઉપાદેય ઇત્યાદિ જે કાંઈ વાતો (વસ્તુરૂપ) નથી, તેને જાણવાને મિથ્યામતિ જ પ્રવર્તે છે. એવો જાણવાનો પરભાવ, તે પરભાવ પુદ્‌ગલ-આવરણ વિપાકના રહેવાથી રહે છે. વળી એ એ રીતે અનાદિથી પ્રવર્તતાં, પ્રવર્તતાં, હવે તે દુષ્ટ પુદ્‌ગલ-આવરણના કંઇક વિપાક-ઉદયનો નાશકાલ (નાશ થવાનો કાલ) આવ્યો, તે આવતાં, કઇક વિપાકનો નાશ થયો, તેનો નાશ થતાં, જાણવાનો જે તે દુષ્ટ-કુત્સિતપરભાવ હતો તે, તે જ કાલે નાશ પામ્યો, તે સમયે જ, કાંઈક જાણવારૂપ નિજ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાતિસ્વભાવભાવરૂ તે વ્યક્તપે-પ્રગટરૂપે પરિણમ્યો. તે કેવો પ્રગટ્યો? ( તે કહેવામાં આવે છેઃ— )

જીવની જ નિજજાતિને-વસ્તુગુણપર્યાયની સત્ય (સત્તારૂપ) પ્રત્યક્ષ સ્વજાતિને જીવરૂપ જાણી કે જ્ઞાયકરૂપ જાણી કે દર્શનરૂપ જાણી કે ઉપયોગમય જાણી, ચેતનારૂપ જાણી કે વેદકરૂપ (અનુભવન-રૂપ) જાણી કે બુદ્ધરૂપ જાણી કે શાંતમય જાણી, એવી જીવની નિજજાતિ હંમેશાં એમ જ જાણી. વળી સર્વ પરભાવોની અને પાંચ દ્રવ્ય-ગુણ-પર્યાયોની, સત્ય (સત્તારૂપ) પ્રત્યક્ષજાતિને અજીવરૂપ જાણી કે અજ્ઞાયકરૂપ જાણી કે અદર્શનમય જાતિરૂપ જાણી કે ઉપ-યોગરહિત જાતિરૂપ જાણી કે અચેતન જાતિરૂપ જાણી, એવા પર-ભાવોની જાતિ હંમેશાં એમ જ જાણી.

વળી ધર્મ, અધર્મ, આકાશ, કાલ, પુદ્ગલ એ પાંચ વસ્તુની અજીવજાતિ જાણી અને વસ્તુભાવને જુદો જાણ્યો, અવસ્તુભાવને જુદો જાણ્યો, યથાર્થને જુદું જાણ્યું પોતપોતાની નિજજાતિરૂપ જીવસત્તાને ભિન્ન જાણે છે, પરજીવસત્તાને, અજીવસત્તાને ભિન્ન જાણે છે, મિથ્યાત્વને જુદું જાણ્યું, યથાર્થને જુદું જાણ્યું, મિશ્રા-ર્થને જુદા જાણે છે. તે જ્ઞાનગુણની નિજજાતિરૂપ ભાવશક્તિ એવી કંઈક સમ્યગ્ પરિણમી-એવી કંઈક સમ્યગ્ પ્રગટ થઈ.

વળી તે કાલે તે આસન્નભવ્ય જીવને એક ચારિત્રગુણ છે, તે ચારિત્રગુણનું લક્ષણ 'આચરણ-પ્રવર્તવું' પણ તે આચરણના બે ભાવઃ—એક તો વિભાગરૂપ-ઉપાધિરૂપ-વિકારરૂપ પરભાવ, બીજો નિજજાતિરૂપ પોતારૂપ-સ્વભાવરૂપ તે સ્વભાવભાવ. આચરણનો જે તે સ્વભાવ હતો તે તો અનાદિથી શક્તિરૂપ ગુપ્ત થઈ રહ્યો હતો

૬

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને અન્ય એવા પરભાવરૂપે તે આચરણ રૂપે પ્રગટ થઈ પ્રવર્ત્યું. તે આચરણે પરભાવને ધારણ કર્યો. તે કેવું પ્રગટ્યું છે?

ક્રોધરૂપ આચરણ, માન–માયા–લોભરૂપ આચરણ, હાસ્ય–રતિ–અરતિ–શોક–ભય–દુગંચ્છા, સ્ત્રીવેદ–નપુંસકવેદ–પુંવેદાદિરૂપ આચરણ, રંજક (રંજિત) એવા રાગરૂપ પુદ્ગલ પરભાવોમાં ચંચલરૂપ વિશ્રામરૂપ સ્થિતિરૂપ પ્રવર્તવું તે, પરભાવરૂપ આચરણ છે. એવું તે આચરણ પરરૂપ છે, તે ચારિત્રમોહકર્મના વિપાકના રહેવાથી રહે છે. વળી એમ એમ પ્રવર્તતાં, પ્રવર્તતાં, કાલ-લબ્ધિ પામી, ચારિત્રમોહકર્મનો કાંઈક વિપાક નાશ થયો ત્યારે એવું બન્યું કે પરભાવરૂપ કુત્સિત આચરણ નાશ પામ્યું અને અનાદિથી આચરણનો નિજજાતિરૂપ–સ્વભાવશક્તિરૂપ સ્વભાવભાવ-શક્તિરૂપ જે ભાવ ગુપ્ત થઈ રહ્યો હતો તે ભાવ ત્યારે જ કાંઈ વ્યક્તરૂપે થઈ પ્રગટરૂપે પરિણમ્યો. તે કેવો પ્રગટ્યો છે?

જે નિત્ય, એક જાતિરૂપ, સ્વજીવવસ્તુસ્વભાવ, તે નિજવસ્તુ-સ્વભાવની અંદર સ્થિરરૂપ થઈને, વિશ્રામરૂપ,–સમાધિરૂપ–સ્થિતિરૂપ આચરણ પ્રવર્તતું પરિણમ્યું, કેવલ નિજવસ્તુસુખને સ્વાદતું પરિ-ણમ્યું, એવું આચરણ નિજજાતિરૂપ સ્વભાવે પરિણમ્યું, વ્યક્ત થયું. જે કાળે ભવ્ય જીવને એ ત્રણે મુખ્ય ગુણો (સમ્યક્ત્વ જ્ઞાન, ચારિત્ર) સ્વભાવભાવરૂપે એ પ્રમાણે પરિણમ્યાં. તે કાલે તે વસ્તુ જ અભેદરૂપે સ્વભાવરૂપ પરિણમી. વસ્તુનો આ નિજ-જાતિસ્વભાવભાવ તો, કુત્સિત વિપાકભાવના રંગરહિત દેદીપ્ય-માન છે. પ્રગટ છે તેથી એને વીતરાગભાવ કહેવામાં આવે છે. વળી જે પરભાવ છે તે પરભાવ પુદ્ગલવિપાકના રંગભાવના પડછંદાથી (પ્રતિછાયાથી) વ્યાપ્યો છે. તે પુદ્ગલરંગના પડ-છંદાનો વિનાશ થતાં કાંઈ જ (પરભાવ) રહેતો નથી. તેથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ જેમ, જેટલા પુદ્‌ગલવિપાકભાવ કાલપામીને પ્રગટતા જાય છે, તેમ તેમ તે અનુસારેજ- પુદ્‌ગલવિપાકની (વિવિધતાની) રીતિ પ્રમાણે-આ ચિત્પરભાવનારૂપની રીતિ થાય છે. વળી જે જે પ્રકારે પુદ્‌ગલવિપાકની રીતિનો નાશ થાય છે, તે તે પ્રકારે ચિત્પરભાવ પણ નાશ પામે જ ખરો. તેથી આ તાત્પર્ય નીકળ્યું-તે પુદ્‌ગલવિપાકના અસ્તિત્વથી આ પરભાવનું અસ્તિત્વ (છે). વળી તે પુદ્‌ગલકર્મના વિપાકની જેવી થોડી ઘણી અસ્તિ નાસ્તિ થાય છે, તેવી પરભાવની થોડી-ઘણી અસ્તિ-નાસ્તિ જાણવી. તેથી પરભાવનું રહેવું, પુદ્‌ગલકર્મવિપાકને આધીન છે. વળી જેથી આ પરભાવની રીતિ કેવલ પુદ્‌ગલકર્મના વિપાકરંગની રીતિ પ્રમાણે છે, તેથી પરભાવ સરાગમય છે. વળી તે નિજજાતિરૂપ જીવવસ્તુસ્વભાવભાવ નિજવસ્તુની સત્તાને આધીન છે. તે પોતે જ વસ્તુભાવ છે. પુદ્‌ગલકર્મવિપાકના નાશથી તે સ્વભાવનું પ્રવર્તવું છે-તે સ્વભાવનું પ્રગટવું છે. તેથી સ્વભાવભાવ, પુદ્‌ગલકર્મના વિપાકના રંગથી સહજ જ રહિત છે. તેથી સ્વભાવને એક 'વીતરાગ' એ નામ પણ પ્રાપ્ત થયું. તે સ્વભાવભાવ આસન્ન-ભવ્ય જીવને પ્રગટ પરિણમ્યો.

**ભાવાર્થ**:—અનાદિથી જીવની પરિણતિ જેવી રીતે અશુદ્ધ થઇ રહી છે, તેવી રીતે કહેવામાં આવે છે:—જીવની ચિત્વિકાર-પરિણતિ થવામાં અનાદિકાલથી પુદ્‌ગલ તો નિમિત્ત થયું, વળી તે ચિત્વિકાર-પરિણતિ પરિણમતી થકી, તે પુદ્‌ગલને કર્મત્વ-પરિણામ થવામાં નિમિત્ત થાય છે. આ રીતે, તેઓ અનાદિ-કાલથી પરસ્પર નિમિત્તનૈમિત્તિક થઇ રહ્યાં છે. તે સંબંધમાં અહીં જીવની પરિણતિનું વ્યાખ્યાન કરવામાં આવે છે:—

જ્યારે આ પુદ્‌ગલ સહજ જ પોતાની દ્રવ્યશક્તિથી કર્મત્વ-ઉદય પરિણતિરૂપે પરિણમ્યું ત્યારે જ તે પુદ્‌ગલકર્મત્વ પરિણતિના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણમનનું નિમિત્ત પામીને આ જીવ પોતે ચિત્વિકારરૂપ થઈ પરિણમે છે. જેવી રીતે સવારે સૂર્યનો ઉદય પામીને, આ તરફ લોકો પોતે જ સ્નાન, વ્યાપારાદિક કાર્યને કરે છે, તેવી રીતે પુદ્ગલકર્મ–ઉદયપરિણતિને પામીને, જીવ પોતે જ વિકારરૂપ પરિણમે છે. જો કોઇ જાણી બેસે કે–પુદ્ગલ જીવને વિકારરૂપ પરિણમાવે છે, તો એમ તો કયારેય થવાનું નથી ( કારણકે ) **"અન્ય દ્રવ્ય અન્યદ્રવ્યની પરિણતિનું કર્તા હોય નહીં."**

વળી જો કોઈ એમ જાણી લ્યે કે ચિત્વિકારરૂપે તો જીવ પરિણમે છે પરંતુ તેના ( ચિત્વિકાર ) થવામાં આ પુદ્ગલ સ્વયં ( પોતાની મેળે ) નિમિત્તનો ( કર્મનો ) કર્તા થાય છે, જ્યારે આ જીવ વિકારરૂપે પરિણમે છે ત્યારે તેના માટે આ પુદ્ગલ સ્વયં ( પોતાની મેળે ) નિમિત્તનો (કર્મનો ) કર્તા થઈ પ્રવર્તે છે, તો એમ તો ક્યારેય થવાનું નથી.

જો એ પ્રમાણે જ પુદ્ગલ પોતે તે ચિત્વિકાર થવા માટે જાણી જાણીને કર્મનિમિત્તરૂપે થાય છે, તો આ પુદ્ગલ જ્ઞાનવંત થયું. તેમ થતાં ( નીચે પ્રમાણે ) અનર્થ ઊપજે.

( ૧ ) જે અચેતન હતું તે ચેતન થયું, એક તો આ દૂષણ.

( ૨ ) વળી આ પુદ્ગલકર્મની કર્મત્વ વિભાવતા તે પુદ્ગલને આધીન થશે, પુદ્ગલ સ્વાધીનપણે સ્વયં ( પોતાની મેળે ) કર્મવિભાવનું કર્તા થશે, નિમિત્ત પામીને કર્મનું કર્તા નહિ થાય, ત્યારે કર્મત્વવિભાવ પુદ્ગલનો સ્વભાવ થઈ જશે આ બીજું દૂષણ.

( ૩ ) વળી ત્રીજું દૂષણ આ આવે કે જીવના વિકાર થવા માટે જો પુદ્ગલ કર્મપણા વડે નિમિત્તરૂપ થયા કરે તો આ દૂષણ ઊપજે કે– **"કોઇ દ્રવ્ય કોઈ દ્રવ્યનું વેરી હોતું નથી"**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યારે અહીં તો, પુદ્ગલ જીવનું વેરી થયું, આ ત્રીજું દૂષણ.

વળી જો કોઇ આ પ્રમાણે કહે કે જીવ તો વિકારરૂપે પરિણમતો નથી, એમ તો કદી થવાનું નથી. કારણ કેઃ—જો પુદ્ગલ વિકારરૂપે પરિણમે છે તો પરિણમો, પરંતુ (ત્યાં) જીવને તો સંસારમુક્તિ થવાનું તો ન આવ્યું, જ્ઞાની-અજ્ઞાનીથી કોઇ અન્ય દશા ઠરી. તે અન્ય દશા તો દેખવામાં આવતી નથી. વળી જીવના પરિણામ સંસારમોક્ષરૂપે થતાં પ્રત્યક્ષ દેખવામાં આવે છે, તેથી વિકાર તો જીવનો ઠર્યો.

હવે જો કોઇ એમ કહે કે જીવ પોતે તો ચિત્ વિકારરૂપ પરિણમતો નથી પરંતુ તે પુદ્ગલ સાથે વ્યાપ્ય-વ્યાપક થઇને પરિણમે છે, તો એમ તો નથી; કેમ કે **કોઈ દ્રવ્ય, કોઈ દ્રવ્ય સાથે વ્યાપ્ય-વ્યાપક થતું નથી.** જો થાય, તો ચેતન દ્રવ્યનો નાશ થઇ જાય. એતત્ અર્થ (કહેવાનો આ ભાવ છે).

વળી જો કોઇ આમ કહે કે જીવ ચિત્વિકારરૂપ પરિણમે છે, તે પુદ્ગલકર્મત્વ વિકારના થવાના કારણે જ, તો એમ તો નથી. કારણ કે **"કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું વેરી નથી."** એ પ્રમાણે નિષેધ. (એ પ્રમાણે એ વાતનો પણ અહીં નિષેધ થયો.)

વળી જો કોઇ એમ કહે કે-જીવ, પુદ્ગલ, બન્ને મળીને એક અશુદ્ધ વિકારપરિણતિ ઊપજી છે, તો એમ તો નથી. કારણ કે **"બે દ્રવ્યો મળીને એક પરિણતિરૂપ થતાં નથી."** એમ માનવાથી બે દ્રવ્યમાંથી કોઇ (એક) દ્રવ્ય નિઃપરિણામી થાયછે પરંતુ અહીં તો સર્વ દ્રવ્ય નિજ પરિણામી છે. ચેતનના ચેતન પરિણામ, અચેતનના અચેતનપરિણામ છે. એવમ્ નિષેધ. (એ પ્રમાણે બન્ને મળીને એક અશુદ્ધ પરિણતિ થવાનો નિષેધ થયો)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે જે રીતે આ બન્ને વિકારના ઊપજવાનું રૂપ છે, તે રીતે જ કહેવામાં આવે છે. પુદ્‌ગલના કર્મત્વવિકાર થવાની આવી કથા છે– આ ત્રણ લોકમાં કાર્મણજાતિના વર્ગણાસ્કંધો ભરચક ભરેલા પડેલા છે. જ્યારે જે જીવને જેવી જેવી જાતિનો મંદતીવ્ર ચિત્વિકારરૂપ રાગભાવ થાય છે, તે કાલે તે જીવના રાગની ચિકણાઈનું નિમિત્ત પામીને (તેવા પ્રકારની) યથાયોગ્ય કર્મ-વર્ગણા–તે જીવની સમીપે રહેલી આકાશપ્રદેશમાંની પુદ્‌ગલવર્ગણા–તે જીવના પ્રદેશોમાં એક ક્ષેત્રાવગાહરૂપે ચોંટે છે અર્થાત્ બંધાય છે. અહીં પણ બંધાઈને ત્યાં તે જ કર્મવર્ગણા, નિજ નિજ કર્મત્વકાર્યરૂપે વ્યક્ત થઈને પરિણમે છે, ઉદયરૂપ થાય છે. ત્યાં રાગરૂપ એવો તે ચિત્વિકાર કર્મવર્ગણા–ઓને વ્યકતરૂપ કર્મત્વરૂપે અનેક પ્રકારે પરિણમવામાં નિમિત્તમાત્ર છે જેમકે તેનો દાખલો (આપી સમજાવીએ છીએ)

જેવી રીતે કોઈ પુરુષના તેલ લગાવેલ ગાત્ર છે, તે તેલનું નિમિત્ત પામીને અન્ય (ભિન્ન) ધૂળ તો મેલ છે પરંતુ તે તેલથી બંધાઈને ધૂળ વ્યકતરૂપે મેલરૂપ પરિણમે છે, તોપણ તે મેલથી મેલો (કહેવાયો) દ્રવ્યકર્મત્વ થવામાં અહીં એવો એટલો જ રાગનો ભાવ નિમિત્તરૂપે જાણવો.

"હવે વિકારની ઉત્પત્તિ કહેવામાં આવે છે":—

જે તે કર્મવર્ગણા જીવસાથે એકક્ષેત્રાવગાહરૂપે ચોંટી હતી, તે સહજ પોતે જ કાલલબ્ધિ પામીને વ્યકત કર્મત્વપરિણામરૂપ થઈને પરિણમે છે, ત્યારે જ તે કાલે તો તે વર્ગણાઓના વ્યકત કર્મત્વ–ઉદયનું નિમિત્તમાત્ર, એટલું જ પામીને વળી (આ તરફ), આ જીવ ચિત્વિકારભાવરૂપે પ્રગટ થઈને પરિણમે છે.

## ॥ ઈતિ સામાન્ય નિરુપણમ્ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ( સામાન્ય દ્રષ્ટાંત દાર્ષ્ટાંત )

વળી અહીં એક ટૂંકું દ્રષ્ટાંત જાણવું. જેમકે એક બિલાડી, લોટણ નામની જડી, તેની જેવી વાસના ( ગંધ ) છે, તેવી વાસના અકારણરૂપ–સહજ જ–પોતામાં ( એ લોટણ જડીમાં ) પ્રગટ છે. એવી જડીની વાસનાનું નિમિત્તમાત્ર, એટલું જ પામીને, વળી ( આ બીજું ) શાણી–પોતાની ગતિમાં પ્રવિણએવી બિલાડી, તે જડીની તે વાસનામાં પોતાની સર્વ સૂરત રંજિત કરતી થકી પોતાની ચેષ્ટાની સૂરત વિસરી ગઇ. ત્યારે તે બિલાડીને કેવો વિકાર ઊપજે છે? તે બિલાડી તે જડીને તો જાણ્યા કરે છે અને તે જડીને દેખ્યા કરે છે તોપણ તે જડીથી તેનું મન ખસતું નથી, તેમાં તે રાચ્યા કરે છે. એવી રીતે થઇને તે બિલાડી તે જડીની આગળ આળોટ્યા કરે છે. એવી રીતે આ જડીની વાસનાનું નિમિત્તમાત્ર એટલું જ પામીને, બિલાડી આળોટવાની ક્રિયા કરે છે; તેવી રીતે કર્મવર્ગણાના વ્યક્તકર્મત્વ પરિણતિનું નિમિત્તમાત્ર એટલું જ પામીને, આ જીવ પોતે જ ચિત્વિકારની ક્રિયાને કરે છે.

## ઈતિ સામાન્ય દ્દષ્ટાન્ત દાર્ષ્ટાન્ત

# હવે ચિત્વિકારનું વર્ણન

જે એકક્ષેત્રાવગાહી તે વર્ગણા છે તે વર્ગણા જ્યારે તે કાલે કર્મત્વરૂપે વ્યક્ત થઈને પોતેજ આકારરૂપ થઈને પરિણતિ-રૂપે પરિણમે છે ત્યારે જ, તે કાલે આ જીવ તે પુદ્‌ગલ-કર્મત્વવ્યક્તપ્રવાહપરિણામપરિણતિનું નિમિત્તમાત્ર, આટલું જ પામીને, વળી (આ તરફ) (આ જીવ–) વસ્ત્વંતર થાય છે તે શી રીતે? કોઈ આ જીવમાં સ્વરૂપાચરણરૂપ–પોતામાંજ વિશ્રામ લેવાના ભાવરૂપ–નિજ પરિણતિની એવી ધારા રહી ગઈ (અટકી ગઇ), તે કર્મમલવ્યકત પરિણામ પ્રવાહ–પરિણતિમાં–પરાચરણરૂપ પરમાં જ–વિશ્રામ લેવાના ભાવરૂપ એવી પ્રવાહરૂપ પરપરિણતિ પ્રવર્તે છે. તે પરકર્મમાં–પરકર્મત્વ વ્યક્તધારામાં રંજક–(રંજિત) રાગરૂપ જીવ પરવિશ્રામધારાપ્રવાહરૂપે પ્રવર્ત્યો, પોતામાં વિશ્રામ લેવો છૂટી ગયો, પુદ્‌ગલમાં અસ્પૃષ્ટ વિશ્રામભાવ કર્યો, તેનું નામ વસ્ત્વંતર કહેવામાં આવે છે. જ્યારે આ જીવ પોતે જ વસ્ત્વંતર થયો ત્યારે આ જીવ એવા વિકારરૂપે પોતે જ ધારારૂપે પરિણમે છે. તે કેવો વિકાર ઊપજ્યો?

આ જીવનો જ્ઞાનગુણ તો અજ્ઞાનરૂપ પ્રવાહ રૂપે પરિણમ્યો. કેવો છે તે અજ્ઞાન વિકાર? ક્રોધ, માન, માયા, લોભ, ઇન્દ્રિય, મન, વચન, દેહ, ગતિ, કર્મ, નોકર્મ, ધર્મ, અધર્મ, આકાશ, કાલ; પુદ્‌ગલ, અન્ય જીવ–એવી એવી જેટલી કાંઈ પરવસ્તુ છે, તેટલીને પોતારૂપ જાણે,” “આ છે તે હું જ છું, હું એમનો કર્તા છું, એ સર્વ મારાં કામ છે, હું છું તો એ છે, એ છે તો

હું જ છું" એવી રીતે પરવસ્તુને તો પોતારૂપ જાણે, પોતાને પરરૂપ જાણ્યો ત્યારે લોકાલોક જાણવાની શક્તિ બધી અજ્ઞાનભાવરૂપ પરિણમી. એ રીતે જીવના જ્ઞાનગુણને અજ્ઞાનવિકાર ઊપજ્યો.

વળી એ જ પ્રમાણે જીવનો દર્શનગુણ હતો તે પણ જેટલા પરવસ્તુના ભેદ છે તેટલા ભેદને પોતારૂપ જ દેખે છે "આ છે, તે હું જ છું, પોતાને પરરૂપ દેખે છે" લોકાલોક દેખવાની જેટલી શક્તિ હતી તેટલી સર્વશક્તિ અદર્શનરૂપ થઈ. એ રીતે જીવનો દર્શનગુણ વિકારરૂપ પરિણમ્યો.

વળી જીવનો સમ્યક્ત્વગુણ હતો તે જીવના ભેદોમાં અજીવની ઠીકતા (તેના બરાબરપણાની શ્રદ્ધા) કરે છે, અજીવના ભેદોમાં જીવની ઠીકતા કરે છે (તે જીવના ભેદને અજીવ માને છે વના ભેદને જીવ માને છે) ચેતનને અચેતન, વિભાવને સુ(સ્વ)-ભાવ, દ્રવ્યને અદ્રવ્ય, ગુણને અવગુણ, જ્ઞાનને જ્ઞેય, જ્ઞેયને જ્ઞાન, એ રીતે સ્વને પર, પરને સ્વ,–એ રૂપે અન્ય સર્વની વિપરીત જ ઠીકતા–આસ્તિક્ય–કરે છે. એ રીતે જીવનો સમ્યક્ત્વગુણ મિથ્યાત્વરૂપ થઈને વિકારરૂપે પરિણમ્યો.

વળી જીવનો જે સ્વ–આચરણગુણ હતો તે, જેટલી એક કાંઈ પરવસ્તુ છે, તે પરમાં સ્વ–આચરણ કર્યા કરે છે, પરમાં જ વર્ત્યા કરે, પરને જ ગ્રહ્યા કરે, પોતાના ચારિત્રગુણની સર્વશક્તિ પરમાં જ લાગી રહી છે. એ રીતે જીવનો સ્વચારિત્ર-ગુણ વિકારરૂપ થઈને પરિણમે છે.

વળી, આ જીવનો સર્વસ્વરૂપ પરિણમવાના બલરૂપ સર્વ-વીર્યગુણ હતો તે પણ સર્વવીર્યશક્તિ ઘણી નિર્બલરૂપ થઈ પરિ-

૭

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ણમી. સ્વરૂપપરિણમનનું બલ રહી ગયું (અટકી ગયું). પરમાં નિર્બલ થઈ પરિણમ્યો. એ રીતે જીવનો વીર્યગુણ વિકારરૂપે થયો.

વળી આ જીવનો આત્મસ્વરૂપરૂપ રસ જે પરમાનન્દભોગ ગુણ હતો તે સાતા-અસાતા, પુણ્યપાપરૂપ પરપુદ્ગલના કર્મત્વવ્યકત ઉદયરૂપ પરપરિણામના પ્રકારે ચિત્વિકારપરિણામનોજરસ ભોગવ્યા કરે, રસ લીધા કરે, તે પરમાનંદગુણની સર્વશક્તિ પરપરિણામનો સ્વાદ લીધા કરે છે, તે પરસ્વાદ પરમદુઃખરૂપ છે. એ રીતે જીવનો પરમાનંદગુણ દુઃખવિકારરૂપે પરિણમ્યો.

એ રીતે આ જીવના અન્ય ગુણો જેવી જેવી રીતે વિપરીત વિકારરૂપે થયા છે તેવી રીતે ગ્રંથાંતરથી જાણી લેવા.

આ જીવના સર્વગુણોના વિકારને સંક્ષેપથી 'ચિત્વિકારના નામથી કહેવામાં આવે છે. એ રીતે એકક્ષેત્રાવગાહી કર્મવર્ગણાના વ્યક્તકર્મઉદયપરિણતિનું નિમિત્તમાત્ર પામીને, આ જીવ પોતેજ વસ્ત્વંતર થયો. વસ્વંતર થતાં પોતેજ ચિત્વિકારરૂપે ધારાપ્રવાહરૂપ થઇને તે બિલાડીની જેમ આ જીવ આ ત્રણ લોકમાં નાચતો ફર્યા કરે છે.

**પ્રશ્નઃ—** અહીં કોઈ પ્રશ્ન કરે છે કે-આવા ચિત્વિકારરૂપે તો જીવ પોતેજ પરિણમે છે પરંતુ "આ એકક્ષેત્રાવગાહી કર્મનો ઉદયનું નિમિત્તમાત્ર પામીને"-એટલાથી તો વિકારને શું પ્રયોજન છે? (જીવના વિકારમાં શું પ્રયોજન છે?)

**ઉત્તરઃ—**વળી આટલા નિમિત્તથી આ છે કે-એટલો જીવનો તે વિકારભાવ અનિત્ય સ્થાપ્યો, અનિત્યતા વિકારની જડ થઈ (અનિત્યતા વિકારનું મૂળ થયું), વિકાર અવસ્તુભાવ ઠર્યો, વિકાર વિકાર જ ઠર્યો, સ્વભાવ ન ઠર્યો. કારણ કે જે કાલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે કર્મત્વવ્યક્તઉદય પરિણતિની જેટલી સ્થિરતા છે-જેટલું તેનું રહેવું છે, તો ( તે કાલે તેટલો કાલ ) આ જીવ પણ ચિત્વિકારનો કર્તા થાય છે. વળી જે કાલે તે એક ક્ષેત્રાવગાહી કર્મ-વર્ગણા કર્મત્વરૂપ થતી રહી ગઈ ( અટકી ગઈ ), તે કાલે સહજ જ આ જીવ પણ ચિત્વિકારભાવને કરતો રહી ગયો ( અટકી ગયો ). આ ચિત્વિકારને કર્મત્વના નિમિત્તનું ( નિમિત્તરૂપ થવામાં તે કર્મત્વનું ) કારણ આટલું આ છે કે આ ચિત્વિકારનું રહેવું કેવલ તે કર્મત્વવ્યક્તઉદય રહેતાં, રહે છે ( હોય છે ), તે જાય તો આ ચિત્વિકાર પણ જાય છે ( તે ટળે તો આ ચિત્વિકાર પણ ટળે છે ). તેથી આ વિકારનું અનિત્યપણું ઠર્યું. વળી આ સ્વાધીન વસ્તુસ્વભાવ ન ઠર્યો, વળી પ્રત્યક્ષ વિકાર, વિકાર જ ઠર્યો. કારણ કે સુભાવની નાસ્તિ તો ત્યારે થાય ( સ્વભાવ તો નાશ ત્યારે પામે ) કે જો આ જીવ વસ્તુનો નાશ થાય જેથી વસ્તુનો તો નાશ ક્યારેય થતો નથી તેથી વસ્તુત્વસ્વભાવભાવ પોતે જ નિત્ય ઠર્યો. આ સ્વભાવભાવનું રહેવું, નિજ વસ્તુત્વ રહેતાં રહે છે ( હોય છે ) તેથી આ સ્વભાવભાવ નિજજાતિસ્વ-ભાવ જ ઠર્યો, તે કેવલ નિજ વસ્તુ જ ઠરી.

વળી આ વિકાર પર રહેતાં રહે છે તેથી તો આ અનિત્ય ઠર્યો. તેનું રહેવું પરાધીન ઠર્યું, વળી જ્યારે આ વિકારભાવ મટી જાય છે ત્યારે તે વસ્તુ તો જેમની તેમજ રહી જાય છે તેથી પ્રત્યક્ષ જાણીએ છીએ કે આ વસ્તુનો વસ્તુસ્વભાવ નથી. આ વસ્તુમાં ઉપરનો અન્ય જ સરીખો આ ભાવ આવ્યો તેથી જે અન્ય જ સરીખો ભાવ આવ્યો તેજ વિકારભાવ તો પોતાને પ્રત્યક્ષ વિકારરૂપ જ દર્શાવે છે-" '**હું આ વસ્તુનો વસ્તુસ્વભાવ નથી, આ વસ્તુમાં હું** ઉપાધિ છું,' " એવી રીતે ( બહારથી ) આવેલો તે વિકારભાવ પ્રત્યક્ષ દર્શાવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વળી જો કોઈ આમ પ્રશ્ન કરે કે જે વેળા વસ્તુ વિકારરૂપે પ્રગટે છે (-પરિણમે છે) તે વેળા સ્વભાવભાવ ક્યાં હોય છે? (તે) નાશ થાય છે કે રહે છે? તેનો ઉત્તર–સ્વભાવભાવ ગુપ્તરૂપ રહે છે.

**ભાવાર્થઃ**—આ સ્વભાવભાવ તો પ્રગટ પરિણામરૂપ છે, તે તો નથી ગયો. પરંતુ જો તે વસ્તુ છે તો તે સ્વભાવભાવ તો પોતે જ છે. તે વિકાર જતાં જ વ્યક્તભાવરૂપ પરિણામ થવો સોહલો છે. જેમકેઃ—તે બિલાડી છે. તો તેનો સ્વભાવભાવ પણ ગયો નથી, કેમકે જે કાલે તે [1]જડીનું નિમિત્ત જાય છે (ટળે છે), નિમિત્ત જતાં જ તે બિલાડીના આળોટવાનો વિકાર જતો રહે છે ત્યારે તો તે બિલાડીનો નિજજાતિસ્વભાવ પ્રગટ થાય છે. વળી જો આળોટતાં બિલાડીપણું મટી ગયું હોત તો બિલાડીનો તે સ્વભાવ ક્યાંથી પ્રગટ થાત? ન થાત. તેથી આળોટતા તો બિલાડીપણું જતું નથી, બિલાડીપણું તો રહે છે. જેવી રીતે બિલાડીપણું રહ્યું, તેવી રીતે સ્વભાવભાવ સ્વયં જ રહ્યો. વળી જો રહ્યો, તો વ્યક્તરૂપ થવો [2]સોહલો છે.

# ઈતિ તાત્પર્ય

એવી રીતે અનાદિથી આ જીવ ચિત્વિકારરૂપ થઈ ભટક્યો. અનેક અનેક વિકારભાવ કરી નાચ્યો. નાચતાં નાચતાં અનંત-

૧ જડી–બિલાડીનો ટોપ–એક જાતિની વનસ્પતિ છે. જેને જોઈને બિલાડી આળોટવા લાગે છે.

૨ સોહલો=સહેલો, સુખદાયક, સુંદર, સોહામણો.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાલ જ્યારે ગયો ત્યારે કોઈ ભવ્ય જીવને વસ્તુસ્વભાવભાવના પ્રગટ પરિણામભાવ થવાની કાલલબ્ધિ આવી. તે સંસારી જીવ કેવો છે? સંજ્ઞી પંચેન્દ્રિય છે. એવા જીવને કાલલબ્ધિ આવતાં, જે રીતે સ્વભાવપરિણામ પ્રગટ થાય છે, તે રીતિ કહેવામાં આવે છે.

પૌદ્ગલિક દર્શનમોહની ત્રણ પ્રકૃતિ–મિથ્યાત્વ, મિશ્રમિથ્યાત્વ, સમકિતપ્રકૃતિમિથ્યાત્વ. એ ત્રણ પ્રકૃતિનો મૂળથી જ નાશ થયો, અથવા ઉપશમ થયો, અથવા ક્ષયોપશમ થયો, અથવા બે પ્રકૃતિનો તો ક્ષયોપશમ થયો અને એક સમકિતપ્રકૃતિમિથ્યાત્વનો ઉદય રહ્યો છે. એ રીતે તો પૌદ્ગલિક દર્શનમોહની અવસ્થા થઈ. વળી તે કાળે પૌદ્ગલિક ચારિત્રમોહની અનંતાનુબંધી ચોકડીનો મૂળથી નાશ થયો, અથવા ઉપશમ થયો, અથવા ક્ષયોપશમ થયો, એ રીતે અનંતાનુબંધીની અવસ્થા થઇ.

વળી જ્ઞાનાવરણી, દર્શનાવરણી, અંતરાય, વેદનીય (?) એ ચારેય પૌદ્ગલિક કર્મના સંક્ષેપથી (સામાન્યપણાથી) કેટલાક કર્મઅંશોનો ક્ષયોપશમ થયો. તે આ ક્ષયોપશમ કેવો જાણવો?

તે કર્મ–અંશો ઉદયરૂપ થતાં જે અભાવ થયો, તે અભાવને ક્ષય કહેવામાં આવે છે. વળી તે કર્મઅંશોનો સત્તાભાવ રહ્યો છે, તે સત્તાને ઉપશમ કહેવામાં આવે છે. એવા ક્ષયોપશમરૂપે આ અંશોની દશા થઈ. એવી રીતે આ પુદ્ગલકર્મો મટતાં, તે કાલે 'ચિત્વિકાર' પણ સહજ જ નાશ પામી જાય છે.

કોઈ અહીં પ્રશ્ન પૂછે કે–ચિત્વિકાર મટતાં જ પુદ્ગલકર્મનો નાશ કેમ ન કહો? તેનો ઉત્તર:—જે આ ચિત્વિકારની સ્થિતિ છે તે પુદ્ગલકર્મની સ્થિતિને આધીન છે, વળી પુદ્ગલકર્મની સ્થિતિ ચિત્વિકાર સ્થિતિને આધીન નથી. આ પુદ્ગલકર્મની સ્થિતિ, કાલદ્રવ્યને આધીન છે. જે જે પુદ્ગલદ્રવ્યનું જેટલા કાલ સુધી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે જીવની સાથે કર્મત્વરૂપે પરિણમવાનું છે, તેટલા જ કાલ સુધી કર્મત્વસ્થિતિ ( તેની કર્મત્વરૂપે સ્થિતિ ) રહે. તે કર્મત્વરૂપે પરિણમવાની કાલની મર્યાદા જ્યારે પૂરી થાય છે ત્યારે જ પુદ્ગલની કર્મત્વરૂપે પરિણમવાની સ્થિતિ મટી જાય છે. તેથી કાલની મર્યાદા પૂરી થતાં પુદ્ગલની કર્મત્વરૂપ સ્થિતિ મટે છે. તે પુદ્ગલની કર્મત્વની સ્થિતિ મટતાં જ, ચિત્વિકારની સ્થિતિ મટે છે. તેથી અહીં પુદ્ગલની કર્મત્વરૂપે પરિણમવાની સ્થિતિ મટી, તેના જ અનુસારે ચિત્વિકાર મટયો. જીવનો ચિત્વિકાર જ્યારે મટે છે ત્યારે જીવની નિજજાતિરૂપ વસ્તુસ્વભાવ જેવો હતો તેવો જ પરિણામરૂપે વ્યક્ત થઈને પ્રવાહ પ્રવર્તે છે. તે કહેવામાં આવે છે.

અનાદિથી જીવનો જે સ્વભાવ–આચરણભાવ–રાગમોહરૂપ થઈને સર્વપરપુદ્ગલને પોતારૂપ માની રહ્યો હતો તે જ, સ્વરૂપાચરણરૂપ થયો કેટલોક ( ભાવ ) નિજ વસ્તુમાં જ મગ્ન થયો, સ્થિરીભૂત ( સ્થિરતારૂપ ) ઊપજ્યો.

## ॥ ઈતિ સામાન્ય કથન ॥

વિશેષરૂપથી તે પૌદ્ગલિકદર્શનમોહની સ્થિતિ જેવી નાશ થઈ તે વેળા જ આજીવનો જે સ્વસમ્યકત્વગુણ મિથ્યાત્વરૂપે પરિણમ્યો હતો તે જ સમ્યકત્વગુણ સંપૂર્ણ સ્વભાવરૂપ થઈ પરિણમ્યો, પ્રગટ થયો. ચેતનવસ્તુના દ્રવ્યગુણપર્યાયની, જીવવસ્તુજાતિનું જુદું આસ્તિકય–ટંકોત્કીર્ણ પ્રતીતિ અને અચેતન વસ્તુના દ્રવ્ગુણ-પર્યાયથી અજીવવસ્તુજાતિનું જુદું આસિતિકય–ટંકોત્કીર્ણ પ્રતીતિ એવો તે સમ્યકત્વગુણ સર્વાંગ નિજજાતિસ્વરૂપ થઈ પરિણમ્યો–પ્રગટયો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે કાલે, તે જ્ઞાનગુણ અનંતશક્તિએ કરી વિકારરૂપ અનાદિથી થઇ રહ્યો હતો, તે જ્ઞાનગુણની તે અનંતશક્તિઓમાંની તો કેટલીએક ચેતનનિજજાતિવસ્તુસ્વરૂપ સ્વજ્ઞેયને પ્રત્યક્ષ નિજરૂપ થઈ, સર્વ અસંખ્યાત જીવપ્રદેશમાં પ્રગટ થઇ, સામાન્યપણે તેને નામથી 'ભાવમતિ-શ્રુત' એવા નામે કહેવામાં આવે છે અથવા નિશ્ચય શ્રુતજ્ઞાન-પર્યાય કહેવામાં આવે છે. અથવા જઘન્ય જ્ઞાન કહેવમાં આવે છે કે જ્ઞાની કહેવામાં આવે છે, શ્રુતકેવલી કહેવામાં આવે છે એકદેશ પ્રત્યક્ષજ્ઞાન કહેવામાં આવે છે કે સ્વસંવેદનજ્ઞાન કહેવામાં આવે છે અથવા જઘન્યજ્ઞાન કહેવામાં આવે છે આનાથી અન્ય (એ સિવાય બાકીની) સર્વ જ્ઞાનશક્તિ રહી, તે અજ્ઞાનવિકારરૂપ પ્રવર્તે. છે. આ બધા વિકાર શક્તિઓની સામાન્યસંજ્ઞા કર્મધારા કહેવમાં આવે છે એ પ્રમાણે તે સમ્યક્ત્વગુણસ્વરૂપ પરિણમવાના કાલે જ્ઞાનગુણની અનંતશક્તિઓમાંની એવી કેટલીએક સ્વરૂપરૂપ થઇ પ્રવર્તી.

વળી, તે કાલે જીવના દર્શનગુણની અનંતશક્તિ અદર્શન-વિકારરૂપ અનાદિથી થઈ રહી હતી, તેમાંની પણ કેટલીએક શકિત દર્શનનિજજાતિસ્વસ્વરૂપ થઇને જીવના અસંખ્યાતપ્રદેશમાં પ્રત્યક્ષ પ્રગટ થઇ. વળી જેવી રીતે જ્ઞાનની શક્તિની પ્રત્યક્ષ થવાની રચના કહી હતી તેવી જ રીતે દર્શનગુણની કેટલીએક શક્તિની પ્રત્યક્ષ થવાની રચના થઇ. વળી જેમ જ્ઞાનની શક્તિને કર્મધારારૂપ કહી, તેમ દર્શનગુણની કેટલીએક શક્તિની પ્રત્યક્ષ થવાથી રચના થઈ. અન્ય (બાકીની) શકિત કર્મધારારૂપ પ્રવર્તે છે.

વળી તે કાલે જીવના સ્વચારિત્રગુણની અનંતશકિત પરાચરણ-રૂપે રાગરૂપ અનાદિથી થઇ રહી હતી તે અનંત આચરણ-શકિતમાંની કેટલીક આચરણશકિત વીતરાગનિજજાતિરૂપ થઇને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિજવસ્તુના સ્વસ્વરૂપમાં સ્થિરરૂપ વિશ્રામરૂપે પ્રગટ થઇ. (તે શક્તિએ) નિજવસ્તુસ્વરૂપ આચર્યું, તેમાં સ્થિરતા કરી, વળી શ્રુતકેવલીજીવની ચારિત્રગુણની કેટલીએક શક્તિ જે અબુધરૂપ થઇ રહી છે, તેથી તે ચારિત્રની શક્તિ રાગરૂપ છે. જ્યાં રાગ છે ત્યાં બંધન છે. તેથી શ્રુતકેવલીને ચારિત્રગુણની બુધરૂપ શક્તિથી આશ્રવબંધ નથી, ચારિત્રની અબુધરૂપ રાગશક્તિથી સૂક્ષ્મ (થોડો) આશ્રવ-બંધ થાય છે. એ રીતે જઘન્યજ્ઞાનીને સ્વચારિત્રગુણની કેટલીએક શક્તિ સર્વજીવપ્રદેશરૂપ નિજવસ્તુમાં વીતરાગ થઇને સ્થિરીભૂત (સ્થિર) વિશ્રામરૂપે પ્રવર્તે છે. ચારિત્રની અબુધ રાગરૂપ અન્ય શક્તિ વિકારરૂપે પ્રવર્તે છે.

વળી તે કાલે આ જીવની એક સ્વપરમાનંદ ભોગગુણની અનંતશક્તિ ચિત્વિકારરૂપ પુણ્ય-પાપ, દુઃખભોગરૂપે અનાદિથી પ્રવર્તી હતી, તેમાંની કેટલીએક શક્તિ સ્વપરમાનંદરૂપ થઈ સુખભોગરૂપે પ્રવર્તી, તેટલીએક પરમાનંદભોગગુણની શક્તિ સ્વસુખ-ભોગરૂપ પ્રગટ થઇ, ચારિત્ર ગુણની જેટલી એક શક્તિ સ્થિર-રૂપ સ્વઆચરણરૂપે પ્રવર્તી કેટલીએક શક્તિરૂપ નિજસ્વરૂપના ભોગરૂપે પ્રવર્તે છે, કેટલીએક શક્તિરૂપ પુણ્ય-પાપ ભોગરૂપે પ્રવર્તે છે.

વળી તે કાલે આ જીવના વીર્ય-બલગુણની સર્વશક્તિ સ્વરૂપ-રૂપ પરિણમવામાં અનાદિથી નિર્બલ થઈ રહી હતી, તેમાંની કેટલીએક શક્તિ નિજસ્વરૂપ પ્રગટ થતાં બલવાન થઈ પ્રવર્તી સમ્યકત્વગુણ અને જ્ઞાનગુણની જેટલીએક શક્તિ, દર્શનગુણની જેટલીએક શક્તિ, ચારિત્રગુણની જેટલી એક શક્તિ, પરમાનંદ-ગુણની જેટલીએક શક્તિ, પરમાર્થે જેટલીએક સ્વરૂપરૂપે થઇને પ્રવર્તી, તેટલીએક વીર્યગુણની શક્તિ જીવન સર્વ પ્રદેશમાં વીર્ય-બલરૂપ ધારીને પ્રવર્તી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ રીતે, કોઇ ભવ્ય જીવને કાલલબ્ધિ પામીને સમ્યક્ત્વગુણ, જ્ઞાન-દર્શન-સ્વચારિત્ર-પરમાનંદભોગસ્વભાવ-વીર્યગુણની કેટલીએક શકિત સ્વભાવરૂપે પ્રગટ થઇને પ્રવર્તી. તે જીવના અંસખ્યાત પ્રદેશોમાં, જ્ઞાન, દર્શન, ચારિત્ર, પરમાનંદાદિ ગુણની શકિત બુદ્ધિરૂપ ( બુધરૂપ ) શુદ્ધ, અબુદ્ધરૂપ ( અબુધરૂપ ) ચિત્વિકાર થઈ અશુદ્ધ પ્રવર્તે છે. તો એ રીતે સ્વરૂપરૂપ. વિકારરૂપ બન્ને ધારા બારમા ગુણસ્થાન સુધી રહે છે, તે કારણે આ જીવને એટલા કાલ સુધી મિશ્રધર્મપરિણતિ કહેવામાં આવે છે. કારણ કે સ્વભાવતો પ્રગટ થયો છે પરંતુ ગુણવિકાર પણ પ્રવર્તે છે, તેથી તેટલા કાલ સુધી તે જીવદ્રવ્યને મિશ્રધર્મી કહેવામાં આવે છે, વળી જે કાલે મન-ઇન્દ્રિયની બુધશકિત સર્વથા સ્વભાવરૂપ થઈ રહેશે ત્યારે જ્ઞાનગુણની અનંતશકિત સ્વભાવરૂપ થશે ત્યાં સર્વથા સ્વભાવરૂપ ગુણ કહેવામાં આવશે.

ઈતિ મિશ્રધર્મ અંતરાત્માપરિણતિકથન સમાપ્તમ્.

## ॥ ઈતિ મિશ્રધર્મવાદ ॥

## ॥ ઇતિ એકાદશવાદ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# જીવાધિકાર વર્ણન.

મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ, પરપરિણતિ, ફલભોગાદિ ચિત્વિકારભાવ અને આ ચિત્વિકાર થતાં જીવને સંસાર–મુક્તાભાવ ઊપજે છે, તે કોણ?

જીવના પુણ્ય–પાપરૂપ શુભ–અશુભભાવ, જીવના રાગના ચિકણા પરિણામરૂપ બંધભાવ, જીવના રાગ–દ્વેષ–મોહરૂપ આશ્રવભાવ, પરભાવને ન આચરે તે જીવનો સંવરભાવ, ચિત્વિકારનો અંશ નાશ થાય તે જીવનો નિર્જરાભાવ, સર્વચિત્વિકારનો નાશ થાય તે જીવનો મોક્ષભાવ–એટલા ચિત્વિકારરૂપ સંસાર–મુક્તિભાવના વેષમાં વ્યાપ્યવ્યાપક તો એક ( કેવલ ) જીવ જ એક થયો છે, બીજું કોઈ દ્રવ્ય નથી થયું. એ રૂપ એક જીવ પોતે જ છે. પણ એ ભાવો જીવના કોઈ નિજજાતિસ્વભાવ નથી. આટલા ભાવોમાં જે ચેતના વ્યાપી રહી છે, તે એક 'ચેતનાને' તું જીવનો નિજજાતિસ્વભાવ જાણ. "**આ જે ચેતના છે તે જ કેવલ જીવ છે. તે અનાદિ અનંત એકરસ છે. તેથી આ ચેતના પોતાને જ સક્ષાત્ જીવ જાણવો**"–વળી આ રાગાદિ વિકારભાવને જ નિસ્સંદેહ આ જીવના સ્વાંગવેષથી જાણવા, તેથી શુદ્ધ ચેતનારૂપ જીવ પોતે થયો.

આ રાગાદિ ભાવોમાં જીવ પોતે જ ચેતનરૂપે પ્રવર્તે છે. ચેતના છે તે જીવ છે. જે જીવ છે તે ચેતના છે. તેથી જીવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વયં ચેતના રૂપ થઈ રહ્યા છે. "'ચેતના' એટલો ભાવ તે જ તો નિશ્ચયથી જીવ, બીજા સર્વ કોઈ ભાવો જીવપદરૂપ નથી."

## ॥ ઈતિ જીવાધિકાર ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ✻ અજીવાધિકાર વર્ણન ✻

પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ, પાંચ શરીર, છ સંહનન, છ સંસ્થાન, પાંચ મિથ્યાત્વ, બાર અવિરતિ, પચીસ-કષાય, પંદર યોગ, મોહ, રાગ, દ્વેષ, વર્ગણા, જ્ઞાનવરણી, દર્શનાવરણી, વેદની, મોહની, આયુ, નામ, ગોત્ર, અંતરાય, નોકર્મ, વર્ગ, વર્ગણા, સ્પર્દ્ધક ઇત્યાદિ સર્વ ભેદો પુદ્ગલપરિણામમય પ્રગટ જાણવા. વળી જીવના રાગાદિકનું નિમિત્ત પામીને આ પુદ્ગલ જીવસાથે મળી એકક્ષેત્રાવગાહી થાય છે–એકીભૂત થાય છે, એવી રીતે પુદ્ગલ જીવસાથે એકીભૂત થયા છે. તે જીવની સમીપે રહેલા પુદ્ગલ જે જે લક્ષણરૂપ થઈ પરિણમે છે તે તે લક્ષણ સર્વ, પુદ્ગલપરિણામમય જાણવા. તે લક્ષણ કહેવામાં આવે છે.

તીવ્ર મંદ, મધ્યમ, કર્મપ્રકૃતિઓનું સુખદુઃખરૂપ લક્ષણ હોય છે, મનવચનકાયના હલનચલનરૂપ લક્ષણ હોય છે, કર્મોના પ્રકૃતિપરિણામરૂપ લક્ષણ હોય છે, નિજફલ થવામાં સમર્થ એવા ઉદયરૂપ લક્ષણ હોય છે, ચારગતિરૂપ લક્ષણ હોય છે, પાંચ ઇન્દ્રિયરૂપ લક્ષણ હોય છે, છ કાયરૂપ લક્ષણ હોય છે, પંદર જોગરૂપ લક્ષણ હોય છે, કષાયપરિણામરૂપ લક્ષણ હોય છે, જીવના જ્ઞાનગુણના પર્યાયમાં આઠનામસંજ્ઞામાત્ર, વચનવર્ગણા ઉપજાવવાની નામરચનારૂપ આઠ અવસ્થારૂપ લક્ષણ હોય છે, જીવના ચારિત્રગુણના પર્યાયમાં સાતનામસંજ્ઞામાત્ર વચનવર્ગણારૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રચના–કાર્ય ઉપજાવવારૂપ લક્ષણ હોય છે, જીવના સમ્યકત્વગુણના પર્યાયમાં છ નામસંજ્ઞામાત્ર વચનવર્ગણારૂપ રચના–કાર્ય માત્ર ઉપજાવવા-રૂપ લક્ષણ હોય છે, જીવના કર્મરૂપ છ રંગનામભેદથી ભેદ પાડીએ એવું એવું લેશ્યારૂપ લક્ષણ હોય છે. જીવના સંજ્ઞાભાવરૂપ ચારનામમાત્ર ભેદરચના ઉપજાવવારૂપ લક્ષણ હોય છે, જીવના ભવ્ય–અભવ્યરૂપ નામમાત્રરચના ઉપજાવવારૂપ લક્ષણ હોય છે, આહારક–અનાહારકરૂપ નામમાત્રરચના ઉપજાવવારૂપ લક્ષણ હોય છે, પ્રકૃતિઓના નિજકાલની મર્યાદા સુધી રસ, રૂપ રહે છે તે સ્થિતિબંધરૂપ લક્ષણ હોય છે, કષાયના ઉત્કૃષ્ટ વિપાકરૂપ લક્ષણ હોય છે, કષાયોના મંદ વિપાકરૂપ લક્ષણ હોય છે, ચારિત્રમોહવિપાકનો યથાક્રમે કરીને નાશ થવો તે સંજમરૂપ લક્ષણ હોય છે, પર્યાપ્ત, અપર્યાપ્ત, સૂક્ષ્મ, બાદર, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, અસંજ્ઞી-પંચેન્દ્રિય, સંજ્ઞીપંચેન્દ્રિય, ચોરાશીલાખ ભેદાદિરૂપ લક્ષણ હોય છે, પ્રકૃતિઓના ઉદય, ઉદયનાશરૂપ અવસ્થાથી જુદાં જુદાં ગુણસ્થાન હોય છે, તે મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરતિ, દેશવિરતિ, પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મસાંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણકષાય, સંજોગ, અજોગ, એવા લક્ષણ હોય છે–એ સર્વ લક્ષણ કહ્યાં, તે સર્વ પુદ્ગલપરિણામમય જાણવાં.

આ પુદ્ગલ જ્યારે જીવપ્રદેશોમાં એકક્ષેત્રાવગાહી પુદ્ગલ થાય છે ત્યારે જીવના સમીપે રહેલાં પુદ્ગલ, આટલા આ લક્ષણ-રૂપે પરિણમે છે, તેથી આ લક્ષણરૂપ પુદ્ગલપરિણામને જીવસમીપી કહેવામાં આવે છે. તેથી આ સર્વ પુદ્ગલપરિણામ અચેતન જાણવા–પુદ્ગલમય જાણવા. એનામાં ચેતનનો ભ્રમ ન કરવો. ગમે તે કાલે પણ (દરેક વખતે, ત્રણે કાલ, હંમેશાં) (એમને) અન્ય દ્રવ્ય જ જાણવું. એનામાં જીવની પ્રતીતિ કરવામાં આવે છે, તે મિથ્યાત્વ છે, સમ્યગ્જ્ઞાતા એમને અચેતનરૂપ પરદ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તરીકે જુદા જ જાણે છે. પોતાને ચેતનારૂપ ચેતનદ્રવ્ય તરીકે જુદું જ આચરે છે.

વળી જીવસાથે જે એ એકક્ષેત્રાવગાહી પુદ્‌ગલો છે તે પુદ્‌ગલો જ્યારે ઉદયરૂપે પરિણમે છે ત્યારે સહજ જ તે કાલે જીવનો ચિત્વિકાર પણ તે ઉદયનું નિમિતમાત્રપામીને તે પ્રકારે, તેવા જ ભાવે, તેવા ફૂટે કરી તેવા સ્વાંગે કરી, તેવું અનુ-કરણ કરી ચિત્વિકારના ભાવ થાય છે.

જો પુદ્‌ગલ ક્રોધના ઉદયરૂપ પરિણમે તો તે કાલે ચિત્વિકાર પણ તેવા જ ભાવે થાય છે, એ રીતે સર્વ જાણવું. એ રીતે જીવના આ ચિત્વિકારભાવોને ઔદયિકભાવ કહેવામાં આવે છે અથવા જ્યારે આ એકક્ષેત્રાવગાહી પુદ્‌ગલપ્રકૃતિ–ઉપશમ, ક્ષયો-પશમ, ક્ષયરૂપ એ ત્રણપ્રકારની નાશ થવાની જુગતિથી (રીતિથી) પુદ્‌ગલપ્રકૃતિ–નાશ થાય છે, ત્યારે તે કાલે તેવી રીતિથી જીવનો આ ચિત્વિકાર પણ નિસ્સંદેહ નાશ થઈ જાય છે. જ્યાં ચિત્વિ-કાર નાશ થયો ત્યાં કેવલ એક ચિત્ત પોતે જ પ્રગટ થઈ રહે છે. પરંતુ એક વિશેષ છેઃ—

જે પ્રકારે કરી પ્રકૃતિઓના નાશનો ભાવ થયો હોય, તે પ્રકારે આ ચિત્ શુદ્ધતાનું નામ પામે. પ્રકૃતિ ઉપશમે તો ચિત્ ઉપશમશુદ્ધતાનું નામ પામે. પ્રકૃતિના ક્ષયોપશમ ચિત્ ક્ષયોપશમશુદ્ધતાનું નામ પામે. પ્રકૃતિના ક્ષયથી ચિત્ ક્ષાયિક-શુદ્ધતાનું નામ પામે. એ રીતે કરીને જીવના થયેલા ચાર ભાવ ઔદયિક, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક–એ ભાવોના રૂપે કોઇ, જીવનો નિજજાતિસ્વભાવ જાણે તો તે મિથ્યાત્વી છે.

હવે એ ચારેય ભાવોમાં પ્રવર્ત્યું તો એક ચિત્, એ રૂપે ચિત્ જ થયું છે. તે એક કેવલ ચિત્‌ને જ જેણે નિજ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રૂપ જાણ્યો તે જ, જીવની નિજજાતિનો જ્ઞાતા થયો. એ ચારેય ભાવોમાં વ્યાપેલી એક ચેતના, તે ચેતના એક જીવના નિજરૂપે થઈ પ્રગટી, અને શુદ્ધાશુદ્ધરૂપ ભાવો તે ચેતનાના ઠર્યા. જ્યારે શુદ્ધ ભાવ છે ત્યારે અશુદ્ધ નથી, જ્યારે અશુદ્ધ ભાવ છે ત્યારે શુદ્ધ નથી. વળી કેટલાક કાલ સુધી શુદ્ધ અશુદ્ધ બન્નેય ભાવો હોય છે, પરંતુ આ ચેતના એ ભાવોમાં સદાય હોય છે, આ કદી પણ અસ્ત થતી નથી, જેથી તે અનાદિ નિધન (અનાદિ-અનંત) રહે છે. તેથી જ્ઞાતાને જીવરૂપ ચેતનાનું જ આચરણ છે. એક ચેતનાથી જ જીવને દર્શાવવામાં આવે છે. નિઃસંદેહ એક ચેતનારૂપે જ જીવ પ્રગટ થયો.

## ॥ ઈતિ અજીવાધિકારઃ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ❋ કર્તાકર્મક્રિયા–અધિકારવર્ણન ❋

જે વસ્તુથી પરિણામ–પ્રવાહ પ્રવર્ત્યા કરે તે વસ્તુને પ્રવાહનો કર્તા કહેવામાં આવે છે. વળી તે વસ્તુના તે પરિણામ–પ્રવાહને કર્મસંજ્ઞાથી કહેવામાં આવે છે. તે પરિણામપ્રવાહમાં પૂર્વ પરિણામનો ક્ષય, ઉત્તર પરિણામનું ઉપજવું તેને ક્રિયા કહેવામાં આવે છે. પરંતુ " **કર્તા–કર્મ–ક્રિયા એ ત્રણે એક વસ્તુના હોય છે. વસ્તુત્વમાં ( વસ્તુની અંદર ) કાંઈ ભેદ નથી.**" જેમકે માટી કર્તા, ઘડો કર્મ, અને પિંડનો આકાર મટ્યે ઘટાકાર થાય તે ક્રિયા, એ રીતે એક માટી વસ્તુમાં આ ત્રણ ભાવોનો વિકલ્પ ( ભેદ ) કરવામાં આવે છે. પરંતુ કર્તા–કર્મ–ક્રિયા એ ત્રણેય માટીના જ છે, એક માટીથી જુદા નથી. એ ત્રણેય ભેદોમાં માટી એક જ છે, ત્રણેય માટીથી ઉપજ્યાં છે. "**તેવી રીતે ચેતનવસ્તુના ત્રણેય ચેતન જ હોય છે, અચેતન-વસ્તુના ત્રણેય અચેતન જ હોય છે. પોતપોતાની વસ્તુમાં એ ત્રણેય વ્યાપ્ય–વ્યાપક હોય છે; પરની સત્તામાં વ્યાપ્યવ્યાપક કોઈ હોતું નથી, એવી સદ્દાની મર્યાદા છે.**"

એક કર્તાના ચેતન–અચેતનરૂપ બે કર્મ ન હોય, એક કર્મના ચેતન–અચેતનરૂપ બે કર્તા ન હોય. એક કર્તાની ચેતન–અચેતન-રૂપ બે ક્રિયા ન હોય. એક ક્રિયાના ચેતન–અચેતનરૂપ બે કર્તા ન હોય. એક કર્મની બે ક્રિયા ન હોય. એક ક્રિયાના બે કર્મ ન હોય, એક કર્તાનાં ચેતનકર્મ, અચેતનક્રિયા ન હોય, ( એક

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્તાના ) અચેતન કર્મ, ચેતનક્રિયા ન હોય. એક કર્મના ચેતન-કર્તા, અચેતનક્રિયા, અચેતન કર્તા, ચેતનક્રિયા ન હોય. એક ક્રિયાના ચેતનકર્તા અચેતનકર્મ, ચેતનકર્મ, અચેતનકર્તા ન હોય. તેથી એક ચેતનસત્ત્વના એક ચેત ( ચેતન ) જાતિના કર્તા, કર્મ, ક્રિયા ત્રણેય વ્યાપ્ય-વ્યાપક જાણવાં. અચેતન એક સત્તાના એક અચેતનજાતિના કર્તા, કર્મ, ક્રિયા વ્યાપ્ય-વ્યાપક જાણવાં. "પર-દ્રવ્યનું કર્તા, પરદ્રવ્ય કોઈ પણ રીતે ન હોય. પરદ્રવ્યનું કર્મ, પરદ્રવ્યનું કર્મ ન હોય, પરદ્રવ્યની ક્રિયા, પરદ્રવ્યની ક્રિયા ન હોય, નિસ્સંદેહ કોઈ રીતે ન હોય." જ્ઞાતા જાણે, મિથ્યા-ત્વીને કાંઈ સુધ ( ભાન, ગમ ) નથી.

વળી બીજું-"પરદ્રવ્યને પરિણમાવવા માટે પોતે નિમિત્તનો કર્તા નથી. અન્ય કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને પરિણમાવે નહિ. કેમકે કોઈ દ્રવ્ય નિઃપરિણામી ( અપરિણામી ) નથી, સર્વ દ્રવ્યો પરિણમી છે. ( વળી ) અન્ય કોઈ જાણી ( લ્યે કે-જીવ પુદ્ગલ બન્ને મળીને એક સંસારપરિણતિ ઊપજી છે, તો તે અનર્થ છે. કારણ કે બે દ્રવ્ય મળી ને કદી પણ એક પરિ-ણતિ ન થાય." અને એક પરિણતિરૂપ જો થાય તો બન્ને દ્રવ્યનો નાશ થાય. એ દૂષણ ( આવે ). તેથી ચિત્વિકારરૂપ સંસાર-મોક્ષમાં પોતે જ વ્યાપ્યવ્યાપક થાય છે, અન્ય જુદું પ્રવર્તે છે. વળી ત્યાં જ પુદ્ગલ જ્ઞાનાવરણાદિ કર્મત્વરૂપે વ્યાપ્ય વ્યાપક થયું થકું, અનાદિથી જુદું જ સદા પરિણમે છે, એટલું જ જાણવું.

સંસારદશામાં જીવપુદ્ગલનો પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક ભાવ જાણવો. સહજ જ તેઓ પોતે પોતારૂપે જુદે જુદા પરિણમે છે. "કોઈ જીવ-પુદ્ગલોને કાંઈ પણ પરસ્પર સંબંધ નથી." જેણે આ કર્તા-કર્મ-ક્રિયાનો ભેદ યથાર્થ ( બરાબર ) જાણ્યો, તેણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાની ચેતના જુદી જાણી. પોતાની પરિણતિની શુદ્ધતા થઈ અને તે જ સંસારથી ભલી રીતે વિરક્ત થાય છે, તેમને પરમાત્મસ્વરૂપની પ્રાપ્ત થાય છે.

## ॥ ઈતિ કર્તાકર્મક્રિયાધિકાર ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પુણ્ય પાપાધિકાર.

પૌદ્‌ગલિક પુણ્ય–પાપ એક જ કર્મના બે ભેદ છે. એ બન્નેની કર્મજાતિ એક છે, કર્મ અભેદ છે, અવેર છે, અચેતન છે. જીવના ચિત્વિકારમાં પણ પુણ્ય–પાપ ઊપજે છે, તે બન્ને એક જ વિકારભાવના ભેદ છે. વિકારજાતિ એક જ છે, એ બન્ને વિકારરૂપે અભેદ છે, આકુલતારૂપ છે, સંસારરૂપ છે, ખેદ-રૂપ છે, ઔપાધિક છે અને બન્ને કર્મબંધના નિમિત્ત છે, બન્ને પોતે એકબંધરૂપ છે, તેનાથી મોક્ષ કેવી રીતે થાય? **"જે આ બન્નેથી મોક્ષ થવાની પ્રતીતિ રાખે છે, તે અજ્ઞાની છે."** જે પોતે બંધરૂપ છે, તેનાથી મોક્ષ કેવી રીતે થાય ? તેનાથી મોક્ષ ક્યારેય ન થાય.

જીવની એક નિજજાતિરૂપ ચેતના, તે ( ચેતનાનો ) સ્વ-ભાવ પ્રગટ થતાં મોક્ષ છે. તે ચેતનાનો સ્વભાવ મોક્ષરૂપ છે. તે પ્રગટતાં નિસ્સંદેહ કેવલ મોક્ષ જ છે. જેથી જ્ઞાતાને એવી ચેતનાનું આચરણ છે, ત્યાં સહજ જ મોક્ષ છે. જીવના વિકાર-રૂપ પુણ્ય–પાપ કેવલ બંધરૂપ છે, ત્યાજ્ય છે. જીવનો એક ચેતનાસ્વભાવ જ મોક્ષ છે.

## ॥ ઇતિ પુણ્ય પાપાધિકારઃ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# આશ્રવાધિકાર

આશ્રવ એટલે આવવું, ચિત્વિકારરૂપ રાગ-દ્વેષ-મોહ એ આશ્રવ જીવના છે, અચેતનરૂપ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, જોગ એ આશ્રવ પુદ્ગલના છે. તેથી ચિત્વિકારરૂપ રાગ-દ્વેષ-મોહ તો પૌદ્ગલિક આશ્રવ આવવામાં નિમિત્તમાત્ર છે અને પૌદ્ગલિક મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ એ આઠ પ્રકારાદિરૂપ કર્મવર્ગણાના આવવામાં નિમિત્ત છે. તેથી જ્યારે જીવ જ્ઞાનરૂપે પરિણમ્યો ત્યારે જ તે ચિત્વિકારરૂપ રાગ-દ્વેષ-મોહના આશ્રવથી રહિત થયો. ત્યાં સામાન્યપણે જ્ઞાનીને નિરાશ્રવ કહેવામાં આવે છે. જ્ઞાની 'નિરાશ્રવ' એવું મુખ્ય નામ પામે છે. તથા જો ભેદથી જોવામાં આવે તો જ્યાંસુધી જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોનો જઘન્ય પ્રકાશ છે ત્યાંસુધી આત્માનો સ્વભાવ જઘન્ય કહેવામાં આવે છે; ત્યાંસુધી એવા જઘન્ય જ્ઞાનીને બુદ્ધિપૂર્વકથી તો નિરાશ્રવ કહેવામાં આવે છે અને જઘન્ય જ્ઞાનીને અબુદ્ધિ-પૂર્વક રાગભાવરૂપ પરિણામકલંકથી આશ્રવ બંધ થાય છે. તેથી જઘન્ય જ્ઞાની બુદ્ધિપૂર્વક પરિણામથી નિરાશ્રવ-નિર્બંધ પ્રવર્તે છે.

જ્યારે અનંતજ્ઞાન, અનંતદર્શન, ચારિત્રાદિ ઉત્કૃષ્ટ પ્રકાશ પ્રગટ થયા ત્યારે ત્યાં આત્મસ્વભાવ ઉત્કૃષ્ટ કહેવામાં આવે છે. એવા ઉત્કૃષ્ટ જ્ઞાનીને બુદ્ધિપૂર્વક, અબુદ્ધિપૂર્વક ભાવોનો નાશ થઈ ગયો, તેથી તેમને સર્વથા, સાક્ષાત્, નિરાશ્રવ-નિર્બંધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેવામાં આવે છે, ઉત્કૃષ્ટ જ્ઞાનીના એક નિરાશ્રવ, સાક્ષાત્, નિરાશ્રવ એવા બે વિશેષ ભેદ જાણવા. એવો જે ચેતન આશ્રવ છે તે વિકાર છે. તેથી હે સંત! તું એક નિજજાતિરૂપ ચેતનાને જ જીવનો નિજસ્વભાવ જાણ.

## ॥ ઈતિ આશ્રવાધિકારઃ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ✽ બંધાધિકાર ✽

બંધ એટલે સંબંધ; ચારિત્રવિકાર રાગજીવનો બંધ છે. ચિકણો–લૂખો પુદ્ગલનો જ બંધ છે.

**ભાવાર્થઃ**—પૌદ્ગલિક કર્મવર્ગણા તો એક બીજામાં ચિકણા–લૂખા ભાવોવડે સંબંધ કરે છે. એ રીતે પુદ્ગલકર્મસ્કંધ રાગી જીવના રાગપરિણામથી જીવપ્રદેશોમાં ચોંટે છે. કર્મસ્કંધ સાથે એ રીતે ચેતનવિકારબંધ, અચેતનવિકારબંધ જાણવો, તેથી રાગ જીવનો વિકારભાવ છે. **"માત્ર એક ચેતના જ જીવનો સ્વભાવ જાણવો, તે ચેતના જ જીવ ( વસ્તુ ) છે."** જે બંધભાવ છે તે કોઈ વિકાર જ છે, કોઈ જીવત્વ નથી.

## ॥ ઇતિ બંધાધિકાર ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# સંવરાધિકાર

હે સંત! કાલલબ્ધિ પામીને જેટલા કાંઈ કર્મ નાશ થયા તેટલા જીવવિકાર પણ નાશ થયા. તેથી વિકારનો નાશ થતાં સમ્યક્ત્વગુણ, જ્ઞાન, દર્શન, ચારિત્રાદિક જેટલા તે સ્વરૂપરૂપ થઈ પ્રગટયાં, તેટલા તે વિકારરૂપે નથી પ્રવર્તતાં, તેને સંવરભાવ કહેવામાં આવે છે.

**ભાવાર્થઃ**—તે શક્તિ વિકારરૂપ ન થઈ તે સંવરભાવ. જીવનો એવો સંવરભાવ થતાં, તે જીવની કર્મવર્ગણાનું આવવું પણ સહજ જ રોકાય છે. એ એ રીતે કરીને જીવસંવર, પુદ્ગલકર્મ-સંવર બન્ને થતાં થતાં જીવ સર્વ આપોઆપ સંપૂર્ણ સ્વભાવ-રૂપ પ્રગટ થઈ જાય છે અને તે જીવ પ્રતિ સર્વ કર્મવર્ગણા આવતી રોકાઈ જાય છે. એવી રીતે જે સંવરરૂપમાં પ્રગટયો, તે એક ચેતનાનો જ સ્વભાવ જાણવો. **“તે ચેતના જીવ ( વસ્તુ ) છે, સંવર તે કોઈ ભાવ ( દશા, અવસ્થા ) છે.”**

## ॥ ઈતિ સંવરાધિકારઃ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ॥ સંવરપૂર્વક નિર્જરાધિકાર ॥

જેમ જેમ પુદ્ગલકર્મ વિપાક આપીને નાશ થાય છે, તેમ તેમ ચિદ્વિકારના ભાવભેદ પણ નાશ થાય છે અને જે ભાવ નાશ થયા, તેમનું ફરીથી થવું રોકાઈ જાય છે. એ રીતે અચેતન–ચેતન બન્નેના કર્મવિકાર સંવરપૂર્વક નાશ થાય, તેને સંવરસહિત નિર્જરા કહેવામાં આવે છે. એવી નિર્જરા થતાં થતાં જીવસ્વભાવ પ્રગટ થાય છે, કર્મ બધું દૂર થાય છે, તેથી "નિર્જરા કોઈ ભાવ (અવસ્થા) છે અને જે નિર્જરાવંત ચેતના તે એક ચેતના જીવવસ્તુ છે."

## ॥ ઇતિ સંવરપૂર્વક નિર્જરાધિકારઃ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# મોક્ષાધિકાર

આવી રીતે સંવરપૂર્વક નિર્જરા થતાં થતાં વળી જ્યારે જીવગુણ ( જીવનો ગુણવિકાર, ), એકકર્મપુદ્ગલ અથવા જીવદ્રવ્ય ( જીવનો પ્રદેશવિકાર ) , એકકર્મપુદ્ગલ સર્વથા જીવથી જુદાં થયાં-ભિન્ન થયાં ત્યારે એવા આ પુદ્ગલકર્મનો સર્વથા નાશ થતાં જીવનો ગુણવિકાર અને જીવનો પ્રદેશવિકાર સર્વથા વિલય જાય છે ( નાશ પામે છે ). જ્યારે એ રીતે પુદ્ગલની રુકાવટ થઈ અને જીવવિકારનો સર્વથા નાશ થયો ત્યારથી જ મોક્ષભાવ કહેવામાં આવે છે. એવો મોક્ષભાવ થતાં થકા સર્વનિજજાતિ જીવના સ્વભાવરૂપે સાક્ષાત્ પ્રગટ થઇ. જે સર્વ સ્વભાવભાવ અનાદિથી વિકારરૂપ થવાથી ગુપ્ત થઈ રહ્યો હતો, તે પણ કાલ પામીને વિકાર કંઇક દૂર થયો; તે કાલે, કંઇક સ્વરૂપભાવ સાક્ષાત્ પ્રગટ થયો. તેટલી જ સ્વરૂપ વાનગીમાં સંપૂર્ણસ્વરૂપ તેવુંજ આવીને પ્રતિબિંબે છે ( ઝળકે છે ). વળી ત્યાંથી આગળ સ્વરૂપ ક્રમે ક્રમે પ્રગટ થતાં થતાં સાક્ષાત્ થતું જાય છે.

**ભાવાર્થ**:—અહીં જેટલુંએક સ્વરૂપ વિકારરૂપ થયું હતું, તેટલું જ તે સ્વરૂપ સાક્ષાત્ વ્યક્ત થઈ ગયું. એ એ રીતે સ્વરૂપ આત્માના ઉત્કૃષ્ટ સ્વરૂપને સાધતું આવતું હતું, પ્રકાશતું આવતું હતું, તે સર્વ સંપૂર્ણ પ્રગટ સિદ્ધ થઈ રહ્યું, તે સંપૂર્ણ સાક્ષાત્ પ્રગટ થયું. અન્ય કાંઈ પ્રગટાવવાનું રહ્યું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહિ. જે રીતે જે સ્વરૂપ પ્રગટાવવાનું હતું તે રીતે પ્રગટ થઈ રહ્યું. એ રીતે આત્માનું સ્વરૂપ સંપૂર્ણ પરિણામપ્રવાહરૂપે થયું.

ત્યાં તે આત્માને નામસંજ્ઞાથી શું કહેવામાં આવે છે? પરમાત્મા, સિદ્ધ, સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વસ્વવિશ્રામી, મુક્તિ, ધર્મી, કેવલ, નિષ્કેવલ, સ્વયં (એવાં નામસંજ્ઞાથી તે આત્માને કહેવામાં આવે છે.). તાત્પર્ય આ છે કે જેવું જીવનું સ્વરૂપ હતું તેવું જ સર્વ, સંપૂર્ણ મોક્ષભાવમાં પરિણમ્યું. "તો આ મોક્ષ તો કોઈ ભાવ (દશા) છે; જે મોક્ષવંત ચેતના છે, તે એક જીવનિજજાતિ છે."

## ॥ ઇતિ મોક્ષાધિકારઃ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ❋ કુનયાધિકાર ❋

જો કોઈ વિકલ્પી ( મિથ્યાત્વી ) એમ માને કે–સ્વભાવભાવ પરિણતિરૂપ થાય ત્યારે જ તો સ્વભાવ માનો, અન્યથા ન માનો; તો તે અજ્ઞાનીએ વસ્તુનો નાશ કર્યો, વસ્તુને ન જાણી. વળી, જો કોઈ આમ માને કે સ્વભાવભાવની પ્રગટ પરિણતિથી જ શું છે, વસ્તુથી જ કાર્યસિદ્ધિ છે ? તો એવા અજ્ઞાનીએ સ્વભાવભાવ પરિણતિનો નાશ કર્યો, શુદ્ધ થવાનો અભાવ કર્યો, વિકારપરિણતિને સદાય રાખવાનો ભાવ કર્યો, મુક્તિ થવાનો નાશ કર્યો.

વળી જો કોઈ આમ માને કે આ જે કાંઇ કરે છે, તે સર્વ પુદ્ગલકર્મ કરે છે, જીવ કાંઇ ન કરે, ન કરાવે, જેવો ને તેવો થઈને જુદો રહે છે તો તે અજ્ઞાની પોતાને શુદ્ધ–અશુદ્ધ એ બન્ને રૂપે દેખતો નથી. સવિકાર–અવિકાર એ બે સ્વભાવને જાણતો નથી, તે વિકારને છાંડશે નહિ. વળી કોઇ આમ માને કે–પુદ્ગલવિપાકના નિમિત્તમાત્રથી તો શું છે ? પોતે પોતાનું નિમિત્ત થઇને પોતે વિકારરૂપે પરિણમે છે. તો તે અજ્ઞાનીએ વિકારને નિત્ય કર્યો, સ્વરૂપના જેવો કર્યો. ( તો તે અજ્ઞાનીએ વિકારને પોતાનું નિત્ય નિજસ્વરૂપ માન્યું. )

સવિકલ અમૂર્ત દ્રવ્યની છાયા તો છે નહિ, છતાં કોઈ અજ્ઞાની જીવની છાયા સ્થાપીને તે છાયાને કર્મવિટંબણા લગાડે, જીવને જુદો રાખે, તો તે અજ્ઞાનીને ( તો તે અજ્ઞાનીને મન ) આ છાયા પણ એક વસ્તુ છે, જીવનું તે છાયાથી કોઇ બીજું જ ક્ષેત્ર ઠર્યું:

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી કોઇ અજ્ઞાની આમ માને છે કે સ્વ ચેતન, પર ચેતન, એટલું જ જ્ઞાન-દર્શન થતાં જીવ ને સર્વથા મોક્ષ થયો, સાક્ષાત્ સિદ્ધપદની પ્રાપ્તિ થઇ, જીવ સર્વથા જ્ઞાની થઇ રહ્યો અને જીવને શુદ્ધ થવામાં આગળ બીજું કાંઇ રહ્યું નહિ, તે પુરુષે ભાવઇન્દ્રિય ભાવમન, બુદ્ધિપૂર્વક-અબુદ્ધિપૂર્વક, ( પરિણતિ ) અને જેટલી જીવની અશુદ્ધ પ્રગટ ચિત્વિકારરૂપ પરિણતિ, તેટલી જીવદ્રવ્યની ન જાણી. જીવદ્રવ્યને ( સર્વ ચિત્વિકાર પરિણતિથી ) વર્તમાન વર્તતું ન દેખ્યું. ત્યાં તે એકદેશભાવને સંપૂર્ણ ભાવ સ્થાપ્યો, આ ભાવ-ઈન્દ્રિયાદિ પરિણતિને અન્ય કોઇ દ્રવ્યની સ્થાપી, ત્યાં તે પુરુષે અશુદ્ધ પરિણતિ રહેતાં ( જીવને ) અશુદ્ધ ન માન્યો. વળી આ ( અશુદ્ધ ) પરિણતિ જતાં કાંઇ જીવપર્યાયને શુદ્ધ માનશે નહીં, ત્યાં તે પુરુષે સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ-સંપૂર્ણ સ્વરૂપ-સર્વથા મોક્ષ-સ્વરૂપ થવાની નાસ્તિ કરી, સદા સંસાર રાખવાનો ઉદ્યમ કર્યો.

વળી કોઇ અજ્ઞાની આમ માને છે કે સ્વસંવેદનશક્તિને જ સંપૂર્ણ સ્વભાવરૂપ જ્ઞાન થયું માને, એટલી જ જ્ઞાનની શુદ્ધતા માને, એટલા જ જ્ઞાનને સર્વ થયું માને, એટલા જ સ્વસંવેદન-ભાવને સ્વરૂપ માને, એને સિદ્ધપદ માને, અન્ય સર્વ ભાવોથી જીવને શૂન્ય માને, ચારિત્રગુણના સ્વભાવની જેમ જ્ઞાનદર્શનના સ્વભાવને માને,-ત્યાં તે અજ્ઞાનીએ જ્ઞાનનો નિજસ્વભાવ સ્વજ્ઞેય-પરજ્ઞેયપ્રકાશક શ્રદ્ધયો નહિ અને તે પુરુષે દર્શનગુણને સ્વને દેખવાના પરને દેખવાના નિજસ્વભાવરૂપે શ્રદ્ધયો નહિ, વળી તે પુરુષને સ્વપરનો ભેદ ઊપજવાનો નથી. કારણ કે જો પરને જાણવામાં આવે તો સ્વનું પણ જાણવું ઊપજે, કારણ કે પરપદ તો ત્યારે સ્થપાય છે જ્યારે કોઇ પહેલાં ( સ્વને ) ( પોતાને ) સ્થાપે છે અને જ્યારે સ્વને ( પોતાને ) સ્થાપે છે ત્યારે પહેલાં પરને સ્થાપે છે. વળી આમ કહેવામાં આવે કે-જ્ઞાનના સ્વભાવને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ સ્વ (પોતારૂપ) સ્થાપવાનો છે, મને આવું જ જ્ઞાન પ્રગટયું છે, તો આ પુરુષ (માત્ર) વાતોથી તો આવો ભાવ કહે, પરંતુ તે પુરુષને સ્વને (પોતાને) સ્થાપવાનું જ્ઞાન ઊપજ્યું નથી. સ્વને સ્થાપવાનું જ્ઞાન જ્યારે ઊપજે ત્યારે પરને પર સ્થાપવાનો ભાવ ઊપજે. જ્ઞાનનો, દર્શનનો સ્વપરપ્રકાશક એવો નિજભાવ (નિજ સ્વભાવ) જ છે. વળી આ સ્વભાવને ન માને ત્યાં જ્ઞાન-દર્શનગુણનો નાશ થયો. જ્યાં ગુણનો નાશ થયો ત્યાં દ્રવ્યનો નાશ થયો. જ્યાં દ્રવ્ય નાશ પામ્યું ત્યાં વસ્તુ નાશ પામી એક સ્વસંવેદનને માનતાં સર્વ એકાંત સ્થાપવાથી આ પ્રમાણે નાશની પરંપરા સિદ્ધ થાય છે, બીજું કાંઇ સાધ્ય સિદ્ધ થતું નથી.

વળી કોઇ અજ્ઞાની એમ માને કે-જ્યાં સુધી જેટલું કાંઈ જ્ઞાન જાણે છે ત્યાં સુધી જ્ઞાન મેલું છે. જ્યારે જ્ઞાનનો જાણવા-રૂપ સ્વભાવ મટી જાય છે ત્યારે જ જીવ સિદ્ધરૂપ થાય છે. તે અજ્ઞાનીએ જ્ઞાનનો સ્વભાવ મૂળથી જ જાણ્યો નથી. તે એમ નથી જાણતો કે 'જ્ઞાન' એવું તો તેને કહેવામાં આવે છે કે જે 'જાણે', અને જો તે 'જાણવું' જ દૂર કર્યું તો તેને 'જ્ઞાન' કેવી રીતે કહેવામાં આવે? તે જ્ઞાન ગુણનો નાશ જ થયો. ત્યાં (જ્ઞાનગુણનો નાશ થતાં) વસ્તુનો નાશ સહજ જ થયો, એવા ઘણા અનર્થો જાણવા.

## ॥ ઇતિ કુનયાધિકાર ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ★ सम्यग्भावस्य यथाऽस्ति तथाऽवलोकनाधिकार ★

## (સમ્યગ્‌ભાવનું સ્વરૂપ જેવું છે તેવું અવલોકન કરવાનો અધિકાર.)

---

( કોઈ એમ માને કે– ) ચેતન, અચેતન દ્રવ્ય, ગુણ, પર્યાયરૂપ જેટલું જ્ઞેય છે તેટલાનું જ જે દેખવું-જાણવું તે દેખવું-જાણવું જ કોઈ ચેતનદ્રવ્યની સિદ્ધિ છે. ભો! પ્રકાશની માફક જે સર્વ જ્ઞેયોનું દેખવું-જાણવું થાય છે એટલાથી ( જ ) તો તે જીવવસ્તુની સિદ્ધિ ન થઈ. **"નિસ્સંદેહ જીવવસ્તુની સિદ્ધિ આટલી છે કે ચેતનાનો પિંડ–ચેતનાગાંઠ,"** અને કર્મ, શરીર, કષાય, રાગદ્વેષ, મોહ, મિથ્યાત્વ, નામ જશ–કીર્તિ, ઇન્દ્રિય, પુણ્ય, પાપ, જીવસ્થાન, યોની, માર્ગણા, ગુણસ્થાન આદિ જેટલા પૌદ્‌ગલિક ભાવ–તે ભાવોમાં કોઈ જીવવસ્તુની પ્રતીતિ કરશે, તો જીવવસ્તુની સિદ્ધિ નહીં થાય કારણ કે તે તો–એ બધાય ભાવો તો–અચેતન પરદ્રવ્યના પરસત્ત્વા ( પરસત્ત્વસ્વરૂપ ) છે. **"જીવવસ્તુની સિદ્ધિ એટલી જ છે કે 'ચેતના ભાવયું જ'"**

વળી અજ્ઞાન, અદર્શન, મિથ્યાત્વ, અવિરતિ, શુભ, અશુભ, ભોગ, રાગ, દ્વેષ, મોહ આદિ ચિત્‌વિકાર, તે વિકારમાં જ કોઈ જીવવસ્તુની પ્રતીતિ કરશે તો વિકાર તે તો કોઈ જીવવસ્તુની સિદ્ધિ નથી, તે તો ચેતનાનો કલંકભાવ છે. **"જીવવસ્તુની સિદ્ધિ આટલી જ કે 'મૂલચેતના માત્ર'."**

વળી સમ્યકત્વ થયું, એકાગ્રતા થઈ, યથાખ્યાત થયું, અંતરાત્માભાવ થયો, સિદ્ધભાવ થયો, કેવલજ્ઞાન કેવલદર્શન થયું,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવ પ્રગટ થયો ઈત્યાદિ ભવોનું થવું, તેવું થવું તેને કોઈ જાણશે કે તે જીવવસ્તુ છે. અરે! પ્રગટ થવાના ભાવો તે તો સર્વ ચેતનાની અવસ્થાઓ છે-દશાઓ છે. **"જીવવસ્તુની સિદ્ધિ આટલી જ કે-મૂલસ્થાન ચેતનામાત્ર."** સંસાર-મુક્તિભાવ તેને કોઈ જાણશે કે તે જીવવસ્તુ છે. (તો તેને કહેવામાં આવે છે કે) ભો! તો તે પણ ચેતનાની દશાઓ છે. **"જીવવસ્તુ આટલી જ કે-મૂલચેતનામાત્ર."**

વળી અમૂર્તાદિ ભાવો ને કોઈ જીવવસ્તુ જાણશે. (તો તે પણ યોગ્ય નથી કેમકે) ભો! તે તો અચેતનદ્રવ્યમાં પણ હોય છે. **"જીવવસ્તુ આટલી જ કે મૂલસ્થાન ચેતનામાત્ર."**

વળી કર્તાકર્મક્રિયા, ઉત્પાદવ્યયધ્રૌવ્ય, દ્રવ્યગુણપર્યાય, દ્રવ્યક્ષેત્ર-કાલભાવ, સામાન્યવિશેષ ઈત્યાદિ ભાવભેદોને કોઈ જીવવસ્તુ જાણશે તો અરે! તે સર્વભેદો તો હંમેશા વસ્તુની અવસ્થા છે. **"જીવ-વસ્તુ એટલી જ-ચેતનામાત્ર મૂલવસ્તુ"**

વળી દ્રવ્યાર્થિકથી વસ્તુભાવ દર્શાવવામાં આવે છે કે પર્યાયા-ર્થિકથી વસ્તુ દર્શાવવામાં આવે છે કે નિશ્ચયથી વસ્તુ દર્શાવવામાં આવે છે કે વ્યવહારથી વસ્તુ દર્શાવવામાં આવે છે (ત્યારે), એ ભાવોને કોઈ જાણી બેસશે કે તે જીવવસ્તુ છે તો અરે! તે પણ વસ્તુની અવસ્થાઓ છે-વસ્તુની દશાઓ છે, **"જીવવસ્તુની સિદ્ધિ આટલી જ કે-'મૂલચેતનવસ્તુ'"**

સર્વનો ભાવાર્થ આ છે કે-**"જે ચેતના તે જ જીવવસ્તુની સિદ્ધિ છે."** જીવવસ્તુ એક ચેતના ઠરી, અન્ય ભેદવિકલ્પ (થી) જીવવસ્તુ મૂલપણે ન હોય, એક ચેતના ના જ ભેદથા[૧] (એક

૧ અહીં કઈક અશુદ્ધ પાઠ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અભેદ-અખંડ-ચેતનાથીજ ) જીવદ્રવ્યની સિદ્ધિ થઈ. ચેતનાથી તો નિસ્સંદેહ જીવવસ્તુની સિદ્ધિ દર્શાવી. હવે આ ચેતનાને નિસ્સં-દેહપણે દર્શાવીએ છીએ.

હે ભવ્ય ! સમ્યકત્વ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, સુખ ભોગાદિ એ ભાવોથી બંધાયેલો જ એક પિંડ-એક મેલાપ-એક પુંજ તે પુંજને ચેતના કહેવામાં આવે છે. આ પુંજરૂપે-પિંડરૂપે ચેતના ઠરી ( સિદ્ધ થઇ ). આ ગુણોની ગાંઠ ચેતના ઠરી ( સિદ્ધ થઈ). આ જ્ઞાનાદિ ભાવોથી જે કોઈ અન્ય સર્વ ભાવો રહ્યા, તે કોઈ ભાવ ચેતનાને પ્રાપ્ત થાય નહિ. ( ચેતનારૂપે ન ઠર્યા ), નિસ્સંદેહ ચેતનાથી આ જ્ઞાનાદિભાવોની સિદ્ધિ થઈ.

સર્વનો ભાવાર્થ આ છે કે અન્ય કોઈ ભાવ ચેતનારૂપ થતા નથી, અનાદિથી ચેતના આ જ્ઞાનાદિ ભાવોની બનેલી છે.

અહીં કોઇ પ્રશ્ન કરે કે ચેતનાથી જીવવસ્તુ અનાદિથી સિદ્ધ છે અને આ જ્ઞાનાદિ ભાવોથી અનાદિથી ચેતનાની સિદ્ધિ છે તો વળી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ઊપજે છે તે ઊપજવું કોને કહેવામાં આવે છે તે તું સાંભળઃ-મિત્ર! આનું નામ ચેતના ઊપજી કે-ચેતનાના જ્ઞાનાદિ ભાવો તો અનાદિથી જેમ છે તેમ જ છે, એમાં તો કાંઈ હલચલ થઈ નથી. પ્રત્યક્ષ છે, કંઇ આવ્યું-ગયું નથી, આ વાતમાં કાંઇ સંદેહ નથી. ભાઇ! વસ્તુ તો છતી છે, વિદ્યમાન છે, પરંતુ આ વિભાવ-ભાવ-વિકારભાવરૂપ કોઇ દોષ અનાદિથી આ જીવને ઊપજ્યો, તેથી તેની પાગલ જેવી દશા થઇ રહી છે. ( તે કેવી ? ) પોતાને પરરૂપ સ્થાપે, પરને પોતારૂપ સ્થાપે ( સ્વને પર સ્થાપે પરને સ્વ સ્થાપે ) સ્વનું પરનું નામ પણ ન જાણે. દર્શન, જ્ઞાન, સમ્યકત્વ, ચારિત્ર, પરમાનંદ ભોગાદિભાવો જે વિકારરૂપે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયા (ત્યાં) જ્ઞાન તો વિકારરૂપે અજ્ઞાનરૂપ પ્રવર્ત્યું, ત્યાં સ્વજ્ઞેય આકારને જાણે નહિ, પરજ્ઞેય આકારને જાણે નહિ, સ્વજ્ઞેય, પરજ્ઞેયનું નામમાત્ર પણ જાણે નહીં, એવી રીતે જ્ઞાનની શક્તિ અજ્ઞાનરૂપ થઈ પ્રવર્તી.

દર્શન વિકારરૂપે અદર્શનરૂપ પ્રવર્ત્યું-ત્યાં સ્વદશ્ય વસ્તુને (દેખવા યોગ્ય પોતાની વસ્તુને) દેખે નહિ, પરદશ્ય વસ્તુને દેખે નહીં, સ્વદશ્ય પરદશ્ય નામમાત્ર પણ જાણે નહિ, એવી રીતે દર્શનની શક્તિ અદર્શનરૂપ થઈ પ્રવર્તી.

સ્વની સ્વરૂપે પ્રતીત નથી, પરની પરરૂપે પ્રતીત નથી, એવી રીતે સમ્યક્ત્વની શકિત મિથ્યારૂપ થઈ પ્રવર્તી.

ચારિત્ર વિભાવરૂપ પ્રવર્ત્યું-ત્યાં ચારિત્રની સર્વશક્તિ નિજ-વસ્તુભાવમાં સ્થિરતા-વિશ્રામ-આચરણ છોડીને પરપુદ્‌ગલના સ્વાંગની માફક વિકારભાવમાં-જ સ્થિરતા-વિશ્રામ-આચરણરૂપ પ્રવર્તી, એવી રીતે ચારિત્ર વિભાવરૂપ પ્રવર્ત્યું.

ભોગગુણ વિભાવરૂપ પ્રવર્ત્યો-ત્યાં (ભોગની શક્તિ) નિજ-સ્વરસનો સ્વાદ-ભોગ છોડીને, પરપુદ્‌ગલના સ્વાંગની માફક ચિત્વિકાર ભાવોના સ્વાદ-ભોગરૂપ પ્રવર્તી, એવી રીતે ભોગની શક્તિ વિભાવ-રૂપ પ્રવર્તી.

એ રીતે ભાઈ! ચેતના જ્યારે વિકારરૂપે થઈ ત્યારે આ ચેતના પોતે નાસ્તિરૂપ જેવી થઇ રહી. એવું કોઈ કૌતકરૂપ થયું, જેવી રીતે હાથમાં વસ્તુ રાખી અન્ય ઠેકાણે દેખતાં ફરીએ, એવો સૂલ (વિકાર) આ ચેતનાનો થયો, (એવી દશા આ ચેતનાની થઈ). 'પોતે નથી' એવો ભ્રમ થયો. કાલ પામીને સમ્યક્ત્વ ગુણ તો વિકારથી રહિત થઇને સમ્યક્ત્વરૂપ થઇ પ્રવર્ત્યો,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાના શુદ્ધ શ્રદ્ધાનરૂપે થઇ પ્રવર્ત્યો, એવા સમ્યકત્વને 'સમ્યગ્રૂપ' એટલું કહેવું તે નિર્વિકલ્પ વળી જ્યારે વિશેષભેદવિકલ્પથી સમ્યકત્વગુણને સમ્યગ્રૂપ કહેવા માગીએ ત્યારે આ ( પ્રમાણે ) કહીએ:-સ્વજાતિ સ્વજાતિથી જુદી ઠીકતા (બરાબર હોવાપણાની શ્રદ્ધા ) થઈ, એ રીતે તો વિકલ્પ જાણવો. 'સમ્યગ્' એટલું તો નિર્વિકલ્પ જાણવું. વળી ત્યારે જ જ્ઞાનગુણની કેટલીક શક્તિ સમ્યગ્રૂપ પરિણમી, કેવલ જાણવારૂપ પ્રવર્તી, એ રીતે જ્ઞાનની શક્તિને 'સમ્યગ્રૂપ' એટલી કહેવી તે નિર્વિકલ્પ. વળી જ્યારે ભેદ વિકલ્પથી જ્ઞાનશકિતને સમ્યગ્રૂપ કહેવા માગીએ ત્યારે આ પ્રમાણે કહેવામાં આવે છેઃ—

સ્વજ્ઞેયજાતિભેદ ( જુદો ) જાણે છે, પરજ્ઞેયજાતિભેદ જુદો જાણે છે, એ રીતે વિકલ્પ કરવામાં આવે છે. જ્ઞાનશકિતને 'સમ્યગ્' એટલી કહેવી તે નિર્વિકલ્પ.

ત્યારે જ દર્શનગુણની કેટલીએક શક્તિ સમ્યગ્દર્શનરૂપ થઈ પ્રવર્તી–કેવલદર્શનરૂપ પ્રવર્તી. એ રીતે તો દર્શનને 'સમ્યકત્વરૂપ' એટલું કહેવું તે નિર્વિકલ્પ. વળી જ્યારે વિશેષભેદથી સમ્યગ્દર્શનની શક્તિઓને સમ્યગ્ કહેવા માગીએ ત્યારે આ પ્રમાણે કહેવામાં આવે છેઃ—

સ્વદશ્ય વસ્તુજાતિ જુદી દેખે છે, પરદશ્ય વસ્તુજાતિ જુદી દેખે છે એ રીતે તો વિકલ્પ અને દર્શનશક્તિને 'સમ્યગ્' એટલી કહેવી તે નિર્વિકલ્પ છે.

ત્યારે જ ચારિત્રગુણની કેટલીએક શકિત સમ્યગ્ થઈ પ્રવર્તી–કેવલ નિજરૂપ ચારિત્રરૂપે થઈ પ્રવર્તી. એ રીતે તો ચારિત્રશક્તિને 'સમ્યગ્' એટલી કહેવી તે નિર્વિકલ્પ. વળી જ્યારે ભેદવિકલ્પથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચારિત્રની શક્તિને સમ્યગ્ કહેવા માગીએ ત્યારે આ પ્રમાણે કહેવામાં આવે છેઃ—

પર છોડ્યું, નિજસ્વભાવભાવમાં સ્થિરતા–વિશ્રામ–આચરણ કરે છે, એ વિકલ્પ. ચારિત્રશક્તિને 'સમ્યગ્રૂપ' એટલી કહેવી તે નિર્વિકલ્પ.

ત્યારે જ ભોગગુણની કેટલીએક શક્તિ સમ્યગ્રૂપ થઈ પ્રવર્તી–કેવલ નિજભોગરૂપ પ્રવર્તી. એ રીતે ભોગગુણની શક્તિને 'સમ્યગ્' કહેવી તે નિર્વિકલ્પ. વળી ભેદવિકલ્પથી જ્યારે ભોગગુણની શક્તિને કહેવા માગીએ ત્યારે આ રીતે કહેવામાં આવે છેઃ—

પરસ્વાદને છોડી નિજસ્વભાવભાવનો સ્વાદ લે છે, એ વિકલ્પ. ભોગશક્તિને 'સમ્યગ્' એટલી કહેવી તે નિર્વિકલ્પ.

એ રીતે સમ્યક્ત્વગુણની સર્વ શક્તિ, જ્ઞાનાદિગુણની કેટલીએક શક્તિઓ સમ્યગ્રૂપ થઈ. તે આ સમ્યગ્ ભેદાભેદવિકલ્પથી દર્શાવ્યું. વળી એમના અભેદપુંજરૂપ-ગાંઠરૂપ ચેતના, તે ચેતના કેટલીએક સમ્યગ્રૂપ થઈ એટલી કહેવામાં આવે છે. ચેતના કેટલીએક સમ્યગ્રૂપ ઊપજી, એ ચેતના સમ્યગ્થી અભેદ–નિર્ભેદ છે. વળી એ રીતે આ ચેતનાને સમ્યગ્રૂપ ઊપજતાં જીવવસ્તુને સમ્યગ્રૂપ ઊપજ્યું કહેવામાં આવે છે, કેવલ નિજરૂપ થયું કહેવામાં આવે છે. જેવું પોતે હતું તેવું જ પોતપોતાનું મૂલસ્વરૂપ પ્રગટ્યું–પરિણમ્યું. વળી આ રીતે પણ કથન કહેવામાં આવે છેઃ—

અનાદિકાલથી વિકારરૂપ અટવીમાં ભમતાં ભમતાં હવે તો આ જીવવસ્તુ નિજસમ્યગ્રૂપ ઘરમાં આવી વસી. આ જીવનો મૂલ સમ્યગ્ભાવ હતો તે પોતાનો મૂલભાવ ગુપ્ત થઈ ગયો હતો, તે હવે પ્રગટ થતાં તેનું વર્ણન કહેવામાં આવે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે જીવ પોતે જ પોતાના સમ્યગ્સ્વભાવરૂપ સમુદ્રમાં મગ્ન થયો. વળી આ જીવને પોતાનો સમ્યગ્ભાવ પ્રગટવાથી, આ સમ્યગ્ભાવ જીવને અન્ય સર્વ વિકલ્પથી જુદો દર્શાવે છે. એક (કેવલ) ગુણની અપેક્ષાએ વળી, સર્વ અનંતગુણોનોપુંજ તેને વસ્તુ કહેવામાં આવે છે. તે વસ્તુને જ્ઞાન તો જાણે છે, દર્શન તો દેખે છે, ચારિત્ર તો સ્થિરીભૂત થઈને આચરે છે, તે આ રીતે કહેવામાં આવે છેઃ—

વળી જ્ઞાનદર્શનચારિત્રરૂપ હું છું અથવા ચેતનારૂપ હું છું, આ વિકારરૂપ હું નથી, સિદ્ધસમાન હું છું, બંધ, મુક્તિ, આશ્રવ, સંવરરૂપ હું નથી, હું હવે જાગ્યો, મારી નિદ્રા ગઈ. હું મારા એક સ્વરૂપને અનુભવું છું, હું સર્વાંગસ્વરૂપને અનુભવું છું હું આ સંસારથી જુદો થયો, હું સ્વરૂપરૂપ હાથી ઉપર આવીને (ચઢીને) આરૂઢ થયો, અશુદ્ધભાવનો પટ ખોલીને મેં સ્વરૂપઘરમાં પ્રવેશ કર્યો, હું આ સંસારપરિણામનો તમાશગીર થયો, ઇન્દ્રિયાદિ ભાવો મારું સ્વરૂપ નથી, અભેદરૂપને હું અનુભવું છું, હું નિર્વિકલ્પને આચરું છું, નિશ્ચય, વ્યવહાર, નય, પ્રમાણ, નિક્ષેપ આદિ મારું રૂપ નથી, જ્ઞાનાદિગુણોના પર્યાયરૂપ ભેદભાવો છે, તે ભેદભાવો મારા ગુણસ્વરૂપમાં તો નથી, ગુણસ્થાનાદિ ભાવ મારું સ્વરૂપ નથી, હવે હું સ્વયં દેખું-જાણું છું, મેં હવે સ્વ-ભાવભાવને જુદો કર્યો, પરભાવને જુદો કર્યો, હું અમર છું-એ રીતે અનેક અનેક પ્રકારે કરી મનમાં, વાણીમાં સમ્યગ્ભાવની સ્તુતિ ઉપજે છે.

વારંવાર મનમાં ચિંતવે છે, એમ વિચારતાં રતિ માને છે, છતાં પણ આ બધું મન, વચનના વિકલ્પરૂપ ચિંતાભાવનું પ્રવર્તવું છે, મનવચનના વિકલ્પ છે. પરંતુ સમ્યગ્ભાવનું તાત્પર્ય આટલું જ છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનપરિણામ તો સમ્યગ્જ્ઞાન પરિણામરૂપે પ્રવર્તે છે. દર્શનપરિણામ તો કેવલ સમ્યગ્દર્શનપરિણામરૂપે પ્રવર્તે છે. ચારિત્રપરિણામ તો કેવલ એક સમ્યગ્સ્વચારિત્રપરિણામરૂપે પ્રવર્તે છે. ભોગપરિણામ તો એક સમ્યગ્સ્વભોગરૂપે પ્રવર્તે છે. એ રીતે પરિણામ પોતપોતાના સ્વભાવરૂપે સાક્ષાત્ પ્રગટ થઈ પ્રવર્તે છે.

વિશેષેકરીને જ્ઞાનાદિગુણ સામાન્યે કરી એક ચેતના જ એ સ્વભાવરૂપ પ્રવર્તે છે. એ સમ્યગ્ભાવ ટંકોત્કીર્ણ નિશ્ચલરૂપ ધારણા કરીને પરિણમે છે. આનાથી અન્ય પ્રકારે જે કાંઈ કહેવામાં આવે તો બધેય વિકલ્પનો દોષ પ્રવર્તે (લાગે) છે (તે બધાયમાં વિકલ્પ ઊપજે છે) એમ નિસ્સંદેહપણે જાણવું. કારણ કે તે સમ્યગ્ભાવના પ્રગટ પરિણમવામાં અન્ય કોઈ કોઈનો પરમાણુમાત્ર પણ (લગીર પણ) કાંઈ સંબંધ નથી. એક કેવલ પોતપોતાનો સ્વરૂપપરિણામ પ્રવાહ ચાલ્યો જાય છે. બીજી ત્યાં કોઈ વાત નથી, બીજો કોઈ વિકલ્પ નથી, એવી સમ્યગ્ધારા સમ્યગ્દષ્ટિના દ્રવ્યમાં પ્રગટી છે. તેને તો એ જ પ્રમાણે પ્રવર્તે છે. પરંતુ સ્વરૂપને જે કાંઈ અન્ય પ્રકારે કહેવામાં આવે છે, તે બધેય મનવચનના વિકલ્પરૂપ છે.

## ॥ इति सम्यग्भावस्य यथास्ति तथाऽवलोकनाधिकारः ॥

(એ પ્રમાણે સમ્યગ્ભાવનું સ્વરૂપ જેવું છે તેવું અવલોકન કરવાનો અધિકાર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# સમ્યક્ નિર્ણય.

હવે બીજું કાંઈ નહિ, દ્રવ્યને જેમ છે તેમ જ જાણવું. જીવનું એ સમ્યગ્ થવું આવું જાણવું કે, જેવી રીતે ગાંડામાંથી ડાહ્યું થવું. આટલું જ દૃષ્ટાંત પર્યાપ્ત જાણવું. વળી જ્ઞાનાદિ સમ્યગ્નો એક રસ, અનેક રસનો એક જ પિંડ, તેનું દૃષ્ટાંત–જેમ કે પાંચ રસના સમવાયે કરી એક ગુટિકા બની છે. હવે તે ગુટિકાને વિચારીએ, ત્યાં આ પાંચ રસ જ દેખવામાં આવે છે, ત્યાં એક એક રસ પોતપોતાના જ સ્વાદરૂપે અન્ય રસથી સર્વથા જુદા જુદા પ્રવર્તે છે. કોઈ રસનો સ્વાદ કોઈ રસના સ્વાદરૂપે મળી જતો નથી. કોઈ કાલે ( ગમે ત્યારે, હંમેશાં ) પ્રત્યેક ( એક એક ) રસ પ્રત્યક્ષ પોતપોતાના સ્વાદરૂપ અચલ દેખવામાં આવે છે. વળી આ તરફ ગુટિકાભાવને જો દેખવામાં આવે તો તે ગુટિકાભાવની બહાર કોઈ રસ નથી, જે રસ છે તે ગુટિકાભાવમાં રહ્યા છે. તે પાંચ રસનો જે મિલાપરૂપ પુંજભાવ તે જ ગોળી, તે પાંચ રસનો જ પિંડ તે જ ગોળી, એ રીતે કહેતાં જે ભેદવિકલ્પ આવે છે ( ઊભો થાય છે ) પરંતુ એક જ વખતે પાંચ રસનો ભાવ તે એકાંત ગોલીનો ભાવ છે. તો પ્રત્યક્ષ શુદ્ધ દૃષ્ટિ કરીને દૃષ્ટાંતને દેખવું ( સમજવું ) પછી આ દાર્ષ્ટાંતને દેખવું ( સમજવું ).

એવી રીતે સમ્યકત્વગુણ, સમ્યગ્જ્ઞાનાદિ ગુણોની શક્તિ સમ્યગ્રૂપ થઈ, તે પાંચે ગુણ પોતપોતાના સમ્યગ્રૂપે જુદા જુદા પરિ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ણમે છે. કોઈ ગુણનો સમ્યગ્ભાવ કોઈ અન્ય ગુણના સમ્યગ્ભાવ-સાથે મળતો નથી. સમ્યકત્વનો જે આકાર 'વસ્તુશ્રદ્ધાન' સમ્યગ્ છે, તે જ શ્રદ્ધાન સમ્યગ્ પરિણમે છે. જ્ઞાનશકિતનો જે આકાર 'જાણવું'' એટલો સમ્યગ્ભાવ તે જાણવાનો સમ્યગ્ભાવ જુદો પરિ-ણમે છે. દર્શનશકિતનો જે આકાર 'વસ્તુ દેખવી' એટલો સમ્ય-ગ્ભાવ તે વસ્તુ દેખવાનો સમ્યગ્ભાવ જુદો પરિણમે છે. ચારિત્ર-શકિતનો જે આકાર 'નિજ વસ્તુના સ્વભાવમાં સ્થિરતા–વિશ્રામ–આચરણ' એટલો સમ્યગ્ભાવ તે ચારિત્રનો સમ્યગ્ભાવ જુદો પરિણમે છે. ભોગશકિતનો જે આકાર 'નિજ વસ્તુના સ્વભાવનો જ આસ્વાદ' એટલો સમ્યગ્ભાવ તે ભોગશકિતનો સમ્યગ્ભાવ જુદો પરિણમે છે. એ પાંચેય સમ્યક્ પોતપોતાના ભાવરૂપે પરિણમે છે. કોઈ કોઈની અંદર મળી જતા નથી, પોતપોતાના સમ્યગ્ભાવ ટળતાં પણ નથી, જેમ ને તેમ જુદા જુદા પરિણમે છે. એ તો સમ્યગ્ ભેદાભેદભાવોરૂપે જુદા જુદા પ્રવર્તે છે. વળી જો આ તરફ ( ચેતના વસ્તુ તરફ ) જોઈએ તોઃ—

ચેતનારૂપ સમ્યગ્ભાવ ત્યાં તે ચેતનાભાવથી જ્ઞાનાદિ સમ્યગ્ કોઈ જુદા નથી ( તેની ) બહાર કોઈ નથી, સર્વ સમ્યગ્ ચેતના-ભાવની અંદર વસે છે. આ પાંચેય જ્ઞાનાદિરૂપ સમ્યગ્નું જે પુંજ-સ્થાન છે તે ચેતનાસમ્યગ્ છે. તે પાંચેય જ્ઞાનાદિભાવ મળીને એક ચેતના સમ્યગ્ભાવરૂપ બની છે. પાંચે સમ્યગ્ભાવનો જ એક સમવાય એક સમયમાં એક સ્થાને પરિણમે છે. તેના તે પુંજને ચેતનાસમ્યગ્ભાવ કહેવામાં આવે છે. એ રીતે આ પાંચે ભાવોને એક ચેતનાસમ્યગ્ભાવરૂપે જ દેખવામાં આવે છે. ભેદસમ્યગ્ભાવ, અભેદસમ્યગ્ભાવ કહેવામાં તો જુદા જુદા દર્શાવવામાં આવે છે પરંતુ જ્ઞાનદર્શનમાં એક સ્થાને જ બન્ને ભાવો પ્રતિબિંબે છે. તે પાંચે સમ્યગ્થી ચેતનાસમ્યગ્, ચેતનાસમ્યગ્થી તે પાંચે સમ્યગ્ કહ્યા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વળી કોઈ અજ્ઞાની બન્નેને ( સમ્યગ્ભાવ અને સ્થાનને ) જુદા જુદા માને તો તે અજ્ઞાનીએ બન્ને ભાવનો નાશ કર્યો. કાંઈ વસ્તુ જ ન રાખી. જેમકે ઉષ્ણુતાભાવ જુદો અન્ય ઠેકાણે કહેવામાં આવે અને અગ્નિભાવ જુદો અન્ય ઠેકાણે કહેવામાં આવે તો ત્યાં વસ્તુ દેખવામાં ન આવી, શૂન્ય દેખવામાં આવ્યું. વળી એક જ સ્થાને ભેદભાવે ઉષ્ણુતા જાણવામાં આવી અને અભેદભાવે અગ્નિ જાણવામાં આવી, તો એમ જ વસ્તુ છે. એ રીતે ભેદસમ્યગ્ભાવ, અભેદસમ્યગ્ભાવ એક જ સ્થાને છે, નિસ્સંદેહ એમ જ વસ્તુ છે. એમ જ્ઞાનમાં પ્રતિબિંબે છે. એ રીતે ભેદસમ્યગ્ભાવ, અભેદસમ્યગ્ભાવ ( બન્ને ) એક સ્થાને રહ્યા પરિણમે છે.

જ્યારે જે કાલે જે જીવવસ્તુને આ સમ્યગ્ભાવ પ્રગટ્યો ત્યારે તે કાલે તે જીવસત્ત્વના ભેદસમ્યગ્ભાવ, અભેદસમ્યગ્ભાવ, એક સ્થાને જ પરિણમે છે, સમ્યગ્રૂપે પરિણમે છે. તે જ જીવ સમ્યગ્ભાવરૂપે ભલી રીતે શોભે છે.

પ્રથમમાં પ્રથમ જ્યારે એ રીતે કેટલાએક સમ્યગ્ભાવને ધારણ કરીને જીવવસ્તુ પ્રગટ પરિણમી ત્યારે નિસ્સંદેહ તેટલા ભાવે સ્વ-સ્વયં-કેવલનિર્વિકલ્પ-નિજસ્વરૂપસિદ્ધ સાક્ષાત્ આત્મા પ્રગટ્યો. એટલા જ ભાવથી આત્મા નિજસ્વભાવમાં એટલો સ્થગિત ( સ્થિર ) થયો.

વળી આત્મા જ્યારે પહેલો વહેલો જેટલા સ્વભાવરૂપ પ્રગટ્યો, સ્વરૂપભાવની જેટલીએક વાનગી પહેલવહેલી પ્રગટી ત્યારે સ્વરૂપની તેટલી વાનગી પ્રગટવાથી અનાદિથી જે જીવવસ્તુ સ્વભાવરૂપથી અસિદ્ધ થઈ રહી હતી-નિજ સ્વધર્મથી ચ્યુત થઈ રહી હતી તે જીવવસ્તુની નિજસ્વભાવજાતિ હવે સિદ્ધ થઈ, જીવવસ્તુના સ્વધર્મે પોતાને દર્શાવ્યો ( પોતાનું શુદ્ધ સ્વરૂપ દર્શાવ્યું ).

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ જીવવસ્તુનો મૂલ નિજવસ્તુસ્વભાવ હું છું. વસ્તુના સ્વ-ધર્મથી વસ્તુને સાધવામાં આવી, જીવવસ્તુનો મૂલ સ્વભાવભાવ આ છે. સ્વભાવની આટલી વાનગીઓ પ્રગટવા પહેલા આ થયું.

વળી અન્ય કોઇ એકે પ્રશ્ન કર્યો કે જેવી રીતે સમ્યકત્વ-ગુણને 'સમ્યગ્' થયો કહ્યો તેવી રીતે જ્ઞાનાદિગુણને 'સમ્યગ્' થયો ન કહ્યો, તે જ્ઞાનાદિગુણની તો કેટલીએક શક્તિ સમ્યક્ થઇ કહી તો શો ભેદ (તફાવત) છે?

ઉત્તરઃ—આ સમ્યકત્વગુણ તો બધોય 'સમ્યગ્' થયો, અને જ્ઞાનાદિકની કેટલીએક કેટલીએક શક્તિઓ સમ્યગ્રૂપ થઇ અને જ્ઞાનાદિગુણની (કેટલીએક શકિતઓ) અબુદ્ધિરૂપ મેલી થઇ રહી છે અને ક્ષીણમોહકાલના અંતમાં જ્ઞાનાદિ ગુણની સર્વ અનંત-શકિતઓ સમ્યગ્રૂપ થશે ત્યારે જ્ઞાનાદિગુણ સંપૂર્ણ સમ્યગ્ થયો કહેવાશે.

વળી બીજો પ્રશ્ન—જો જ્ઞાનાદિગુણ ક્ષીણમોહકાલના અંતમાં સંપૂર્ણ 'સમ્યગ્' થશે તો ત્યાં દ્રવ્યને જ 'સમ્યગ્' થયું કેમ ન કહ્યું?

ઉત્તરઃ—હે ભાઇ, તે કાલે શકિતથી ગુણો તો બધાય–સર્વગુણો સમ્યક્ થયા, પરંતુ દ્રવ્યના પ્રદેશોનો જે કંપવિકાર રહ્યો તેનાથી પણ દ્રવ્ય કાંઇક મેલું છે. વળી તે પણ વિકાર અયોગી-કાલના અંતમાં દૂર થશે ત્યારે દ્રવ્ય સર્વથા સમ્યગ્રૂપ થશે. ત્રૈલોક્ય ઉપર કેવલ એક જીવ સ્વયં બિરાજમાન થશે.

## ॥ ઇતિ સમ્યગ્નિર્ણય ॥



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# * अथ साधकसाध्यभाव कथ्यते । *

## ( હવે સાધક સાધ્યભાવ કહેવામાં આવે છે. )

જે સાધે તેને તે સાધકભાવ જાણવો. જે ભાવ પ્રવર્ત્યા વિના અન્ય-પછીનો-( -ઉત્તર ) ભાવ ન પ્રવર્તે, જ્યારે તે જ ( પૂર્વ ) ભાવના પ્રવર્તવાનો કાલ આવ્યે તે ( પૂર્વ ) ભાવ પ્રવર્ત્યો હોય ત્યારે તો તે, ઉત્તરભાવનું પ્રવર્તવું અવશ્ય સાધે છે, અન્યભાવ પ્રવર્તતાં તે ( ઉત્તર ) ભાવ સધાતો નથી.

વળી કોઈ અજ્ઞાની એમ જાણી લેશે કે તે ઉત્તરભાવને આ ( પૂર્વ ) ભાવ પોતાના બલથી પ્રવર્તાવે છે–આ ( પૂર્વ ) ભાવ જોરાવરીથી પરિણમાવે છે, એ રીતે સાધકભાવ માને તો એ તો અનર્થ. સાધકભાવ એટલો જ જાણવો કે તે ભાવ ( સાધ્યભાવ ) પોતાના બલથી પ્રવર્તે છે; પરંતુ આમ છે કે તે ભાવ ( સાધકભાવ ) પ્રવર્તતાં તે કાલે આ ભાવનું પણ ( સાધ્યભાવનું પણ ) પ્રવર્તવું થાય છે. એવું જે તે ભાવનું ( સાધકભાવનું ) થવું તે, આ ( સાધ્યભાવ ) થવામાં સાક્ષીભૂત તો અવશ્ય થાય છે, તો આટલી તે ભાવને સાધકભાવની સંજ્ઞા કહેવામાં આવે છે, એમ આ અવસર વિષે જાણવું

જેમકે જ્યારે દિવસે બપોર થાય છે ત્યારે જ બપોરિયા ફૂલ ખીલવાના કાર્યરૂપે પ્રવર્તે છે. અહીં બપોરિયા ફૂલના ખીલવામાં દિવસે બપોર થવો સાક્ષીભૂત અવશ્ય પ્રત્યક્ષ દેખાય છે, એવો ભાવ સાધકભાવ જાણવો.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાધ્યનો અર્થ:—જે સાધવામાં આવે અથવા જે સાધ્યું જાય તેને સાધ્યસંજ્ઞા કહેવામાં આવે છે. જ્યાં તે (પૂર્વ) ભાવ થતાં અન્ય (ઉત્તર) ભાવ અવશ્ય જ પ્રવર્તે–તે (પૂર્વ) ભાવના થવાથી આ (ઉત્તર) ભાવનું થવું અવશ્ય સધાય છે તેથી આ (ઉત્તર) ભાવને સાધ્ય કહેવામાં આવે છે. જેમકે બપોર થવાના સાધકભાવથી બપોરિયા ફૂલનું વિકસવાનું કામ સધાય છે, એટલા ભાવથી બપોરીયા ફૂલનું વિકસ્વર (– વિકસિત) થવું તેને સાધ્ય કહેવામાં આવે છે

## अथ अग्रे साध्यसाधकभावना उदाहरणं कथ्यते ।

## (હવે આગળ સાધકસાધ્યભાવના ઉદાહરણ કહેવામાં આવે છે.)

એક ક્ષેત્રાવગાહી પુદ્ગલકર્મનો ઉદય સહજ જ સ્થિતિ સુધી રહે છે. તે સાધકસ્થાન જાણવું, ત્યાં ત્યાં લગી–તેના હોવાની સ્થિતિ સુધી–ચિદ્વિકાર થવાનું પ્રવર્તવું થાય છે. તે સાધ્યભેદ જાણવો.

સમ્યકત્વવિકાર સાધક (ત્યાં) બહિરાત્મા સાધ્ય. પ્રથમ જ્યાં સમ્યગ્ભાવ થવો સાધક છે, ત્યાં વસ્તુની સ્વસ્વભાવજાતિની સિદ્ધિ થવી તે સાધ્ય છે. જ્યાં શુદ્ધોપયોગરૂપ પરિણુતિ થવી સાધક છે ત્યાં વસ્તુનું પરમાત્મસ્વરૂપ થવું સાધ્યભાવ છે. જ્યાં સમ્યગ્દષ્ટિના વ્યવહારરત્નત્રયનું યુગપત્ (એકી સાથે) થવું સાધક છે, ત્યાં નિશ્ચયરત્નત્રય સાધ્ય છે. જ્યાં સમ્યગ્દષ્ટિને વિરતિરૂપ વ્યવહાર-પરિણુતિથવી સાધક છે, ત્યાં ચારિત્રશક્તિનું મુખ્ય સ્વરૂપ થવું સાધ્ય છે. જ્યાં દેવ, ગુરુ, શાસ્ત્રની ભકિત, વિનય, નમસ્કારાદિ ભાવ સાધક છે, ત્યાં વિષય, કષાયાદિ ભાવોથી ઉદાસીનતા–મનપરિણુતિનો સ્થિરતાભાવ–સાધ્ય છે. જ્યાં એક શુભોપયોગરૂપ વ્યવહારપરિણુતિની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રીત થવી સાધક છે. ત્યાં પરંપરા મોક્ષપરિણતિ થવી સાધ્ય છે. જ્યાં અન્તરાત્મરૂપ જીવદ્રવ્ય સાધક છે, ત્યાં પરમાત્મરૂપ અભેદ જીવદ્રવ્ય પોતે જ સાધ્ય છે. જ્યાં મોક્ષમાર્ગરૂપ જ્ઞાનાદિ શકિત સાધક છે, ત્યાં મોક્ષરૂપ અભેદ જ્ઞાનાદિગુણ પોતે જ સાધ્ય છે. જ્યાં જઘન્ય જ્ઞાનાદિભાવ સાધક છે ત્યાં અભેદ પોતે જ તેજ જ્ઞાનાદિ-ગુણનો ઉત્કૃષ્ટ ભાવ સાધ્ય છે. જ્યાં જ્ઞાનાદિ અલ્પ નિશ્ચય પરિણતિરૂપે સાધક છે ત્યાં અભેદ જ્ઞાનાદિગુણ પોતે જ બહુ નિશ્ચયપરિણતિરૂપે સાધ્ય છે. જ્યાં સમ્યકત્વી જીવ સાધક છે ત્યાં તે જીવના સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર સાધ્ય છે. જ્યાં ગુણમોક્ષ સાધક છે ત્યાં દ્રવ્યમોક્ષ સાધ્ય છે. જ્યાં ક્ષપક-શ્રેણિએ ચઢવું સાધક છે ત્યાં તદ્ભવ (તેજ ભવે) સાક્ષાત્‌મોક્ષ સાધ્ય છે. વળી જ્યાં 'દ્રવ્યત ભવિત જતિવ્યવહાર' (દ્રવ્યથી, ભાવથી થયેલો યતિવ્યવહાર) સાધક છે ત્યાં સાક્ષાત્ મોક્ષ સાધ્ય છે. જ્યાં ભાવમનાદિરીતિનો વિલય સાધક છે ત્યાં કેવલ સાક્ષાત્ પરમાત્મારૂપ થવું સાધ્ય છે. જ્યાં પૌદ્ગલિક કર્મનું ખરવું સાધક છે ત્યાં ચિત્‌વિકારનો વિલય થવો સાધ્ય છે. જ્યાં પરમાણુ-માત્ર (જરીક પણ) પરિગ્રહપ્રપંચ સાધક છે ત્યાં મમતાભાવ સાધ્ય છે, જ્યાં મિથ્યાદષ્ટિ થવી સાધક છે ત્યાં સંસારભ્રમણ થવું સાધ્ય છે. જ્યાં સમ્યગ્દષ્ટિ થવી સાધક છે ત્યાં મોક્ષપદ થવો સાધ્ય છે. જ્યાં કાલલબ્ધિ સાધક છે ત્યાં દ્રવ્યનો તેવોજ ભાવ થવો સાધ્ય છે.

એ રીતે સાધક-સાધ્યભાવ ભેદ-અભેદરૂપે કરીને અનેક પ્રકારે જાણવા.

## ॥ ઈતિ સાધક સાધ્ય અધિકારઃ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# હવે મોક્ષમાર્ગ-અધિકાર

પહેલીવહેલી કાલલબ્ધિ પામીને સમ્યક્ત્વગુણની, જ્ઞાન-દર્શન-ચારિત્ર-પરમાનંદ-ભોગાદિ ગુણોની જેટલીક શક્તિ નિર્મલરૂપ થઈને પ્રવર્તી તેટલું જીવદ્રવ્ય નિજધર્મરૂપે સિદ્ધ થયું. ત્યાંથી જીવને મુખ્યતઃ સમ્યગ્દષ્ટિસંજ્ઞાથી કહેવામાં આવે છે, અથવા જ્ઞાની પણ કહેવામાં આવે છે. જીવને વળી દર્શનચારિત્રાદિ સ્વભાવસંજ્ઞાથી પણ કહેવામાં આવે તો કોઈ દૂષણ તો નથી, પરંતુ લોકોક્તિમાં ત્યાં જીવને 'સમ્યગ્દષ્ટિ' એવી મુખ્યસંજ્ઞાથી કહેવામાં આવે છે.

એવી રીતે જ્યાંથી સમ્યગ્દષ્ટિ જીવનાં જ્ઞાનદર્શનચારિત્રાદિ જે સ્વભાવરૂપ પ્રગટયાં, તે ત્યાંથી આગળ મોક્ષમાર્ગરૂપ ચાલ્યાં પ્રવર્ત્યાં. પણ ત્યાં એક વાત છે કે ત્યાંથી મુખ્ય ચારિત્રગુણની શક્તિનો સ્વભાવ પ્રગટ થતો લેવો. ત્યાં પહેલાં મન, વચન, કાયનું વિવરણ કહેવામાં આવે છે.

મિથ્યાત્વ ગુણસ્થાનમાં તો એક મુખ્ય વિષયકષાયાદિ અનર્થ પાપરૂપ અશુભોપયોગરૂપે મનાદિ પ્રવર્તે છે. વળી પોતપોતાના કાલમાં ચોથા ગુણસ્થાનમાં દેવગુરૂશાસ્ત્રાદિમાં પ્રશસ્ત ભક્તિ, વિનય-રૂપ શુભોપયોગરૂપે મનાદિની વૃત્તિ મુખ્ય જેવી હોય છે અને વિષય, કષાય હિંસાદિરૂપ અશુભોપયોગરૂપે મનાદિની વૃત્તિ એ પણ હોય છે.

આગળ પાંચમાં ગુણસ્થાનમાં વિરતિ-વ્રતાદિરૂપ શુભોપયોગરૂપે મનાદિની વૃત્તિ મુખ્ય પ્રવર્તે છે. વળી કયારેક ગૌણરૂપથી અશુભોપ-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યોગરૂપે પણ મનાદિ પ્રવર્તે છે. આગળ છઠ્ઠા ગુણસ્થાનમાં આ ભોગ, કાંક્ષા, કષાય, હિંસાદિરૂપ અશુભોપયોગરૂપ મનાદિની બધી વૃત્તિ નાશ જેવી થઇ. વળી સર્વવિરતિ-સર્વવ્રતરૂપ નિર્ગ્રંથ ક્રિયામય સર્વસંયમ, દ્વાદશાંગઅભ્યાસ, દેવગુરુશાસ્ત્ર ભક્તિ ( એ ) ક્રિયારૂપ એવા કેવલ એક શુભોપયોગરૂપે મનાદિની વૃત્તિ પ્રવર્તે છે. અહીં આટલો એક ભેદ જાણવો કે ચોથા ગુણસ્થાનથી માંડી છઠ્ઠા ( ગુણસ્થાન ) સુધી સ્વસ્વભાવ-અનુભવરૂપ શુદ્ધોપયોગરૂપે પણ કાંઇક, કાંઇક ક્યારેક ક્યારેક મનની વૃત્તિ થાય છે, તે પ્રવર્તતી જાણવી.

આગળ સાતમા ગુણસ્થાનમાં શુભોપયોગરૂપ મનાદિની વૃત્તિ નાશ થાય છે અને સ્વાનુભવરૂપ કેવલ એક શુદ્ધોપયોગ ઊપજે છે. તેનુ વિવરણઃ—

આ કાયની ચેષ્ટા-હલનચલન, ગમન, ઊઠવું, બેસવું, કંપવું, ફરકવું, બગાસું, છીંક, ઉદ્ગારાદિ કાયચેષ્ટા-બધુંય રહી ગયું ( અટકી ગયું ) કાયોત્સર્ગી, પદ્માસની જેવી કાષ્ઠની પ્રતિમા છે, તેવા પદ્માસન અથવા કાયોત્સર્ગના આકારે પોતે જ થયો. કાયની, ઇન્દ્રિયની રીતિ, વિષયવાંછા રહી ગઇ ( અટકી ગઇ, ટળી ગઈ ). અડોલ કાષ્ઠપ્રતિમા અને આમાં કાંઈ ભેદ રહ્યો નહિ, કાષ્ઠપ્રતિમાવત્ અડોલ. કાયની રીત તો ત્યાં એવી થઇ કે કાયની રીત કાષ્ઠવત્ ( અડોલ ) થઈ, તો ત્યાં વચનની રીત તો સહજ જ રોકાઇ ગઈ, જો તે કાષ્ઠની પ્રતિમા બોલે તો ત્યાં આ અપ્રમત્ત સાધુ પણ બોલે, કાષ્ઠપ્રતિમાની માફક અવાચી.

વળી અહીં આઠ દલરૂપ ( આઠ પાંખડીનું બનેલું ) દ્રવ્યમન તે પણ નિષ્કંપ થઈ ગયું. પૌદ્ગલિક દ્રવ્યમનાદિની રીતિ તો એ રીતે સહજ જ સ્થગિત થઈ ( રોકાઈ ગઈ ) વળી જીવનાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનદર્શનચારિત્રાદિનાં રૂપો વિષય ઉપર ઈન્દ્રવત્ થયું (-ઇન્દ્રવત્ ઈશ થયા). (વળી જીવનાં જ્ઞાનદર્શનચારિત્રાદિનાં રૂપે વિષય ઉપર ઇન્દ્રવત્ જય મેળવ્યો-કાબૂ મેળવ્યો). તેની તેઓ કાય ઇન્દ્રિયરૂપ (કાય-ઈન્દ્રિયમાં) પ્રવર્તતાં હતાં તે કાય-ઇન્દ્રિયોના અભ્યાસ-માર્ગમાં પ્રવર્તવું છોડીને સ્વવસ્તુ ભાવના એક અભ્યાસરૂપ માર્ગમાં પ્રવર્ત્યાં.

વળી જીવનાં જ્ઞાનદર્શન ચારિત્રાદિ વિભાવરૂપ થયાં થકા આ વચનવિષયમાં પ્રવર્તતાં હતાં, તે પરિણામો પણ વચનના અભ્યાસ-માર્ગને છોડીને વળી એક સ્વવસ્તુભાવના અભ્યાસરૂપ માર્ગમાં પરિણમે છે-પ્રવર્તે છે. વળી જીવનાં જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ વિકાર-ભાવરૂપે થયાં થકાં અષ્ટદલકમલરૂપ મનના સ્થાન વિષે ભાવમન ઈષ્ટ-અનિષ્ટ, લાભ-અલાભ, અશુભ-શુભ ઉપયોગાદિ ભાવરૂપ અનેક વિકલ્પસમૂહમાં અભ્યાસરૂપે ચંચલ થતું પ્રવર્તતું હતું. તે ભાવમન એક સ્વવસ્તુભાવને સેવવાના અનુભવરૂપે પ્રવર્ત્યું. બીજો બધા વિકલ્પચિંતાથી તે અટકી ગયું, એક વસ્તુભાવને અનુભવવાને પ્રવર્ત્યું. એ રીતે જ્ઞાનદર્શનચારિત્રાદિ, વિકારરૂપ (અને) મન-વચનકાય વ્યવહાર પરિણતિરૂપ (થતાં), અટકી ગયાં, (અને) એક સ્વવસ્તુભાવને સેવારૂપે-અનુભવવારૂપે-નિશ્ચયથી પ્રવર્ત્યાં. ત્યાં તેને સંયમી કહેવામાં આવે છે, અને તેને જ શુદ્ધોપયોગી કે પ્રધાન અનુભવી કહેવામાં આવે છે. ત્યાં પરભાવોનું, વ્યવહાર-પરિણતિનું સર્વ સેવવું મટી ગયું, એક કેવલ આત્મસ્વરૂપના અનુભવરૂપ નિશ્ચયથી પરિણતિ પ્રવર્તી. એ રીતે આ મનાદિની વૃત્તિને સ્વરૂપમાં એકાગ્રતા-એકરૂપ એવો શુદ્ધોપયોગ એકરૂપ ઊપજ્યો.

વળી જ્યાં આ શુદ્ધોપયોગ ઊપજ્યો ત્યાં જશ-અપજશ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લાભાલાભ, ઇષ્ટાનિષ્ટાદિ સર્વ ભાવોમાં સમાનભાવ થઇ ગયો, કોઈ આકુલતા રહી નહીં, એમ સામાન્યપણે કહેવામાં આવે છે.

વળી જ્યારથી આ શુદ્ધોપયોગ પ્રગટ્યો ત્યારથી પરમાત્મ-સુખનો આસ્વાદ અતીન્દ્રિયરૂપે પ્રગટતો જાય છે. એવી રીતે જ્યા-રથી શુદ્ધોપયોગનું કારણ ઊપજ્યું ત્યારથી જ સાક્ષાત્ મોક્ષ-માર્ગ મુખ્યપણે કહેવામાં આવે છે. વળી અહીંથી ચારિત્રગુણની મુખ્યતાથી મોક્ષમાર્ગ જાણવો.

સાતમા ગુણસ્થાનથી જે જે પછીનો કાલ આવે છે તે તે કાલમાં ચારિત્રાદિ ગુણની જ અનેક અનેક શક્તિઓ પુદ્ગલ-વર્ગણાના આચ્છાદનથી, ( અને ) ચિત્વિકારથી મુક્ત થઈ થઇને સાક્ષાત્ નિશ્ચયનિજસ્વભાવરૂપ શક્તિરૂપ થતી જાય છે. વળી આગળ જેમ જેમ કાલ આવે છે તેમ તેમ ચારિત્રાદિ ગુણોની અનેક અનેક શક્તિઓ પુદ્ગલવર્ગણાના આચ્છાદનથી, ( અને ) ચિત્વિ-કારથી મુક્ત થતી થતી સાક્ષાત્ નિજસ્વભાવરૂપ થતી જાય છે. વળી એ રીતે સમયે સમયે ચારિત્રશક્તિઓનો મોક્ષરૂપ થવાનો પ્રવાહ ચાલતો થકો સમયે સમયે વધતો જાય છે.

શુદ્ધ શક્તિ તે આ મોક્ષમાર્ગની અવસ્થા જાણવી. આ મોક્ષમાર્ગ થતાં થતાં-પ્રવર્તતાં પ્રવર્તતાં જ્યારે ક્ષીણમોહની અવસ્થા આવી, ત્યાં જે મનાદિક રીતિ-પરિણતિ, જ્ઞાનદર્શનચારિત્રાદિશક્તિ કે જે સ્વવસ્તુ-અભ્યાસરૂપ શુદ્ધાપયોગરૂપ હતી તે શક્તિ ( અને ) બીજી વ્યવહારપરિણતિ, જ્ઞાનદર્શનચારિત્રાદિશક્તિ કે જે કિંચિત અબુધરૂપ શક્તિ હતી તે શક્તિ-તે શક્તિઓ સર્વથા મુક્ત થઈ થઇને નિજજાતિસ્વભાવરૂપ નિશ્ચયપરિણતિરૂપે થતી થતી ચાલી. આત્મસ્વભાવ પણ મુક્ત થતાં થતાં તે ક્ષીણમોહ-અવસ્થાના અંત સમયમાં ચારિત્રગુણની અનંતશક્તિ ( -સર્વ શક્તિ ) મોહપુદ્ગલના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આચ્છાદનથી અને વિકારથી મુક્ત થઇને નિજવસ્તુસ્વભાવરૂપ થઈ, ચારિત્રગુણની અનંતશક્તિ નિજવસ્તુસ્વભાવમાં જ રહી ને સ્થિરીભૂત થઈ, ત્યારે જ ચારિત્રગુણ મોક્ષરૂપ ઊપજ્યો કહેવામાં આવે છે. ત્યારે જ પરમાનંદભોગગુણની અનંતશકિત–સર્વશકિત–મુકત થઇને નિજવસ્તુસ્વભાવના આસ્વાદરૂપ–ભોગરૂપ ઊપજી, ત્યારે ભોગગુણ મોક્ષરૂપ ઊપજ્યો કહેવામાં આવે છે. વળી ત્યારે જ જ્ઞાનદર્શનવીર્યાદિ ગુણોની અનંત અનંત શકિતઓ મોક્ષરૂપ થઈ રહી, તેમની સ્તુતિઃ—

જેટલો લોકાલોક તેટલા બધાયનો પ્રત્યક્ષ જ્ઞાયક દર્શક થયો, સર્વજ્ઞ સર્વદર્શી થયો, લોકાલોક આવી પ્રતિબિમ્બ્યો, અતીત, અનાગત વર્તમાનની અનંત અનંત પર્યાયો સર્વ પ્રત્યક્ષપણે એક જ સ્થાને કીલિત થયા, ( ચોંટી ગયા, જડાઈ ગયા સર્વ પ્રત્યક્ષપણે જણાયા ). જ્ઞાનદર્શન સંપૂર્ણ સ્વરૂપે થયા ત્યાં જ્ઞાનદર્શનવીર્યાદિ ગુણ મોક્ષરૂપ ઊપજ્યાં કહ્યાં.

આ રીતે એક ભવાવતારીને અપ્રમત્ત અવસ્થાથી પ્રધાનપણે ચારિત્રાદિ ગુણની શક્તિઓનો મોક્ષરૂપ થવાનો માર્ગ ચાલ્યો હતો તે માર્ગ અહીં પરિપૂર્ણ થઈ રહ્યો. તે જ ચારિત્રાદિ ગુણ મોક્ષરૂપ નિષ્પન્ન ( પરિપૂર્ણ ) થઈ રહ્યો ત્યાં ગુણમોક્ષ ( સંપૂર્ણ ) થઈ રહ્યો.

## ॥ ઇતિ ગુણમોક્ષમાર્ગવિવરણં ॥

**ગુણમોક્ષમાર્ગનો ચોથાથી આરંભ થયો હતો,**
**બારમાના અંત સુધીમાં સંપૂર્ણ થયો.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# અન્તર્વ્યવસ્થા કથન

કર્માનુભવથી જ્ઞાનદર્શનચારિત્રાદિની શક્તિઓનો ભેદભાવ થવો, તેમનું જુદું થવું, જ્ઞાનદર્શનચારિત્રાદિની શક્તિઓનું સ્વરૂપમાં આવવું, વળી ત્રણેય શક્તિઓના વિકારરૂપનો નાશ થવો, જ્ઞાન-દર્શનચારિત્રાદિની શક્તિઓની નિશ્ચય પરિણતિ થવી, જ્ઞાનદર્શન-ચારિત્રાદિની શક્તિઓની શુદ્ધતાની ઉત્કૃષ્ટ વૃદ્ધિ થવી, જ્ઞાન-દર્શનચરિત્રાદિની શક્તિઓની અશુદ્ધતાની હાનિ થવી, જ્ઞાન-ગુણની શક્તિઓનું એક આકારરૂપે (એક સાકારરૂપે) 'જાણવું' સમ્યગ્ થવું, દર્શનગુણની શક્તિઓનું એક અનાકાર જાણવારૂપે (અનાકાર દેખવારૂપે) સમ્યગ્ થવું, ચારિત્રગુણની શકિતઓનું એક સ્વવસ્તુસ્વરૂપમાં 'આચરણ–સ્થિરતા–વિશ્રામરૂપે' સમ્યગ્ થવું ઇત્યાદિ જીવના સર્વ ભાવોનો આરંભ ચોથા ગુણસ્થાનથી થાય છે અને બારમા ગુણસ્થાનના અંત સુધીમાં સંપૂર્ણ ભાવ થઇ રહે છે.

નિસ્સંદેહ જ્ઞાનદર્શનચારિત્રાદિ ગુણનો જઘન્યભાવ, જ્ઞાનદર્શન-ચારિત્રાદિની શક્તિઓનો સાક્ષાત્ ક્ષયોપશમ થવારૂપ ભાવ, અતંરાત્મ-ભાવ, સવિકલ્પભાવ સ્વરૂપશકિતરૂપ પરિણામથી અને વિકારશકિતરૂપ પરિણામથી જીવદ્રવ્યનો મિશ્રભાવ ઇત્યાદિ ભાવોરૂપે જીવ ચોથા ગુણસ્થાનથી માંડી બારમા ગુણસ્થાન સુધી રહે છે.

ચોથા ગુણસ્થાનથી જ્યારે ચારિત્રગુણની બુદ્ધરૂપ જે જે શકિત રાગદ્વેષવિકારથી નિવર્તી નિવર્તી કેવલ સાક્ષાત્ નિજસ્વરૂપ થઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્વિકલ્પ પરિણમે છે–કેવલ સ્વરૂપ રૂપ થઇ પ્રવર્તે છે; તે કાલે તે શક્તિઓના આશ્રવબંધભાવની તો કંઈ વાત નથી (તે કાલે તે શક્તિઓના આશ્રવબંધભાવનો તો કાંઈ પ્રશ્ન ઊઠતો નથી), તે શક્તિઓ તો સ્વરૂપથી સિદ્ધ થઇ જાય છે. તે કાલે તે શક્તિઓને તો કાંઈ વિકલ્પ લાગતો જ નથી પણ ચોથાગુણસ્થાનથી સમ્યગ્દષ્ટિના ચારિત્રગુણની અન્ય શક્તિ જ્યારે વિકલ્પ થઇને બુદ્ધિરૂપ પરિણમે છે–વિષય, કષાય, ભોગસેવારૂપ, ઈષ્ટરુચિ, અનિષ્ટ–અરુચિ, હિંસારૂપ રતિ–અરતિરૂપ, અવિરતિરૂપ, પરિગ્રહવિકલ્પરૂપ આદિથી અથવા શુભોપયોગવિકલ્પરૂપ આદિથી બુદ્ધિરૂપ જ્યારે જે શક્તિ પરિણમે છે ત્યારે તે શક્તિ એવી રીતે પરાલંબન ચંચલતારૂપે મેલી પણ થાય છે તોપણ તે શક્તિ વડે આશ્રવ-બંધનો વિકાર ઊપજતો નથી. શા કારણે? કેમકે સમ્યગ્દષ્ટિ પોતાની વિકલ્પરૂપ બુદ્ધિપૂર્વક ચારિત્રચેષ્ટાને જાણવાને સમર્થ છે, તે ચેષ્ટાને જાણતાં જ સમ્યગ્દષ્ટિને વિષયભોગાદિ ભાવો વિકારરૂપ જુદા જ પ્રતિબિંબે છે અને તેમાં ચેતનાસ્વભાવભાવ જુદો પ્રવર્તે છે. એક જ કાલમાં સમ્યગ્જ્ઞાનમાં જુદા જુદા પ્રત્યક્ષ થાય છે. આ કારણથી તે ચારિત્રશક્તિમાં બુદ્ધિરૂપ રાગદ્વેષમોહરૂપ વિકાર ઘૂસતો નથી.

એ રીતે સમ્યગ્દષ્ટિ બુદ્ધિરૂપ વિકલ્પરૂપ પરિણતિથી પણ બારમા ગુણસ્થાન સુધી સર્વથા નિરાશ્રવ–નિર્બંધ પ્રવર્તે છે. વળી તે સમ્યગ્દષ્ટિની ચેતના વિષય, કષાય, ભોગ હિંસા, રતિ, અરતિ આદિ (માં) અબુદ્ધિરૂપ પરિણમે છે તે, સમ્યગ્મતિ, સમ્યગ્શ્રુતરૂપ જઘન્ય–જ્ઞાનગોચર થતા નથી, અજ્ઞાનને લીધે છે તેથી શક્તિમાં અબુદ્ધિરૂપે રાગ, દ્વેષ, મોહ વિદ્યમાન છે. તેથી અબુદ્ધિરૂપે ચોથાથી માંડી દશમા ગુણસ્થાન સુધી કિંચિત્માત્ર આશ્રવબંધભાવ ઊપજે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. વ્યવહારપરિણતિ, અશુદ્ધપરિણતિ, જીવના અબુદ્ધિ અને બુદ્ધિ-રૂપ પરિણતિરૂપ જ્ઞાનાદિગુણ દશમા બારમા ગુણસ્થાન સુધિ પરિણમે છે.

## ॥ ઇતિ અન્તર્વ્યવસ્થા કથનં ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ❋ સમ્યગ્દૃષ્ટિ સામાન્ય વિશેષાધિકાર ❋

વળી સમ્યગ્દૃષ્ટિ જીવના સ્વસ્વરૂપના નિર્વિકલ્પ અનુભવમાં–બુદ્ધિપરિણતિમાં એક પરમાણુ પણ રાગાદિ વિકાર નથી, અને સામાન્યપણે સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાનીને, ચારિત્રી એ રીતે કહેવું થયું. ( તેને ) મુખ્યરૂપે નિર્બંધ, નિરાશ્રવ, નિષ્પરિગ્રહ, શુદ્ધ, ભિન્ન, પરમાણુમાત્ર રાગાદિ રહિત કહેવામાં આવે છે. ( તથા તે સમ્યગ્દૃષ્ટિ જીવને ) શુદ્ધ, બુદ્ધ, કહેવામાં આવે છે, ( તેને ) વિકારનું હોવું ઠરતું નથી. શા કારણે ? કેમકે, જેમકે સામાન્યપણે સર્વચેતનદ્રવ્ય વંદનીક જ ઠરે, કોઈ નિંદિત ન ઠરે. વળી જ્યારે વિશેષભેદ કરવામાં આવે ત્યારે જ્ઞાનદર્શનચારિત્ર ( આદિ ) ના જઘન્યપણાથી સમ્યગ્દૃષ્ટિને કથંચિત્ અબુદ્ધિરૂપ આશ્રવ, બંધ, સરાગાદિ વિકારમિશ્રિત જીવદ્રવ્ય કહેવામાં આવે છે. વળી જ્ઞાનદર્શનચારિત્રના ઉત્કૃષ્ટપણાથી સમ્યગ્દૃષ્ટિને સર્વથા પ્રકારે સાક્ષાત્-નિર્બંધ, નિરાશ્રવ, વીતરાગી, નિષ્પરિગ્રહી જીવદ્રવ્ય કહેવામાં આવે છે. જેવી રીતે અડીને ( આંગળીથી દબાવીને ) કેરીનોભેદથી ( વિશેષરૂપથી ) નિર્ણય કરવામાં આવે ત્યારે કોઈ કેરી કોઈ અંગથી કાચી હોવાથી મિશ્રિત પણ કહેવામાં આવે છે અને સામાન્યથી નિસ્સંદેહ તે જ કેરી સર્વથા પાકી કહેવામાં આવે છે.

## ॥ ઈતિ સમ્યગ્દૃષ્ટિ સામાન્ય વિશેષાધિકાર ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ( अमुर्तिकचेतनभावसंसारस्य व्याप्यव्यापकैक जीवतदधिकारः )

## ( અમુર્તિક ચેતનભાવ સંસારમાં એક જીવ જ વ્યાપ્ય વ્યાપક છે તેનો અધિકાર )

---

હે ભવ્ય! તું (એમ) જાણ કે જે પૌદ્ગલિક પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ છે તેમને તો જીવ ત્રણ કાલમાં ક્યારેય જરા પણ સ્પર્શતો નથી. વળી જો કે એકક્ષેત્રાવગાહી છે તોપણ જીવ તેમને ક્યારેય પણ સ્પર્શ્યો નથી.

વળી આ જે દશ પ્રકારનો પુદ્ગલપરિગ્રહ છે, ગૃહ, ક્ષેત્ર, બાગ, નગર, કૂપ, વાવ, તળાવ, નદી વગેરે સર્વ પુદ્ગલો, માતા પિતા, કલત્ર, પુત્ર, પુત્રી, વધૂ, બંધુ, સ્વજન મિત્ર આદિ બધા સંબંધીઓ, સર્પ, સિંહ, વ્યાઘ્ર, ગજ, મહિષ આદિ બધા દુષ્ટો, અક્ષરશબ્દ, અનક્ષરશબ્દ આદિ બધા શબ્દો, ખાનપાન, સ્નાન, ભોગ, સંયોગ, વિયોગ, આદિ બધી ક્રિયા, પરિગ્રહમેળાપ તેથી મોટો પરિગ્રહનો નાશ તેથી દરિદ્ર આદિ બધી ક્રિયા, ચાલવું, બેસવું, હલવું, બોલવું, કંપવું આદિ બધી ક્રિયા લડવું, ભિડવું ચઢવું, ઉતરવું, કૂદવું નાચવું, ખેલવું, ગાવું, બજાવવું આદિ બધી ક્રિયા–એ રીતે આ સર્વને તું પુદ્ગલસ્કંધોના ખેલ જાણ. **"એમને પણ ત્રણ કાલમાંય આ જીવ કયારેય સ્પર્શ્યો નથી** એમ તું નિસ્સંદેહ જાણ".

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેવી જેવી રીતે કાલના નિમિત્તથી આ પુદ્ગલો સ્વયં આવે છે, સ્વયં જાય છે, સ્વયં મળે છે, સ્વયં વિખરાય છે, આપોઆપ પુદ્ગલ જોડાઈને વધે છે, આપોઆપ પુદ્ગલ છૂટા પડીને ઘટી જાય છે. દેખો—આ પુદ્ગલનો પણ પોતાના પુદ્ગલની જાતિ સાથે તો સંબંધ છે. **"પરંતુ આ જીવને એ પુદ્ગલો પણ ત્રણ કાલમાં ક્યારેય સ્પર્શ્યા નથી, પુદ્ગલો આપોઆપ જ ખેલે છે"**

હે સંત જ્યારે આ જીવ અજ્ઞાનાદિ વિકારરૂપે પ્રવર્તે છે ત્યારે આ પુદ્ગલના જ ખેલને દેખીને આ તરફ જીવપરિણામમાં શું આવ્યું? (શું બને છે.) 'એ સર્વ કામ મારા કર્યાં થયાં; —એ જ ચિત્વિકારનું મહાત્મ્ય જાણો. હે સંત! તમે તેને ક્યારેય સ્પર્શ્યા નથી અને આ ક્યારેય એને (જીવને) સ્પર્શતા નથી. તેને દેખતાં, જાણતાં 'હું કરું છું" તેનાથી સુખ પામું છું" તેનાથી હું ખેદ પામું છું, આવો પ્રત્યક્ષ જૂઠ-જીવને થયું-ભ્રમ જીવને થયો, તમે જાણો.

વળી હે ભવ્ય! જ્ઞાની આવી રીતે દેખે છે, જાણે છે, કે આવી રીતે અહીં નિશ્ચયથી છે; તે શું?

જેટલાય પૌદ્ગલિક વર્ણ, રસ, ગંધાદિકનો નીપજેલો આ સર્વ ખેલ–અખાડો તેની સાથે તો (જ્ઞાની) પોતાને કાંઈ પણ સંબંધ હોવો દેખાતો નથી. કારણ કે પૌદ્ગલિક નાટક અન્ય દ્રવ્યનું બનેલું જોવામાં આવે છે. વળી આ નાટક તો મૂર્તિકનું બન્યું છે, વળી અચેતનનું નીપજેલું નાટક છે, વળી આ નાટક તો અનેક દ્રવ્યો મળીને પ્રવર્તે છે, તેથી આની સાથે તો મારે કેમેય કરી (કોઈ પણ રીતે) ત્રણ કાલમાં સંબંધ દેખાતો નથી.

કારણ કે હું તો જીવદ્રવ્ય, હું તો અમૂર્તિક, હું તો ચેતનવસ્તુ, હું તો એક સત્ત્વ, હું તો આવો, તે તેવું, મારામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અને તેનામાં ભર્યા-ખાલી જેવો પૂરો ફેર, પ્રકાશ-અંધકાર જેવો ફેર, મારામાં ક્યાંય તેના જેવી રીતનો સંબંધ દેખાતો નથી. તેથી તેના નાટક કાર્યનો ન હું કર્તા, ન હું હર્તા, ન હું ભોક્તા, કોઈ કાલમાં થયો નથી, થઈશ નહિ અને અત્યારે હું નથી.

તાત્પર્ય આ છે કે જ્ઞાની પોતામાં અને પરદ્રવ્યમાં સર્વથા કાંઈ પણ સંબંધ દેખતો નથી. તેથી આ પુદ્ગલનું નાટક જેવું જણાયું તેવી રીતે નાચો, સ્વયં ઊપજો, સ્વયં વિણશો, સ્વયં આવો, સ્વયં જાય, હું એના નાટકને ન રાખી શકું કે ન છોડી શકું **"એના નાટકના રાખવા છોડવાની ચિંતા પણ કરવામાં આવે તે પણ જૂઠી છે, કારણ કે તે પરવસ્તુ છે. પોતાના ગુણપર્યાય, ઉત્પાદવ્યયધ્રૌવ્ય, કર્તાકર્મક્રિયાદિની સામગ્રીથી સ્વાધીન છે."** એવી રીતે જીવ પુદ્ગલ સર્વથા જુદા છે, એવી રીતે જે જુદા પ્રવર્તે છે. તેવી રીતે જ્ઞાન થતાં જ્ઞાની જીવપરપુદ્ગલને જુદું દેખે છે, જાણે છે, વળી જ્ઞાની આ જીવને એવી રીતે દેખે-જાણે છે કે જ્યાં સુધી આ જીવ વિકારવંત પ્રવર્તે છે ત્યાં સુધી જેવા પ્રકારના જે કાંઈ વિકારના તરંગો પ્રગટે છે, તે તરંગોમાં જીવ વ્યાપ્યવ્યાપક છે. તેમનો તે કર્તા છે, હર્તા છે, ભોક્તા છે. તે વિકાર એક કેવલ ચેતનાની ઉપરાવટી ( ઉપરની દશાનું ) નામ છે. વળી તે વિકાર અમૂર્તિક છે, એક જીવનો જ ભાવ છે, જીવથી અભેદ છે. તાત્પર્ય આ છે કે તે બધા વિકાર જીવ-ભાવજન્ય છે અને સંક્ષેપથી તો ( સામાન્ય પણે તો ) આ ભાવને 'ચિત્વિકાર કહેવામાં આવે છે. વળી આ ચેતનવિકારના જે તરંગો છે તે તરંગોના સ્વાંગનું જેવું જેવું નામ ઊપજે છે, તેવું વિશેષ કરીને કહેવામાં આવે છે.

પુદ્ગલમાં જે જે મૂર્તિક સ્વાંગ થાય છે, તે કાલે સ્વાંગના જેવી નકલ કરીને, જીવના વિકાર તરંગો અમૂર્તિક સ્વાંગ ધારણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરીને પ્રવર્તે છે. આ વિકારસ્વાંગનું નામ પરભાવ કહેવામાં આવે છે. કારણ કે આ સ્વાંગના જ ભેદ જીવવસ્તુત્વમાં તો હતા નહીં તેથી સ્વના-નિજના ( જીવના ) કેવી રીતે બને? **"જેથી આ જીવ મૂલ દ્રષ્ટાજ્ઞાતા હતો તેથી જ એના દર્શનજ્ઞાન-ઉપયોગમાં જ મૂર્તિક નાટક જ્ઞેયસ્વાંગ આવીને પ્રતિભાસે છે,"** પ્રતિભાસતાં જ જે કાલે જ જ્ઞાનદર્શનની શક્તિ તેવા જ પ્રકારે તદાકારે જ્ઞેયપ્રતિભાસરૂપે થઈ તે કાલે તે જ્ઞાનદર્શનની શક્તિએ તેવા આકારમાં વિશ્રામ લીધો અથવા 'તે આકારરૂપે આત્મા છે એમ તે જ્ઞેયપ્રતિભાસરૂપે ઉપયોગશક્તિઓનું આચરણ-સ્થિરતા પોતાને થયું', ત્યારે તે ઉપયોગ જે છે તે પણ પોતાને તો દેખતો નથી, જાણતો નથી તે જ્ઞેયના આકારરૂપે પોતાને આચરે છે, તેની સાથે પોતાપણારૂપે સ્થિર થઈને રહે છે કે 'હું આવો છું'.

હે સંત, તું જાણ, જ્ઞાનદર્શનચારિત્ર વડે જ પરજ્ઞેય ભાસતાં જીવ એ રીતે સ્વાંગી થાય છે; જેથી આ જીવની વસ્તુમાં તો એવો સ્વાંગ તો હતો જ નહિ, તો પછી આ ભાવને જીવનો નિજભાવ કેવી રીતે કહેવામાં આવે? જેથી આ જીવે પરજ્ઞેય ભાસનો સ્વાંગ પોતારૂપે ધારણ કરી લીધો છે તેથી આ જીવ વિષે આ સ્વાંગભાવને 'પરભાવ' નામથી કહેવામાં આવે છે. હવે તે સ્વાંગને જ નામસંજ્ઞાભેદથી કહું છું. તે તું સાંભળ. દેખો, જે આ પુદ્ગલના અખાડામાં મૂર્તિક અચેતનનો બનેલો, શુભ રંગરસગંધસ્પર્શાદિકના બનેલા જે સ્કંધો તે પુણ્ય; અશુભરસગંધ-સ્પર્શાદિકના બનેલા સ્કંધો તે પાપ; કર્મવર્ગણા આવવાના સ્વાંગરૂપ જે મોહાદિ રાહ ( દ્વાર ) બન્યો તે રાહ આશ્રવસ્વાંગ, સ્નિગ્ધરૂક્ષ શક્તિથી પરસ્પર વર્ગણા મળીને જે એક પિંડ થઈને બને તે બંધસ્વાંગ. વર્ગણા આવવાનો રાહ રોકાઈ જાય તે સંવરસ્વાંગ. જે થોડી-થોડી વર્ગણા પોતાના સ્કંધથી ખરી જાય તે નિર્જરા-

૧૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાંગ; જે સર્વ ખરી જાય તે મોક્ષસ્વાંગ; એક ક્ષેત્રાવગાહી પુદ્ગલના જ્ઞેય-અખાડામાં જે આવા સ્વાંગો બન્યા છે, તેવા તેવા સ્વાંગો (તેના અનુસારે જે સ્વાંગો) આ વિકારી જીવનાં જ્ઞાનદર્શનચારિત્રથી જે નીપજ્યા, જે અમૂર્તિક નીપજ્યાં તે કેવી રીતે ?

(પુણ્યઃ—) એક ક્ષેત્રાવગાહી પૌદ્ગલિક પુણ્યજ્ઞેય તેને દેખવા-જાણવારૂપ ઉપયોગપરિણામ થયા, તે કાલે વળી ચારિત્ર-પરિણામે વિશ્રામરૂપ સુખ જેવા અથવા રંજિતરૂપ સુખ જેવા થયાં થકાં, તે જ પરિણામોના આકારરૂપ ધારણ કર્યાં. ત્યારે એરૂપે જીવનો અમૂર્તિક પુણ્યસ્વાંગભેદ નીપજ્યો.

(પાપઃ—) વળી જે કાલે એકક્ષેત્રાવગાહી પાપજ્ઞેયને દેખવા જાણવારૂપ ઉપયોગપરિણામ થયા તે કાલે વળી ચારિત્રપરિણામે વિશ્રામરૂપ દુઃખસંતાપરૂપે અથવા રંજિતરૂપ દુઃખરૂપે થયાં થકાં તે જ પરિણામોના આકારરૂપ ધારણ કર્યાં ત્યારે એરૂપે જીવનો અમૂર્તિક ચેતનપાપસ્વાંગભેદ નીપજ્યો.

(આશ્રવઃ—) વળી એકક્ષેત્રાવગાહી પૌદ્ગલિક મિથ્યાત્વ, અવિરતિ, યોગ, કષાયરૂપ આશ્રવસ્વાંગ બન્યો, જ્ઞેયને દેખવાજાણવા-રૂપ આ જીવના ઉપયોગપરિણામ થયા તે કાલે વળી ચારિત્રપરિ-ણામે વિશ્રામરૂપ અથવા રંજિતરૂપ થયો થકો તે જ પરિણામોના આકારરૂપ ધારણ કર્યાં ત્યારે તેરૂપે પરિણમતાં આ જે રંજિત પરિણામ છે તે નવા નવા સુખ જેવા ભાસતા દુઃખસંતાપ અને દુઃખના જ રસસ્વાદ ઊપજવાનું કે તે રસસ્વાદ થવાનું કે તે રસસ્વાદ આવવાનું કારણ છે કે રાહ છે કે દ્વાર છે તેથી તેને આશ્રવનામથી કહે છે. એ રીતે જીવના તે ભાવનો એવાં અમૂ-ર્તિક ચેતનઆસ્રવસ્વાંગભેદ નીપજ્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( સંવરઃ— ) વળી પૌદ્ગલિકમિથ્યાત્વ, અવિરતિ, યોગ, કષાયની નવી નવી વર્ગણા આવવાનો રાહ, તે રાહ મટતાં નવીન વર્ગણા આવતી રોકાઈ જાય છે, તેથી તે રાહ મટવાનું નામ પૌદ્ગલિક સંવરસ્વાંગ પડયું. જ્ઞેયને દેખવાજાણવારૂપ આ જીવના ઉપયોગપરિણામ થયા તે કાલે વળી ચારિત્ર-પરિણામે વિશ્રામરૂપ અથવા રંજિતરૂપ થયો થકો તે જ પરિણામોના આકારરૂપ ધારણ કર્યાં ત્યારે તે રંજિત પરિણામ નવા નવા સુખ જેવા ભાસતાં દુઃખ અને દુઃખ આવવાના કારણરૂપ થયા; તે રંજિતભાવ જ્યારે મટ્યો ત્યારે મટવાનો જીવનો ( જીવનાભાવનો ) અમૂર્તિક ચેતનસંવર નામનો ભેદ નીપજ્યો.

( બંધઃ— ) વળી બે ગુણે કરીને અધિક ચીકણા ચીકણા, લૂખા લૂખા, ચીકણા-લૂખા ભાવથી પોતપોતાની સાથે એકલા પૌદ્ગલિક પરમાણુ મળે-સંબંધ પામે ત્યારે તે ચીકણાલૂખાનો પૌદ્ગલિક બંધસ્વાંગ બન્યો કહેવામાં આવે છે; જ્ઞેયને દેખવાજાણવારૂપ આ જીવના ઉપયોગપરિણામ થયા તે કાલે વળી ચારિત્ર-પરિણામે વિશ્રામરૂપ અથવા રંજિતરૂપ થયો થકો તે જ પરિણામના આકારરૂપ ધારણ કર્યાં, ત્યારે તેમાં રંજિત થતાં ઉપયોગના જ્ઞેયાકારરૂપ જે આ પરિણામ છે તે પરિણામના આકાર સાથે સંબંધ-મેલાપરૂપ રંજિતરાગ થાય છે તે જ્ઞેયાકારમાં રંજિતપણું એકતા પામે છે, તે જીવના અમૂર્તિક ચેતનબંધસ્વાંગભેદ થાય છે.

( નિર્જરાઃ— ) વળી પૌદ્ગલિક કર્મસ્કંધથી વર્ગણા અંશે અંશે ખરી જાય છે, તેને પૌદ્ગલિક નિર્જરાસ્વાંગ કહેવામાં આવે છે. પરજ્ઞેયને દેખવાજાણવારૂપ આ જીવના ઉપયોગપરિણામ થયા તે કાલે વળી ચારિત્રપરિણામે વિશ્રામરૂપ અથવા રંજિતરૂપ થયો થકો તે જ પરિણામોના એવાજ આકારરૂપ ધારણ કર્યાં, એ રીતે પરજ્ઞેય-આકાર ભાસતાં જ્ઞાનદર્શનચારિત્ર અશુદ્ધ પરભાવ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રૂપ થયા. વળી જ્યારે જ્ઞાનદર્શનચારિત્રનું જે પરભાવરૂપ થવું થોડું થોડું મટતું જાય છે, તેને જીવનો સંવરપૂર્વક અમૂર્તિક ચેતનનિર્જરાસ્વાંગભેદ કહેવામાં આવે છે.

( મોક્ષઃ- )વળી પૌદ્ગલિક સર્વકર્મસ્કંધ ખરી જાય છે, જીવના પ્રદેશોથી સર્વથા જુદો થઈ જાય છે, તેને પૌદ્ગલિક મોક્ષસ્વાંગ કહેવામાં આવે છે. પરજ્ઞેયને દેખવા જાણવારૂપ આ જીવના ઉપયોગ-પરિણામ થયો તે કાલે વળી ચારિત્રપરિણામે વિશ્રામરૂપ કે રંજિત-રૂપ થયો થકો તે પરિણામોના એવાજ આકારરૂપ ધારણ કર્યાં, એ રીતે પરજ્ઞેય-આકારભાવથી જ્ઞાનદર્શનચારિત્ર અશુદ્ધ અથવા પરભાવરૂપ ભાવે થયાં. જ્યારે જીવદ્રવ્યનાં જ્ઞાનદર્શનચારિત્રાદિનું તે પરભાવરૂપ થવું સર્વ સર્વથા મટી જાય, તેને જીવનો અમૂર્તિક ચેતનમોક્ષસ્વાંગભેદ કહેવામાં આવે છે.

એ રીતે ચેતન, પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-બંધ-નિર્જરામોક્ષ એકક્ષેત્રાવગાહી પુદ્ગલનાટકથી જીવના આ અમૂર્તિક નાટકને જુદું જ દેખે છે, પુદ્ગલથી રંચમાત્ર પણ સંબંધ દેખતો નથી, જેમ છે તેમ જીવનાટક જુદું દેખે છે. વળી જીવનું પોતાનું નાટક જે દેખવામાં આવે છે. તે શું ?

આ જે એકક્ષેત્રાવગાહી પૌદ્ગલિક વસ્તુનું કર્મરૂપી નાટક બન્યું, તેવું જ આ જીવનું પરભાવરૂપ નાટક બન્યું છે. નકલી તે કેવી રીતે ? પૌદ્ગલિક મૂર્તિક અખાડામાં તો વર્ગણા જ્ઞાનાવરણ, દર્શનાવરણની કર્મસંજ્ઞાનો સ્વાંગ ધારણ કરીને નાચે છે. ત્યારે તેના અનુસારે થતી માન્યતા આ જીવની પણ જોવામાં આવે છે. નાટક કેવું ?

જ્ઞાનદર્શનનો પરમનિજજાતિસ્વભાવ સર્વ લોકાલોકના બધાય જ્ઞેયોને એક સમયમાં એકી સાથે જાણવા દેખવારૂપે થાય છે, એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો જ્ઞાનદર્શનનો નિજસ્વભાવ છે અથવા એને કોઈ 'જ્ઞાનદર્શન' એટલું જ કહો. વળી જ્યારે એવીરીતે લોકાલોકનું જાણવું-દેખવું ન થાય, તે સર્વને ન જાણવાના, ન દેખવાના ભાવે જ્ઞાન-દર્શનગુણનું જ થવું તે અશુદ્ધભાવ છે. એને જ કોઈ પરભાવ કહો અથવા સ્વભાવનું કોઇ પણ આવરણ કહો. તેથી આ બન્ને ભાવોમાં વ્યાપ્યવ્યાપકરૂપે એક જ્ઞાનદર્શનગુણ જી હોય છે. નિજ-ભાવ સુલટતાં, પરભાવ ઉલટતાં બન્નેય ભાવોમાં જ્ઞાનદર્શનવસ્તુ પ્રત્યક્ષ છે.

તેથી દેખો, હે મિત્ર, નિજભાવરૂપે પણ, પરભાવરૂપે પણ એક જ્ઞાનદર્શન જ થાય છે. તેથી જ્યાં સુધી જ્ઞાનદર્શન પરભાવરૂપે અથવા આવરણભાવરૂપે વ્યક્ત પ્રવર્તે છે, ત્યાં સુધી જ્ઞાનદર્શનગુણ નિજભાવરૂપે અથવા વસ્તુનામભાવરૂવે (વસ્તુભાવરૂપે) પ્રવર્તતાં નથી. તેથી તે પરભાવનું રૂપ વ્યક્ત પ્રવર્તતાં, નિજભાવના પ્રવર્ત-વાની વ્યક્તતા આચ્છાદિત થઇ ગઈ છે. તેથી પરભાવની વ્યક્તતા-થી જ્ઞાનદર્શનસ્વભાવનું જ આવરણકાર્ય ઉપજ્યું.

ત્યારે દેખો! આ જ્ઞાન પોતે જ આવરણરૂપ બન્યું, તેથી તેને જ્ઞાનાવરણકાર્યરૂપ અમૂર્તિક ચેતનસ્વાંગભેદ થયો છે. વળી આ દર્શન પોતે જ આવરણરૂપ બન્યું છે, તેથી તેને દર્શનાવરણકાર્યરૂપ અમૂર્તિક ચેતનસ્વાંગભેદ થયો છે.

વળી પૌદ્ગલિકકર્મ-અખાડામાં કટુક સ્વાદવાળી વર્ગણારૂપ અસાતા તથા મિષ્ટ સ્વાદવાળી વર્ગણારૂપ સાતા એવો મૂર્તિક અચેતનવેદના નામનો સ્વાંગ બન્યો છે. સાતા અથવા અસાતારૂપ જ્ઞેયને દેખવા જાણવારૂપે આ જીવના ઉપયોગપરિણામ થયા, તે કાલે વળી ચારિત્રપરિણામે પરમાં વિશ્રામરૂપ અથવા રંજિતરૂપ થયો થકો તે જ પરિણામના આકારરૂપ ધારણ કર્યા ત્યારે તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ ચારિત્રપરિણામની ભાવનાજ અનુસારે ભોગગુણના પરિણામ થયા, તેને ભોગવવારૂપ અથવા જ્ઞેયાભાસ આસ્વાદરૂપ અથવા વેદન-રૂપ કહો, ભોગગુણનો કોઈ વિપરીતભાવ કહો તો એ રીતે વિપરીત જ્ઞેયાભાસ ભોગવવારૂપ પરિણામ તેને વેદનાકાર્ય બન્યું છે. એ પણ એ રીતે જીવનો અમૂર્તિક ચેતનવેદનસ્વાંગ બન્યો છે.

વળી આ પૌદ્ગલિક અખાડામાં ઉન્મત્ત—પ્રમાદરૂપ મોહનો સ્વાંગ ધારણ કરીને વર્ગણા નાચે છે. વળી મોહમાં જાતિભેદ ઘણા છે. તેમાંના તે ભેદોમાં એક મોહરૂપ ઉન્મત્ત વર્ગણા તો સમ્યકત્વમોહની સંજ્ઞા ધારણ કરીને નાચે છે, ત્યારે આ જીવના સમ્યકત્વગુણના નિજસ્વભાવ—ભાવરૂપ-નિજસત્ત્વવસ્તુની નિજજાતિરૂપ પોતાનું આસ્તિકય-પોતાની ઠીકતા-પોતાનું યાદરૂપ આચરણ-છે તે સમ્યકત્વનો ભાવ વળી તે સમ્યકત્વ, જે ઉપયોગ વડે જ્ઞેયને દેખવા જાણવામાં આવે છે, તે જ્ઞેયવસ્તુને સ્વવસ્તુ કરીને અથવા એક પ્રકારને સર્વથા કરીને આસ્તિકય-આચરણરૂપે વ્યાપ્યવ્યાપક થાય છે, તેને સમકિતઆચરણગુણનો ઉપરાંવઠાભાવ ( ઉપરનો ભાવ ) વિપરીતભાવ, સમ્યકત્વનો પરભાવ કહેવામાં આવે છે. અથવા મિથ્યા· મોહભાવ કહેવામાં આવે છે અથવા મોહભાવ કહેવામાં આવે છે. એવી રીતે આ મિથ્યાભાવમાં જે સમ્યકત્વ—આચરણગુણ વ્યાપ્યવ્યાપક થયો થકો, જે કાર્ય થાય છે, તે આ સમ્યકત્વમોહકાર્ય જીવનો અમૂર્તિક ચેતનસ્વાંગભેદ બન્યો છે.

## अत्र सम्यक्त्वगुणस्य व्यवरणं किंचित्

### ( અહીં સમ્યકત્વગુણનું કંઈક વર્ણન. )

દેખો મિત્ર! જેવી રીતે ઉપયોગના બે ભેદ છે—વસ્તુનું સામાન્ય અવલોકન તે દર્શનગુણ છે, વિશેષ અવલોકન તે જ્ઞાન-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણ છે, એવી રીતે સામાન્યવિશેષથી ઉપયોગના બે ભેદ થયા; તેવી રીતે આચરણના બે ભેદ થયા-( ૧ )સામાન્યસ્વવસ્તુસત્તા પર ( સામાન્યસ્વવસ્તુસત્તા પ્રત્યે, સામાન્યસ્વવસ્તુ સત્તામાં ) આસ્તિકય-ઠીક પ્રતીતિ-યાદરૂપ આચરણ તે તો સમ્યકત્વ-આચરણગુણ છે અને ( ૨ ) વિશેષે કરી સ્વવસ્તુમાં સ્થિતિરતારૂપ કે વિશ્રામરૂપ જે આચરણ તે ચારિત્રાચરણગુણ છે. એ રીતે સામાન્યવિશેષથી આચરણના બે ભેદ થયા. ઇતિ.

વળી તે પુદ્ગલ-અખાડામાં તો ચારિત્રમોહસંજ્ઞાના સ્વાંગરૂપે ઉન્મત્ત વર્ગણા થઈ છે, તેને ભેદાનુભેદથી કંઈક કહેવામાં આવે છેઃ-

( ક્રોધઃ- ) પૌદ્ગલિક કર્મવર્ગણા તપ્તરૂપે ( સંતાપરૂપે ), દુષ્ટ-રૂપે, ઉકળવારૂપે, કે ખંડન, તોડન, છેદન, મર્દન, સંયમઘાતનાદિરૂપે થઈ પોતાના સ્કંધરૂપે કે પરના સ્કંધરૂપે પરિણમે તે, પૌદ્ગલિક ક્રોધ ચારિત્રમોહનો સ્વાંગ બન્યો. વળી આ જીવનો જે ચારિત્રા-ચરણગુણ તેનો નિજભાવ તો ઉપયોગમય ચેતનવસ્તુરૂપે વિશ્રામ રહેવો-સ્થિર રહેવું તે છે. વળી ઉપયોગથી જે પરજ્ઞેયને દેખવા જાણવામાં આવે છે. તે જ્ઞેયમાં સ્થિરતા-રંજિત થવું-તે ચારિત્ર-ગુણનો ઉપરાંવંઠા ( ઉપરનો ) ભાવ છે, વિપરીત ભાવ છે. અથવા મોહવિકલ્પભાવ છે. ચારિત્રગુણનો એવો અમૂર્તિક ચેતન મોહરૂપ સ્વાંગ બન્યો. તેના હવે ભેદાનુભેદ કહેવામાં આવે છે.

પરજ્ઞેયને ઉપયોગ દેખતાં-જાણતાં તે અયુક્ત ( અસ્પૃષ્ટ ) જ્ઞેય પ્રત્યે દ્વેષરૂપે, સંતાપ ઉદ્વેગરૂપે, કલેશતપ્ત ક્ષોભરૂપે અથવા હતન, હિંસન, તોડન, ખંડન, છેદન, ભેદન, મર્દનાદિરૂપે રંજિત થવું તે ચારિત્રગુણના મોહભાવનો અમૂર્તિક ચેતન ક્રોધભેદ સ્વાંગ બન્યો.

(માનઃ—)વળી તે પૌદ્ગલિક ચારિત્રમોહકર્મવર્ગણા પરિણવાના કારણથી મનવચનકાયસ્કંધોનું દુષ્ટ, ક્રૂર, સ્તબ્ધ, ઉન્નત, અકડાદિરૂપે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થવું તે પૌદ્ગલિક માનમોહભેદ નીપજે છે. એકક્ષેત્રાવગાહી પૌદ્ગલિક મનવચનકાયાદિની શુભપ્રવૃત્તિના જ્ઞેયને અને સમીપી (નિકટવર્તી) માતા, પિતા, પુત્ર, પુત્રી, સ્ત્રી, સ્વજન, સંબંધી, મિત્રાદિના જ્ઞેયોને અને ઉચ્ચ કૂલ, જાતિ, વિદ્યા, કલા, રૂપ, બલ, પરિગ્રહ, ભીર (અધિકતા) દેશાદિ સંયોગરીતિના જ્ઞેયોને અને અતિનિકટવર્તી શુભ પુદ્ગલરીતિ જ્ઞેયોને ઉપયોગ વડે દેખી દેખીને જાણી જાણીને અને તે જ્ઞેયોથી પોતાને ભલો, પોતાને મોટો, પોતાને પવિત્ર, અને લોકોથી પોતાને ઉચ્ચ, પોતાની સ્તુતિ ઇત્યાદિરૂપે થઈ, આ જીવનું જે રંજિત થવું તે અમૂર્તિક ચેતનચારિત્રાચરણ મોહનો માનભેદ પ્રવર્તે છે.

(માયાઃ—)વળી આ પૌદ્ગલિક કર્મઅખાડામાં શુભરૂપ પૌદ્ગલિક વચન કાય જોગરૂપ વર્ગણા ખરે છે, પૌદ્ગલિક મનવર્ગણા દુષ્ટરૂપ થઈ ખરે છે, અથવા સૌમ્યરૂપ શુભ પૌદ્ગલિક મનવર્ગણા ખરે છે, દુષ્ટ, ક્રૂર, તપ્તરૂપ પૌદ્ગલિક વચનકાયવર્ગણા ખરે છે તે આ પૌદ્ગલિક મોહભાવનો માયા એવો સ્વાંગ ઊપજે છે ત્યારે જીવનિર્જીવ, બંધાદિ (સ્કંધાદિ) સર્વ જ્ઞેયોને ઉપયોગ વડે ભિન્ન અસ્પૃષ્ટપણે દેખતાં-જાણતાં તે જ્ઞેય સ્કંધો પ્રત્યે કેટલીએક પ્રચુરશક્તિ (ઘણી ખરી શક્તિઓ) લોભ, રતિ આદિ રાગરૂપે રંજિત થઈ અને કેટલીએક થોડીક શક્તિઓ ક્રોધ, માન, અરતિ, ભય, શોક, દ્વેષ તૃષ્ણાદિરૂપે રંજિત થઈ અથવા પ્રચુર દ્વેષરૂપે રંજિત થઈ, થોડીક રાગતૃષ્ણારૂપે રંજિત થઈ, એ રીતે તે અસ્પૃષ્ટ જ્ઞેયસ્કંધ પ્રત્યે જીવનું દુવિધારૂપ રંજિત થવું તે જીવનો અમૂર્તિક ચેતનચારિત્રમોહનો માયાકપટરૂપ દુવિધા સ્વાંગભેદ બને છે.

(લોભઃ—)વળી તે પૌદ્ગલિક કર્મ-અખાડામાં મનવચનકાય-વર્ગણા સ્કંધ અન્ય સ્કંધનું નિમિત્ત પામીને તે સ્કંધને આકર્ષવારૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણમે છે અથવા તે સ્કંધ સાથે સંબંધરૂપ પરિણમે છે તે પૌદ્ગલિકમોહનો લોભસ્વાંગ ઊપજે છે. જેવી રીતે 'અય ચુંબક ન્યાયેન' (જેવી રીતે લોહ અને ચુંબકના આકર્ષણરૂપ ન્યાય).

ત્યારે કુટુંબ પરિવારાદિ સમસ્ત પરિગ્રહ, જશકીર્ત્યાદિ સમસ્ત સ્કંધરૂપ જ્ઞેયો તે જ્ઞેયોને ઉપયોગ વડે અસ્પર્શ્યો દેખતા–જાણતા, તે સ્કંધરૂપ જ્ઞેય પ્રતિ અત્યજનરૂપે–ન છોડવારૂપે રાગ-તૃષ્ણા, અથવા તે જ્ઞેય પ્રતિ તૃષ્ણા–લાલચ–અભિલાષ–વ્યસન–ચાહ કે ઇચ્છાદિરૂપે આ જીવનો રાગરંજિતભાવ તે અમૂર્તિક ચેતન-ચારિત્રમોહનો લોભસ્વાંગભેદ પ્રવર્તે છે.

( હાસ્યઃ— ) વળી પૌદ્ગલિક મનવચનકાયાદિ વર્ગણાનું જે વિકસવારૂપ–ખીલવારૂપ–જેમકે પ્રત્યક્ષ આંખ, હોઠ, દાંત આદિ વડે ખીલવારૂપ–ખડખડાટ હસવારૂપ–થાય છે તે પૌદ્ગલિક યોગનું ખીલવું તે મોહકર્મના હસવાનો સ્વાંગ ઊપજે છે. વળી નરસારૂપ કે સારારૂપ પૌદ્ગલિક સ્કંધરૂપ જ્ઞેયોને અથવા પૌદ્ગલિક જોગના સારી-નરસી ચેષ્ટારૂપ જ્ઞેયોને ઉપયોગ વડે દેખતાં–જાણતાં તેમાં આનંદ-પ્રસાદરૂપે, ખુશીથવારૂપે–વિકસ્વરરૂપે આદિ જે આ જીવનું રંજિત થવું તે અમૂર્તિક ચેતનચારિત્રમોહનો હાસ્યસ્વાંગ છે.

( રતિઃ— ) તે પૌદ્ગલિક અખાડામાં તો જે પૌદ્ગલિક મન-વચનકાયજોગરૂપ વર્ગણાસ્કંધો છે તે અન્ય સ્કંધોની સાથે સંબંધ કરવારૂપે, શીઘ્ર સંબંધ કરવારૂપે પ્રવર્તે છે તે પૌદ્ગલિકમોહનો રતિરૂપ સ્વાંગ ઊપજે છે; ત્યારે જે જ્ઞેયને ઉપયોગ વડે દેખતાં જાણતાં તે અસ્પૃષ્ટ જ્ઞેય પ્રતિ રુચિરૂપે, રાગરૂપે, હેતરૂપે, સ્નેહ-રૂપે આદિરૂપે આ જીવનું રંજિત થવું તે અમૂર્તિક ચેતન-ચારિત્રમોહનો રતિસ્વાંગભેદ જાણવો.

૧૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( અરતિઃ— )તે પૌદ્ગલિક અખાડામાં જે પૌદ્ગલિક જોગ-વર્ગણા સ્કંધ તે અન્ય સ્કંધની સાથે સંબંધરૂપ ન પ્રવર્તે અથવા ઉલટો તે સ્કંધકારણોથી ઘાત્યો-છેદ્યો જાય તે પૌદ્ગલિક મોહનો અરતિરૂપ સ્વાંગ ઊપજે છે. ત્યારે જ જીવનિર્જીવરૂપ સ્કંધરૂપ જે જ્ઞેયો તેને ઉપયોગ વડે દેખતાં જાણતાં જ તે અસ્પૃષ્ટ જ્ઞેયોમાં અરુચિરૂપે, અપ્રતીતરૂપે, દ્વેષાદિરૂપે આ જીવનું રંજીત થવું તે અમૂર્તિક ચેતનાચારિત્રમોહનો અરતિસ્વાંગ થાય છે.

( શોકઃ— ) અન્ય સ્કંધના નાશથી પૌદ્ગલિક જોગવર્ગણાનો મૂરઝાવારૂપે-કરમાવારૂપે-લંઘાવારૂપે અને કાયના અશ્રુ આદિ પાત-રૂપે, ભવાં ચડવાં આદિરૂપે તે પૌદ્ગલિક મોહનો શોકરૂપ સ્વાંગ ઊપજે છે. જે જીવનિર્જીવ સ્કંધ ( ચેતન-અચેતનસ્કંધ ) તેના નાશભાવરૂપ જ્ઞેયોને ઉપયોગ વડે દેખતાં જાણતાં અસ્પૃષ્ટ સ્કંધના વિયોગભાવરૂપ જે જ્ઞેયો તેમાં કલેશરૂપે, દ્વેષરૂપે, દુઃખરૂપે, સંકલ્પ-વિકલ્પરૂપે, સંતાપાદિરૂપે જે આ જીવનું રંજિત થવું તે અમૂ-ર્તિક ચેતનચારિત્રમોહનો શોકસ્વાંગ થાય છે.

( ભયઃ—) હવે તે પૌદ્ગલિક અખાડામાં અન્ય જીવનિર્જીવ સ્કંધના સંબંધનું નિમિત્ત પામીને આ તરફ પૌદ્ગલિક મનવચન-કાયરૂપ વર્ગણાસ્કંધનું સંકોચનરૂપ થવું, તેના વાનના ( રંગના ) પલટવારૂપ કે કંપવારૂપ થવું અથવા અન્ય ક્ષેત્રમાં તેનું ચાલ્યું જવું તે ભાવને પૌદ્ગલિક મોહનો ભય કહેવામાં આવે છે. વળી જ્ઞેયોને ઉપયોગ વડે દેખતાં જાણતાં તે અસ્પૃષ્ટ જ્ઞેયોથી ડરરૂપે, શંકારૂપે, અનિષ્ટ પુદ્ગલાદિરૂપે રંજિત થવું તે આ જીવનો ચારિત્ર-મોહનો અમૂર્તિક ચેતનભયસ્વાંગ ઊપજે છે.

( દુગંછાઃ- ) વળી તે પૌદ્ગલિક મનવચનકાયવર્ગણા-સ્કંધ, અન્ય-સ્કંધ સંબંધનું નિમિત્ત પામીને પણ તેની સાથે મળે નહીં, અને નાસિકાદિ સંકોચરૂપ થાય તે પૌદ્ગલિકમોહનો દુગંછાસ્વાંગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઊપજે છે. ત્યારે જે જ્ઞેયોને ઉપયોગ વડે દેખતાં-જાણતાં તે જ્ઞેયમાં ગ્લાનિરૂપે, અનિષ્ટરૂપે, બુરાઆદિરૂપે રંજિત થવું તે આ જીવનો ચારિત્રમોહનો અમૂર્તિક ચેતનદુગંછાસ્વાંગ બને છે.

( પુંવેદઃ— ) વળી તે પૌદ્ગલિક મનવચનકાયવર્ગણાસ્કંધ ઉગ્ર, ઉન્મત્ત અંગારરૂપે થાય છે, પ્રમાદ, તોડ, મોડ, લપેટવું, આલસ્ય એ આકારે થાય છે અને શુક્રાદિ ધાતુના વિકારરૂપે થાય છે અને અન્ય સ્કંધોસાથે રમણરૂપે, ભેટવારૂપે થાય છે તે પૌદ્ગલિકમોહનો પુરુષવેદનો સ્વાંગ છે. ત્યારે જે પુદ્ગલસ્કંધરૂપ જ્ઞેયોને ઉપયોગ વડે દેખતાં જાણતાં, તેમાં ( તે જ્ઞેયોમાં ) ઉગ્ર ઉન્માદરૂપે, ઉચ્ચાટ-અરતિરૂપે, તાપન-મોહન-વશીકરણ-નિર્લજ્જરૂપે અને તે અસ્પૃષ્ટ જ્ઞેયોને ફરી ફરી દેખવા, જાણવા, સ્મરવા, ભોગવવા, સેવવા આદિ રમણતૃષ્ણારૂપે આ જીવનું રંજિત થવું તે આ જીવનો અમૂર્તિક ચેતનચારિત્રમોહનો પુંવેદનો સ્વાંગ થાય છે.

( સ્ત્રીવેદ:— ) વળી તે પૌદ્ગલિક અખાડામાં પૌદ્ગલિક જોગરૂપ વર્ગણાસ્કંધ મંદરૂપ ઉન્માદાકારે થાય છે, અંગતોડ, મોડ, બાથ ભરવી એ આકારે, પ્રમાદ, આળસ, અંગ એ આકારે અને રજાદિધાતુવિકારે થાય છે. વળી અન્ય સ્કંધોને રમાડવાનું નિમિત્ત થાય છે તે પૌદ્ગલિક સ્ત્રીવેદનો સ્વાંગ છે. જે પુદ્ગલસ્કંધરૂપ જ્ઞેયોને ઉપયોગ વડે દેખતાં જાણતાં તેમાં મંદ મંદ ઉન્માદરૂપે, ઉચ્ચાઠ-અરતિ,-તાપન, મોહન, વશીકરણ, લજ્જા, માયા, એ રૂપે અને તે અસ્પૃષ્ટ જ્ઞેયોને ફરી ફરી દેખાડવા, જણાવવા, સેવવા આદિ રમાવવાના તૃષ્ણારૂપે આ જીવનું રંજિત થવું તેને અમૂર્તિક ચેતનચારિત્રમોહનો સ્ત્રીવેદ જાણવો.

( નપુંસકવેદઃ— ) વળી પૌદ્ગલિક અખાડામા જ્યારે પૌદ્ગલિક પુરુષસ્ત્રીવેદરૂપ મિશ્રભાવથી પૌદ્ગલિક જોગ ખરે તે પૌદ્ગાલિક મોહના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નપુંસકવેદનો સ્વાંગ છે ત્યારે અમૂર્તિક ચેતનપુરુષસ્ત્રીવેદના મિશ્રભાવથી આ જીવના ચારિત્રગુણનું રંજિત થવું તે અમૂર્તિક ચેતનચારિત્રમોહનો નપુંસકવેદ સ્વાંગ થાય છે.

દેખો ભવ્ય! એવી રીતે જે ચેતનચારિત્રાવરણ ગુણ પરભાવરૂપ કે મોહભાવરૂપે થઈ નાચે છે તે, તે પૌદ્ગલિક મોહકર્મરૂપ નાટકથી જુદો જ છે તે, તે પુદ્ગલને ત્રણ કાલમાં પણ સ્પર્શતો નથી, સમ્યગ્જ્ઞાની તેની સાથે કોઈ પણ સંબંધ દેખતો નથી.

(આયુઃ—) વળી તે પૌદ્ગલિક અખાડામાં 'આયુ' એવા નામનું એક કર્મનાટક નાચે છે. તે કેવા પ્રકારનું છે તે કહેવામાં આવે છેઃ—

જે પૌદ્ગલિક સ્કંધ જીવપ્રદેશોની સાથે અસ્પૃષ્ટ શરીરાદિ પૌદ્ગલિક વર્ગણાને એકસંબંધરૂપ રાખે, સ્થિતિપ્રમાણ સુધી રાખે તે પૌદ્ગલિક આયુકર્મનો સ્વાંગ નીપજ્યો છે. ત્યારે આ જીવના ચરમદેહથી જરાક ઓછો જે મૂલ અવગાહનાગુણ તે ગુણ પરભાવરૂપ થયો ત્યારે તે અન્ય અન્ય પરિમાણમાં વ્યાપ્યવ્યાપક થઈ રહ્યો છે, મૂલ પરિમાણથી ચ્યુત થઈ રહ્યો છે તેને આ અમૂર્તિક આયુનો સ્વાંગ કહેવામાં આવે છે. આ જીવનો આયુભેદ છે.

(નામઃ—) વળી તે પૌદ્ગલિક અખાડામાં નામકર્મ છે તે કેવું છે? તે નામકર્મની કેટલીએક પ્રકૃતિઓના મળવાથી તો શરીરના પ્રમાણમૂર્તિરૂપ થાય છે. વળી તે નામકર્મની કેટલીએક પ્રકૃતિઓ વડે તે શરીરસ્કંધમાં મંડનારૂપ રચના થાય છે. વળી અન્ય કેટલીએક પ્રકૃતિઓવડે તે શરીરસ્કંધમાં શક્તિરૂપ સંહનન થાય છે અને તેની કેટલી એક પ્રકૃતિઓ વડે તે શરીરસ્કંધ નાનામોટા પ્રમાણરૂપ થાય છે, અને કેટલીએક પ્રકૃતિઓ તે શરીરને સૂક્ષ્મ, સ્થૂલ, સ્થાવર, ત્રસ, શ્વાસોશ્વાસ, શબ્દાદિરૂપે બનાવે છે, એ રીતે પૌદ્ગલિક અખાડામાં નામકર્મ નાચે છે. વળી આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવના અમૂર્તિક ગુણોરૂપે જીવના જે અમૂર્તિક અસંખ્યાત પ્રદેશો તે પ્રદેશોની ચરમદેહપરિમાણથી જરાક ઓછી નિજ સ્વાભાવિક નરાકારપરિમિતિ તે પરિમિતિને સૂક્ષ્મ અવગાહના કહેવામાં આવે છે. વળી જ્યારે અમૂર્તિક પ્રદેશ વિકારરૂપે પ્રવર્તે છે ત્યારે જેવો પૌદ્ગલિક દેહાકાર અને દેહપરિમિતિ બને છે તે અનુસારે જીવના પણ અસંખ્યાતપ્રદેશો તેવા જ આકારે તેવા જ પ્રમાણરૂપે થઈ પરિણમે છે. એવા અમૂર્તિક જીવપ્રદેશોનું જે વિકારરૂપે થવું તેમાં એક જીવના જ પ્રદેશો વ્યાપ્યવ્યાપક થાય છે. તે આ જીવ-પ્રદેશના વિકારથી જીવનો નામ સ્વાંગ નીપજે છે.

(ગોત્રઃ—) વળી પૌદ્ગલિક અખાડામાં પૌદ્ગલિક દેહસ્કંધને ઉચ્ચની પદવીરૂપે દર્શાવે છે અથવા નીચની પદવીરૂપે દર્શાવે છે તે પૌદ્ગલિક ભાવને ગોત્રકર્મનો સ્વાંગ કહેવામાં આવે છે. વળી આ જીવનો જે અગુરુલઘુગુણ છે તે અગુરુલઘુગુણ કોને કહેવામાં આવે છે? દ્રવ્યના જે અનંતગુણો છે તે પોતપોતાના સ્વભાવરૂપે પરિણમે છે પોતપોતાની નિજજાતિરૂપે નિશ્ચલ રહે છે તે સ્વભાવ-શક્તિને અગુરુલઘુગુણ કહેવામાં આવે છે. જીવના અગુરુલઘુગુણનો આવો નિજસ્વભાવ છે કે તે જીવદ્રવ્ય નિજજાતિસ્વભાવરૂપ સર્વથા કુટસ્થ (નિશ્ચલ) પ્રવર્તે છે તે અગુરુલઘુગુણનો નિજજાતિસ્વભાવ (છે). વળી જો તે અગુરુલઘુગુણ વિપરીતરૂપ થાય છે તો તે વિપરીતપણું શું? દ્રવ્યના ગુણપ્રદેશો જેવા ને તેવા સ્વભાવરૂપે ન રહે, સર્વથા અન્ય અન્યરૂપે થતાં રહે. વળી તેવું થવું તે અગુરુલઘુગુણનું વિપરીતપણારૂપ પ્રવર્તવું છે. તે અગુરુલઘુગુણના પરભાવને ગોત્રસ્વાંગ કહેવામાં આવે છે. અથવા એ રીતે જીવ પાપરૂપે પરિણમે તો નીચરૂપ પણ થાય છે અને જીવ પુણ્યરૂપ પરિણમતાં ઉચ્ચરૂપ થાય છે, આમના કારણે (આ પાપપુણ્યના કારણે) જીવનું નિજજાતિરૂપ પરિણમન અતીતકાલમા જેવું ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેવું રહ્યું નહિ. એવી રીતે અગુરુલઘુગુણના વિપરીતપણાના ભાવથી જીવનો અમૂર્તિકગોત્રસ્વાંગ થાય છે.

( અંતરાયઃ—) વળી તે પૌદ્ગલિક અખાડામાં જે પૌદ્ગલિક મનવચનકાયાદિ તેમનું સ્ફૂરણ-વ્યાપાર-પ્રવર્તવું-સંપૂર્ણ ન થાય, અધુરું ખંડિત થાય છે, વિઘ્ન આવે છે. તે વિઘ્નભાવને પૌદ્ગલિક અંતરાયકર્મનો સ્વાંગ કહેવામાં આવે છે ત્યારે જો કે જીવદ્રવ્યમાં આ જીવના ગુણોનો નિજજાતિરૂપ સકલ સ્વભાવ શક્તિરૂપે અવ્યક્ત થઇ રહ્યો છે પરંતુ તે ગુણસકલસ્વભાવને જીવદ્રવ્ય પોતાના પરિણામ-રૂપ વ્યક્તતા પ્રવાહમાં ૧દેવા સમર્થ થઈ શકતો નથી. વળી આ જીવદ્રવ્ય ષટ્ગુણહાનિવૃદ્ધિથી એક ક્ષણ પણ સ્થાયી શુદ્ધસ્વરૂપરૂપ પર્યાયપરિણામથી નિજસ્વભાવસુખ ૨ભોગવવા સમર્થ થઈ શકે નહિ; વળી આ જીવદ્રવ્ય નિજજાતિસ્વભાવના એક અદ્વિતીય સ્વાદને લઇ લઇ સર્વ ઉત્પાદ પરિણામોની પરંપરાથી વારંવાર ૩ઉપભોગ કરવા સમર્થ થઇ શકે નહિ; વળી આ જીવદ્રવ્યનો સ્વાદભાવ ભાવશક્તિરૂપે અવ્યક્ત થઈ રહ્યો છે, જીવદ્રવ્યના પરિણામ તે સ્વભાવના ૪લાભને-પ્રાપ્તિને પામી શકતો નથી ( જીવદ્રવ્યના પરિણામ તે સ્વભાવનો લાભ પ્રાપ્ત કરી શકતો નથી ).

વળી આ જીવદ્રવ્યના નિજજાતિરૂપ સકલ સ્વભાવને સર્વથા-રૂપે સ્ફૂરવામાં-પ્રગટાવવામાં-તે ભાવ રહેવામાં ૫બલ-વીર્યગુણ ( સમર્થ ) થઈ શકતો નથી. એવી રીતે જીવનો ઉદ્યમ-બલ-વીર્યગુણ નિર્બલ થઇને વિપરીત ભાવરૂપ પરિણમ્યો છે, તેને ( જીવને ) અમૂર્તિક ચેતન-અંતરાય સ્વાંગ નીપજે છે.

હે ભવ્ય, તું દેખ, આવી રીતે આઠ પ્રકારે જે અમૂર્તિક ચેતનનાટક થાય છે તેને જ્ઞાની દેખે જાણે છે, “તે પૌદ્ગલિક

૧ દાનગુણ, ૨ ભોગગુણ, ૩ ઉપભોગગુણ, ૪ લાભગુણ, ૫ વીર્યગુણ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નાટક સાથે કાંઈ પણ સંબંધ દેખતો નથી કારણ કે જો કાંઈ સંબંધ હોય તો જ્ઞાની દેખે, જો હોય નહિ તો જ્ઞાની એવી રીતે દેખે? ( અર્થાત્ ન દેખે )" વળી તે પૌદ્ગલિક નાટકમાં કર્મપ્રકૃત્તિના આવવાજવાના ફેરથી ( ભેદથી ) મુખ્ય ચૌદ અખાડા સ્થાનક બન્યા છે, ત્યાં આ જીવના આ વિપરીત અશુદ્ધ પરભાવનું જેવું જેવું ઘટવું વધવું થાય છે તેવી રીતે મુખ્ય ચૌદ ભેદ થાય છે. તો એ રીતે જ્ઞાની જીવના ચૌદ અમૂર્તિક ચેતનભેદને જુદા જુદા દેખે છે, પુદ્ગલ સાથે કાંઈ પણ સંબંધ દેખતો નથી. આવી રીતે જીવનું અશુદ્ધ પરભાવરૂપ નાટક જુદું જ થતું દેખે છે. કારણ કે જીવદ્રવ્ય અશુદ્ધરૂપ પ્રવર્ત્યું ત્યારે તે અશુદ્ધ ભાવથી જ વ્યાપ્યવ્યાપક પોતે જ થઈ રહ્યો છે, ત્રણકાલમાં અન્યદ્રવ્યને તે સ્પર્શતો પણ નથી. આવી દ્રવ્યની અનાદિ-અનંત મર્યાદા બંધાયેલી ( બનેલી ) છે. "અથવા દ્રવ્ય શુદ્ધરૂપ પરિણમો કે અશુદ્ધરૂપ પરિણમો પણ તે અન્ય દ્રવ્યને કોઈ પણ રીતે ન સ્પર્શે. તેવું જ જ્ઞાન થતાં જ્ઞાની દેખે-જાણે છે કે આ આમ જ છે."

"હે મિત્ર, તું પણ એવી દૃષ્ટિ કરીને નિહાળવાનું કર. અન્ય લોક, સ્વાંગ, સ્કંધરૂપ પરજ્ઞેયદ્રવ્યનો દોષ ન દેખો, ન જાણો કે પરજ્ઞેયની સન્નિધિ ( નિકટતા ) નિમિત્તમાત્ર દેખીકરીને મારું દ્રવ્ય આણે મેલું કર્યું; આવી રીતે આ જીવ પોતે જુઠો ભ્રમ કરે છે. પણ તે પરજ્ઞેયને તું કદી પણ સ્પર્શ્યો જ નથી. છતાં તું તેનો દોષ દેખે-જાણે છે તે તારી આ હરામજાદગી ( દુષ્ટતા, બદમાશી ) છે. આવી રીતે એક તું જ જુઠો છો, તેનો કાંઈ દોષ નથી તે સદા સાચું છે."

તેથી હે મિત્ર, અમૂર્તિક સંસાર નાટકરૂપે તું જ નાચે છે, એમજ તું પોતાને દેખ-જાણ વળી એવી રીતે તને પોતાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અશુદ્ધ દેખતાં જ, જાણતાં જ તારી પોતાની નિજજાતિની વાનગીનું દેખવું, જાણવું, રહેવું, આસ્વાદવું તને થશે. વળી ત્યારે જ તે જ પરિણામોરૂપે પરિણમવાથી તારા અશુદ્ધ પરભાવ હેય–નાશ–થાય છે. તે સ્વભાવ વાનગી તે જ કે, આમય જ કે, 'દેખવું જ, જાણવું જ. એ દેખવાથી, એ જાણવાથી પોતાને કે, 'દેખવા–જાણવારૂપે દેખ્યો–જાણ્યો. અને તે દેખવા–જાણવામાં વિશ્રામ–આરામ પામે, સ્વાદ ભોગવે તે જીવના જે નિજસ્વભાવ-રૂપ કેટલાક જીવપરિણામોનો લખાવ (જાણપણું, ભાન, અનુભવ) થાય છે તે જ જીવસ્વરૂપ સ્વભાવ વાનગી (છે).

હે મિત્ર, આ બધાનું તાત્પર્ય આટલું જ છે કે જ્યાં પોતાનું અશુદ્ધ દ્રવ્ય પોતારૂપે ભિન્ન દેખ્યું ત્યાં નિજસ્વભાવના સ્વાદનો ઉદ્યોત જરૂર છે જ. એવી રીતે થતાં તું જ જાણીશ અને અશુદ્ધપણાનો નાશ કરવા માટે તું જ ઉદ્યત (તત્પર) થઈશ, તો તું આવી રીતે સદા નીહાળ્યા કર.

## इति अमुर्तिकचेतनभावसंसारस्य व्याप्यव्यापकैक जीव तदधिकारः ।

(એ પ્રમાણે અમૂર્તિક ચેતનભાવસંસારમાં એક જીવ જ વ્યાપ્યવ્યાપક છે તેનો અધિકાર).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# સંસારકર્તૃત્વઅધિકાર વર્ણન

કોઇ આ રીતે પ્રશ્નકરે કે ગુણસ્થાન, માર્ગણા, કર્મ, જોગ આદિ સંસાર તે સંસાર પરિણામમય (વસ્તુમય) કોનો છે તે કહો. તે કથન દર્શાવવામાં આવે છેઃ—

દેખો! આકાશમાં એક ચંદ્ર છે, એક તેનું નિમિત્ત પામીને પાણીની સ્વચ્છતા વિકારરૂપ ચંદ્ર છે. વળી એક લાલ રંગ છે, વળી (આ તરફ) એક તેનું નિમિત્ત પામીને સ્ફટિકની સ્વચ્છતા વિકારરૂપ લાલ છે. વળી એક મોરસ્કંધ છે, વળી (આ તરફ) એક તેનું નિમિત્ત પામીને આરસીની સ્વચ્છતા વિકારરૂપ મોર છે. તેવી જ રીતે ગુણસ્થાન, માર્ગણાદિ એક પુદ્દગલસ્કંધરૂપ સંસાર છે, વળી એક તેનું નિમિત્ત પામીને જીવની સ્વચ્છતા, વિકારરૂપ ચેતના સંસાર છે. તો તમે અહીં ન્યાય કરીને વિચારો તો ચંદ્ર, લાલરંગ, મોર, સંસાર કઈ પરિણામમય વસ્તુરૂપે નીપજ્યા છે? કયા પરિણામમાં જ ભાવરૂપે નીપજે છે? દેખો! જો અસલ ચંદ્રાદિ વિકારી કહેવામાં આવે છે તો તેમને અન્ય ચંદ્રાદિનું નિમિત્ત તો દેખાતું નથી. વળી જો અસલ ચંદ્રાદિ વિકારભાવ-રૂપે થાય તો તેમનું તે વિકારી સ્વચ્છસ્થાન પણ કોઈ દેખાતું નથી. વળી જો અસલ ચંદ્રાદિનો વિકાર હોય (વળી જો અસલ ચંદ્રાદિ વિકારી થયો હોય) તો અન્ય (ભિન્ન) જલાદિના વિકારનું ચંદ્રાદિના વિકારરૂપે થવું મૂલથી નાસ્તિ હોય (ન હોય). પણ એ જલાદિ વિકારરૂપે થતાં તો પ્રત્યક્ષ જોવામાં આવે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી જો આમ કહેવામાં આવે કે 'તે અસલ ચંદ્રાદિ જલાદિમાં પ્રવેશ કરીને વસી રહે છે, તો ખરેખર તે આ જલાદિમાં પરમાણુમાત્ર પણ ( જરીક પણ ) પ્રવેશ કરીને વ્યાપતાં જોવામાં આવતા નથી. વળી જો આમ કહેવામાં આવે કે 'જલાદિ તે ( અસલ ) ચંદ્રાદિના નિમિત્ત વિના જ ચંદ્રાદિના વિકારરૂપે થાય છે' તો તે આ ચંદ્રાદિ વિકારની સ્થિતિ તે (અસલ) ચંદ્રાદિના નિમિત્તની સ્થિતિને આધીન જોવામાં આવે છે. તેથી અહીં આમ પણ દેખવામાં આવે છે કે જો અસલ ચંદ્રાદિ ક્યારેક નાશ પામે તો તેનો નાશ થતાં આ તરફ પણ કાંઈ વસ્તુ રહી જતી દેખવામાં આવતી નથી, તેમનો ( અસલ ચંદ્રાદિનો ) નાશ તે વસ્તુનો જ નાશ છે, તેથી તો—આમ નિર્ણય કરવાથી તો–આમ સિદ્ધ થયું કે અસલ ચંદ્રાદિ વસ્તુઅંગ છે, પરિણામમય છે, તે વસ્તુ જ છે અને જલાદિના વિકારરૂપ ચંદ્રાદિનો નાશ થતાં જલાદિની સ્વચ્છતાના પરિણામ પ્રત્યક્ષ રહી જાય છે તેથી આમ પ્રત્યક્ષ છે કે-જલાદિની સ્વચ્છતા વસ્તુ છે. પરંતુ તે ( અસલ ) ચંદ્રાદિરૂપના અનુસારે જલાદિના સ્વચ્છતાના પરિણામે પોતાને ચંદ્રાદિના સ્વાંગરૂપે બનાવી લીધો છે, સ્વચ્છતાના તે પરિણામે, વસ્તુમય ( અસલ ) તે ચંદ્રાદિના રૂપે જ ફૂટ ( સ્વાંગ ) કર્યો છે. પણ આ ફૂટની કરનારી સ્વચ્છતા વસ્તુઅંગ છે–પરિણામમય છે. અને તે સ્વચ્છતાના પરિણામની ચંદ્રાદિરૂપ ફૂટ, તે ફૂટભાવ છે–સ્વાંગભાવ છે પણ કોઈ ફૂટ પરિણામ નથી ( મૂળ વસ્તુ નથી ), ફૂટ જે છે તે પરિણામનો સ્વાંગ છે. એથી તો—આમ નિર્ણય કરવાથી તો આમ સિદ્ધ થયું કે જલાદિ સ્વચ્છતાના પરિણામમાં જે ચંદ્રાદિસ્વરૂપ બન્યું છે તે રૂપ અવસ્તુ છે, અપરિણામ છે. હે ભવ્ય, નિર્ણય કરવાથી તો જેમ છે તેમ વાત આવી રહી ( સિદ્ધ થઈ ) તે તે દેખ્યું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેથી હવે અહીં નિસ્સંદેહ જાણોઃ—ગુણસ્થાન, માર્ગણાસ્થાન, કર્મ, જોગબંધ, કષાયબંધ, આશ્રવ, સંજમ, અસંજમ આદિ જેટલો જે વસ્તુઅંગ, પરિણામમય સંસાર છે તે સર્વને કેવલ પૌદ્‌ગલિક જાણો, (પૌદ્‌ગલિક) દ્રવ્યમય જાણો. વળી ભાવસંસારના થવાની આવી વિધિ છે, તે તું સાંભળ.

આ જીવના ઉપયોગરૂપમય સ્વચ્છતાના જે પરિણામ છે તે પરિણામમાં દેખવા-જાણવાના સ્વભાવથી સર્વપરજ્ઞેયદશ્યના આકાર થાય છે એવી સદાય ઉપયોગની વસ્તુસ્વભાવરીતિ છે તેથી નિશ્ચયથી આ એક જીવમાં પર પણ છે, અને સ્વ પણ છે પરજ્ઞેયરૂપ, પરદશ્યરૂપ જ્ઞાનદર્શનના આકારથી જે કેવલ એક આકાર તે આકાર તો પર છે, અને ત્યાં જેટલું દેખવા જાણવા-રૂપ છે તેટલું તો સ્વ છે.

દેખો, નિશ્ચયથી સ્વ, પર આ જીવમાં છે, પ્રગટપણે આ જીવમાં છે. ઠીકરૂપ-સ્થિરરૂપ આચરણગુણ તે આચરણગુણ કોઈ જ્ઞેયરૂપ પુદ્‌ગલસ્કંધના સંસારના નિમિત્તકાલથી કેવલ એક તે આકારોમાં જ પ્રવર્તે છે. અને ક્યારેક કેવલજ્ઞાનદર્શનરૂપમાં પ્રવર્તે છે. વળી એક વાત છે કે જ્યારે આચરણગુણ તે એક (કેવલ, માત્ર) આકારોમાં પ્રવર્તે છે તે કાલે તો જીવદ્રવ્ય અજ્ઞાન, દુઃખાદિરૂપે અશુદ્ધ થાય છે વળી આચરણગુણ આકારને છોડીને જ્યારે એક કેવલજ્ઞાનદર્શનરૂપ પ્રવર્તે છે ત્યારે કેવલજ્ઞાન, સુખાદિની શુદ્ધતાથી જીવદ્રવ્ય શુદ્ધ થાય છે એવી આચરણની રીતિ છે.

તેથી હે ભવ્ય તું અહીં દેખ, આ આચરણગુણ જ્યારે તે એક આકારમાં જ પ્રવર્ત્યો ત્યારે જીવને તે પર સ્વાંગરચના ઊપજી-પરવિકાર ઊપજ્યો. એ રીતે જીવપરિણામ પોતાને પરભાવના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાંગરૂપે બનાવી લે છે. જે સર્વ ભાવસંસાર છે તે ભાવસંસાર કેવલ જીવનો જાણો. વળી પરિણામમય સંસારમાં એક પુદ્ગલ વ્યાપ્યવ્યાપક છે અને ભાવસંસારમાં એક જીવ વ્યાપ્યવ્યાપક છે.

વળી એક વાત જાણો-પુદ્ગલ પરિણામરૂપથી સંસારનો કર્તાદિ થાય છે અને જીવ પરિણામમયરૂપથી સંસારનો કર્તા થતો નથી. આ જીવને વ્યાપ્યવ્યાપકપણાથી ભાવસંસારના કર્તાદિથી કહેવામાં આવે છે. અહીં તો વ્યાપ્યવ્યાપકરૂપે તો એક જીવને જ જાણવો. પુદ્ગલદ્રવ્ય પોતાના પરિણામરૂપ જ સંસારનો કર્તા થાય છે, પરિણામપિંડથી સંસારનો કર્તા છે. આ જીવદ્રવ્ય પોતાના પરિણામોના જ ભાવોરૂપ સંસારનો કર્તા થાય છે. વળી જીવ પરિણામ તરફથી સદા, ત્રિકાલશુદ્ધ, એક ચેતનમય પરિણામ ઉપજાવવાના કર્તા રહે છે. વળી જીવદ્રવ્યના નિપજાવેલા જે એક ચેતનમય પરિણામ છે તે પરિણામેજ પોતામાં સંસારભાવ-અશુદ્ધભાવ રચ્યો છે તેથી જીવના પરિણામ સંસારભાવના-અશુદ્ધભાવના કર્તા થાય છે. પરંતુ જીવદ્રવ્ય ક્યારેય કર્તા થતું નથી એ નિસ્સંદેહ છે. પરંતુ એક વાત છે કે જીવના જે પરિણામ તે સંસારના કર્તા થયા છે તે પરિણામ આ જીવદ્રવ્યના છે તેથી વ્યવહારનયથી જીવદ્રવ્યને પણ કર્તા કહેવામાં આવે છે.

વળી તે અશુદ્ધ સંસારભાવમાં જીવના પરિણામ જ વ્યાપ્યવ્યાપક થયા છે તેથી તે પરિણામને જ નિશ્ચયથી અશુદ્ધભાવનો કર્તા કહેવામાં આવે છે. વળી નિશ્ચયથી શીઘ્ર દ્રવ્યને સંસારનો કર્તા કહેવામાં આવે તો પણ કોઈ દૂષણ નથી પણ જ્ઞાનદષ્ટિમાં જીવદ્રવ્યને સંસારનો અકર્તા સદા સમજીએ છીએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક અહીં દૃષ્ટાંત જાણવું-જેમકે એક મહાવર (લાખમાંથી બનેલા લાલ રંગ) મહાવર છે. તે પોતે લાલ પરિણામમય ઉપજ્યો છે. તેથી તે મહાવર લાલ પરિણામમયનો કર્તા છે તથા (તેવીરીતે) પુદ્‌ગલદ્રવ્ય પરિણામમય સંસારનો કર્તા છે. વળી તે મહાવરનું નિમિત્ત પામીને સ્ફટિકશિલામાં વિકારની લાલી થઇ તે લાલીભાવનો કર્તા પ્રત્યક્ષ તે શિલામાં તે શિલાનો સ્વચ્છ પરિણામ છે, તે સ્ફટિકદ્રવ્ય નથી, તે લાલીના પરિણામ કરવાનો અકર્તા છે. વળી જો તે પરિણામવડે લાલીને કરે તો તે લાલી તે સ્ફટિકની તે સ્વચ્છતાની જેવી થઈ જાય ત્યાં તે લાલી તે સ્ફટિકનો ગુણ થાય, જ્યારે ગુણ થયો ત્યારે જાય નહિ (ટળે નહિ) તેનું વિકારરૂપ ન ઠરે (તે વિકારી નહિ ઠરે) ત્યારે એ રીતે અનર્થ ઊપજે. તેથી આમ પ્રત્યક્ષ છે કે-સ્ફટિકદ્રવ્ય લાલીનો કર્તા નથી, નિશ્ચયથી તેના સ્વચ્છતાના પરિણામ કર્તા છે. પરંતુ વ્યવહારથી સ્ફટિકને લાલીનો કર્તા કહેવામાં આવે છે. કારણ કે તે સ્વચ્છતા તેની છે, (સ્ફટિકની છે). એવી રીતે જીવના સંબંધમાં જાણવું.

ફેર આટલો જ છે કે સ્વચ્છતાના પરિણામના સ્થાને ચેતન-પરિણામ લેવા અને સ્ફટિકદ્રવ્યના સ્થાને જીવદ્રવ્ય લેવું. એવી રીતે આ જીવ પરિણામ વડેજ સંસારભાવનો કર્તા થાય છે તેથી એને ભાવસંસાર જાણો,

મિત્ર, અહીં એક બીજી વાત જાણવી-પરિણામની અવસ્થા જે જે કાલે જેવી જેવી રીતે જીવની થાય છે તેવી તેવી તે અવસ્થા એક જીવદ્રવ્યની થાય છે. પરિણામની અવસ્થા વિના આ દ્રવ્યની અવસ્થા થવાનો રસ્તો નથી. તેથી પરિણામ વિના અન્ય અવસ્થા શી રીતે થાય ? બાહ્ય, અંતર કે શુદ્ધાશુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિશ્ર પરિણામ એમાંના કોઈ પરિણામ જે કાલે અવસ્થા ધારણ કરે તે કાલે નિસ્સંદેહ દ્રવ્યની જ એક દશા થાય છે. તે કાલે દ્રવ્યની તે દશાનો સ્વાદ છે.

## ॥ ઈતિ સંસારકર્તૃત્વાધિકારઃ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# અથ અનુભવ વિવરણ

આ પૌદ્ગલિક કર્મથી પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનરૂપે સંજ્ઞા દેહ બન્યો, તે દેહમાં તે પ્રમાણમાં જે જીવદ્રવ્ય રહ્યું તે જીવદ્રવ્ય પણ ઇન્દ્રિયમનની સંજ્ઞા પામે. તેમના નામ ભાવ-ઇન્દ્રિય, ભાવમન છે. વળી ત્યાં ઉપયોગપરિણામના છ પ્રકારે પણ ભેદ પડ્યા છે. તે એક ઉપયોગપરિણામભેદ પુદ્ગલના સ્પર્શ-ગુણને દેખે-જાણે, વળી એક ઉપયોગપરિણામભેદ પુદ્ગલના રસ-ગુણને દેખે-જાણે, વળી એક ઉપયોગપરિણામભેદ પુદ્ગલના ગંધ-ગુણને દેખે-જાણે, વળી એક ઉપયોગપરિણામભેદ પુદ્ગલના રંગ-ગુણને દેખે-જાણે, વળી એક ઉપયોગપરિણામભેદ પૌદ્ગલિક શબ્દ-સ્કંધને દેખે-જાણે, વળી એક ઉપયોગપરિણામભેદ અતીત-અનાગત-વર્તમાન સંબંધી મૂર્તિક-અમૂર્તિકના સ્મરણાદિ વિકલ્પરૂપ ચિંતાને-વિચારને-દેખે-જાણે; એ રીતે ઉપયોગપરિણામભેદ થઈ રહ્યા છે. વળી જે પુદ્ગલના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ શબ્દરૂપ એક એક જ્ઞેય પ્રત્યે દેખવા-જાણવાનો એક એક ઉપયોગપરિણામ ભેદ તે ઉપયોગપરિણામભેદ રાજાઇન્દ્રના ( ? ) ઉપયોગના ભેદ છે. તેથી તે ઉપયોગપરિણામભેદને આ ભાવથી ઇન્દ્રિયસંજ્ઞાથી કહેવામાં આવે છે. વળી ઉપયોગપરિણામ વિકલ્પ, વિચાર, મનન, ચિંતારૂપ થાય છે, તે થતાં તે ઉપયોગપરિણામભેદને મનસંજ્ઞાથી કહ્યા. વળી હવે એમને એક 'જ્ઞાનનું' નામ આપીને કથન કરું છું, તે 'જ્ઞાન' કહેવાથી તેમાં દર્શનાદિ સર્વ ગુણો આવી ગયા, તેથી જ્ઞાનનું કથન કરું છું:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેખો ! સંત, આ મન ઇન્દ્રિયભેદોના જ્ઞાનના પર્યાયનું નામ મતિસંજ્ઞા કહેવામાં આવે છે. વળી તે મનભેદના જ્ઞાનથી અર્થથી અર્થાન્તર વિશેષ જાણે, આ તે જાણવાને શ્રુતિસંજ્ઞા કહેવામાં આવે છે. એ રીતે આ બે મતિશ્રુતિ જ્ઞાનના એ બન્ને પર્યાયો પણ કુરૂપતા ( મિથ્યારૂપ ) અને સમ્યગ્રૂપ થાય છે, તેનું વિવરણ કહું છું:—

અહીં તું દેખ, આ જીવ જ્યાંસુધી મિથ્યાત્વી રહે ત્યાંસુધી એ મતિશ્રુતિ કુરૂપ થાય છે–કુમતિ કુશ્રુતિ થાય છે. વળી જ્યારે આ જીવ સમ્યકત્વી થાય છે ત્યારે એ મતિશ્રુતિ સમ્યગ્મતિ સમ્યગ્શ્રુતિરૂપ થાય છે, તે કુરૂપતા કેવી પ્રવર્તે છે? અને સમ્યગ્રૂપતા કેવી પ્રવર્તે છે? તે વિવરણ તું સાંભળ.

હે સંત, મિથ્યાત્વી જીવની કુરૂપતા ખરાબ, અને સમ્યકત્વી જીવની સમ્યગ્રૂપતા સારી. મતિશ્રુતિ પર્યાય તો બન્નેને એક સરખો. આ કુરૂપતા અને સમ્યગ્રૂપતાનો શો ભેદ છે? તે સાંભળ.

હે સંત, તું દેખ કે મિથ્યાત્વીનું મતિશ્રુતરૂપ વડે જે કાંઇ જાણવું–દેખવું થાય છે તે જાણવામાં સ્વપરવ્યાપકઅવ્યાપકની જાતિનો ભેદ નથી તે જ્ઞેયને તો સ્વ સમજે, અથવા કાંઇ સમજતો નથી, આવી તે મિથ્યાત્વીના મતિશ્રુતરૂપ જાણવામાં કુરૂપતા છે. વળી તે સમ્યગ્દષ્ટિના મતિશ્રુતરૂપ વડે જે કાંઇ પરજ્ઞેયને જાણે છે તેને જાણતાં, પરજ્ઞેયરૂપ પરજ્ઞેયનો જ ભેદ છે, અને જાણવારૂપ સ્વનો જ ભેદ છે, ( એમ તે સમ્યગ્જ્ઞાન સમજે છે ) અને જે ચારિત્ર તે પરજ્ઞેયને અબલંબે છે અને તે પરજ્ઞેયનો સ્વાદ પણ ભોગવે છે. તો તે ચારિત્રના વિકારને પણ સમજે છે ( ઓળખે છે, ) આ તે સમ્યગ્દષ્ટિના મતિશ્રુતમાં ( મતિશ્રુત જ્ઞાનમાં ) સમ્યગ્રૂપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી આ સમ્યકતા (સમ્યગ્રૂપતા) સવિકલ્પ નિર્વિકલ્પ રૂપથી બે પ્રકારે છે-(૧) જઘન્યજ્ઞાની જ્યારે તે પરજ્ઞેયને પરરૂપપણે અવ્યાપક જાણે, સ્વને જાણવારૂપે વ્યાપક જાણે, તે તો વિકલ્પ સમ્યકતા (૨) વળી પોત પોતાનેજ જાણવારૂપે વ્યાપ્યવ્યાપક જાણ્યા કરે તે નિર્વિકલ્પ સમ્યકતા. વળી યુગપત્ એક જ વારે (-સ્થાને-) એકજ સમયે સ્વને સર્વસ્વ રીતે સ્વ સમજે, સર્વ પરજ્ઞેયોને સર્વથા પરરૂપે સમજે ત્યાં ચારિત્ર પરમ-શુદ્ધરૂપ છે તે સમ્યકતાને પરમ-સર્વથા-સમ્યકતા કહેવામાં આવે છે. તે કેવલદર્શનકેવલજ્ઞાનરૂપ પર્યાયમાં હોય છે. તો આ મતિ-શ્રુતિ આદિની જાણનદૃષ્ટિ યુગપત્ શા કારણે નથી? તેનું કારણ શું? તું તેનું કારણ સાંભળઃ—

હે સંત, આ જે મતિશ્રુતિ આદિ જ્ઞાન છે તે પ્રયુંજના-રૂપ છે (જોડાવારૂપ છે) જે તરફ-જે જ્ઞેયપ્રતિ-પ્રયુંજે (ઉપયોગ જોડાય) ત્યારે તે કાળે તે સ્વજ્ઞેયને કે પરજ્ઞેયને કાકગોલક ન્યાયથી અથવા યુગલનેત્રદૃષ્ટિન્યાયથી જાણે. વળી તે વિષે પણ વિવરણઃ—સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયમાં જોડાતાં થકાં જ તે એક અંગના ભેદને જાણે, વળી ત્યાંથી છૂટી અન્ય જ્ઞેયભાવ પ્રતિ જોડાય ત્યારે તેને જાણે. તેના ઉદાહરણોઃ—જ્યારે જીવ, દ્રવ્યત્વ જાણવામાં જોડાય ત્યારે દ્રવ્યત્વસામાન્યને જ જાણે. વળી જ્યારે ઉત્પાદવ્યયધ્રૌવ્યભેદોને જાણવામાં જોડાય ત્યારે તે ભેદરૂપને જ જાણે. વળી તે ભેદોમાં પણ જ્યારે એક ઉત્પાદભાવને જાણે ત્યારે વ્યયધ્રૌવ્યના ભેદભાવોને ન જાણે. જ્યારે ગુણરૂપને જાણે ત્યારે દ્રવ્યરૂપને ન જાણે. જ્યારે પર્યાયરૂપને જાણે ત્યારે ગુણને ન જાણે. જ્યારે જ્ઞાનનું રૂપ જાણે ત્યારે ચેતનાવસ્તુત્વને ન જાણે. જ્યારે ચેતનાવસ્તુત્વને જાણે ત્યારે જ્ઞાનગુણને ન જાણે. વળી જ્યારે

૧૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનગુણના મતિપર્યાયરૂપને જાણે ત્યારે જ્ઞાનના અન્ય મનપર્યાયોને ન જાણે. જ્યારે સ્વવસ્તુને જાણે ત્યારે પરવસ્તુને ન જાણે. વળી એ રીતે જ્યારે પુદ્ગલદ્રવ્યત્વને જાણે ત્યારે પુદ્ગલગુણને ન જાણે. જ્યારે વર્ણગુણના રૂપને જાણે ત્યારે રસાદિ ગુણના રૂપને ન જાણે. જ્યારે રસગુણને જાણે ત્યારે વર્ણાદિ ગુણને ન જાણે. વળી જ્યારે-મિષ્ટ રસને જાણે ત્યારે અન્ય રસને ન જાણે. આથી બધાનું તાત્પર્ય આ છે કે જઘન્યજ્ઞાન જે તરફ જે જ્ઞેયભાવપ્રતિ જોડાય તે કાળે તેને-એટલામાત્ર એક જ્ઞેયભાવને-જાણે. તેનું બીજા ભાવ પ્રતિ જ્યારે જોડાવાનું થાય ત્યારે જ તો જાણે; તે જ્ઞેય પ્રતિ જોડાયા વિના ન જાણે.

પરંતુ એક બીજી વાત છે-મિથ્યાત્વીને પણ આ રીતે જ જઘન્યતાથી જ જાણવું થાય છે અને સમ્યગ્દષ્ટિને આ રીતે જ જઘન્યજ્ઞાનથી જ જાણવું થાય છે. પરંતુ "**ભેદ આટલો કે મિથ્યાત્વી તો જેટલોય ભાવ જાણે તેટલોય અયથાર્થ ( મિથ્યા ) રૂપ, અજાતિભેદરૂપ સાધે; અને સમ્યગ્દષ્ટિ તે જ ભાવને જાણે તેટલા બધામાં યથાર્થરૂપ જાતિભેદરૂપ સાધે.**" એવી રીતે જઘન્યજ્ઞાન જોડાવારૂપમાં આટલો ભેદ છે. એ ઉપરાંત વળી કેવું છે?

જઘન્યજ્ઞાન જ્યારે જ્ઞેય પ્રતિ જાણવારૂપે જોડાય ત્યારે તે જ્ઞેયને ક્રમથી જાણવારૂપે પ્રવર્તે છે. તે જ્ઞેયને પહેલાં થોડુંક સાધે, પછી તેનાથી તેને થોડુંક અધિક સાધે છે, પછી તેનાથી ( વધારે ) અધિક સાધે છે, એ રીતે તે એક જ્ઞેયને કેટલાક કાળમાં સંપૂર્ણ સાધે છે. એ રીતે જઘન્યજ્ઞાન ક્રમવર્તી છે. અથવા એક જ્ઞેયને એક કાળે જાણે, પછી બીજા કાળે બીજા જ્ઞેયને જાણે એવી રીતે ( તે ) ક્રમવર્તી જાણવું. વળી એ જઘન્યજ્ઞાન કેવું છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કતિપય છે, સર્વ જ્ઞેયોમાં કેટલાક જ્ઞેયોને જાણી શકે છે, અથવા કેટલીક ચેતનશક્તિઓથી જાણી શકે છે. વળી એક દ્રવ્યમાં કેટલાક ભાવને જાણી શકે, સર્વથા સર્વ ન જાણી શકે, તેથી કતિપય છે. જઘન્યજ્ઞાન પણ કેવું છે?

(જ્ઞેયને) સાધવાને એ જઘન્યજ્ઞાન સ્થૂલ કાળસુધી પ્રવર્તે છે. જ્યારે કોઈ એક જ્ઞેયને જાણવારૂપે સાધે ત્યારે જઘન્ય કે મધ્યમ કે ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત કાળ સુધી સાધે છે, એવી રીતે જ્ઞેયને સાધવાને સ્થૂળકાળપર્યાય છે, વળી એ જઘન્યજ્ઞાન લઘુ કાળ સ્થાયી છે. વળી જ્ઞેયભાવને જાણીને સિદ્ધ કર્યા છતાં પણ તે સિદ્ધ જ્ઞેયને જો જાણ્યા કરે તો જઘન્ય કે મધ્યમ કે ઉત્કૃષ્ટ અન્તર્મૂહૂર્ત કાળ સુધી જાણ્યા કરે છે. વળી ત્યાંથી છૂટી અન્ય જ્ઞેયભાવ પ્રતિ પ્રવર્તે છે તેથી જઘન્યજ્ઞાન લઘુકાલસ્થાયી છે. વળી એ જઘન્યજ્ઞાન ક્ષયોપશમ શક્તિ છે. જઘન્યજ્ઞાનમાં તો જાણવું એવી રીતે થાય છે.

અપ્રયુક્ત (જોડાયાવિના) એક સમયમાં સર્વથા સર્વને યુગપત્ જાણનારું અનંતકાલ સુધી રહેનારું ક્ષાયિકાદિરૂપ આ કેવલ જ્ઞાન છે તેથી આ કેવલજ્ઞાનપર્યાયમાં સર્વથા પરમ સમ્યગ્તા થઈ છે.

હે ભવ્ય, આ રીતે મતિશ્રુતાદિ જ્ઞાનપર્યાયનું સ્વરૂપ કહ્યું અને તે જ્ઞાનમાં સમ્યકતા પણ પ્રવર્તતી રહી. તે સમ્યક્તા બે પ્રકારે છે તે દર્શાવવામાં આવે છેઃ—

આ સમ્યગ્દૃષ્ટિની ઇન્દ્રિયમનસંજ્ઞાધારી ઉપયોગપરિણામભાવની જે સમ્યગ્તા તે સવિકલ્પરૂપ છે. વળી તેને તું દેખ–વર્ણ–રસ–ગંધ, સ્પર્શ, શબ્દરૂપ જ્ઞેયોને દેખવા જાણવારૂપે એક ઉપયોગ-પરિણામ પરિણમે તે જાણવા દેખવા એ એક ઇન્દ્રિયસંજ્ઞાધારી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને હવે ભિન્ન ભિન્ન ઇન્દ્રિયના નામથી કહેવામાં આવે છે. **“આ સમ્યગ્દ્રષ્ટિના ઈન્દ્રિય નામના જે ઉપયોગપરિણામ તે પરિણામથી જ્યારે જ્યારે જે જે જ્ઞેયોને દેખે–જાણે ત્યારે ત્યારે તે ઉપયોગપરિણામ સ્વવસ્તુનું યથાર્થ ભાન રાખે છે. ( સાથોસાથ જ્ઞેયથી ભિન્ન સ્વવસ્તુનો–આત્માનો–યથાર્થ લક્ષ–ખ્યાલ રાખે છે ).”** વળી ચિંતા, વિચાર, સ્મરણરૂપ વિષયભોગ, સંયોગ-વિયોગ, સ્નેહ, સુખદુઃખ કષાયાદિ અશુદ્ધ પરિણતિના દ્રવ્યગુણ-પર્યાયને, સ્વના, પરના ભેદ–અભેદ આદિરૂપ સર્વ શાસ્ત્રોને, સર્વ વિકથાના શાસ્ત્રોને, સર્વ સ્વપરની અતીત, અનાગત, વર્તમાન અવસ્થાની ચિંતા, વિચાર, સ્મરણ, કલ્લોલરૂપ વિકલ્પને જાણવા દેખવાને ઉપયોગના જે પરિણામ પરિણમે છે તે પરિણામના દેખવા જાણવા એ મનસંજ્ઞા ધારણ કરી. તેથી હવે એમને મન નામથી કહેવામાં આવે છે. આ સમ્યગ્દષ્ટિના મન નામના તે ઉપયોગપરિણામ તે પરિણામવડે જ્યારે જ્યારે જે જે સ્મરણ-રૂપ ચિંતાને, વિચારને દેખે જાણે ત્યારે ત્યારે તે કાલે જ તે ઉપયોગપરિણામ સ્વવસ્તુનું ( આત્માનું ) યથાર્થ ભાન ( લક્ષ ) રાખે છે. દેખો, એવી રીતે ઇન્દ્રિયસંજ્ઞાપરિણામ અને મનસંજ્ઞા-પરિણામમાં ઉપયોગની જે સમ્યકતા તે સવિકલ્પ રૂપ છે. **“વળી આ સમ્યકત્વથી પણ બંધ થતો નથી, આશ્રવ થતો નથી.”** અન્ય જે નિર્વિકલ્પ દશા છે તેને કહું છું, સાંભળઃ—

દેખો, જે ચારિત્રાચરણ છે તે ચારિત્રના જે પરિણામ વર્ણાદિકને આચરે છે–અવલંબે છે તે ચારિત્ર પરિણામને પણ ઇન્દ્રિયઆચરણસંજ્ઞાથી કહેવામાં આવે છે. વળી તે આચરણજન્ય જે સ્વાદ તે સ્વાદને પણ ઇન્દ્રિયસ્વાદસંજ્ઞાથી કહેવામાં આવે છે. વળી સ્વભાવવસ્તુથી જે કાંઇ અન્ય તે સર્વ વિકલ્પ, તે વિકલ્પોને જે ચારિત્રપરિણામ આચરે-અવલંબે તે પરિણામને મનાચરણસંજ્ઞાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેવામાં આવે છે. તે આચરણજન્ય જે સ્વાદ તે સ્વાદને પણ મનસંજ્ઞાથી કહેવામાં આવે છે. એવી રીતે જે મન-ઇન્દ્રિય-સંજ્ઞાધારી આચરણ અને સ્વાદપરિણામ તે તે સમ્યગ્દષ્ટિના તે મન-ઇન્દ્રિયસંજ્ઞાધારી સમ્યગ્ઉપયોગપરિણામની સાથે છે. પરંતુ તે સમ્યગ્દષ્ટિના મન-ઇન્દ્રિયસંજ્ઞાધારી અશુદ્ધ ચારિત્રપરિણામથી બંધ, આશ્રવ, થતાં નથી. તે ગુણ કોનો છે? (તે કોની વિશેષતા છે?)

તે સમ્યગ્દષ્ટિના તે મન-ઇન્દ્રિયસંજ્ઞાધારી અશુદ્ધ ચારિત્રપરિણામને સાધતાં ઉપયોગનાજ પરિણામ સવિકલ્પરૂપ સમ્યકજ છે. તેથી તે મન-ઇન્દ્રિયસંજ્ઞાધારી ચારિત્રના અશુદ્ધ પરિણામોથી બંધ આશ્રવ થઈ શકતાં નથી. તે ઉપયોગના સમ્યગ્ પરિણામો એ તે બંધ-આશ્રવને, અશુદ્ધ ચારિત્રપરિણામની બંધશક્તિને રોકી દીધી છે **"તેથી સમ્યગ્દષ્ટિ બુદ્ધિપૂર્વક આચરણ વડે નિબંધ, નિરાશ્રવ થયો છે."** એવી રીતે સમ્યગ્દષ્ટિના મનઇન્દ્રિયસંજ્ઞાધારી સમ્યગ્ઉપયોગપરિણામ અને મનઇન્દ્રિયસંજ્ઞાધારી અશુદ્ધ ચારિત્ર-પરિણામ એ બન્ને પરિણામનો જે પ્રવાહ છે તે સમ્યગ્દષ્ટિને ચાલતો રહે છે. તો હવે તેમની નિર્વિકલ્પદશા થતી દર્શાવું છું:-

તે સમ્યગ્દષ્ટિના મન-ઇન્દ્રિયસંજ્ઞાધારી જે ઉપયોગપરિણામ તે ઉપયોગપરિણામોમાંથી જે પરિણામોએ એક બાહ્ય પરવર્ણા-દિકને ખંડ ખંડ દેખતાં-જાણતાં ઇન્દ્રિયસંજ્ઞાધારી હતી તે ઉપયોગ પરિણામ વળી જ્યારે તે વર્ણાદિકોને જાણતાં તો અટકી ગયા ત્યારે તે પરિણામોને ઇન્દ્રિયસંજ્ઞા ન રહી. તે પરિણામો ઇન્દ્રિયસંજ્ઞાથી અતીત થયા. અને જે ઉપયોગપરિણા-મોએ વિકલ્પને દેખતાં-જાણતાં મનસંજ્ઞાધારી હતી તે ઉપયોગ-પરિણામ પણ જ્યારે તે વખતે જ તે વિકલ્પને દેખતાં જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણતાં જ અટકી ગયા ત્યારે તે ઉપયોગપરિણામને મનસંજ્ઞા ન રહી, તે પરિણામ ત્યારે મનસંજ્ઞાથી અતીત થાય છે. એ રીતે એ બન્ને ઉપયોગપરિણામ ઇન્દ્રિયાતીત અને મનાતીત થયા, અને તે ઉપયોગપરિણામ પોતે જ એક સર્વ ચિત્વસ્તુરૂપ પોતાપોતાને જ વ્યાપ્યવ્યાપકરૂપે પ્રત્યક્ષ દેખવા લાગ્યો, જાણવા લાગ્યો, અને તે મન-ઇન્દ્રિયભાવથી શૂન્ય થઈ ગયો. વળી મન-ઇન્દ્રિયસંજ્ઞાધારી ઉપયોગ દશાના બલને સાધતો મન-ઇન્દ્રિયસંજ્ઞાધારી જે અશુદ્ધ ચારિત્રના ચપલ પરિણામ હતા તે ચારિત્રના પરિણામ ત્યારે જ તે કાલે ખરેખર પરાવલંબનથી અને ચપળતાથી અટકી ગયા. ત્યારે તે ચારિત્રપરિણામોને મન-ઇન્દ્રિયસંજ્ઞા ન રહી, ત્યારે ચારિત્રપરિણામને મન-ઇન્દ્રિયસંજ્ઞાતીત કહેવામાં આવે છે વળી તે ચારિત્રપરિણામ નિજઉપયોગમય ચિત્વસ્તુમાં દેખીને સ્થિરીભૂત શુદ્ધ વીતરાગમગ્નરૂપ પ્રવર્તે છે; અને તે જ ચારિત્રપરિણામજન્ય નિજસ્વાદ ઊપજે છે.

એ રીતે જ્યારે સમ્યગ્દૃષ્ટિનાં જ્ઞાનદર્શનચારિત્રસહિત પરિણામ નિજ ચિત્વસ્તુને જ વ્યાપ્યવ્યાપકરૂપ દેખતાં-જાણતાં રહે, નિજ વ્યાપ્યવ્યાપક સ્વાદ લે, તે સ્વસ્વાદદશાનું નામ સ્વાનુભવ કહેવામાં આવે છે. તો એ રીતે સ્વાનુભવ થાય ત્યારે છદ્મસ્થ જીવનાં દર્શનજ્ઞાનાદિ પરિણામોને નિર્વિકલ્પ સમ્યકતા ઊપજે છે તે જઘન્ય-જ્ઞાની સમ્યગ્દૃષ્ટિની નિર્વિકલ્પ ઉપયોગસમ્યકતા જાણવી. તે કાળે અહીં સંવેદનનો આ અર્થ જાણવો:—સ્વ કહેતા હું-સ્વયંજ્ઞાન, સં કહેતા સાક્ષાત્ પ્રત્યક્ષથી, વેદન કહેતા આ વસ્તુમાં વ્યાપ્ય-વ્યાપકરૂપ જાણવું.

**ભાવાર્થ**:—સમ્યગ્દૃષ્ટિ થતાં તે જીવદ્રવ્યમાં જે જ્ઞાનગુણની શક્તિ સાક્ષાત્ પ્રત્યક્ષ થઇ આ રીતે પ્રવર્તી કે-આ સ્થાનકમાં આ હું જ્ઞાન, આ આત્મવસ્તુ પ્રમાણ તાદાત્મ્ય વ્યાપ્યવ્યાપકરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. આ જ્ઞાનશક્તિને જાણવાનું નામ સ્વસંવેદન કહેવામાં આવે છે. તો જ્ઞાનની આટલી આ સ્વસંવેદનશક્તિ છદ્મસ્થને સાક્ષાત્ પ્રત્યક્ષરૂપ થઇ પ્રવર્તે છે. આ જ્ઞાનશક્તિની પ્રત્યક્ષતાથી કેવલી, શ્રુતકેવલી સરખા છે. આ ભેદ યથાર્થ રીતે ( બરાબર ) જાણવો.

એ રીતે જઘન્યસમ્યગ્દષ્ટિની સમ્યક્તા સવિકલ્પ અને નિર્વિકલ્પના ભેદથી બે પ્રકારે છે. તેથી જઘન્યસમ્યગ્દષ્ટિ આ બન્ને સમ્યકતાથી નિર્બંધ નિરાશ્રવ હોય છે. વળી જ્યારે તે જ્ઞાન-દર્શનચારિત્રના પરિણામોથી સ્વસ્વાદરૂપ સ્વાનુભવ થાય ત્યારે તે પરિણામોને આટલા નામસંજ્ઞા ભાવોથી નામ કહો-કોઇ નિર્વિકલ્પદશા કહો, કે આત્મસન્મુખ ઉપયોગ કહો, કે ભાવજાતિ, ભાવશ્રુતિ કે સ્વસંવેદનભાવ, કે સ્વવસ્તુમગ્ન કે સ્વાચરણ, કે સ્વસ્થિરતા, કે સ્વવિશ્રામ કે સ્વસુખ, ઇન્દ્રિયમન-સંજ્ઞાતીતભાવ, શુદ્ધોપયોગ એ સર્વસંજ્ઞાભાવ ઉપચારથી ઇન્દ્રિયમનસ્વરૂપમાં મગ્ન એ રીતે એક જ સંજ્ઞા કહેવામાં આવે છે. સ્વ-અનુભવ ઇત્યાદિ અનેક સંજ્ઞાઓ છે પરંતુ એક સ્વસ્વાદરૂપ અનુભવદશા અથવા નિર્વિકલ્પ દશા એ મુખ્ય નામ જાણવું. વળી આ નિર્વિકલ્પ દશા રહેવાનો કાળ તું સાંભળ:—

જઘન્ય કે મધ્યમ કે ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત સુધી તે પરિણામ સ્વ-અનુભવરૂપ પ્રવર્તે છે. અન્તર્મુહૂર્ત પછી પાછા પરિણામ મન-ઇન્દ્રિય સંજ્ઞાધારી થઈ વિકલ્પી થાય છે, ચારિત્ર પરાલંબી થાય છે, ત્યાં પરસ્વાદ આવે છે. એવી રીતે તેઓ સવિકલ્પરૂપ પણ થઇ જાય છે. વળી કેટલાક કાલ પછી પરિણામ પાછા પણ આ સવિકલ્પ ભાવથી રહિત થઇને વળી અનુભવરૂપ થઈ જાય છે. અન્તર્મુહૂર્ત પછી પરિણામ પાછું સવિકલ્પરૂપ ધારણ કરે, વળી કેટલાક કાળ પછી પરિણામ સવિકલ્પરૂપ છોડી અનુભવ-રૂપ થાય છે. જઘન્યજ્ઞાનીનું સમ્યકત્વાચરણ ધારાપ્રવાહી પરિણામે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રવર્તે છે, ચારિત્રાચરણનો અનુભવ ધારાપ્રવાહી નથી. જઘન્યજ્ઞાનીને અનુભવ કદાચિત્ ( કયારેક કયારેક, કોઇ કોઇવાર ) કહેવામાં આવે છે. ત્યાં આ એક વિવરણ છેઃ—

જે સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનનો છે તેના અનુભવનો કાલ લઘુઅન્તર્મુહૂર્ત સુધી રહે છે અને ફરીને સ્વાનુભવ ઘણા કાલ પછી થાય છે. વળી તેનાથી ( અવિરતિ સમ્યગ્દૃષ્ટિના કાળથી ) દેશવ્રતીના અનુભવના રહેવાનો કાળ મોટો અન્તર્મુહૂર્ત છે અને થોડાક કાલ પછી પછી થાય છે. વળી સર્વવિરતિનો સ્વ-અનુભવ દીર્ઘ અન્તર્મુહૂર્ત સુધી રહે છે અને ધ્યાનથી પણ થાય છે અને સાતમા ગુણસ્થાનમાં બહુ જ થોડા કાલ પછી પછી સ્વ-અનુભવદશા વારંવાર થયા જ કરે છે. વળી સાતમા ગુણસ્થાનથી એ પરિણામ, જે પૂર્વે સ્વ-અનુભવરૂપ થયા હતા તે તો અનુભવરૂપે રહે પરંતુ ત્યાં મુખ્યરૂપે કર્મધારાથી નીકળી નીકળીને સ્વરસસ્વાદના અનુભવરૂપ થતાં ચાલ્યા. જેમ જેમ પછીનો કાળ આવે છે તેમ તેમ અન્ય અન્ય પરિણામો સ્વાદરસના અનુભવરૂપે વધતાં ચાલે છે. એ રીતે ત્યાંથી અનુભવદશાના પરિણામ વધી વધીને પલટાય છે, તેમ ક્ષીણમોહગુણસ્થાન સુધી જાણવું. હે સવિકલ્પના આચરણવાળા, તું એક વાત સાંભળ.

તું દેખ, આ પરિણતિનું વર્ણન કરીને પરિણામોનો સ્વ-વિકલ્પ-નિર્વિકલ્પ સ્વ-અનુભવ થવો દર્શાવ્યો તો તું પણ પોતાની પરિણતિ આ કથન અનુસાર છે કે નહિ? તે ( તુલના કરીને ) દેખ અને જો તું સમ્યગ્દૃષ્ટિ છે તો આ માફક પોતાની પરિણતિ થતી તેં દેખી, તો અમે એક બીજું કહીએ છીએ તે શું?

તું દેખ, આ સ્વાનુભવદશા સ્વસમયરૂપ સ્વસુખ છે, શાંત વિશ્રામ છે, સ્થિરરૂપ છે, કોઈ ( અપૂર્વ ) કલ્યાણ છે, ચેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે ( સુખશાન્તિ છે ), તૃપ્તિરૂપ છે, સમભાવ છે અને મુખ્ય મોક્ષરાહ છે, એવી છે. વળી આ સમ્યક્ સવિકલ્પ દશામાં જો કે ઉપયોગ નિર્મલ રહે છે તોપણ અરે! ચારિત્રપરિણામ પરાવલંબ, અશુદ્ધ, ચંચલરૂપ થતાં રહે છે તેથી સવિકલ્પદશા દુઃખ છે, તૃષ્ણાના તાપથી ચંચલ છે, પુણ્યપાપરૂપ કલાપ છે, ઉદ્વેગતા છે, અસંતોષરૂપ છે, એવી એવી રીતે ચારિત્રપરિણામ વિલાપરૂપ છે. તો તેં એ બન્ને અવસ્થા પોતામાં દેખી છે. તેથી સારું તો આ છે કે-તું સ્વ-અનુભવરૂપ રહેવાનો ઉદ્યમ રાખ્યા કર, આ અમારું વચન વિવરણથી ( વ્યવહારથી ) ઉપદેશ-કથન છે.

## ॥ ઇતિ અનુભવાધિકારઃ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# अथ अन्यत् किंचित् कथ्यते । तावत् दृष्टांत
## (હવે જે કાંઈ (સ્વરૂપ) કહેવામાં આવે છે તેને દાખલાથી દર્શાવીએ છીએ.)

કોઈ એક દેશ, તે દેશમાં એક નર, તે નર છત્રીશ પવનની સેવા કરે છે. વળી ત્યાં તે પવનને રાજા તરીકે જાણે, દેખે, સેવે અને યાદ રાખે. એમ જ કરતાં કરતાં તે નરની અવસ્થા ઘણા કાલ સુધી વીતી. એક દિવસ તેને વિચાર આવ્યો, કોઈ જ્ઞાતાપુરુષને કહેવાનું સૂઝ્યું. તે જ્ઞાતાપુરુષે આમ કહ્યું કે આ છત્રીશ પવન રાજા નથી. વળી એ રાજાનું નગર નથી. તું એમને જૂઠી રીતે રાજા માનીને તેમની સેવા કરે છે. એમને તું રાજા તરીકે જૂઠી જ રીતે દેખે-જાણે છે, પરંતુ એ રાજા નથી, એ તો નીચ જાતિ છે. વળી એમને રાજા માની ( તું ) ઘણો નીચ થયો છે. વળી તેમની સેવાથી તું સદા દરિદ્રી, દુઃખી, ભિખારી રહીશ અને અનાદિથી રહેતો આવ્યો છે, તો તું પોતાને, દેખ અને તે રાજાની સેવાથી તું રાજા જ થઈશ. ધની, અયાચી, સુખી, નીડર, ઉચ્ચ શોભા આદિ ઘણી પ્રભુતા નરની થાય છે. તેને ( પવનને ) તું રાજા માને છે તો તું અજ્ઞાનથી ભ્રમમાં રહ્યો છે. અમે પણ તારી જેમ, આમ જ ભ્રમમાં પડી ગયા હતા. વળી કોઈ કાલે અમે જ્યારે રાજા પ્રત્યક્ષ દેખ્યો ત્યારે અમારો આ ભ્રમ મટી ગયો. પ્રભુ થવાની આવી વાત સાંભળતાં જ તે પુરુષને ( ખરો ) રાજા દેખવા, જાણવા, સેવવાની રુચિ થઈ ત્યારે તે નરે તે જ્ઞાતનરને પૂછ્યું:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હે જ્ઞાતનર, તે રાજા ક્યાં છે? અને (એને) શી રીતે ઓળખીએ? અને શી રીતે તેની સેવા કરીએ? અને શી રીતે તે મારા જેવાને પણ પ્રભુ બનાવશે? એ વાત મને બતાવો. કારણ કે તમારામાં આ હાલ વીત્યો છે, તેથી તમે આ મૂલ વાત બતાવો. ત્યારે તે જ્ઞાતનર બોલ્યો–હું તો આ વાતની વાત (મૂળવાત) કહીશ. પરંતુ તારે આ રીતે ઉદ્યમી થવું પડશે. પણ તું થઈશ, કારણ કે તારી તીવ્ર રુચિ દેખવામાં આવે છે. તો તું ઈલાજ સાંભળઃ—

મિત્ર, હવે પહેલાં તું અહીંથી ઉદ્યમવંત થા, ધીરજવંત થા. આટલીક આ વાત માનીને પછી આ દેશને તું જાણ. પ્રથમ તો આ દેશમાં પાંચ નગર છે–ધર્મ, અધર્મ, કાલ, પુદ્ગલ, જીવ–એ પાંચેનાં નામ છે. ત્યાં તું તે ચારે નગરના, તે નગરના લોકાચારના તમાશા બરાબર દેખ. તેમની રીતિ યાદ રાખ, પરંતુ ત્યાં બેસી ન રહે. કેમકે તારે રાજા પાસે જવાનું કામ છે, એમનું કાંઈ કામ નથી. એ નગર તને પ્રભુ નહિ બનાવી શકે. વળી ત્યાંથી આગળ તું તે જીવનગરમાં જા. જ્યારે તે નગર તારાં દીઠામાં આવે, ત્યાં પહેલાં ઇંટ, માટી, પત્થર, ચુનાનો બનેલો કોટ આવશે. તેને ભલી રીતે દેખી તેને પણ છોડીને તું આગળ જજે. ત્યાં આગળ આઠ, સાત આદિ અન્ય લોકજાતિની એક સ્થાને વસ્તી આવશે, તે વસ્તીને ભલી રીતે દેખ. વળી તે જાતિઓના ભિન્ન ભિન્ન રીતિના તમાશા દેખ. વળી તેમને છોડી આગળ ચાલ, ત્યાં પહેલાં આઠ, સાત આદિ નામની અન્ય જાતિની વસ્તી છોડી આવ્યો હતો તેવી જાતિ, કુલ નામની રીતિ ધારણ કરી લોકોની એક સ્થાને બહુ મોટી સભા આવશે, ત્યાં તે લોકોની ઘણી ભીડ છે. વળી તે સભાના સર્વ લોક રાજાનો જ પરિવાર છે. તેથી તે સભાના સર્વ લોકો પણ રાજા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તરીકે રાજા કહેવરાવે છે. ત્યાં બધા રાજાના જેવી દીપ્તિવાળા છે, તું સાવધ રહેજે, હોશીયાર રહેજે, ત્યાં તે જાતિને-ભલી-રીતે ઓળખી રાખજે, તેમના ધક્કા સહન કરજે. તેમની ક્રૂર દીપ્તિ દેખીને ડરીશ નહીં, તેમનાથી નિઃશંક રહેજે અને મનની રુચિ રાજાને દેખવાની રાખજે. પરંતુ તેમને રાજા રાજા કહેવાથી તું એમને રાજા માની ભરમાઈ ન જતો, રાજા માની તેમની સેવામાં લાગી જતો નહિ પરંતુ એમને સારી રીતે દેખી ઓળખી રાખજે. તું પણ વળી એમને દેખતાં અને છોડતાં, દેખતાં છોડતાં આગળ ચાલ્યો જજે. વળી આગળ જ્યાં એ સભાના લોક પૂરા થયા ત્યાં એ બધાને તું પાછળ છોડી ( આગળ ) ગયો ત્યારે તો તેમનો ભય મટ્યો. આગળ જ્યાં સિંહાસન, છત્ર, ચામર, મુકુટરૂપ લક્ષણો આવશે, ત્યાં તે લક્ષણોને તું ભલી રીતે દેખી લે, જાણી લે, અને યાદ રાખી લે. એવા તેમને તું જાણીને વળી તે મુકુટાદિ લક્ષણોથી સંયુક્ત, પરમ દીપ્તિવાળો, સૌમ્યાદિ સુંદર મૂર્તિવાળો જે નર બિરાજમાન છે તેને તું રાજા દેખ, જાણ. વળી ત્યારે જ તે રાજાના લક્ષણ, સૂરત, મૂર્તિ હૃદયની અંદર યાદ રાખી લે. કારણ કે તે યાદગિરીથી અન્ય નરને વળી દેખીને તે પ્રતિ રાજાની શંકા ક્યારેય પણ ઊપજશે નહિ. એવી રીતે તને જ્યારે નરરાજા દેખાશે ત્યારે તેને દેખતાં જ તને અપૂર્વ પરમાનંદ આવશે, અને તું કોઈ અપૂર્વ નરને દેખીશ અને તે નરરાજાને દેખતાં જ તારા મનમાં કોઇ ઉમંગ ઊઠશે અને તું દેખતાંજ તેમાં મગ્ન થઇ જઇશ.

તુંજ ત્યાંની રીતિ દેખીશ, મારા કહેવાથી શું પ્રયોજન છે? વળી તે રાજાની સેવા આટલી જ કે તેના સન્મુખ મગ્ન રહેવું, આમ તેમ ન થવું ( અર્થાત્ ઉપયોગને જરા પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચંચલ થવા ન દેવો) વળી ત્યાંથી કેટલાક કાળ પછી છૂટી જઈશ ત્યારે પણ ફરી તેવું થવું. વળી કેટલાક કાળ પછી ત્યાંથી છૂટી જઈશ ત્યારે પણ ફરી પાછો તે જ પુરાણા (પહેલાના) લોકોની વચ્ચે આવીશ. ત્યાં ફરીથી તું સેવા-એ જ લોકોની સેવા-કરીશ, તે સેવાથી સુખીદુઃખી પણ થઈશ. જો કે ત્યાં તું તે લોકોની સેવા કરીશ, પણ તે લોકોને હવે રાજા તરીકે ન દેખીશ, ન જાણીશ, હવે તેમને તે રાજાની રૈયત જ જાણીશ, અને દેખીશ. કારણ કે જો કે તે કાલે રાજાને પ્રત્યક્ષ દેખતો જાણતો નથી, પણ તેં રાજાના લક્ષણોથી જ તેની સૂરતિ ઠીક ઠીક યાદ કરી લીધી છે, રાજાની સૂરત યાદ જ રહે છે; તેથી હવે તે લોકોને તું રાજા દેખતો નથી, લોકોને લોક જ તરીકે દેખે છે, રાજાનો ભ્રમ ઊપજતો નથી.

વળી (તેં) રાજાની સેવાના સુખનું જે સુખ લીધું, તે સુખ હવે આ લોકોની સેવાના સુખમાં દેખતો નથી. વળી તેમની સેવા કરવી બહુ ખરાબ લાગે છે તેથી (તેમની સેવાને તું) ખરાબ દેખ્યા-જાણ્યા કરીશ. મનમાં આમ ચિંતવીશ કે આમના (આ લોકોના) સેવા સંબંધથી મારી આપદાઓ ક્યારેય ટળી નથી. વળી ત્યારથી તો તું તે લોકોને રાજા તરીકે દેખતાં જાણતાં અટકી ગયો. પરંતુ તેમની કોઈ સેવા કરવી રહી ગઈ છે, એવી રીતે તું તે લોકોને માટે વિચારતો થઈશ. તેમ છતાં મનમાં (અસલ) રાજાની જ સેવાની રુચિ રહેશે. વળી પાછો તેમની સેવા છોડીને હવે શીઘ્ર તે (અસલ) રાજાની સેવા કરવા લાગી જઈશ. વળી પાછી રાજાની સેવા છૂટી જશે અને પછી આ લોકોની સેવા કરવા લાગી જઈશ. વળી પાછી આ સેવા છોડીશ, (અસલ) રાજાની સેવા કરીશ, એજ રીતે થતાં થતાં કેટલાક કાળ પછી તે રાજાની સેવામાં રહી જઇશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સર્વનું તાત્પર્ય આ છે કે ત્યારે તુંજ રાજા થઈ જઈશ. તે રાજાની સેવાથી થોડા કાલમાં એવી રીતે રાજાની તારી પ્રભુતા થશે. ત્યારે તે નરે આ કથા સાંભળીને વળી તેવી જ રીતે કરી અને (તે નર) તેવો જ રાજા પણ થયો. આ દૃષ્ટાંત થયું. હવે આ પ્રમાણે દાષ્ટાંતઃ—

આ જીવના જે પરિણામ તે પરિણામ અન્ય પરભવોનું અવલંબન કરે છે–તેમની સેવા કરે છે. ત્યાં તે પરભાવને સેવતાં પરિણામ તે પરભાવોનો નિજસ્વભાવરૂપે દેખે છે, જાણે છે, સેવે છે. અને તે પરને નિજ સ્વ કરીને (પરને નિજ પોતારૂપ કરીને, નિજ સ્વ તરીકે) બરાબર માની રાખે છે. એવી એવી રીતે અનાદિથી કરતાં આ જીવના પરિણામોની અવસ્થા ઘણા કાળ સુધી વીતી. વળી કાળ પામી ભવ્યતા પરિપાક થઈ ત્યારે પોતાનું અથવા અન્ય જ્ઞાતગુરુના ઉપદેશનું કારણ પામ્યો. તે ગુરુએ ઉપદેશ્યું કેઃ—

હે ભવ્ય પરિણામો? તમે હીન એવા પરની સેવા કરો છો અને હે પરિણામો! પરની સેવા કરતાં તમે એ જ નીચ એવા પરને ઉચ્ચ એવા 'સ્વ કરીને' (સ્વ–રૂપે સ્વ તરીકે) દેખો છો, જાણો છો, અને સ્વ કરીને યાદ બરાબર રાખો છો; તો હે ભવ્ય પરિણામો! આ નીચ એવું પર છે, ઉચ્ચ એવું સ્વ નથી. વળી આ તમારી વસ્તુના આધારે નથી. વળી આ નીચને સેવતાં તમે પણ નીચ એવા પરજ જેવા બની રહ્યા છો, વળી આ નીચ એવા પરની સેવા કરતાં દુઃખ, ઉપાધિ, દારિદ્રય, સદા ભોગવી રહ્યા છો. એ તમને રંચમાત્ર પણ કાંઈ આપી શકતા નથી. અને 'આ અમને આપે છે.' એ રીતે તમે જૂઠું જ માની રહ્યા છો. જો કે આ તો નીચ એવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર છે પરંતુ તમે એમને ઉચ્ચ એવું સ્વ માનીને બહુ નીચ થયા છો.

હે ભવ્ય પરિણામો! જે કોઈ ઊંચ એવું સ્વ તેને તમે કદી પણ દેખ્યું નથી, જાણ્યું પણ નથી, સેવ્યું પણ નથી તેથી તેને તમે યાદ ક્યાંથી રાખો?

વળી હવે જે, તે સ્વાભાવને દેખો, જાણો અને સેવા કરો તો તે તમને સ્વયં યાદ પણ રહેશે, તો તમે સુખી થશો, અયાચી (માગ્યા વિના) લક્ષપતિ થશો અને તમે પોતાની (તમારી) લક્ષ્મીથી પ્રભુ થશો. એવી રીતે સાંભળવાથી વળી તે ભવ્ય પરિણામોને તે નિજસ્વભાવને દેખવા, જાણવા, સેવવાની અપૂર્વ મહારુચિ ઊપજી. અને ત્યારે જ તે પરિણામો-એ તેમને (જ્ઞાતે નરને) પૂછ્યું કે તે નિજસ્વભાવને કઈ રીતે ક્યાં દેખવો, કયું સ્થાન છે, તે બધી રીતિ કહો. ત્યારે તે જ્ઞાતગુરુએ યથાર્થ જેમ છે તેમ રાહ, સ્થાનાદિ ઓળખવાની રીતિ કહી.-ત્યારે તેવી તે રીતિને યાદ રાખી. વળી હવે સ્વ-ભાવને દેખવા, સેવવાને તે પરિણામ પુરુષાર્થ કરીને જેવી રીતે આગળ ચાલે છે તે કહેવામાં આવે છેઃ—

પહેલાં તો આ પરિણામે છ દ્રવ્યની સંખ્યા દેખી. ત્યાર પછી અવગાહના નિમિત્તરૂપ એક આકાશ દ્રવ્યને ગુણપર્યાયાદિ-લક્ષણોથી જુદું દેખ્યું પણ તેમાં સ્વભાવ રાજાનું કોઈ લક્ષણ ન દેખ્યું. તેથી તે આકાશદ્રવ્યને છોડી આગળ ગતિના નિમિત્ત-રૂપ ધર્મદ્રવ્યને ગુણપર્યાયાદિલક્ષણોથી જુદું દેખ્યું પરંતુ તેમાં પણ સ્વભાવરાજાનું કોઈ લક્ષણ ન દેખ્યું. તેથી તે ધર્મદ્રવ્યને પણ છોડી આગળ સ્થિતિના નિમિત્તભૂત અધર્મદ્રવ્યને ગુણપર્યા-યાદિ લક્ષણોથી જુદું દેખ્યું. પરંતુ તેમાં પણ સ્વભાવરાજાનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઇ લક્ષણ ન દેખ્યું. તેથી તે અધર્મનગરને પણ છોડી વળી આગળ વર્તનાના નિમિત્તરૂપ કાલદ્રવ્યને ગુણપર્યાયાદિ લક્ષણોથી જુદું દેખ્યું. પરંતુ તેમાં પણ સ્વભાવરાજાનું કોઇ લક્ષણ ન દેખ્યું, તેથી તે કાલદ્રવ્યને પણ છોડી આગળ વર્ણાદિરૂપ પુદ્ગલ-દ્રવ્યને ગુણપર્યાય લક્ષણથી જુદું દેખ્યું પરંતુ તેમા પણ સ્વભાવ-રાજાનું કોઇ લક્ષણ ન દેખ્યું તેથી તે પુદ્ગલદ્રવ્યને પણ છોડીદીધું.

એવી રીતે તે પરિણામોએ પાંચ દ્રવ્ય તો દેખ્યા પરંતુ સ્વભાવરાજાનું નામમાત્ર પણ ન દેખ્યું, તેથી એમને છોડી દીધા. આગળ તે પરિણામો આ જીવ નામના દ્રવ્યનગર સુધી આવી પહોંચ્યા. ત્યાં આ પરિણામોએ આ કોટરૂપ નોકર્મસ્કંધને દેખ્યા. જે દેખ્યું તે બધુંય નિસ્સંદેહ પુદ્ગલદ્રવ્યનું બન્યું છે. તેમાં તો સ્વભાવનું કોઇ લક્ષણ નથી, તેથી આ નોકર્મને છોડી વળી તેની અંદર પરિણામો ગયા. ત્યાં દેખ્યું કે આઠ કર્મ, નવતત્ત્વ, કાર્મણસ્કંધની મંડલી-વસ્તી-વસે છે. તે વસ્તીમાં દેખ્યું તો કેવલ પુદ્ગલદ્રવ્યની સર્વ જાતિ વસે છે. વળી તેઓ તેમની અંદરો-અંદર લેવડદેવડ, સંબંધ, સગાઇ, લડાઇ, પ્રીતિની ક્રિયા કરે છે. એવી રીતે તે વસ્તીમાં પણ નિસ્સંદેહ સ્વભાવનું કોઇ અંગ ન દેખ્યું. તેથી પુદ્ગલજાતિની તે કર્માદિ વસ્તીને છોડી એ પરિણામો આગળ ગયા. ત્યાં દેખ્યું કે પહેલાં પુદ્ગલ-જાતિની કર્માદિ સંજ્ઞા જેવી રીતે હતી તે અનુસારેજ તે તે જાતિની સંજ્ઞાધારક ચેતનપરિણામભાવની વસ્તી છે. પરંતુ તે સર્વ ભાવોની જાતિ ચેતનપરિણામની જ છે, તેથી તે સર્વ ભાવ ચેતન ચેતનના (રૂપના) જ નામધારી થયા છે. તે બધાએ ચેતનના રૂપ જેવી ભાષા ધારી છે. એવી જીવપરિણામભાવોની જાતિ દેખીને જો સાવધાનીથી દેખવામાં આવે તો આ ભાવોમાં સ્વભાવ નથી, તેને તો પરનાં નકલી ભાવો દેખ્યા (તેને તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરાનુસારી ભાવો દેખ્યા). તેથી આ પરિણામોએ પરભાવને પણ પોતાની શક્તિથી જુદા કર્યા. તેમને જુદા કરતાં જ વળી તે પરિણામોએ જ્ઞાતાદૃષ્ટાદિ લક્ષણમય ચેતનસ્વભાવને પ્રત્યક્ષ,–સાક્ષાત્ દેખ્યો–જાણ્યો તે પરિણામો તે સ્વભાવસન્મુખ સ્થિર થયા, ત્યાં તેમણે વિશ્રામ લીધો, તે વિશ્રામ લેતાં, તે પરિણામોને અપૂર્વ સુખ ઊપજ્યું. તે પરિણામો આકુલતાથી શાંત (હિત) થયા થકા ચયનરૂપ (ચેનરૂપ, સુખશાંતરૂપ, આનંદરૂપ) થયા થકા અપૂર્વ શોભવંત થયા થકા અને પ્રભુતારૂપે ઉદ્યત થયા થકા તે સ્વભાવને પ્રાપ્ત થયા.

સર્વનું તાત્પર્ય આ છે કે તે પરિણામોની કથા વચન વડે ક્યાં સુધી કહીએ? એ રીતે આ પરિણામો સ્વભાવને પામીને કેટલોક કાળ રહ્યા. વળી તે પરિણામો વિશ્રામરૂપ સ્વભાવની સેવાથી છૂટી જાય અને પાછા તે જ પરદ્રવ્યલોકમાં જ આવે. તેમાં પણ આવીને પરિણામો તે પરદ્રવ્યલોકનું અવલંબન, તેમની સેવા તો કરે, વળી તે સેવાથી સુખીદુઃખી પણ થાય; પરંતુ તે પરિણામો આ રીતે જાણે. દેખે કે—અમારું આ અવલંબન નીચ એવા પરદ્રવ્યના જ્ઞેયને જ અવલંબે છે, અમે આની સેવા કરવાને લાયક નથી, અમને તે એક ચેતનભાવની સેવા શોભે છે. આ સર્વ જ્ઞેય–દૃશ્ય પરદ્રવ્ય તે એક ચેતનસ્વભાવરાજાની રૈયત છે. તેથી હવે આ પરિણામો આ પરદ્રવ્યરૂપ જ્ઞેયરૈયતને જ્ઞાતાદ્રષ્ટાલક્ષણમય જે ચેતનસ્વભાવરાજા તે રાજાનારૂપે ન દેખે, ન જાણે. આ પરદ્રવ્યને હવે નિસ્સંદેહ તે ચેતનરાજાની એક કેવલ જ્ઞેયરૂપરૈયત જાણે છે.

વળી હવે આ પરિણામો આ પરદ્રવ્યને જ અવલંબે છે. પરંતુ આ પરિણામોએ તે ચેતનસ્વભાવના જ્ઞાતા-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રષ્ટાલક્ષણમય મૂર્તિનું પ્રત્યક્ષ શક્તરૂપ આસ્તિક્ય, તેની શક્તિરૂપે પ્રત્યક્ષ ઠીકતા (બરાબરપણાની પ્રતીતિ) કે તેનું શક્તિરૂપે સ્મરણ કરી રાખેલ છે. જોકે આ પરિણામો આ વર્ત-માન કાલે ચેતનસ્વભાવને પ્રત્યક્ષ અનુભવરૂપ દેખતા નથી, જાણતા નથી, સેવતા નથી. આ પરિણામો આ કાલે પરદ્રવ્યરૂપ તે જ્ઞેયરૂપ ચૈતન્યને જ દેખે છે, જાણે છે, સેવે છે. પરંતુ આ પરિણામોને તે ચેતનસ્વભાવરૂપ જ્ઞાતાદ્રષ્ટામય મૂર્તિ શક્તિરૂપે સદા સાક્ષાત્ તદ્રૂપ યાદ રહે છે.

જેવી રીતે કોઈ પુરુષે કોઈ એક ગ્રંથ ગોખી રાખ્યો છે અને હાલ વર્તમાન કાલમાં ગ્રંથના તે પાઠને દેખતો, જાણતો, ગોખતો, પઢતો નથી. કા તો સૂવે છે અથવા ખેલે છે અથવા પ્રમાદી થયો છે અથવા અન્ય ગ્રંથ ગોખે છે, વાંચે છે અથવા ખાન, પાન, ગમન, હાસ્ય, સ્નાન, દાન આદિ ક્રિયા કરે છે તો કોઇ જાણશે કે આ કાલે આ પુરુષે ઘણા ગ્રંથો યાદ કરી રાખ્યા છે, (પરંતુ) આ કાલે તો તે ગ્રંથો આ પુરુષના જ્ઞાનમાં નથી, આ પુરુષને તે ગ્રંથો (આ પુરુષના જ્ઞાનમાંથી) સર્વથા ચાલ્યા ગયા છે (સર્વથા વિસ્મરણ થઇ ગયા છે). પણ એમ તો નથી થયું, આ પુરુષ અન્ય અન્ય જાણવા જાણવાની ક્રિયા કરે છે, ક્રિયામાં પ્રવર્તે છે, ક્રિયાને અભ્યાસે છે પરંતુ તે ગ્રંથ યાદશક્તિમાં બરાબર શક્તિરૂપે વિદ્યમાન છે અને તેના જાણવામાં (જ્ઞાનમાં) છે, તે ગ્રંથ તે પુરુષમાંથી (તે પુરુષના જ્ઞાનમાંથી) ક્યારે પણ જતો નથી. વળી જ્યારે તે ગ્રંથને ભણે છે ત્યારે તે ગ્રંથની યાદશક્તિથી જ સારી રીતે ભણે છે. તે મુખપાઠનું, તે સુખ લે છે. બીજું વળી, તે ગ્રંથની યાદશક્તિનો આ ગુણ (લાભ) છે કે તેને અન્ય ગ્રંથના પાઠ પઢવા સાથે મેળવી દેતો નથી. આ તો તે ગ્રંથની યાદશક્તિનો ગુણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવી રીતે આ પરિણામોમાં ચેતન સ્વભાવરાજાની જ્ઞાતાદૃષ્ટાદિ લક્ષણમય મૂર્તિના બરાબર યાદરૂપ પરિણામ પ્રવર્તે છે તેથી તે પરિણામોમાં ચેતનસ્વભાવ યાદરૂપે છે. વળી આ પરિણામો, તે પરદ્રવ્યરૂપ જ્ઞેયોને દેખતાં જાણતાં, તે જ્ઞાતાદૃષ્ટામય ચેતનસ્વભાવની સૂરતને મેળવી દેતો નથી ( પરદ્રવ્યરૂપ જ્ઞેયોની સાથે એકમેકરૂપ કરી દેતો નથી ), સ્વભાવને જુદો રાખે છે. આ તે સ્વભાવનો બરાબર યાદરૂપ પરિણામના પ્રવર્તવાનો ગુણ છે. એવી રીતે હવે આ પરિણામો અન્ય એવ પરદ્રવ્યભાવોનું અવલંબન કરવાનું છોડીને-અન્ય એવા પરદ્રવ્યભાવોની સેવા કરવાનું છોડીને-વળી કેટલાક કાલ પછી તે ચેતનસ્વભાવની, સ્થિરતા-વિશ્રામ-સેવારૂપે સન્મુખ થાય છે. તે સેવાથી તે સુખશાંતિ, અનાકુલતાદિ રીતિ થાય છે. વળી કેટલાક કાલ પછી તે ચેતનસ્વભાવની સેવા છૂટી જાય છે, ત્યારે વળી તે પરિણામો તે જ્ઞેયોની સેવા કરે છે. એવી એવી રીતે ક્યારેક સ્વભાવની સેવા કરતાં, ક્યારેક પરભાવોની સેવા કરતાં ઘણો કાલ વીત્યો.

ત્યારે કેટલાક કાલ પછી આ જે પરિણામો તે ચેતનસ્વભાવના વિશ્રામ-સેવામાં લાગ્યા હતા તે તો લાગી જ રહ્યા પરંતુ જે અશુદ્ધ કર્મરૂપ ભાવમય અન્ય પરિણામો હતા તે પરિણામો પણ આગામી સમય સમયમાં અશુદ્ધરૂપથી દૂર થઈ થઇ, તે સ્વભાવરૂપમાં વિશ્રામ-સેવામાં લાગતા ચાલ્યા. એવી રીતે થતાં થતાં જ્યારે આ જીવદ્રવ્યના સર્વ પરિણામ સ્વભાવરૂપ વિશ્રામ-સ્થિરતાના ચારિત્રપરિણામરૂપ થયા ત્યારે જ્ઞાનદર્શનાદિ સર્વ પરિણામો કેવલ એક નિજસ્વરૂપરૂપે થયા. અહીં તાત્પર્ય આ છે કે આ સર્વ પરિણામો સર્વથા સ્વભાવરૂપક ( સ્વભાવરૂપ ) કૂટસ્થ ( ફરી વિકારરૂપે ન પલટે તેવા ) થઇ રહ્યા, ત્યારે આ સ્વભાવરાજાની પ્રત્યક્ષ જાણવાદેખવાની બન્નેય શક્તિઓ જ્ઞેયરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સર્વલોકાલોકની રૈયત ઉપર પ્રવર્તી ગઇ. ( તેઓ ) અનંત બલ-વીર્ય, અનંતપરમસુખ સમૂહવંત થયા, પરમ પ્રભુ થયા, તેની અવસ્થા કથનાતીત છે. તેથી આટલું જાણવું કે આ પરિણામો ત્યારે પરિણામસ્વરૂપ ઋદ્ધિને, પ્રભુને, નિત્યપદને પ્રાપ્ત થયા.

હે સંત આ કથનને વિષે એક તો બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા એ આ પરિણામોની અવસ્થા જાણવી. વળી એક અંતરાત્માની અવસ્થા વિષે જ્ઞાન, દર્શન, સમ્યકત્વાચરણ, ચારિત્રા-ચરણની રીતિ કહી છે, તેને પોતાના પરિણામો સાથે લગાવી જોવી, ( તુલના કરી દેખવી ) આ ઉપદેશ આપ્યો છે.

# ઇતિ દૃષ્ટાંતપૂર્વક સ્વરૂપ વ્યાખ્યાન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# अथ छद्मस्थिनां परमात्मप्राप्त (परमात्म प्राप्तेः) सकला 'रीतिः' एतावन् एकांतेन अस्ति।

## (હવે છદ્મસ્થ જીવોની પરમાત્મપ્રાપ્તની સફલ રીતિ એકાંતથી આટલી છે)

---

(દાનનું લક્ષણ)

जीवद्रव्य निजस्वभावभावशक्तिरुपं, अव्यक्तवत् निजस्वभावभाव-व्यक्तत्वेन यदा स्वपरनामेभ्यः ( स्वपरिणामेभ्यः ) ददाति तद्दानम् ॥ १ ॥

અર્થ:—નિજ સ્વભાવભાવશક્તિરૂપ જ જીવદ્રવ્ય છે. અવ્યક્ત જે નિજસ્વભાવભાવ તે અભિવ્યક્ત થઇ જતાં તે સમયે પોતા-રૂપ પરિણમન કરે છે તે દાન છે.

(શીલનું લક્ષણ)

शीलो निजचेतनस्वभावः तस्य निजस्वभावस्य, अन्यपरभाव-रीतनारीभ्यः यत् विरतिः, अतिष्ठनं, पालनं तदेव शीलपालनं ॥२॥

અર્થ:—પોતાના ચેતનસ્વભાવને શીલ કહે છે. તે પોતાના સ્વભાવની, અન્ય પરભાવરૂપ નારીથી વિરકતતા (ત્યાગ) અને પોતાના સ્વભાવમાં સ્થિર રહેવું તે જ શીલપાલન કહેવાય છે.

(તપનું લક્ષણ)

यत् देहपरिग्रहभोगपरिवार—इष्टमित्रशत्रुपरज्ञेयस्य त्यजनं-ममता रूपरहितत्वं, वा तृष्णा तस्याः तृष्णाया रहितं भावशो-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**भनं तपनं तदेव तपः ॥ ३ ॥**

અર્થ:—શરીર, પરિગ્રહ, ભોગ, કુટુંબ, ઇષ્ટમિત્ર, શત્રુરૂપ પરજ્ઞેયોને છોડવા અથવા તેનામાં મમતા રહિત પરિણતિ થવી તથા તેનામાં તૃષ્ણા રહિત થવું અને પોતાના સ્વભાવમાં સ્થિરતા થવી એવી તપસ્યા જ તે તપ કહેવાય છે.

(ભાવનાનું લક્ષણ)

**यत् निजस्वभावस्य अनुभावनं तदेव (सव) भावना ॥४॥**

અર્થ:—પોતાના સ્વભાવની વારંવાર ભાવના કરવી (પોતાના સ્વભાવનું વારંવાર ચિંતવન કરવું) તે જ ભાવના કહેવાય છે.

(વ્રતનું લક્ષણ)

**यत् इंद्रियमनभोगादिभ्यः संवरणं परिणामानां तत् व्रतम् ॥ ५ ॥**

અર્થ:—ઇન્દ્રિય, મન અને ભોગાદિકની તરફ જતાં પોતાના પરિણામોને રોકવા તે વ્રત કહેવાય છે.

(દયાનું લક્ષણ)

**यत् निजस्वस्वभावं विकारभावेन न घातयति न हिनस्ति, निजस्वभावं पालयति तदेव (सैव) दया ॥ ६ ॥**

અર્થ:—વિકારમય પરિણામોદ્વારા પોતાના નિજસ્વભાવનો ઘાત ન કરવો તથા પોતાના સ્વભાવનું પાલન કરવું તે જ દયા છે.

(યતિ અને શ્રાવકનું લક્ષણ)

**सर्वइंद्रियभोगेभ्यः देहादिपरिग्रहममत्वत्यजनं तत् । (स) यतिः । किंचित् त्यजनं श्रावकः ॥ ७ ॥**

અર્થ:—સમસ્ત ઇન્દ્રિયોના ભોગોથી અને શરીરાદિ પરિગ્રહથી સર્વમાં મમતા રહિત થવું તે યતિનું લક્ષણ છે. એનામાં એકદેશ મમત્વનો ત્યાગ હોવો તે શ્રાવકનું લક્ષણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( વૈરાગ્યનું લક્ષણ. )

**रागद्वेषखेदरहितं उदासीनभावज्ञानसहितं तत् वैराग्यं ॥८॥**

અર્થ:—રાગ, દ્વેષ, ખેદરહિત, જ્ઞાનસહિત ઉદાસીન ભાવ થવો તે વૈરાગ્ય કહેવાય છે.

( ધર્મનું લક્ષણ. )

**निजवस्तुस्वभावो धर्मः तदेव ( स एव ) धर्मः ॥ ९ ॥**

અર્થ:—વસ્તુનો નિજ સ્વભાવ જ ધર્મ છે તેથી તેને જ ધર્મ કહે છે.

( શુદ્ધનું લક્ષણ. )

**रागादिविकाररहितो शुद्धः ॥ १० ॥ इत्यादि निश्चयाः चेतनजा ॥**

અર્થ:—રાગાદિ વિકાર રહિત જ શુદ્ધનું લક્ષણ છે. ઇત્યાદિ ચેતનજનિત નિશ્ચય લક્ષણો છે.

**( ઇતિ છદ્મસ્થની પરમાત્મ લાભની સકલ રીતિ આટલી. )**

---

## ( અથ જીવભાવવચનિકા )

પુદ્ગલના પાંચ ઇન્દ્રિયરૂપ જે બનેલા આકાર તે આકાર સ્થાનોમાં રહેલો ક્ષયોપશમ પ્રવર્તે છે. અને જેવી જેવી પૌદ્ગલિક ઇન્દ્રિય નામ ધારણ કરે છે તેવી જ રીતે જીવના જે જે ક્ષયોપશમિક ચેતનપરિણામ પ્રવર્તે, તે તે ચેતનપરિણામો ઇન્દ્રિયોનો આશ્રય કરીને ઉદ્યત થઇ જેવી રીતે પ્રવર્તે તેવી તેવી રીતે પુદ્ગલસ્કંધોના એક એક ગુણને દેખે-જાણે અને તે માગે તેવા જ સુખદુઃખને વેદે છે તેથી તે ચેતનપરિણામોએ ઇન્દ્રિસંજ્ઞા ધારી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સર્વનું તાત્પર્ય આ છે કે જે પરિણામ પૌદ્ગલિક ઇન્દ્રિયના રાહના આશ્રયે પ્રવર્તે તે ઇન્દ્રિયસંજ્ઞા પામે. અને એવી જ રીતે પરિણામોને મનસંજ્ઞા થવાનું જાણી લેવું. એવી રીતે તો આ પરિણામભાવોને ઇન્દ્રિયસંજ્ઞા કહી હવે અતીન્દ્રિય સંજ્ઞા કોને કોને છે તે કહેવામાં આવે છે.

જીવના જે પરિણામ ક્ષયોપશમાદિ વિના એક સાવરણાદિ ભાવરૂપે પ્રવર્તે છે તે પરિણામોને અબુદ્ધસંજ્ઞા છે. ( અબુદ્ધસંજ્ઞાથી કહેવામાં આવે છે.) તે પરિણામોને અબુદ્ધસંજ્ઞા ( પણ ) છે ( અને ) અતીન્દ્રિય સંજ્ઞા પણ કહેવામાં આવે છે. વળી જ્યારે જે કાલે સમ્યગ્દષ્ટિના સમ્યગ્ મતિશ્રુતિપરિણામ ઇન્દ્રિયમનના ભાવથી રહિત થઇ સ્વરૂપ-અનુભવરૂપ થાય છે ( સ્વરૂપને અનુભવે છે ) ત્યાંસુધી તે અનુભવપરિણામો પણ અતીન્દ્રિસંજ્ઞાને પામે છે અને જ્યારે કેવલજ્ઞાન, કેવલદર્શનાદિરૂપ જીવ થાય છે ત્યારે જીવના કેવલરૂપ પરિણામોને પણ અતીન્દ્રિય કહેવામાં આવે છે. એવી જ રીતે પરિણામો ને અતીન્દ્રિયસંજ્ઞા યથાસ્થાને જાણી લેવી.

વળી જે કિંચિત્ કિંચિત્ વસ્તુઓનાં લક્ષણને સાધે તે જ્ઞાનદર્શનભાવને પરોક્ષ કહેવામાં આવે છે.

વળી પ્રત્યક્ષના ચાર ભેદ છે—જ્યારે આ સંસારી જીવ સુખદુઃખ બુદ્ધિપૂર્વક ભોગવે છે ત્યારે ઉપયોગ તે ભોગને બુદ્ધિપૂર્વક પ્રગટ જાણે-દેખે છે તેને સુખદુઃખનું વેદન કહેવામાં આવે છે. વળી જ્યારે મતિશ્રુતિ સ્વરૂપ-અનુભવરૂપ થાય છે ત્યારે તે સમયે 'આ હું ચેતનવ્યાપ્યવ્યાપક વસ્તુ' એવો પ્રત્યક્ષ પ્રગટ જાણવા-દેખવારૂપ મતિશ્રુતિઉપયોગ ભાવ છે તેને નિસ્સંદેહ અનુભવપ્રત્યક્ષ કહેવામાં આવે છે, સ્વસંવેદનપ્રત્યક્ષ કહેવામાં આવે છે. કેવલજ્ઞાન, કેવલદર્શનાદિ થતાં તો તે કેવલને સકલ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રત્યક્ષ એવું નામ કહેવામાં આવે છે. વળી અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન કિંચિત્ કિંચિત્ જ્ઞેયોને પ્રગટ જાણે-દેખે છે. તેને દશાપ્રત્યક્ષ કહેવામાં આવે છે. ચારિત્રપ્રત્યક્ષ યથાસ્થાને જાણવું.

## [ अथ छद्मस्थिनां परमात्मप्राप्तेः सफला रीतिः एतावत् एकांतेन अस्ति ]

### ( હવે છદ્મસ્થજીવોની પરમાત્મપ્રાપ્તિની સફલ રીતિ એકાંતથી આટલી છે )

અહીં એક તાત્પર્યની વાત સાંભળી લે હે છદ્મસ્થી, તે વાત કર્યે ઘણો નફો ( ફાયદો, લાભ ) સ્વયં સિદ્ધ થાય છે તારે માટે કાર્યકારી વાત આટલી જ છે. તારા કાર્યને સુધારવાવાળી વાત આટલી આ છે. હવે તે શું ?

પ્રથમ દૃષ્ટાંતઃ—જેવી રીતે દર્પણ અને સ્વચ્છતાનો એક તાદાત્મ્ય વ્યાપ્યવ્યાપક છે-એક ( માત્ર કેવલ ) વ્યાપ્યવ્યાપક જ છે તે દર્પણ સ્વચ્છતાનો નિખાલસ ( નિર્મળ ) કેવલ જે એક પિંડ બંધાયો છે તે પિંડના બંધાવવામાં બીજું કાંઈ પણ મળ્યું નથી, એક કેવલ સ્વચ્છતાનો દર્પણપિંડ બંધાયો છે. તે તો તાદાત્મ્યવ્યાપ્યવ્યાપક અંગ છે. વળી તેની તે એક સ્વચ્છતા તીક્ષ્ણ, ઉજળી પ્રતિબિંબાકારરૂપ થાય છે તે વ્યાપ્યવ્યાપક અંગ જાણવું. તેથી દર્પણને તાદાત્મ્યવ્યાપ્યવ્યાપક અંગથી દેખવામાં આવે તો તે એક સ્વચ્છતાનો જ પિંડ છે, તે અપેક્ષાએ તેમાં અન્ય કાંઈ નથી અને તે સ્વચ્છતાનો ભાવ જેમ છે તેમ છે. ઇતિ.

તેવી રીતે ચેતનપરિણામ તમે દેખો. તાદાત્મ્યવ્યાપ્યવ્યાપકરૂપે તો નિખાલસ ( નિર્મળ ) કેવલ એક ચેતનાવસ્તુનો જ પિંડ

૨૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બંધાયો છે. તે પિંડ બંધાવવામાં તો શુદ્ધ-અશુદ્ધ, સંસારમુક્તિ, ભેદ-અભેદ નિશ્ચયવ્યવહાર, નયનિક્ષેપાદિ જ્ઞેયાકાર પ્રતિભાસાદિ સર્વ ભાવો છે તેમનો કંઇ રંચમાત્ર પણ ભાવ મળ્યો નથી, અનાદિથી નિખાલસ ( નિર્મળ ) ચેતનવસ્તુપિંડ બંધાયો છે. પણ તે ચેતનપરિણામરૂપમાં જ શુદ્ધ-અશુદ્ધ, સંસાર-મુક્તિ, ભેદ-અભેદ, નિશ્ચય-વ્યવહારાદિ જ્ઞેયાકાર પ્રતિભાસાદિ સર્વેય ભાવોરૂપ તમે થાઓ તો આવા વ્યાપ્યવ્યાપકનારૂપે થાઓ તો, એવી રીતે તમે તાદાત્મ્યવ્યાપ્યવ્યાપકરૂપ થાઓ તોઃ—

હે છદ્મસ્થ પરિણામો ! જો વ્યાપ્યવ્યાપકભાવ પરિણામ વિષે અભ્યાસરૂપ પ્રવર્તશો તો અહીં તો એક તમે વસ્તુ, વસ્તુનું રૂપ ( છો ) પરંતુ છદ્મસ્થ પરિણામો ! તમે વિકલ્પ જાળમાં પડી જશો, તો ત્યારે તમે કલેશ પામશો. તમારી શક્તિ આટલી તો નથી કે તે વિકલ્પજાળને સંપૂર્ણ પ્રત્યક્ષ સાધી શકો. તેથી એનાથી તમારું પરમાત્મપ્રાપ્તિનું કાર્ય સધાતું નથી. વળી તેમને પોતાનું ( તમારું ) પરમાત્મકાર્ય સાધી લેવાની ચાહ ( રુચિ ) છે તેથી તમે આટલું જ આ પ્રવર્તવું અનુભવો, સાધો,–“**આ પોતાના ( તમારા ) તાદાત્મ્યરૂપને પ્રત્યક્ષ દેખો, જાણો અને સ્થિર રહો.**” આટલી જ રીતિ તમને પરમાત્મરૂપ થવામાં કાર્યકારી છે. અન્ય કોઈ વિકલ્પજાળ કાર્યકારી નથી, છદ્મસ્થ પરિણામો તમે આમ નિર્ભયરીતે જાણો, તેથી તમારે આ રીતમાં ઉદ્યમવંત રહેવું. પરમાત્મલાભની ( પરમાત્મપ્રાપ્તિની ) સફલ રીતિ આ છે, એમ તમે નિસ્સંદેહ જાણો.

**[ ઇતિ છદ્મસ્થીના પરમાત્મ લાભની સકલ રીતિ આટલી. ]**

## ॥ ઇતિ જીવલાભ વચનિકા સંપૂર્ણમ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# અથ આત્માવલોકન સ્તોત્ર

ગુણ–ગુણકી સુભાવ વિભાવતા, લખિયો દ્દષ્ટિ નિહાર;
પં આન આનમેં ન મિલિયૌં, હોસી જ્ઞાન વિથાર. ૧.

અર્થ:—દૃષ્ટિથી નીહાળીને તે દરેક ગુણની સ્વભાવતા, વિભાવતા સમજો. પણ તેને એકબીજામાં ન મેળવો. એવી દૃષ્ટિથી જ્ઞાનનો વિકાસ થશે. ૧

સબરહસ્ય યા ગ્રંથકો, નિરખો ચિત્ત દ્દય મિત્ર;
ચરણસ્યૌં જિય મયલૌહ ધઇ, ચરણસ્યૌં ઈ પવિત્ત ૨.

અર્થ:—હે મિત્ર આ ગ્રંથનું સર્વ રહસ્ય ધ્યાન આપીને નીરખો (તો ત્યાં જણાશે કે) જીવ મિથ્યાચરણથી (ચરિત્રથી) મલીન થાય છે અને સમ્યગ્ચરણથી પવિત્ર થાય છે. ૨.

ચરન ઉલટૈ પ્રભુ સમલ, સુલટૈ ચરન સબ નિર્મલ હોનિ;
ઉલટ ચરન સંસાર હૈ, સુલટ પરમકી જ્યોતિ. ૩.

અર્થ:—ચરણ ઉલટવાથી (વિપરીત થવાથી) પ્રભુ (જીવ) સમલ થાય છે અને ચરણ સુલટવાથી સર્વ (સંપૂર્ણ) નિર્મલ થાય છે ઉલટું ચરણ સંસાર છે, સુલટું ચરણ પરમ જ્યોતિ છે (અર્થાત્ મોક્ષ છે.) ૩.

વસ્તુ સિદ્ધ જ્યૌં ચરન સિદ્ધ હૈ, ચરન સિદ્ધ સો વસ્તુકી સિદ્ધ,
સમલ ચરણ તબ રંક સૌ, ચરન શુદ્ધ અનંતી ઋદ્ધિ. ૪.

અર્થ;—વસ્તુ જે રીતે સિદ્ધ થાય છે તે અનુસારે ચરણ સિદ્ધ થાય છે, ચરણ જે રીતે સિદ્ધ થાય છે તે અનુસારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુ સિદ્ધ થાય છે. (શુદ્ધ પરિણામ અનુસારે શુભપરિણામ હોય છે, શુભ પરિણામ અનુસારે શુદ્ધ પરિણામ હોય છે) સમલ ચરણ છે ત્યાં પામરતા છે, શુદ્ધ ચરણ છે ત્યાં અનંતી ઋદ્ધિ છે. ૪.

**ઇન ચરન પરકે વસિ કિયૌ, જિયકો સંસાર;**
**મી નિજ ધરિ તિષ્ઠ કરિ, કરૈ જગતસ્યૌ પ્યાર. ૫.**

**અર્થ:**—આ ચારિત્ર પરવશ થયું થકું જીવને સંસાર ઉત્પન્ન કરે છે અને નિજ ઘરમાં રહ્યું થકું જીવને જગતથી પાર કરે છે. ૫.

## અથ અન્ય

**વ્યાપકૌ નિશ્ચય કહૌ, અવ્યાપકકો વ્યવહાર;**
**વ્યાપ અવ્યાપક ફેરસ્યૌ, ભયા એક દ્વય પ્રકાર. ૧.**

**અર્થ:**—વ્યાપક તે નિશ્ચય કહેવાય છે, અવ્યાપક તે વ્યવહાર કહેવાય છે વ્યાપક અને અવ્યાપક એવા બે ભેદને લીધે એકમાં બે પ્રકાર ઊભા થાય છે. ૧

**સ્વપ્રકાશ નિશ્ચય કહૌં, પરપ્રકાશક વ્યવહાર;**
**સો વ્યાપ-અવ્યાપક ભાવસ્યૌં, તાતૈં વાની અગમ અપાર. ૨**

**અર્થ:**—સ્વપ્રકાશ તે નિશ્ચય કહેવાય છે, પરપ્રકાશક તે વ્યવહાર. આવા વ્યાપક, અવ્યાપક એવા ભાવને લીધે જિનવાણી અગમ અને અપાર છે. ૨.

**ખનમૈં દેખો અપની વ્યાપતા, ઈસ જિય થલસ્યૌં સદીવ;**
**તાનૈં ભિન્ન હૂ લોકતૈ, રહૂં સહજ સુકીવ. ૩. ઇતિ...છ.**

**અર્થ:**—નિશ્ચયદષ્ટિથી પોતાની વ્યાપકતા હંમેશાં આ જીવસ્થાનમાં દેખો, માટે હું સમ્યક્ પ્રકારે લોકથી ભિન્ન જ થઈને સહજપણે રહું. ૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## છદ્મસ્થ સમ્યગ્દષ્ટિ જીવના ઇન્દ્રિયમન સહિત અને ઇન્દ્રિયમન રહિત જ્ઞાનદર્શનાદિકનું કિંચિત્ વિવરણ

દોહા.

**બુદ્ધિ અબુદ્ધિ કરિ દુધા, બહૈ છદ્મસ્તી ધાર;**
**ઇનકૌં નાસ પરમાત્મ હુવન, ભવજલસમુદ્રકે પાર. ૧**

અર્થ:—બુદ્ધિરૂપ અને અબુદ્ધિરૂપ એમ બે પ્રકારે છદ્મસ્થ જીવની ધારા ચાલે છે. તેમના નાશથી ભવરૂપ જલસમુદ્રને પાર થઇને પરમાત્મા થવાય છે.

સોરઠા—

**જે અબુદ્ધિરૂપ પરનામ, તે દેખૈ જાનૈ નહીં;**
**તિનકૌં સર્વ સાવરન કામ કઇસૈ દેખૈ જાનૈ આપુરે. ૨**

અર્થ:—જે અબુદ્ધિરૂપ પરિણામ છે તે દેખે-જાણે નહિ. તે સર્વ આવરણનું કાર્ય છે તેથી તે પોતે કેવી રીતે દેખે જાણે? ૨.

પુન:—

**જુ બુદ્ધરૂપી ધાર, સો જથાજોગ જાનૈ દેખૈ સદા;**
**તે ક્ષયોપશમ આકાર, તાતૈં દેખૈ જાનૈ આપહી. ૩.**

અર્થ:—જે બુદ્ધિરૂપી ધારા તે સદા યથા જોગ દેખે-જાણે છે. તે ક્ષયોપશમ આકારરૂપે છે. તેથી પોતેજ દેખે-જાણે છે. ૩

પુન:—

**બુદ્ધિ પરિનતિ ષટ્ભેદ, ભએ એક જીવપર નામકે ;**
**ફરસ રસ ઘ્રાનેવ, શ્રોત ચક્ષુ મન છઠમા. ૪.**

અર્થ:—એક જીવપરિણામના મતિજ્ઞાનની પરિણતિના છ ભેદ થયા-સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, શ્રોતેન્દ્રિય, ચક્ષુ-ઇન્દ્રિય અને છઠું મન. ૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દોહરા —

**ભિન્ન ભિન્ન જ્ઞેય હિ ઉપરિ, ભએ ભિન્ન થાનકે ઇશ;**
**તાતેં ઇનકો ઇન્દ્રપદ, ધર્યો વીર જગદીશ. ૫**

**અર્થ**:—ઉપયોગના પાંચ ઇન્દ્રિયભેદ ભિન્ન ભિન્ન જ્ઞેયો પર ભિન્ન ભિન્ન સ્થાનના ( સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ. ) ના ઇશ થયા. ( જાણે છે માટે ઇશ કહેવાય છે ) તેથી જ જગતના ઇશ વીર જિનેન્દ્રદેવે તેમને ઇન્દ્રપદ નામ આપ્યું ૫.

પુનઃ—

**જ્ઞેયહિ લક્ષનભેદકોં, માનઈ ચિંતઇ જો જ્ઞાન;**
**તાકોં મનચિત્તસંજ્ઞાધરી, લખિયો ચતુર સુજાન. ૬**

**અર્થ**:— જે જ્ઞાન લક્ષણભેદથી જ્ઞેયોનું મનન કરે, ચિંતવન કરે તેને મન અથવા ચિત્ત સંજ્ઞા આપવામાં આવી છે. એમ હે ચતુર જ્ઞાની પુરુષ સમજો. ૬.

પુનઃ—

**નાનદંસનધારા, મનઇંદ્રીપદ ઇમ હોત;**
**ભી ઇન નામ ઉપચારિસ્યોં, કહે દેહ અંગકે ગોત. ૭.**

**અર્થ**:—જ્ઞાનદર્શનધારાને એવી રીતે મનઇન્દ્રિયપદ મળ્યું. વળી શરીરના અંગોને પણ મન ઇન્દ્રિય એવાં નામો ઉપચારથી કહ્યાં. ૭.

પુનઃ—

**યહુ બુદ્ધિ મિથ્યાતી જીવ કૈં, હોઇ ક્ષયોપશમરૂપ;**
**પૈ સ્વપર ભેદ લખૈ નહીં, તાતેં નિજ રવિ દેખ ન ધૂપ. ૮**

**અર્થ**:—મિથ્યાત્વી જીવને ક્ષયોપશમરૂપ આવી બુદ્ધિ હોય છે પણ સ્વપરનો ભેદ જાણતો નથી તેથી નિજ સૂર્યને દેખતો નથી ( અર્થાત્ જ્ઞાનસ્વરૂપ મૂળ આત્માને દેખતો નથી ), માત્ર તડકાને ( અર્થાત્ ઉઘાડરૂપ પર્યાયને ) દેખે છે. ૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુનઃ—

સમ્યગ્દૃષ્ટિ જીવકે, બુધધાર સમ્યગ્ સદીવ;
સ્વપર જાનૈ ભેદસ્યૌં, રહે ભિન્ન જ્ઞાયક સુકીવ. ૯.

અર્થઃ—સમ્યગ્દષ્ટિ જીવને સમ્યગ્બુધધારા નિરંતર હોય છે; સ્વપરને ભિન્ન જાણવાથી તે સમ્યક્ પ્રકારે ભિન્ન જ્ઞાયક રહે છે.

ચોપાઇ —

મન ઇન્દ્રિ તબ હી લૌં ભાવ, ભિન્ન ભિન્ન સાધૈ જ્ઞેયકોઠાવ;
સબ મિલિ સાધૈ જબ ઇક રૂપ, તબ મન ઇન્દ્રીકા નહિ રૂપ. ૧૦.

અર્થઃ—જ્યાં સુધી ઉપયોગના ભેદ ભિન્ન ભિન્ન જ્ઞેયસ્થાનોનું સાધન કરે છે ત્યાંસુધી જ મનઇન્દ્રિયભાવ છે અને જ્યારે સર્વ ઉપયોગ એક સ્વરૂપનું સાધન કરે છે ત્યારે તેનું મન-ઇન્દ્રિયરૂપ રહેતું નથી. ૧૦

પુનઃ—

ઇક પદ સાધનકૌ કિય મેલ, તબ મન-ઇંદ્રીકા નહિ ખેલ,
તાતૈ મન-ઇંદ્રીભેદપદનામ, હૈ અતીન્દ્રી એક મેલ પરનામ. ૧૧.

અર્થઃ—એક પદનું અભેદ સાધન કર્યું ત્યારે મનઇન્દ્રિયનો ખેલ ન રહ્યો તેથી મન ઇન્દ્રિય ભેદપદનાં નામ છે; અતીન્દ્રિય એક અભેદ પરિણામ છે, ૧૧.

દોહાઃ—

સ્વ-અનુભવ છન વિષૈં, મિલૈ સબ બુદ્ધિ પરનામ;
તાતૈં સ્વ-અનુભવ અતીંન્દ્રી, ભયૌ છદ્મસ્તીકો રામ. ૧૨.

અર્થઃ—સ્વાનુભવના સમયમાં બધા બુદ્ધિપરિણામો એકાગ્ર થાય છે તેથી છદ્મસ્થ જીવને અતીન્દ્રિય સ્વ-અનુભવ આનંદપ્રદ હોય છે. ૧૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુનઃ—

જા વિધિતેં મનઇન્દ્રી હોય ને, તા વિધિસ્યોં ભએ અભાવ;
તબ તિનહી પરનામકોં, મનઈન્દ્રીપદ કહા બતાવ. ૧૩.

અર્થ:—આ (ભેદ) વિધિથી મનઇન્દ્રિય થાય છે, તે (અભેદ) વિધિથી તેમનો અભાવ થાય છે. ત્યારે તે પરિણામોને મનઇન્દ્રિયનું પદ રહ્યું જ ક્યાં? બતાવો. ૧૩.

સોરઠા:—

સમ્યગ્બુદ્ધિ પ્રવાહ, ક્ષણરૂપ મઝ ક્ષનરૂપ તટ;
પૈ રૂપ છાડિ ન જાહ, યહુ સમ્યકતાકી માહતમા. ૧૪. ઇતિ.

અર્થ:—સમ્યગ્બુદ્ધિ પ્રવાહ ક્ષણરૂપ અંદર આવે છે અને ક્ષણરૂપ કાંઠે (બહાર) આવે છે. પણ રૂપ છોડી જતો નથી, એ સમ્યકત્વનો મહિમા છે. ૧૪.

## અનુભવદોહા

હૂં ચેતન હૂં જ્ઞાન, હૂં દર્શન સુખ ભોગતા;
હૂં સિદ્ધ હૂં અર્હંત ઠાન, હૂં હૂં હી હૂંકો પોષતા. ૧

અર્થ:—હું ચેતન છું, હું જ્ઞાન છું, હું દર્શન છું, હું સુખનો ભોક્તા છું, હું સિદ્ધ છું, હું અર્હંતરૂપ છું, હું જ હુંનો પોષક છું. ૧

જૈસે ફટિકકે બિંબમહિ, રહૌ સમાઈ દીપજ્યોતિકો બંધ;
જુદી મૂરતિ પરગાસકી, બંધી પરતક્ષ ફટકકે મંધ. ૨.

તઇસૈ યા કરમબંધમહિ, સમાઇ રહ્યો હૂં ચેતન દર્વ;
પૈ જુદી મૂરતિ ચેતનમઈ, બંધી ત્રિકાલગત સર્વ. ૩.

અર્થ:—જેવી રીતે સ્ફટિકના બિંબમાં દીપજ્યોતિનો સ્કંધ સમાઇ રહ્યો છે (સંબંધ) પામ્યો છે, પણ સ્ફટિકની અંદર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બંધાયેલી ( સંબંધ પામેલી ) પ્રકાશની મૂર્તિ પ્રત્યક્ષ જુદી છે; તેવી રીતે આ કર્મસ્કંધની અંદર હું ચેતનદ્રવ્ય સમાઈ રહ્યો છું ( એક ક્ષેત્રાવગાહી થયો છું ) પણ કર્મસ્કંધમાં બંધાયેલી ( સંબંધ પામેલી ) સર્વ ચેતનમયમૂર્તિ ત્રણે કાળ જુદી છે. ૨-૩.

**નખ શિખ લગુ યા દેહમેં, વસૂં જુ હું નરચેતનરૂપ;**
**જા ક્ષન હૂં હૂં હી કૌ લખૂં, તા ક્ષન હૂં હૌં ચેતનભૂપ. ૪.**

**અર્થ:**—નખથી માંડીને શિખા સુધી આ આખા દેહમાં હું જ નરચેતનરૂપ વસું છું. જે ક્ષણે હું મને જ જોઉં છું તે ક્ષણે હું ચેતનભૂપ છું. ૪.

**યાહી પુદ્ગલપિંડ મહિ, વહૈ જુ દેખનજાનનધાર;**
**યહુ મૈં યહુ મૈ યહુ, જુ કછુ દેખનજાનનહાર. ૫.**

**અર્થ:**—આ જ પુદ્ગલપિંડમાં જે કાંઇ દેખવાજાણવાની ધારા વહે છે એ હું છું, એ હું છું, આ જ કે જે કાંઇ દેખનાર જાણનાર છે. ૫.

**યહી મૈં યહી મૈં યહી, જુ ઘટ બિચિ દેખતજાનતભાવ;**
**સહી મૈં સહી મૈં સહી મૈં, યહુ દેખનજાનનઠાવ. ૬.**

**અર્થ:**—આ હું, આ હું કે જે ઘટમાં આ દેખવાજાણવારૂપ છે, ખરેખર હું, ખરેખર હું કે જે આ દેખવાજાણવારૂપ છે. ૬.

**અતઃ ચારિત્રઃ—**

**હૂં તિષ્ઠિ રહ્યો હૂં હી વિષે, જબ ઇન પરસ્યૌં કઇસા મેલ;**
**રાજા ઉઠિ અંદર ગયો, તબ ઈસ સભાસ્યૌં કઇસો ખેલ. ૭.**

**અર્થ:**—હું હુંમાં વસી રહ્યો છું તો પછી આ પર સાથે મારો મેળ શો? રાજા સભામાંથી ઊઠીને અંદર ગયો ત્યારે આ સભાનો ખેલ શો? ૭.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રભુતા નિજ ઘર રહે, દુઃખ નીચતા પરકે ગેહ;**
**યહુ પ્રત્યક્ષ રીત વિચારી કૈ, રહિયો નિજ ચેતનગેહ. ૮.**

અર્થઃ—પ્રભુતા પોતાના ઘરમાં રહે છે, દુઃખ નીચ એવા પારકા ઘરમાં રહે છે; આ પ્રત્યક્ષ રીત વિચારીને પોતાના ચેતન ઘરમાં રહો. ૮.

**પર–અવલંબન દુઃખ હૈ, સ્વ–અવલંબન સુખરૂપ;**
**યહુ પ્રગટ લખાવ જુ ચીન્હ કૈં, અવલંબિયૌં સુખકૂપ. ૯.**

અર્થઃ—પર–અવલંબન દુઃખ છે, સ્વ–અવલંબન સુખરૂપ છે. આ પ્રગટ લક્ષણને ઓળખીને સુખના ભંડારરૂપ પોતાને અવલંબવું. ૯.

**જાવત તૃષ્ણારૂપ હૈ, તાવત ભ્રમ મિથ્યા જાલ;**
**અઇસી રીત પિછાનિકૈં, લીજ્યૌં સમ્યગ્ વિરતા ચાલ. ૧૦.**

અર્થઃ—જ્યાંસુધી તૃષ્ણા છે ત્યાંસુધી મિથ્યા ભ્રમજાળ છે, એવી રીતે જાણીને સમ્યગ્ આચરણની ચાલ અંગીકાર કરો. ૧૦.

**પરકૈ પરચૈ ધૂમ હૈ, નિજ પરચૈ સુખ ચૈન;**
**યહુ પરમાર્થ જિન કહ્યૌ, તિન હિતકી કરી જુ સેન. ૧૧.**

અર્થઃ—પરપરિચયથી આકુલતા છે નિજ પરિચયથી સુખ-શાંતિ છે. જિનદેવે આવો પરમાર્થ કહીને તે હિતનો સંકેત કર્યો છે. ૧૧.

**ઇસ ધાતુમયી પિંડમયી, રહૂં હૂં અમૂરતિ ચેતનબિંબ;**
**તાકે દેખત સેવતૈં, રહે પંચ પદ પ્રતિબિમ્બ. ૧૨.**

અર્થઃ—આ પંચધાતુમય પિંડમાં અમૂર્તિક ચેતનબિંબ એવો હું રહું છું. તેને દેખતાં, સેવતાં, પંચપદ પ્રતિબિંબિત થાય છે. (તેને દેખતાં સેવતાં પંચપદનું સ્વરૂપ જણાય છે.) ૧૨.

**તબલગુ પંચપદ સેવતા, જબલગુ નિજપદકી નહિ સેવ;**
**ભઈ નિજપદકી સેવના, તબ આપૈં આપ પંચ પદ દેવ. ૧૩.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થ**:—ત્યાં સુધી પંચપદની સેવા હોય છે જ્યાં સુધી નિજપદની સેવા ન હોય. નિજપદની સેવા હોતાં, પોતે જ પંચપદદેવ છે. ૧૩.

**પંચપદ વિચારત ધ્યાવતૈં, નિજપદકી શુદ્ધિ હોત;**
**નિજપદ શુદ્ધિ હોવતૈં, નિજપદ ભવજલતારન પોત. ૧૪.**

**અર્થ**:—પંચ પદોને વિચારતાં અને ધ્યાવતાં નિજપદની શુદ્ધિ થાય છે. નિજપદની શુદ્ધિ થતાં નિજપદ ભવજળથી પાર થવા માટે જહાજ છે. ૧૪.

**હૂં જ્ઞાતા હૂં દ્રષ્ટા સદા, હું પંચપદ ત્રિભુવનસાર;**
**હૂં બ્રહ્મ, ઇશ, જગદીશપદ, સોહૂં કે પરચૈ હૂં પાર. ૧૫.**

**અર્થ**:—હું સદા જ્ઞાતા છું, દ્રષ્ટા છું, પંચપદ છું, ત્રિભુવનનો સાર છું, હું બ્રહ્મ, ઈશ, જગદીશસ્વરૂપ છું 'સોહં' ( એવો જે હું ) તેના પરિચયથી જ હું ભવોદધિથી તરી જઈશ. ૧૫.

# * ઇતિ આત્માવલોકન સ્તોત્ર સંપૂર્ણમ્ *

# ॥ ઇતિ આત્માવલોકન ગ્રંથ સંપૂર્ણમ્ ॥

॥ શ્રીરસ્તુ ॥ કલ્યાણમસ્તુ ॥ શ્રી ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# શુદ્ધિપત્ર

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩ | ૧૬ | સંદેહ | સંદેહ |
| ૧૦ | ૮ | द्रव्यस्य | जीवद्रव्यस्य |
| ૧૨ | ૬ | भावनां | भावानां |
| ૧૫ | ૨ | દ્રવ્યો છએએ | એ છએ દ્રવ્યો |
| ૨૦ | ૨ | उवमदेयं | उवादेयं |
| ૨૭ | ૨૧ | લ્હેવામાં | કહેવામાં |
| ૩૯ | ૧૨ | આસ્કિય | આસ્તિક્ય |
| ૪૦ | ૨ | અસ્તિક્ય | આસ્તિક્ય |
| ૪૦ | ૧૩ | સુ (–સ્વભાવ ) | સુ( સ્વ )ભાવ |
| ૪૧ | ૧ | જાતિસ્વભાવભાવરૂ | જાતિસ્વભાવભાવ |
| ૪૧ | ૨૩ | રહ્યા | રહ્યો |
| ૪૮ | ૨ | પરિણતિ | ધારાપ્રવાહરૂપપરિણતિ |
| ૫૫ | ૨૧ | થવાથી | થવાની |
| ૫૬ | ૧૪ | તેટલીએક | કેટલીએક |
| ૫૬ | ૧૫ | જેટલી | તેટલી |
| ૫૮ | ૧૫ | સાક્ષત્ | સાક્ષાત્ |
| ૬૦ | ૧૩ | નિજફલ | કર્મત્વરૂપનિજફલ |
| ૭૮ | ૧૨ | ભ્માવચુંજ | ભાવપુંજ |
| ૭૯ | ૧ | ભવોનું | ભાવોનું |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



| | | | |
|---|---|---|---|
| ૮૦ | ૬ | પિડરૂપે | પિંડરૂપે |
| ૯૨ | ૯ | સરયજ્ઞાન | સમ્યગ્જ્ઞાન |
| ૯૫ | ૧૪ | બીજો | બીજા |
| ૯૬ | ૨૦ | શુદ્ધાપયોગ | શુદ્ધોપયોગ |
| ૯૯ | ૨૫ | કિચિત્ | કિંચિત્ |
| ૧૧૮ | ૬ | અતંરાય | અંતરાય |
| ૧૪૪ | ૬ | લઇણ | લક્ષણ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# * વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટના પ્રકાશનો *

| ટ્રસ્ટના પ્રકાશનો | | પ્રત |
|---|---|---|
| (૧) | શ્રી પ્રવચનસાર ગુજરાતી | ૧૫૦૦ |
| (૨) | શ્રી પ્રવચનસાર હિન્દી | ૨૦૦૦ |
| (૩) | શ્રી પંચાસ્તિકાય હિન્દી | ૨૫૦૦ |
| (૪) | શ્રી પંચાસ્તિકાય ગુજરાતી | ૧૦૦૦ |
| (૫) | સમયસારનાટક | ૩૦૦૦ |
| (૬) | અષ્ટપાહુડ | ૨૦૦૦ |
| (૭) | અનુભવપ્રકાશ | ૨૧૦૦ |
| (૮) | પરમાત્મપ્રકાશ | ૧૧૦૦ |
| (૯) | આત્માવલોકન | ૨૦૦૦ |

## પ્રેસમાં છપાતા પુસ્તકો

(૧) સમયસાર કલશટીકા-હિન્દી
(૨) સમાધિતંત્ર-ગુજરાતી
(૩) બૃહદ્દ્રવ્યસંગ્રહ-હિન્દી
(૪) ચિદ્દવિલાસ-ગુજરાતી

## * દાતાઓની નામાવલી *

૨૫૧=૦૦ દિવાળીબાઈ ગીરધરલાલ જોડીયાવાળા, મુંબઈ.
૨૫૧=૦૦ મનસુખલાલ છોટાલાલ સોનગઢ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com